ISSN 2454-7697 RNI NO. MAHBIL/2013/50453

પ્રબુદ્ધ જીવન

Vol No.: 9 • ISSUE : 04 • Mumbai • July 2021 • PAGES : 72 • PRICE 30/-
ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૯ (કુલ વર્ષ ૯૩) • અંક - ૦૪ • જુલાઈ ૨૦૨૧ • પાનાં - ૭૨ • કિંમત રૂ. ૩૦/-

કોરોના યુગ - વિશેષાંક : પડકાર અને પરિવર્તનશીલતા



'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા: ૧૯૨૯થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન: ૧૯૩૨ થી ૧૯૩૩

બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે

૩. તરૂણ જૈન: ૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન: ૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.**

વિશેષ નોંધ:

- પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઇમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમની વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી	(૧૯૨૯ થી ૧૯૩૨)
ચંદ્રકાંત સુતરિયા	(૧૯૩૨ થી ૧૯૩૭)
રતિલાલ સી. કોઠારી	(૧૯૩૩ થી ૧૯૩૩)
તારાચંદ કોઠારી	(૧૯૩૫ થી ૧૯૩૬)
મણિલાલ મોકમચંદ શાહ	(૧૯૩૯ થી ૧૯૫૧)
પરમાણંદ કુંવરજી કાપડિયા	(૧૯૫૧ થી ૧૯૭૧)
જટુભાઈ મહેતા	
ચીમનલાલ ચકુભાઈ શાહ	(૧૯૭૧ થી ૧૯૮૧)
ડૉ. રમણલાલ ચી. શાહ	(૧૯૮૨ થી ૨૦૦૫)
ડૉ. ધનવંત તિલકરાય શાહ	(૨૦૦૫ થી ૨૦૧૬)
ડૉ. સેજલ એમ. શાહ	(એપ્રિલ ૨૦૧૬...)

રજિસ્ટર્ડ ઑફિસ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email: shrimjys@gmail.com

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	લેખક	પૃષ્ઠ
૧.	સમયના અંકિત પગલાં	સેજલ શાહ	૦૩
૨.	તમસો મા જ્યોતિર્ગમય	કુમારપાળ દેસાઈ	૦૬
૩.	કોરોના સમય અને આર્થિક પડકારો	વિભૂતિ પટેલ	૦૮
૪.	કોરોના મહામારી : ભારતીય સમાજનું દર્પણ	ગૌરાંગ જાની	૧૩
૫.	કોરોનાની મહામારી : શું પામ્યા, શું ગુમાવ્યું	નરેશ વેદ	૧૬
૬.	કોરોના મહામારીના સામાજિક સૂચિતાર્થોઃ અસંગઠિત ક્ષેત્રીય શ્રમિકો સંદર્ભે અવલોકનો	કિરણ દેસાઈ	૨૦
૭.	નિયમિત નાક દ્વારા બાફ લેવો : કોરોના વાયરસના પ્રતિકાર માટે એક સાદો પણ સચોટ ઉપાય	જશવંત મહેતા	૨૪
૮.	પ્રાર્થનાભીના પત્રો : કોરોના-કાળનું પત્રચિંતન	આચાર્ય વિજય શીલચંદ્રસૂરિશ્વરજી મ.	૨૭
૯.	સાધો! યે મુર્દોં કા ગાઁવ	દર્શના ધોળકિયા	૩૧
૧૦.	કોરોના મહામારીનો પડછાયો બનીને ફેલાયેલી ઘરેલું હિંસાની મહામારી	નેહા શાહ	૩૨
૧૧.	અને આમ, કલાકારોના જીવનમાંય નવરંગ પૂરાયા...	નરેશ અંતાણી	૩૪
૧૨.	કોરોના રોગચાળાના સમયના સકારાત્મક અને નકારાત્મક પરિણામો	બકુલ ગાંધી	૪૦
૧૩.	કોરોના રોગને ભગાડવાની દવા	તત્વચિંતક વી પટેલ	૪૧
૧૪.	કોરોના સમય અને ધર્મ આસ્થા	પાર્વતી ખીરાણી	૪૩
૧૫.	અમ્માની પ્રેમાળ કિસ	મહેબૂબ દેસાઈ	૪૬
૧૬.	૨૪૦૦ વર્ષ પૂર્વેના ઓઘનિર્યુક્તિ નામના જૈનગ્રંથમાં કોરોનાના સંરક્ષણના ઉપાયો	મુનિશ્રી રાજસુંદરવિજયજી	૪૭
૧૭.	કોરોનાકાળ અને સમાજ પર પ્રભાવ	અભય દોશી	૪૯
૧૮.	ફરીએ તો વિસ્તરીએ-૧૩ : Corona time વેદના, તું નેત્ર દે...	જેલમ હાર્દિક	૫૨
૧૯.	કોરોના સમય અને શિક્ષણ મૂલ્યો	પ્રીતિ શાહ	૫૩
૨૦.	ભાવે બાર ભાવના, કપરો કાળ સાતામાં	રશ્મિ ભેદા	૫૬
૨૧.	કોરોના કાળે સંનિધિ ઇ-શબ્દની...	સંધ્યા શાહ	૫૯
૨૨.	કોરોના અને આપણે	સંધ્યા ભટ્ટ	૬૦
૨૩.	વિશ્વસાહિત્યની કૃતિઓમાં મહામારી	વંદના રામી	૬૩
૨૪.	કોરોના કાળ અને માનવમન	નિસર્ગ આહીર	૬૬
૨૫.	What is the Corona/Covid-૧૯ Virus Really Teaching us?	–	૬૯
૨૬.	ભાવ-પ્રતિભાવ	–	૭૦

આ વિશેષ અંકની કિંમત રૂપિયા ૮૦.૦૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
દ્વારા પ્રકાશિત

પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) : માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૭ • વીર સંવત ૨૫૪૭ • અષાઢ સુદ - ૭

પ્રબુદ્ધ જીવન : કોરોના યુગ - વિશેષાંક : પડકાર અને પરિવર્તનશીલતા

માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ

તંત્રી સ્થાનેથી...

સમયના અંકિત પગલાં

૧૭ માર્ચ ૨૦૨૦થી આરમ્ભ થયો એક એવો સમય, જેને માનવ સમુદાય આવનારા અનેક વર્ષો સુધી નહીં ભૂલી શકે. એક વાયરસે માનવ જાતની અનેકોનેક વૈજ્ઞાનિક સિધ્ધિઓ સામે પડકાર ફેંક્યા, નવા સંશોધન કરવા મજબૂર કર્યા અને બુધ્ધિશાળી મનુષ્ય એ કરી પણ શક્યા અને વેક્સીન શોધી પણ લાવ્યા. જુલાઈ ૨૦૨૧માં આ સમયને જ્યારે પાછળ ફરીને જોઈએ છીએ ત્યારે સમજાય છે કે કેટ-કેટલા બધા ચિત્રો અંકિત થયા છે અને એને સાવ અવગણી શકાય તેમ નથી જ. પ્રશ્ન એ પણ હોઈ શકે કે શું પ્રબુદ્ધ જીવન સામયિક માટે આ વિષય યોગ્ય હોઈ શકે? આ તો ચિંતન, વિચાર, અધ્યાત્મ, સાહિત્ય, ઇતિહાસ આદિ આદિ વિષયોને લઈને ચાલે છે, અને પ્રસ્તુત વિષય પર તો ભરપૂર સામગ્રી ગુગલમાં મળી જ આવે છે. તો પછી આ વિષય કેમ? જે દરેક વિષયો મનુષ્ય સાથે જોડાયેલા છે, જીવન સાથે જોડાયેલા છે તે બધા જ સાથે આપણો ગહન સંબંધ છે, આ સંબંધ ખૂબ રહસ્યમય છે, એમ જલ્દી સ્પષ્ટ નથી થતો અને સગવડતા ખાતર તો આપણે વિષયોનું વિભાગીકરણ કરી દીધું છે પણ જેમ જેમ નિકટવર્તી વાંચન કરીએ, થોડા વધુ ઊંડાણમાં જઈએ છીએ, તેમ સમજાય છે કે બધું જ એકબીજા સાથે સઘન રીતે જોડાયેલું છે પણ આપણે સીમિત સમજણના આધારે ભાગલા પાડીને, વિભાજન કરીને, સીમિત જ જોઈએ છીએ. બહુ સરળતા માટે સામાન્ય કરીને બધું એક જ ચોકઠાંમાં ગોઠવીને કહેવું,

આ વિશેષ અંકના સૌજન્યદાતા
જશવંત મહેતા /
પ્રમિલા મહેતા
(ભાઈચંદ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા)

આ વિશેષ અંકના સૌજન્યદાતા
સ્વ. કાન્તિલાલ રમણલાલ પરીખ
(દિલ્હીવાળા)ના સ્મરણાર્થે હસ્તે :
શ્રીમતિ ડૉ. નીતા કર્ણિક પરીખ
શ્રી કર્ણિક કાન્તિલાલ પરીખ
કુ. શ્રિષ્ટી કર્ણિક પરીખ

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૧૦૫, રૂપરાજ બિલ્ડીંગ, પહેલો માળ, ૪૯૭, એસ.વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ００૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

સમજવું મનુષ્યને ફાવતું હોય છે. પણ એમ ન કરતા એક સત્યના અનેક પ્રમાણોને તપાસવાની આ સહજ ક્રિયા, એટલે આ વિશેષ અંક.

સામયિક પોતાના સમયને અવગણી શકતો નથી. સામયિક પોતાના સમયનું પ્રતિબિંબ તો દેખાડે છે પણ આવનારા સમયને પારખવાનો અને વીતેલા સમયનું વિશ્લેષણ કરવાનો પણ પ્રયત્ન કરે છે. તે સારા-નરસા પડઘા માટે નહીં પણ સત્યની ખેવના સાથે ચાલે છે. સતત મથે છે પોતાના વાચકને એ દેખાડવા ચાહે છે, જ્યાં સમૂહની નજર નથી પહોંચી શકી. સાથે જ્યાં રવિ અને કવિ બન્ને પહોંચી ગયા હોય ત્યાં પહોંચીને પણ તટસ્થ ચિત્ર પાડવાનો પ્રયત્ન કરે છે.

આ સમયે સામાજિક, રાજકીય, આર્થિક, સાહિત્યિક અનેક દૃષ્ટિએ અનેક વિચારબિંદુ ઉભા કર્યા છે. એવી અઢળક ઘટનાઓ બની જેને કલ્પી નહોતી, આ વિશેષ અંકમાં પ્રયોજન છે કે આવા કેટલાંક સમયના ચિત્રોને ઝડપી લઈ સંગ્રહિત કરવાનો. આવનારો સમય જ્યારે સવાલ પૂછશે ત્યારે પ્રબુદ્ધ જીવનના લેખોમાંથી કદાચ ઉત્તર મળી આવે. આ અંકમાં વર્તમાન સમયમાં અધ્યાત્મ, આર્થિક, સામાજિક અને ભૌગોલિક એવા કેટલાયે પરિમાણોએ જીવનમાં મચાવેલી ઉથલપાથલનું વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કર્યો છે, અનેક જાણીતાં વિચારકો, ચિંતકોએ પોતાના લેખથી આ અંકને સમૃધ્ધ કર્યો છે, આ અંક માટે વિશેષરૂપે સંશોધન કરીને લેખ લખી આપ્યા, વૈચારિક ક્રાંતિની પહેલમાં જોડાયા, એ સહુનો ખૂબ ખૂબ આભાર, એમના લેખને કારણે અંકને બહુપરિમાણલક્ષી આકાર મળ્યો છે. વિશેષ અંક હોય એટલે આર્થિક પાસું નડે જ નડે, આ અંક માટે બે મહાનુભાવોનું સૌજન્યપદ મળ્યું છે, જેથી થોડુંક આર્થિક ભારણ ઓછું થાય છે. બન્ને પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું. આપ સહુ હંમેશ નવા પ્રયોગ માટે સહકાર આપો છો, એટલે નવું કરવાનું બળ મળે છે. વાચકો જ સામયિકનું ભવિષ્ય સુનિશ્ચિત કરે છે અને મને આનંદ છે કે દિન-પ્રતિદિન આપણા વાચકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આ વિશેષ અંક માટે સહાય કરનાર સહુ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

* * *

કોરોનાકાળ એ સમયનો એક એવો કાલખંડ જેને, આપણને સહુને સ્થગિત કરવાનો પ્રયાસ કર્યો. મૂળ વાત તો જીવન બચાવવાની હતી અને એટલે સહુ કોઈએ પોતાને કેદ કરી દીધી. વાત જ્યારે જીવનની આવે છે ત્યારે બાકી બધું જ ગૌણ બની જાય છે એટલે ન કોઈના લગ્નમાં હાજરી આપી કે ન કોઈના મૃત્યુમાં. બસ, ઘરની ચાર દિવાલો વચ્ચે જીવને બચાવવાનો એકમાત્ર હેતુ. બહાર જેટલું અટકી ગયું તેટલું જ અંદર કાર્યરત થયું. મનુષ્યનો સ્વભાવ પાણી જેવો, રસ્તો શોધી જ લે, કાર્યરત થવાનો અને ઘરમાંથી જ ઓનલાઈન અઢળક પ્રવૃત્તિઓનો આરમ્ભ થયો. જેમણે કદી ટેકનોલોજીને જાણી નહોતી તેવા વૃધ્ધથી માંડીને નાના ટાબરિયાઓ પણ ઓનલાઈનના મહારથી બની ગયા. સ્કુલ, કોલેજ શૈક્ષણિક પ્રવૃત્તિઓએ રાતોરાત રૂપાંતર કર્યું ન હોય તેમ પરીક્ષા, ભણતર, સ્પર્ધા બધું જ ઓનલાઈન. જીવંત સ્પર્શ ચાલ્યો ગયો અને ડેટા-પ્લાન અને સંકેતો, આયકોનની દુનિયા રચાઈ. ઓફિસનો આરમ્ભ ઘરમાં થયો. ગૃહિણીઓએ નવ વાગ્યાના ટીફિનને બદલે ૧ વાગ્યાનું ગરમ રસોડું સ્વીકાર્યું. આ બદલાવ લાગે છે તેવો સરળ અને સહજ નહોતો. રાતોરાત લોકોએ પોતાનો નિત્યક્રમ બદલ્યો. સાથે રહેવાથી સ્વભાવનો સાચો પરિચય થયો. જે મુંબઈ કદી થંભતું નહીં તેની સૂની સડકો પર તડકાને પોતાનો દબદબો દર્શાવવાનો મોકો મળ્યો. પંખીઓને ધુમાડા વગરનું આકાશ મળ્યું, વૃક્ષોના પર્ણનો અવાજ સંભળાવા માંડ્યો. નરીમાન પોઈન્ટની પાળને પ્રથમવાર એકાંતે, નિરાંતે સુવાનું સૌભાગ્ય મળ્યું. સડકને પહેલીવાર પોતાનો રંગ દેખાડવાનું સૌભાગ્ય મળ્યું. ‘સન્નાટો’નો અર્થ શબ્દકોશ ઉપરાંત સમજાયો.

તો બીજી તરફ રોજીંદા કામગારોને ઘરભણી ફરવાની ફરજ પડી, ગામભણી જવા માટે ફરજ પડી. સ્વપ્ન-નગરીની લીલા સંકેલાઈ અને સહુ કોઈ જાણે પોતપોતાના માળે પાછાં જવા માંડ્યા. નગરની રુક્ષતાનો પરિચય થયો. મહાનગરોમાં સ્વપ્નો લઈ આવેલી પ્રજાને સમજાયું કે જેવું નગર થંભી ગયું તે સાથે ઘરના રોટલા પણ થંભ્યા. આ નગરનું ચાલતા રહેવું એટલે લોકોના ઘરના ચૂલાં પણ ચાલતા રહેવા. તો કેટલાંક માનવીય ચહેરા પણ આ સમયે પ્રગટ થયા, કેટલાંક જાગૃત માનવોએ આ સન્નાટામાં પોતાની આસપાસના નાનાં ઘરોનાં આંક્રદ સાંભળ્યા અને તેમને મદદ કરવા હાથ લંબાવ્યા. અનેક લોકોએ પોતાના હૃદય અને ખિસ્સાંના દરવાજા ઉદારતાથી ખોલી હાથ લંબાવ્યો. કેટલાંક ટૂંકી દૃષ્ટિવાળાએ માણસોના પગાર કાપવાની હીણપતભરી વાતો કરી તો કેટલાંકે પોતાનું સૌજન્ય વિપરીત સંજોગોમાં પણ ન જ ગુમાવ્યું. કોરોનાકાળે જીવનનો પાઠ શીખવ્યો. વસ્તુનું મૂલ્ય, સાત્વિક ખોરાક, ઘરેલું ઉપાય, ઘરગથ્થુ ઉપચાર પધ્ધતિની યાદ અપાવી. સમાજમાં ડૉક્ટર, પોલીસ અને જરૂરિયાતની સેવા આપતાં કર્મચારીવર્ગે થાક્યા વગર, પોતાના જીવનની પરવા કર્યા વગર સેવા આપવાનું ચાલુ રાખ્યું. રોજ ટ્રેનમાં

બેસી ઓફિસ ભાગતી પ્રજા ઘરેથી કામ કરવા માંડી. ઘરમાં જ સોમવારથી શનિવાર સુધીની ઓફિસ ખુલી. ઘરની ચાર દિવાલોને રજાને દિવસે જ જોતી પ્રજા ઘરમાં શિસ્તબદ્ધ બની ઓફિસ ચલાવા માંડી.

આવા અઢળક ચિત્રોના કોલાજો આપણી વાસ્તવિકતાનું પ્રતિબિંબ છે. મનુષ્યની યાદ શક્તિ જેટલી સારી હોય છે તેટલી જ ભૂલવાની શક્તિ પણ મજબૂત હોય છે. ભૂલવાથી અનેક ફાયદા થાય છે, પણ અંકિત ચિન્હોને સાચવી લેવા જોઈએ. નહીં તો ભૂતકાળથી છુટા પડીએ તો આપણી ઓળખનો એકભાગ ગુમાવી દઈએ. એટલે જ ત્રણેય કાળને જોડીને ચાલવાથી જ એક સંપૂર્ણ મનુષ્ય મળતો હોય છે. આપણો વીતેલો સમય આપણા આવનારા સમયને નક્કી કરતો હોય છે અને વર્તમાનમાં એ સમય પ્રત્યે આપણે પ્રતિભાવ દર્શાવી આપણું ચરિત્ર નક્કી કરતાં હોઈએ છીએ. આ સમયના પ્રશ્નો, સંઘર્ષો, પ્રતિબિંબો એ અંકની વિશેષતા છે. આ કોઈ અંતિમ નિર્ણય કે ચોક્કસ પરિણામ, નથી પણ સમયના ખંડ છે, જેને તમારી સમક્ષ મૂક્યા છે, જેથી એક વિચાર યાત્રા ચાલે. આ શબ્દો જેટલા સરળ ભાસે છે, એટલું જીવન સરળ નહોતું. રાતોરાત સમાજનું બદલાવું અંદરથી સ્વભાવ બદલે છે. જીવનની પદ્ધતિ બદલાતાં અર્થવ્યવસ્થા પર અસર પડે છે. સરકારીનીતિ બદલતા જીવન પ્રક્રિયા પર અસર પડે છે. મનુષ્ય પોતાના જીવન માટે બદલાયેલી પદ્ધતિમાં અનુરૂપ બનીને જીવવાની ટેવ પાડે છે. પણ જે સામાજિક, આર્થિક, માનસિક અવસ્થા બદલાઈ છે તેને વિસ્તારથી જોવી પડે, મૂલ્યાંકન કરવું પડે. પ્રસ્તુત અંકમાં અનેક લેખકોએ અભ્યાસ આધારે આલેખ મૂકવાનો પ્રત્યન કર્યો છે, જે આપણને દેખાતાં દૃશ્યની અંદરના સ્પંદનનો પરિચય કરાવશે, થીંગડાઓ મારીને છુપાયેલી વાસ્તવિક્તાની નજીક લઈ જશે.

મનુષ્યની આંતરિક ચેતના અને શક્તિ-સંજોગોની સામે મનુષ્યને ચેતવે છે અને બચાવે છે. વાંચન, સમજણ અને કેળવણી – આ આપણા હથિયાર છે અને તેને આધારે આ બાહ્ય આક્રમણને ખાળી શકાય છે. ટકી શકાય છે. વાત, સંવાદ જરૂરી છે, પોતાના વિચાર વહેંચીને, માણસ સ્વ-વિચારો અંગેની પણ ખાતરી મેળવતો હોય છે. આ સમયે માણસને બે રીતે મજબૂત બનાવ્યો, જડતાથી મુક્ત કરી રોજિંદા કરતા જુદું થાય ત્યારે તેનો સ્વીકાર કરતો અને એકલા જીવતા શીખવાડ્યું. આત્મકલ્યાણનો માર્ગ આત્માના સંગે જ આરંભાય છે. મોહ, માયા, લોભથી મુક્ત થઈ સ્વ-સંગે પોતાનું જ પ્યુરીફીકેશન ક્વોરન્ટાઇન બનીને કરવાનું. તમારો વાયરસ બીજાને ચેપ લગાડી શકે તેમ તમારી વૃત્તિથી બીજાનું મન પણ વિચલિત થાય. તમારો ક્રોધ, ઈર્ષા, શંકાના ભોગ અન્યને બનવું પડે. મેનકા આવે ત્યારે વિશ્વામિત્ર ચલિત થાય તેમ મોહ, માયા, લોભ એ બાહ્યવૃત્તિ આવે એટલે મન વિચલિત થાય પણ જે એનાથી બચે એને કોઈ ખલેલ પહોંચાડી નથી શકતું. આ સ્થિરતા લાવવામાં વાંચન, વિશ્લેષણ, સાધના, ગુરુવચન, સ્વાધ્યાય બધું જ કામ લાગતું હોય છે. જેટલા સાધના મૂળ ઊંડા, તેટલું થડ મજબૂત અને તેટલો પાંદડાનો ખળભળાટ ઓછો. જેટલા મૂળ નબળા તેટલો અવાજ વધુ. આવા પેન્ડામિકના સમયે આપણે ઇતિહાસને જોતાં હોઈએ છીએ અને સાથે વર્તમાનને પણ સમજીએ છીએ, તે માત્ર આપણા ઘટના કે વર્તુળના સર્કલમાં. વાસ્તવિક્તા બહુ જુદી હોય છે, ગરીબીનો ચહેરો, અભાવનો ચહેરો જુદો હોય છે. આ અંક આપણી સંવેદનની વૃત્તિને વધુ સજાગ બનાવે, તાર્કિક બનાવે એ આશા.

કોરોનાકાળ એ સ્તબ્ધતાનો કાળ હતો. એના અંકિત પગલાંનો અવાજ આ સમય પછી પણ સંભળાતો રહેશે, આપણે સમયને આધીન આગળ નીકળી ગયા હશું. પણ હૃદયના ખૂણે આ સમયે આપણી છીનવી લીધેલી સ્વતંત્રતાની ચીસ અને ગુમાવેલા સ્વજનની ખોટ અંકિત થઈ હશે. આપણને ફરી એકવાર સમજાયું કે વિકાસના ગમે તેટલા ઉચ્ચત્તમ સ્તરની પ્રાપ્તિ કરી લઈએ, કોઈ પણ સમયે એકાદો પડકાર ભલભલાને પાછા પાડી દે છે. વાસ્તવિકતા જે દેખાય છે તે ઉપરાંત અને તેની પાર જરા જુદી હોઈ શકે. **આપણે આપણા ઓજારને પ્રમાદમાં પડવા દેવાના નથી.**

જાગતો રહે...

❑ **ડૉ. સેજલ શાહ**
સંપર્ક : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨
sejalshah702@gmail.com
સંપર્ક સમય : સાંજે ૪ થી ૭

પ્રબુદ્ધ જીવન ન મળ્યું હોય તો તુરંત સંપર્ક કરો :

(૧) sejalshah702@gmail.com

(૨) પ્રવીણભાઈ દરજી : ૯૮૬૯૫૦૩૦૭૨

મેલમાં તમારો ગ્રાહક નંબર અને સરનામું જરૂર લખશો.

પ્રબુદ્ધ જીવન સામયિકનું કાર્ય તંત્રીના નિવાસસ્થાનેથી થતું હોવાને કારણે પત્રવ્યવહાર, લેખ નીચેના સરનામે જ મોકલવું.

સરનામું : ૧૦/બી, ૭૦૨, અલીકા નગર, લોખંડવાલા કોમ્પલેક્ષ, આર્કુલી રોડ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.

તમસો મા જ્યોતિર્ગમય

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

કોરોના અને મ્યુકોરમાઈકોસીસની મહામારીના ભરડામાં સતત ભીંસાતા આપણા દેશમાં ક્યાંક કોરોના વોરિયર્સ તરીકે ડૉક્ટરો પોતાના પ્રાણ અર્પી દે છે, તો ક્યાંક કમાણીની લાલચે ડૉક્ટરો દર્દીને બિનજરૂરી રીતે લાંબો સમય હૉસ્પિટલમાં રાખીને પોતાના કાર્યને લાંછન લગાડે છે. કોઈ નર્સ પોતાના અંગત જીવનને હોમીને પણ દર્દીઓની સેવા કરે છે, તો કોઈ નર્સ છુપી રીતે ઇંજેક્શનો ચોરીને કાળા બજારમાં સહાય કરે છે. કોઈ માણસ કોરોના-ગ્રસીતને દાન આપવા નીકળે છે, તો કોઈ મોંઘા ઇંજેક્શનો દસ ગણા ભાવે વેચીને અથવા તો એની બોટલમાં પાણી ભરીને આપે છે. ક્યાંક માનવતા જોવા મળે છે, તો ક્યાંક શેતાન ઘુમતો નજરે પડે છે. આવે સમયે સવાલ એ જાગે કે માણસજાતનો મૂળ સ્વભાવ શું છે? શું એ દુષ્ટવૃત્તિ ધરાવતો ભ્રષ્ટાચારી કે દાનવી કૃત્યો કરનાર રાક્ષસ સમાન છે કે પછી એ નૈતિકતા, માનવતા અને સંવેદનાથી ભરપૂર છે.

જગતમાં જ્યારે જ્યારે કોઈ પણ પ્રકારની કુદરતી કે માનવસર્જિત મહાઆપત્તિ આવી છે, ત્યારે આવો સવાલ ઊઠ્યો છે. એક બાજુ ભલાઈનાં કામોની ઘટનાઓ મળે અને બીજી બાજુ હેવાનિયત ભરેલાં કિસ્સાઓ મળે. આવા કટોકટીના સમયે સવાલ એ થાય કે માણસજાતિનો ચહેરો કેવો છે? એ ઉમદા છે કે અધમ? એ લાગણીશીલ છે કે દયાહીન? એ માનવતાવાદી છે કે પછી દાનવતાથી ભરેલો છે.

આજે ભયાવહ મહામારીના સંકટે માણસની મૂળ પ્રકૃતિ અંગે ખોજ કરીએ. એ જાણવું છે કે માણસજાત મૂળભૂત રીતે સદ્‌ગુણો ધરાવે છે કે પછી માત્ર થોડા જ સદ્‌ગુણો સાથે દુર્ગુણોથી ભરપૂર છે. જગતમાં જ્યારે જ્યારે કોઈ મહાતાંડવ ખેલાયું છે, ત્યારે ત્યારે આવો સવાલ ઊભો થયો છે.

૧૯૪૧થી ૧૯૪૫ દરમિયાન સાઈઠ લાખ જેટલાં યહૂદીઓની નાઝીઓ દ્વારા હત્યા કરવામાં આવી, જે યુરોપના યહૂદીઓની વસ્તીનો ૨/૩ ભાગ હતો. એ સમયની યાતનાશિબિર, ગેસ ચેમ્બર કે ગેસ-વાનની વાતો કમકમાવી દે એવી છે. આખું જગત એ 'હોલોકાસ્ટ'ના આતંક વચ્ચે ઘેરાઈ ગયું હતું. તે સમયે યુદ્ધથી ઘેરાયેલાં જગતને એવો અનુભવ થતો હતો કે હવે વિશ્વ વિનાશને આરે છે.

એને એમ પણ સમજાવા લાગ્યું કે માનવજાત તો સારી છે, પણ કોઈ સરમુખત્યાર કે કોઈ જુલમી શાસક માનવીઓ વચ્ચે ભેદની દિવાલ ઊભી કરે છે, એમનામાં પક્ષાપક્ષી અને વેરઝેર વધારે છે અને પછી ઝનૂનથી વિરોધીઓનો નાશ કરે છે. કોઈ ધર્મ કે સત્તા એના અનુયાયીઓમાં કે પોતાના ટેકેદારોમાં આવું ધર્માંધતાનું કે પછી કોઈ બીજું ઝેર અને ઝનૂન ભરી દે છે, પછી એ હિટલરે બનાવેલું યહૂદીઓ સામેનું વેર હોય કે ગોરા શાસકોએ અશ્વેતો પર વીંઝેલો દમનનો કોરડો હોય.

વિચાર કરો કે સત્તા અને ધર્મના ઝનૂને માનવજાતને કેટલી બધી માનવહત્યાની તરસી બનાવી દીધી છે. આપણે જેવાં દુષ્કૃત્યો કર્યાં છે તેવા દુષ્કૃત્યો જંગલનાં કોઈ પ્રાણીઓએ પણ કર્યા નથી. કોઈ ગીધના ટોળાંએ કે પછી સિંહોના સમૂહે પોતાની જાતિને ક્યારેક ખતમ કરતી નથી. બીજી બાજુ વાસ્તવિકતા એ છે કે બીજાં પ્રાણીઓ કરતાં તો માણસ પોતે નાની વયથી જ પોતાના જાણીતા વાતાવરણ વચ્ચે અને પોતાના જાણીતા લોકો વચ્ચે રહેવાનું પસંદ કરે છે. માત્ર ત્રણ કે છ મહિનાનું બાળક પણ ગમતાં-અણગમતાનો ભેદ જાણે છે અને એથી જ એ બાળકને કોઈ અજાણ્યા ચહેરાઓ કે અજાણ્યું વાતાવરણ જોવા મળે, તો અકળાઈ ઊઠે છે અથવા તો જોરથી રડવા રડવા લાગે છે.

આનો અર્થ એ કે બીજી બધી જાતિ કરતાં માણસ એ બીજા માણસ સાથે દોસ્તી સાધતો હોય છે, પરંતુ તમે ઇતિહાસનાં પૃષ્ઠો પર યુદ્ધ અને તે પછી થયેલાં ક્રૂર નરસંહારની વાતો વાંચો. પોતાની સત્તા જાળવવા કે વધારવા માટે મૃતદેહોનો દેહ ખડક્યો હોય તેવા સરમુખત્યાર કે લશ્કરી શાસકની ઘટના જાણો અથવા તો દક્ષિણ ભારતની કે પછી હોલિવુડ અને નેટફ્લિક્સની ફિલ્મો જુઓ, ત્યારે તમને લાગશે કે માણસમાં

માત્રને માત્ર ક્રૂરતા અને નિર્દયતાએ જ વાસ કર્યો છે. આપણે એ હકીકતો ભૂલી જઈએ છીએ કે માણસે સર્જેલી હોય કે કુદરતે વિંઝેલી હોય એવી આપત્તિ સમયે પણ કેટલીક સારી ઘટનાઓ બનતી હોય છે. બીજા વિશ્વયુદ્ધનો જ દાખલો આપું તો એ સમયે જેટલી વ્યક્તિઓ પાસે બંદૂકો હતી. તેમાંથી માત્ર પંદરથી વીસ ટકા સૈનિકોએ જ એમની બંદૂકો ચલાવી હતી. એવા બનાવો પણ બન્યા હતા કે જેને વીંધવાનો હોય એની આંખને જોઈને સૈનિકો બંદૂકનો ઘોડો દાબી શક્યા ન હોય! જોકે યુદ્ધની વાત થાય, ત્યારે આવી ઘટનાઓના કેટલા ઉલ્લેખો આપણને મળે છે? આપણને તો માત્ર એમાં થયેલી ખુવારીના આંકડાઓ જ મળે છે. સમય જતાં એમ લાગે છે કે માણસના ચિત્તમાંથી ધીરે ધીરે આશાવાદ ભૂંસી રહ્યો છે અને નિરાશા અને વિષાદ વચ્ચે જીવતો થઈ ગયો છે. દુઃખદ ઘટનાઓ, આઘાતજનક સમાચારો, કરપીણ હત્યાઓ, ભ્રષ્ટાચાર, છેતરપીંડી જેવી બાબતો આપણા સોશ્યલ મીડિયામાં અડ્ડો જમાવીને બેઠી છે અને વગર વિચાર્યે આપણે એને ફોરવર્ડ કરીને ફેલાવતા જઈએ છીએ. એમાં કોઈ એક વ્યક્તિના વિધાન પર કેટલા વિવાદો સર્જાય છે અને એ વિવાદ વિખવાદ, પક્ષાપક્ષી અને અપશબ્દોથી ઊભરાય છે. ત્વરિત પ્રતિક્રિયામાં રમમાણ માનવી ધીરે ધીરે સહજ ધૈર્ય પણ ગુમાવી રહ્યો છે અને એને કારણે દુર્ઘટના આપણા ચિત્તમાં છવાયેલી રહે છે. એને જ આપણે વાસ્તવિકતા માનીએ છીએ. એની બીજી બાજુ જોવાનો ક્યારેય પ્રયાસ કર્યો છે ખરો?

> *``Knowledge makes a man unfit to be a slave."*
> *- Fredrick Douglas*

રુજર બેગમન નામના ઇતિહાસવિદે 'મેનકાઈન્ડ' નામના ગ્રંથમાં સાતસો જેટલાં બનાવોની છાનબીન કરી અને એણે જોયું કે કટોકટીના સમયમાં આપણા સ્વભાવનો ઉમદા અંશ પ્રગટ થતો હોય છે. આપણી સહકાર અને પરમાર્થવૃત્તિ પ્રગટ થતી હોય છે, પણ 'ફોકસ' એ મહામારીની યાતના પર, ધરતીકંપથી ધરાશાયી થયેલાં મકાનો પર અને પૂરથી થયેલી તારાજી પર હોય છે અને ત્યારે એની પાછળની આ ભાવનાભરી ઘટનાઓ કોઈ જોઈ શકતું નથી અથવા તો એને વિશેષ મહત્ત્વ મળતું નથી.

હકીકતમાં તમે જે જુઓ છો, તે હોતું નથી. ફિલ્મમાં એકસાથે વીસ-પચીસ સાથે લડાઈ કરીને એમને પરાજિત કરનારાઓનાં દૃશ્ય તમારા વાસ્તવિક જીવનમાં જોઈ શકો ખરા? ડાયનાસોરને તબાહી મચાવતો તમે ફિલ્મમાં જુઓ છો, પરંતુ નજર સામે આવી તબાહી મચાવતું એકેય પ્રાણી તમે જોયું છે ખરું? એક અર્થમાં કહીએ તો આજનો માણસ એના માનસિક સ્વાસ્થ્યને ગુમાવવા માટે સભાન પ્રયત્ન કરી રહ્યો હોય એવું લાગે છે.

પશ્ચિમની સંસ્કૃતિએ ભૌતિકતાનો મહિમા કરવાની સાથોસાથ સ્વાર્થ પરાયણતાની વિચારધારાને પ્રસરાવી તેને કારણે ત્યાંની ફિલ્મિ, નવલકથાઓ, ઇતિહાસ કે વૈજ્ઞાનિક સંશોધનની પાછળ પણ સ્વાર્થ, દુષ્ટતાનું આકર્ષણ અને નફાવૃત્તિ વિશેષ ફૂલી-ફાલી. આજ સુધી માણસને બદલે સ્વાર્થવૃત્તિ કે નફાવૃત્તિ કેન્દ્રમાં રાખવામાં આવતી હતી, પરંતુ છેલ્લા વીસેક વર્ષથી એવી કેટલીક ઘટનાઓ બની કે જેણે વિજ્ઞાનીઓને અને વિચારકોને ગરીબી, મહામારી, પર્યાવરણ જેવાં પ્રશ્નો વિશે વિચારતા કર્યા અને સંશોધકોએ એ વાત સહુની સમક્ષ મૂકી. જ્યારે જ્યારે જગત પર આવું મહાતાંડવ સર્જાયું છે, ત્યારે એનો અનુભવ કરનારા મોટાભાગના લોકો ચિત્તમાં વિષાદ, ભય અને આવતીકાલની ચિંતા અનુભવતા હોય છે અને પછી એને વિશે ઘણા ડરામણા વિચારો કરતા હોય છે.

હકીકતમાં ૧૯૧૩ની ૧૫મી એપ્રિલે નોર્થ એટલેન્ટિક મહાસાગરમાં વહેલી સવારે બનેલી 'ટાઈટેનિક' જહાજની દુર્ઘટના વિશે જગત જાણે છે. ટાઈટેનિક ફિલ્મમાં તમે મોટાભાગના મુસાફરો ભારે ગભરાટ અનુભવતા, ચીસો પાડતાં, જીવ બચાવવા દોડતા જોયા હશે. જ્યારે હકીકત એ હતી કે આ જહાજ પરથી શિસ્તબદ્ધ રીતે લોકો ઉતર્યા હતા. આમ આજે માણસજાત સામે આવો પડકાર ઊભો છે, ત્યારે આપણા સહુથી પ્રથમ ગ્રંથ 'ઋગ્વેદ'નું એ વચન યાદ કરીએ.

'હે અગ્નિદેવ! પડકારનો સામનો કરવા માટે મારી અંદર તેજ ઉત્પન્ન થાવ.'

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૪૦ ૧૯૯૨૫

કોરોના સમય અને આર્થિક પડકારો

પ્રો. ડૉ. વિભૂતિ પટેલ

કોરોના મહામારીએ ભારતીય અર્થતંત્ર પર કુઠારાઘાત કર્યો છે. છેલ્લા ૧૫ મહિનામાં ઔદ્યોગિક અને સર્વિસ-સેવા ક્ષેત્રોમાં લાખો લોકોએ રોજગાર ગુમાવ્યા છે. ભારત સરકારની આંકડાવારી અનુસાર ભારતનો આર્થિક વિકાસ ૨૦૨૦ સાલમાં ફક્ત ૩.૨% નોંધાયો છે. માર્ચ ૨૦૨૦માં લોકડાઉન ઘોષિત કરવામાં આવ્યો ત્યારથી પુરવઠાની સાંકળી પર મોટી અસર થઈ. તૈયાર માલ વેચવા માટે વાહનવ્યવહાર બંધ હોવાથી ગોડાઉનમાં પડી રહ્યો. માલનો ભરાવો થઈ ગયો કારણ કે દુકાનો બંધ કરી દેવી પડી. કોરોના વાયરસના જીવલેણ હુમલા અને ઝડપી પ્રસારને લઈને 'બે મનુષ્યો વચ્ચે ૧½ મીટરની દૂર', મકાનો-ભીંતો-લીફ્ટ બધાને વારંવાર જંતુમુક્ત બનાવવાની અનિવાર્યતાને લઈને નાગરિકોને ઘરમાં પૂરાઈ રહેવાની ફરજ પડી. આથી અર્થતંત્રના બધા જ વિભાગોને પોતાના પ્રવૃત્તિઓ ઓછી કરવી પડી.

જીવન આવશ્યક વસ્તુઓનું વેચાણ :

કોરોનાકાળમાં મોટા મોટા શહેરોમાં તો જીવન આવશ્યક વસ્તુઓ જેવી કે ખાણ-પીણાની સામગ્રી, ઘરકામ અંગે સફાઈનો સામાનનો પુરવઠો વચ્ચે વચ્ચે મળતો રહ્યો. પણ એકંદરે પુરવઠાની સાંકળી તૂટી ગઈ જેથી કાચા માલ, ઉત્પાદન માટે આવશ્યક માલની અછત ઊભી થતા ઉત્પાદન પર મોટી અસર પડી. આ ઉપરાંત આવશ્યક વસ્તુઓના લીસ્ટમાં સેનિટર પેડ, સરકારી મધ્યાહન ભોજન, પલ્સ પોલિયોની રસી ઈત્યાદિનો સમાવેશ ન થતા ઘણી બધી સરકારી ખર્ચ પર નિર્ભર આર્થિક પ્રવૃતિઓ બંધ થઈ ગઈ. રાષ્ટ્રીય આવકમાં ૫-૬% ખાધ આવી ગઈ. બાંધકામ, પર્યટન, રેસ્ટોરં, હોટલ ઉદ્યોગ, વાહનવ્યવહાર જેવા ક્ષેત્રોમાં આર્થિક પ્રવૃતિઓ પર સદંતર કાપ આવી ગયો. કૃષિજન્ય આર્થિક પેદાશો એ જ અર્થતંત્રને ટકાવી રાખ્યું. અનાજ, કઠોળ, શાક, ફળોનો મોટા પાક થયો પણ અવર-જવર પર બંદી હોવાને લઈને તૈયાર માલ વેડફાયો. એક બાજુ કરોડો લોકો ભૂખે પીડાઈ રહ્યા હતા જ્યારે ખેતરોમાં સરસ મજાનો પાક સડી રહ્યો હતો. અત્યારે કોરોનાના બીજા જુવાળમાં ગયા વર્ષના અનુભવોને ધ્યાનમાં રાખી જીવન આવશ્યક વસ્તુઓના વેચાણ બાબત સારી જોગવાઈ કરવામાં આવી છે.

કૃષિ ક્ષેત્રનું યોગદાન :

કોરોનાકાળમાં કૃષિક્ષેત્રે ઘણું મોટું યોગદાન આપ્યું છે. માર્ચ, ૨૦૨૦માં દેશમાં રવિ પાક તૈયાર થઈ ગયો હતો. સરકારે એપ્રિલ, ૨૦૨૦ મહિનામાં કાપણી અને મંડીના કામને આવશ્યક સેવા ઘોષિત કરી જેવી કૃષિક્ષેત્રના રાષ્ટ્રીય આવકના યોગદાનમાં ૧૧% વૃધ્ધિ થઈ. આજે ભારત દેશમાં ૩૦% મહિલાઓ કૃષિજન્ય કામોમાં યોગદાન આપે છે. એમાં ૭૩% ખેતમજૂરી કરે જ્યારે ૧૨.૮% મહિલાઓ જમીન માલિકી હક્ક ધરાવે છે. કોરોનાકાળના કૃષિને લગતા ૩ નવા કાયદાઓએ ખેડૂતોમાં મોટી મૂંઝવણ ઊભી કરી છે. કૃષિજન્ય માલને વેચવા અંગે કાયદા, કૃષિમાલના ભાવ અને કૃષિસેવાઓ અંગે વટહુકમ, આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી અને વેચાણ અંગે નવા કાયદા લાગૂ કરવામાં આવ્યા છે તે નાના ખેડૂતો, સીમાંત કિસાનો, મહિલા કિસાનોને કૃષિક્ષેત્રના ભારતીય અને આંતરરાષ્ટ્રીય કોર્પોરેટના ગુલામ બની ગરીબીમાં જીવન ગુજરાવું પડશે એવી ભયની લાગણી પેદા થઈ છે. મોટી માછલી નાની માછલીને ગળી જાય એવી પુંજીવાદી સ્પર્ધામાં દેશના કરોડો ખેડૂતોની વિટંબણાના વધારો થશે એવી ભવિષ્યવાણી ઘણા બધા અર્થશાસ્ત્રીઓએ આપી છે. કૃષિક્ષેત્ર માટે માળખાકીય વ્યવસ્થાનો વિકાસ કરવો, ખેડૂતોને સક્ષમ બનાવવાની નીતિઓ ભારતીય કૃષિને નફાકારક બનાવી શકે.

સફેદ કોલર કર્મચારીઓ પર અસર :

કોરોનાકાળમાં ઘણાં કર્મચારીઓ અને કારકિર્દીમાં જોડાયેલ પુરુષો અને સ્ત્રીઓ નોકરીઓ ગુમાવી છે. હજારોની સંખ્યામાં પત્રકારોને ૧૨-૧૫-૨૦-૨૫ વર્ષની નોકરી કરવા છતાં કાં તો અડધા પગારે અને કાં તો સમૂળગા નોકરીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. દેશભેરના સુપ્રસિધ્ધ વર્તમાનપત્રો જે લાખોની સંખ્યામાં વેચાય છે ત્યાં પણ હવે આધુનિક યંત્રો લાવી, આર્ટિફિશિયલ (કૃત્રિમ) બુધ્ધિનો ઉપયોગ, નેટનો ઉપયોગ કરી લેખો લખાવવા છૂટક કામ સોંપાય છે. ફોટોગ્રાફરની પદવી જ કાઢી નાખવામાં આવી છે. આમ જેને મફતમાં અથવા ઓછા માનધનમાં લખવાની કામગીરી સોંપાય તેણે જ કોપીસંપાદન પણ કરવાનું અને લેખને અનુસર ફોટા પણ મોકલવાનાં. ટ્યુશન, શિક્ષક, દરજી, હજામ, સુથાર, લુહાર, કડિયાકામ, છૂટક વેચાણ કરનારની હાલત તો સફેદકોલર કર્મચારીથી પણ ઘણી કફોડી છે. સરકારી યોજનાઓનો લાભ ગરીબો માટે છે પણ ''Missing middle'' એટલે કે

મધ્યમવર્ગી કુટુંબોમાં આર્થિક મુસીબત ઊભી થઈ છે એ માટે તેઓએ જૂની બચત અથવા ઘરેણા, જમીન ઈત્યાદિ વેચીને જીવવાનો વારો આવ્યો છે.

શહેરી સ્થળાંતરીત શ્રમિકોમાં બેરોજગારી :

સંસ્થાનકાળથી સ્થળાંતરની શરૂઆત થઈ હતી. અંગ્રેજોએ મોટા મોટા ચા-રબર-કૉફીના બગીચામાં ગ્રામીણ વિભાગમાં અતિશય હાડમારી ભોગવતા, અર્ધાભૂખ્યા સ્ત્રી-પુરુષોને નોકરીએ રાખ્યા. ત્યાર બાદ કાપડસૂતર-શણની મિલો તથા ખાણોમાં સ્થળાંતરીત શ્રમિકોને ખૂબ જ ઓછા પગારે રાખવાની ચાલ પડી. આજે આપણા દેશમાં ૨૦૨૧ની જનગણના પ્રમાણે ૧૪ કરોડ સ્થળાંતરીત શ્રમિકો છે, જેમાં ૩ કરોડ બહેનો છે. અર્થતંત્રની કરોડરજ્જુ સમા પ્રવાસી શ્રમિકોને લઈને શહેરી ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો છે. કારખાનાઓ, બાંધકામ, પર્યટન, હોટલ, ઘરેલું કામમાં જોતરાયેલી પ્રવાસી શ્રમિકોની હાલત કોરોનાકાળમાં કફોડી થઈ ગઈ. લોકડાઉનના એક મહિનાની અંદર જ તેઓ બધી રીતે ખંખેરાઈ ગયાં. મકાનના ભાડા ભરવા માટે પૈસા ન હોવાને લઈને કરોડોની સંખ્યામાં રસ્તા પર રહેવાની નોબત આવી. અને વખાના માર્યા તેઓ ચાલી ચાલીને પોતાના વતન જવા માંડ્યા. કોઈ ૨૦૦ કિલોમીટર તો કોઈએ ૧૫૦૦ કિ.મી.ની મજલ કાપી. રસ્તામાં ઘણાં માંદા પડ્યા, તો ઘણાં મરી ગયા. ભારતના ઇતિહાસમાં આટલા મોટા પ્રમાણમાં સ્થળાંતર દેશના ભાગલા વખતે પણ નહોતું થયું.

કોર્પોરેટ ક્ષેત્ર :

૫૦૦ મહત્વના કોર્પોરેટ કંપનીઓમાં પણ નિરાશાની લાગણી વર્તાઈ હતી. ઔદ્યોગિક ક્ષેત્રે લોકડાઉન અને કોરોના ચેપના જુવાળને લઈને મંદીનું વાતાવરણ ઊભું થયું છે. FICCI એટલે કે ઉદ્યોગોના માલિકોની સંસ્થાના ૩૧મે ૨૦૧૨ના સર્વે પ્રમાણે ઔદ્યોગિક માલની માંગ ખૂબ જ ઘટી ગઈ છે. જનતા પણ ૧૫ મહિનાના કોરોનાકાળ દરમ્યાન ફક્ત ખાવા-પીવા-દવાના ખર્ચા કરે છે, પણ એ સિવાયના ઔદ્યોગિક માલ ખપતો નથી. તદુપરાંત તેમના શ્રમિકો, કર્મચારીઓ અને એમના કુટુંબીજનો પણ કોરોનાની બીજી લહેરના શિકાર બન્યા છે માટે ડરીને કામ પર જતા નથી. સાથે સાથે વાહનવ્યવહારની પણ સખત અછત છે. પ્રાઈવેટ રીક્ષા-ટેકસી સામાન્ય માણસની પહોંચને બહાર છે અને તે પણ પૈસા આપવા છતાંય મળવા મુશ્કેલ છે. આવી ઉદ્યોગોના માલિકોએ પણ સરકાર પાસે રાહત-ફંડ અને કર માફીની અપીલ કરી છે. MSME એટલે કે સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને, સરકારી ખર્ચમાંથી 'આત્મનિર્ભર ભારત અભિયાન' હેઠળ નાણાંકીય અને સંસાધનોની સગવડ આપવામાં આવે એવી માંગ સાથે સાથે એ પણ કહેવું પડશે કે આવી દુર્ગમ પરિસ્થિતિમાં ૨૫ કોર્પોરેટ હાઉસીસ જે IT, ટ્રેક્ટર, ખાદ્ય પદાર્થ, દવા, કૂરિયર સેવા પહોંચાડે છે તેમને અબજો રૂપિયાનો નફો મળ્યો છે.

આદિવાસીઓના જંગલ આધારિત આર્થિક કામો પર કોવિડનો કહેર :

દેશની ૧૧% વસ્તી, મુખ્યત્વે ગ્રામીણ અને જંગલ પ્રદેશોમાં વસે છે જેને આપણે આદિવાસી કે જનજાતિ કહીએ છીએ. કોરોના મહામારીને લઈને આવેલ લોકડાઉનને લઈને તેઓની ખેતીવાડી, સ્વાસ્થ્ય અને જંગલની પેદાશ જે ઉદ્યોગોના કાચા માલ તરીકે ખરીદાઈ જતી હતી તે પણ જતી રહી છે. કોરોનાકાળ પહેલા પણ આદિવાસીઓની હાલત કફોડી જ હતી. ૨૦૧૧ની જનગણના પ્રમાણે, ગ્રામીણ વિભાગમાં ૪૫.૩% અને શહેરોમાં ૨૪% આદિવાસીઓ ગરીબીની રેખા નીચે અત્યંત અભાવનું જીવન જીવતા હતા અને સૌથી કષ્ટદાયક અને ઓછા પગારવાળા છૂટક કામ કરી પેટિયું રળતા. કોરોનાકાળમાં સૌથી વધુ ભૂખમરાને લઈને થયેલા મૃત્યુના ભોગ આદિવાસીઓ બન્યા છે. તેઓના જંગલની પેદાશ દેશની આવકમાં NTFP એટલે કે (ટીંબર લાકડાને બાદ કરતા) જંગલનો અન્ય પેદેશો રાષ્ટ્રીય આવકમાં ૨ લાખ કરોડનું યોગદાન આપે છે. આનો જશ દેશના સાડા દસ કરોડ આદિવાસી ભાઈ-બહેનોને જાય છે. માટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને પંચાયતી રાજની સંસ્થાઓએ આદિવાસીઓની સહકારી મંડળીઓ બનાવી તેમને આર્થિક રીતે સફળ બનાવવા માળખાઓ ઊભા કરવા જોઈએ એવી ભલામણ અર્થશાસ્ત્રીઓને કરી છે.

મહિલા કર્મચારીઓ, શ્રમિકોની સ્થિતિ :

સન ૨૦૦૦થી ભારતીય અર્થતંત્રમાં બેનોના સહભાગ દરેક ક્ષેત્રમાંથી મોટા પ્રમાણમાં ઘટી રહ્યો છે. આ પ્રક્રિયાને કોરોના મહામારીએ વધારે વેગવંત બનાવી છે. દેશની ફક્ત ૬% મહિલાઓ સંગઠિત ક્ષેત્રમાં છે જેમને નોકરીની સુરક્ષા, સારું વેતન અને નોકરીમાં આગળ આવવાની તક મળે છે. જ્યારે ૯૪% મહિલાઓ જે ભારતીય અર્થતંત્રના અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે તેમને નસીબે છૂટક કે કૉંટ્રાક્ટ કામ, ઓછું વેતન, તનતોડ મહેતન, કામ સ્થળે જંગલનું રાજ અને શ્રમકાનૂનોના રક્ષણનો અભાવ જ રહેલા છે. એમા પણ ૩ કરોડ પ્રવાસી અસંગઠિત કામદાર બેનોનું જીવન કોરોના મહામારીને લઈને વિટંબણાયુક્ત બન્યું છે. ૧૪ મહિનામાં ૪૦% મહિલાઓએ ભારતીય અર્થતંત્રમાંથી નોકરી ગુમાવી છે એમ

CMIEનો અભ્યાસ સૂચવે છે. અવેતન કામનો બોજો તો મહિલાઓ માટે ખૂબ જ વધી ગયો. રસોઈ, સફાઈ, બાળકો-વડીલોની સંભાળની સાથે સાથે ઘરના માંદા માણસોની સેવા કરતા કરતા નોકરી કરવાની જવાબદારી. ઘેરબેઠા કામ કરતી શિક્ષિત બેનોનો એક હાથ કમ્પ્યુટર પર તો બીજો હાથ ઘરકામમાં જોતરાયેલ જોવા મળે છે. લોકડાઉનને લઈને ઘરના સભ્યોની માંગો પણ સતત વધી ગઈ છે.

નવા શ્રમ કાયદોઓ અને કૃષિક્ષેત્રના કાયદાઓ :

કોરોનાકાળ દરમ્યાન ભારત સરકારે શ્રમબજારનાં ૪ નવા કાયદાઓ લાગુ કર્યા છે, જે વેતનદાર, કાર્યભાર, વ્યવસાયલક્ષી સુરક્ષા અને ઔદ્યોગિક સંબંધોના નીતિનિયમોના પાલન અંગે છે. ૧૨ રાજ્યોએ છેલ્લે ૧૫૦ વર્ષમાં અમલમા લાવવામાં આવેલ. ૪૮ રાષ્ટ્રીય સ્તરના શ્રમકાયદાઓ અને ૨૦૦ રાજ્ય સ્તરના શ્રમકાયદાઓને તિલાંજલિ આપી છે. પ્રવાસી મજદૂરો કાયદો, ૧૯૭૯ તો જાણે અસ્તિત્વમાં જ નથી એવું માલકોનું વર્તન છે. મોટા પ્રમાણમાં કામદારોના 'વેતનની ચોરી' Wage - theft થઈ છે. કારખાનાઓના કામના કલાકો વધારીને ૮ કલાકમાંથી ૧૨ કલાકના કરી દેવામાં આવ્યા છે. શ્રમકોર્ટમાં કામદારોને પોતાના પ્રશ્નો લઈ જવાની મનાઈ છે. આવી જ રીતે કૃષિક્ષેત્રે પણ ૩ નવા કાયદાઓ લાવવાની વાત પણ ખેડૂતોમાં અસંતોષની લાગણી ઊભી થઈ છે. ૧૯૯૧ની આર્થિક ઉદારમતવાદી નીતિને લઈને ભારતની ૯૪૦ જેટલી ખેતીજન્ય પેદાશોને વિશ્વબજારની ગળાકાપ સ્પર્ધાની મુકાબલો કરવો પડે છે. સરકારે કૃષિક્ષેત્રના કાયદાઓને નાના ખેડૂતો, સીમાંત ખેડૂતો અને ખેતમજૂરોની આર્થિક સ્થિતિ સુધારે એવી રીતે ઘડવા જોઈએ એવી માંગણી વિશેષજ્ઞોએ કરી છે.

સરકારી યોજનાઓ, નીતિઓ, કાર્યક્રમો :

કોરોનાકાળ દરમ્યાન સરકારીખર્ચનો ઉપયોગ અર્થતંત્રને ટકાવી રાખવા માટે કરવા માટે સરકારે આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ ઔદ્યોગિક ક્ષેત્ર અને સાર્વજનિક સ્વાસ્થ્ય ક્ષેત્ર માટે રૂપિયા ૨૦ લાખ કરોડ ફાળવ્યા છે. આમા ૬૧૦૦ કરોડ રૂપિયા ગ્રામીણ રોજગાર યોજના માટે ફાળવ્યા છે. લોકડાઉન પછી ૩૩% પ્રવાસી શ્રમિકો જે શહેરોમાં કામ કરતા હતા તે પાછા પોતાના વતનમાં જવાથી ગામડામાં કંગાલિયત વધારે વણસી છે. કોરોનાના બીજો જુવાળ ગામડાઓના વધારે ઘાતક નીવડ્યો છે. આવા સંજોગોમાં ગ્રામીણ ભૂખમરી, બિમારી અને સંસાધનોના અભાવને દૂર કરવા સરકારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠક અન્ન સુરક્ષા યોજના, રેશન વિતરણ, ગ્રામણી સંસાધનો ઊભા કરી વખારો, કોલ્ડ સ્ટોરેજ, કોવિડ સેંટર, ચેપી રોગના દવાખાનાઓ ઊભા કરી લાખોની સંખ્યામાં નવા રોજગારો નિર્માણ કરવા માટે રાજ્ય સરકારોને હાકલ કરી છે. લિંગભાવી અંદાજપત્ર બનાવી શિક્ષણ, સ્વાસ્થ્ય, રોજગાર, સ્ત્રીવિરોધી હિંસાની રોક અને કલ્યાણકારી યોજનાઓ આવશ્યકતા પ્રમાણે ફંડ ફાળો વાપરવાની જોગવાઈ કરી છે.

દેશના અર્થશાસ્ત્રીઓના મહત્વના સૂચનો :

ભારતીય અર્થશાસ્ત્રીઓએ ૭ મહત્વની ભલામણો કરી છે જેથી અર્થતંત્રને મજબૂત બનાવી શકાય અને સાથે સાથે ખાસ ધ્યાન ખેતીવાડી, જંગલ અને મત્સ ઉદ્યોગ, કાથવણાટ, ખાણો, પ્રવાસ-પર્યટન, સેવાક્ષેત્ર, રોજવપરાશનો માલ બનાવતા ઔદ્યોગિક ક્ષેત્રો, વિજળી, ગેસ, જળપુરવઠો, બાંધકામ, હોટલ, વાહનવ્યવહાર, વાણિજ્ય, સંચાર-માધ્યમો, કારકિર્દીવાળી સેવાઓ, જાહેર વહીવટને વેગવંત, કાર્યક્ષમ બનાવવા અને રોજગારમાં વૃધ્ધિ કરવાની ભલામણ કરી છે. આજે વિશ્વભરમાં મોટી માંગ ઊઠી છે કે સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવો જેથી કોરોના મહામારીના ૩જા જુવાળને લઈને ૧લા અને ૨જા જુવાળમાં જેટલી મુશ્કેલી પડી તેટલી ન પડે. વિકેન્દ્રિત વિકાસની મહાત્મા ગાંધીની વાત આજે અર્થશાસ્ત્રીઓને કોરોનાકાળના અનુભવો થકી સાચી લાગવા માંડી છે. સાથે સાથે રાષ્ટ્રીય આવકના ૬% નાણાં શિક્ષણ માટે અને ૬% નાણાં સ્વાસ્થ્ય માટે ફાળવવાની ભલામણ કરી છે. તદુપરાંત જનધન યોજનાને વધુ ફંડ આપી ગરીબ જનતાની ખરીદશક્તિ વધારી, માંગ વધશે તો જ પુરવઠો વપરાશે અને અર્થતંત્રની ગતિ ઊંચે જશે એ ભલામણ વારંવાર કરી છે.

આશાની કિરણ - કૃષિક્ષેત્ર પર ધ્યાન :

ભારતની અડધી વસ્તીને અત્યારે કૃષિક્ષેત્ર પોષી રહ્યું છે. રાષ્ટ્રીય આવકમાં કૃષિક્ષેત્રનું યોગદાન ૨૦% રહ્યું છે. ભારતીય કૃષિક્ષેત્રનું નિકાસ બજાર ૨ લાખ ૮૪ કરોડનું છે. આખા વિશ્વમાં સૌથી વધુ મસાલા-તેજાનાનું ઉત્પાદન ભારતમાં થાય છે. સન ૨૦૨૧માં બધાની નજર કૃષિક્ષેત્ર પર જડાયેલી છે કારણ ખેતીવાડી જ અત્યારે આશાણી કિરણ બની ગઈ છે. માટે નવીન તંત્રજ્ઞાન, સિંચાઈની યોજનાઓ, કૃષિક્ષેત્રે સાહસો ઊભા કરવા, Starting India, Stand-up India, Make in India જેવા મહત્વના સરકારી અભિયાનો કૃષિક્ષેત્રે લાવવા અને નવા સાહસિકોને સરકાર ઝડપથી પરવાના, સસ્તી જમીન, સસ્તુ પાણી, સસ્તી વિજળી અને બીજફંડ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. ખેડૂતોને કિસાનકાર્ડ આપી નવી નવી યોજનાઓ જેવી કે કાચા માલના બજાર અને પાક

માલના વેચાણ માટે મદદ, સ્વાસ્થ્ય વીમા યોજના, પશુસંવર્ધન, ચીકન પોલટ્રી, અન્ન પ્રક્રિયા ઉદ્યોગને વેગવંત બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. શહેરી કુશળ શ્રમિકોનો ત્રીજો કિસ્સો અત્યારે ગ્રામીણ ક્ષેત્રે પહોંચી ગયો છે, તેમની શ્રમશક્તિને કૃષિક્ષેત્રના વિકાસ માટે ઉપયોગ કરવાની કોશિશો ઘણી રાજ્ય સરકારો કરી રહી છે.

સાર્વજનિક સ્વાસ્થ્ય સેવાઓનું સબળીકરણ :

ભારત સરકારે સાર્વજનિક સ્વાસ્થ્ય નીતિને કોરોનાકાળના આયુષ્યમાન ભારત પોર્ટલ સાથે જોડી દીધું છે. કોરોના મહામારી પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાને લઈને માર્ચ-૨૦૨૦ થી ઑગસ્ટ ૨૦૨૦ના કાળમાં ઘણી બધી મહત્વની સ્વાસ્થ્ય સેવાઓ બંધ કરી દેવામાં આવી હતી. દા.ત. મધ્યાન ભોજન (કુપોષણ દૂર કરવા માટે), સંકલિત બાળવિકાસ યોજના (૦-૬ વર્ષના બાળકો માટે), પોલિયો રસીકરણ, પ્રજનન સેવાઓ, ડાયાબિટીસ, હૃદયરોગ, લોહીદબાણ, મૂત્રાશયની બીમારી માટે ડાયાલેસિસ જેથી મોટા પ્રમાણમાં મૃત્યુદર નોંધાયો. આજે કોરોનાના બીજા જુવાળમાં બધી સ્વાસ્થ્ય સેવાઓને ચાલુ રાખવામાં આવી છે. પણ મોટા પ્રમાણમાં કોરોના રસી, ઓક્સિજન-પ્રાણવાયુ, હોસ્પિટલમાં દાખલા, કોરોના સેંટરની સેવાઓ, રેમડેસિવીરની ગોળીઓના કાળાબજારને રોકવા અમલદાર તંત્રને સાબૂત બનાવવાની અત્યંત તાકીદે થવાની આવશ્યકતા છે. દવાના અને સ્વાસ્થ્યસેવાના બજારીકરણે એટલું બિહામણું સ્વરૂપ લીધું છે કે ખાનગીકરણના ટેકેદારો પણ આજે સરકારી દવાખાનઓમાં મોટી મોટી મોટરકારમાં જતા થઈ ગયા છે. ગામડાના પ્રાથમિક સારવાર કેન્દ્રોમાં પણ શહેરીજનો કોરોનાની રસી લેવા ઘસારા કરી રહ્યા છે.

પર્યાવરણનું જતન-નવી જીવન શૈલી :

ઉપભોક્તાવાદી સંસ્કૃતિને તિલાંજલી આપી કોરોના મહામારીને લઈને રોજિંદા જીવનની અછતને લઈને શાકભાજી, ફળો, અનાજ, વૃક્ષો અંગે જનતાનો અભિગમ બદલાયો છે. વારંવાર આવતા વાતાવરણના પરિવર્તન સામે ઝઝૂમવા, દુષ્કાળ, ઝંઝાવાત, પૂર, ધરતીકંપ સામે મુકાબલો કરવા પર્યાવરણ સંવર્ધન અંગે સરકારી નીતિઓ સાબૂત થઈ છે. ઉપભોક્તાવાદી સંસ્કૃતિ જેનો મંત્ર છે 'વાપરો અને ફેંકી દો'ની સામે અર્થશાસ્ત્રીઓ ટકાઉ વિકાસ માટે 'ફરી વાપરો, નવસર્જન કરો, નકામી ચીજોના વપરાશ માટે પ્રક્રિયા કરો'ની નીતિને અમલમાં લાવવા આર્થિક આયોજનની માંગ કરી રહ્યાં છે. સૂર્ય ઉર્જા, પવન ઉર્જા, કરચામાંથી ઉર્જાના પ્રયાસો માટે વૈજ્ઞાનિકોને સક્રિય થવાની ભલામણ કરવામાં આવી છે. મોટી આપત્તિમાં પણ અર્થતંત્રના કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્ર ભાંગી ન પડે માટે નિયોજનની તૈયારી થઈ રહી છે. પોતાના ઘરની આસપાસ પણ શાકભાજી, ફળના ઝાડ ઉગાડવા, વૃક્ષોનું જતન કરવું અને વિકેન્દ્રિત જળાશયો, વરસાદના પાણીનો સંચય કરવા માટે બધા જ નાગરિકોને હાકલ કરવામાં આવી છે. 'ગ્રીન ઈકોનોમી' હરિત અર્થતંત્રની તાલીમ અપાઈ રહી છે.

ગૃહઉદ્યોગો અને હાથવણાટ ક્ષેત્રનો વિકાસ :

હસ્તકળા ઉદ્યોગ, ગૃહઉદ્યોગ, કાથવણાટ ક્ષેત્રમાં શહેરી અને ગ્રામીણ વિભાગના કરોડો લોકો કામ કરે છે. કોવિડ મહામારી જન્ય લોકડાઉનને લઈને છેલ્લા ૧૫ મહિનાના આજે ફક્ત ૨૫% થી ૪૦% ગૃહઉદ્યોગો જેમ તેમ ટકી શક્યા છે. કુંભારકામ, સુથારીકામ, લાડકા માટીના રમકડાં, કોટન કાપડ, સૂતરનું વણાટકામ, ઘરવપરાશની હસ્તકલાની ચીજ-વસ્તુઓ, સિલાઈકામ, જરદોસી, ચીકનકારીનો સામાન ન વેચતા કારીગરો રજળી પડ્યાં છે. રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમે હસ્તકલા અને હાથવણાટ અંગે અત્યંત નિરાશાજનક અહેવાલ રજૂ કર્યો છે. આ ઓછું હોય એમ અખિલ ભારતીય હાથવણાટ બોર્ડ અને અખિલ ભારતીય હસ્તકલા બોર્ડને કોરોનાકાળમાં ૨૭ જુલાઈ ૨૦૨૦માં અચાનક બંધ કરી દેવાને કારણે કારીગરોની કફોડી હાલત થઈ છે. સ્વયંસેવી સંસ્થાઓએ અપીલ કરી છે કે કારીગરો પાસેથી સીધો માલ ખરીદો આથી આપણી સાંસ્કૃતિક વારસો પણ જળવાઈ રહેશે અને કુશળ કારીગરોને જીવદોરી પર ટકી રહેશે. વાસકામ, માટીકામ, મોતીકામ, વણાટકામ, કાચની બંગડી જેવા પારંપારિક ગૃહઉદ્યોગનું જતન કરવું એ અર્થતંત્ર માટે પણ અતિમહત્વના છે.

લઘુ ઔદ્યોગિક વિકાસ :

દેશના અર્થતંત્રમાં લઘુઉદ્યોગોનું યોગદાન અતિમહત્વનું છે. જીવન આવશ્યક માલના ઉત્પાદન માટે લઘુઉદ્યોગોને આર્થિક સહાયની તાતી જરૂરતને ધ્યાનમાં રાખી આત્મનિર્ભર ભારત યોજનામાં મોટી જોગવાઈ કરવામાં આવી છે. ૮૨% લઘુઉદ્યોગો કોવિડ મહામારીને લઈને પાયમલ થઈ ગયાં. લગભગ ૬૦% લઘુઉદ્યોગો સરકારી સહાય વગર ફરીથી ઊભા નહીં થઈ શકે છે. ૭૦% લઘુઉદ્યોગોને હજી ૧ વધુ વર્ષ લાગશે ત્યારે જઈને તેઓ નુકશાન ભરપાઈ કરવા સમર્થ થશે. લઘુઉદ્યોગોના મોટા પ્રમાણ ડિજીટલ તંત્રજ્ઞાન, કૃત્રિમ બુધ્ધિ અને રોબોટનો ઉપયોગ ચાલુ થઈ ગયા છે. નાના નાના કારખાનાંઓના શ્રમિકો એકબીજાથી ૧॥ મીટરની દૂર પર રહી કામ રહી શકે એની જોગવાઈ નથી એટલે ઘણાં કારખાનાંઓમાં ૧ શ્રમિક અને ૨ યંત્રમાનવના ઉત્પાદન માટે ઉપયોગ કરવા માટે ઘણાં લઘુઉદ્યોગોઓ શરૂઆત કરી દીધી છે. લઘુઉદ્યોગોના પુરવઠાની

સાંકળીને મજબૂત બનાવવા, નવા તંત્રજ્ઞાન માટે શ્રમશક્તિને તૈયાર કરવી અને દેશનું આંતરિક બજાર અને વિશ્વબજાર માટે ટકી રહેવા માટે સરકારી ટેકાની ખાસ જરૂરી છે. ભારતના લઘુઉદ્યોગો દેશની ૬૦% દવાઓનું ઉત્પાદન કરે છે અને વિશ્વના ૮૫ દેશોને દવાનો પૂરવઠો પૂરો પાડે છે.

મહિલાઓના આર્થિક સહભાગનો વિકાસ :

આંતરરાષ્ટ્રીય શ્રમસંસ્થા અને વિશ્વ આર્થિક મંચે ભારતની મહિલા શ્રમશક્તિનો ઉપયોગ રાષ્ટ્રવિકાસ માટે નથી થઈ રહ્યો, એને લઈને ઘણી મોટી ટીકા કરી છે. કોરોનાકાળમાં સ્ત્રી-પુરુષ સમાનતાનો નિર્દેશક ભારત માટે ૨૮ના આંકડાથી ઓછો થઈ ગયો છે. વિશ્વ લિંગભાવી અસમાનતા રિપોર્ટ ભારતને ૨૦૨૧ની સાલમાં કુલ ૧૫૬ દેશની તુલનામાં છેક છેવાડે ૧૪૦માં નંબર દેખાડ્યો છે. કોરોનાકાળને લઈને ભણેલી ગણેલી, પદવીધારી સ્ત્રીઓથી માંડી શારીરિક શ્રમ કરતી મહિલાઓનો રોજગાર ખોરવાયો છે. સ્ત્રીવિરોધી હિંસાએ માઝા મૂકી છે. ૧ કરોડથી વધારે બાલિકોઓ શાળા-કોલેજથી, શિક્ષણથી વંચિત થઈ ગઈ છે. કન્યાવિક્રય, બાળલગ્નો, વેશ્યાવ્યવસાય, જમીનદારી શોષણના અહેવાલો રોજ રોજ આવી રહ્યા છે. આવા સંજોગોમાં મોટા મોટા ઉદ્યોગોની માંડી અર્થતંત્રના દરેક ક્ષેત્રમાં મહિલાઓને રોજગાર અને વ્યવસાયમાં અવસર આપવાની જરૂર છે. સરકારની દરેક ગરીબી નિવારણની યોજનાઓમાં ઓછામાં ઓછા ૩૦% લાભાર્થી બેનો હોવી જોઈએ એવી માંગ લિંગભાવી અર્થશાસ્ત્રીઓએ કરી છે. બેનો કમાશે તો જ કુટુંબોને વ્યવસ્થિત આહાર, પોષણ અને ટેકો મળશે.

સામાજિક સુરક્ષા :

ભારતનો આર્થિક નીતિઓએ માનવજાતને નફાથી આગળ મૂકવી પડશે. માનવહિત પહેલું, નફો પછી એ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખી સામાજિક સુરક્ષાના પગલાઓ સરકાર અને માલિકોએ લેવા જોઈએ. આવકનો આધાર – આજે વિશ્વના ૧૯૧ દેશમાં કોરોનાને કહેર વર્તાયો છે અને બધા જ દેશોના અર્થશાસ્ત્રીઓ કહી રહ્યા છે કે જનતાના હાથમા પૈસા મૂકો જેથી તેઓ જીવવા માટે ખરીદી કરી શકે. જનધનયોજના દ્વારા કેન્દ્ર સરકાર અને વિવિધ રાજ્ય સરકારોએ ઘરેલું કામદારો, ગરીબી રેખાની નીચે આવતા નાગરિકો માટે આવક-સહાય શરૂ કરી છે.

સૌથી મોટો ફટકો પડ્યો છે શાળા અને કૉલેજ શિક્ષણ માટે કારણ ૪૦% online ભણાવવાનું અને જે ઘરોમાં સ્માર્ટ ફોન કે પછી કમ્પ્યુટર અને વીજળી નથી ત્યાંના બાળકો શિક્ષણથી વંચિત થઈ ગયા છે. માટે રાષ્ટ્રીય શિક્ષા નીતિ, ૨૦૨૦ની ભલામણ પ્રમાણે સરકારે ઓછામાં ઓછો ૬% રાષ્ટ્રીય આવકનો ખર્ચ શિક્ષણ પાછળ કરવો જોઈએ અને શાળેય શિક્ષણથી દૂર થઈ ગયેલ વિદ્યાર્થીઓને, બાળમજૂરીથી બચાવી, પાછા ભણવા માટે લાવવા જોઈએ અને મધ્યાહ્ન ભોજન દ્વારા વિદ્યાર્થીઓને પોષક આહાર પણ આપવો જોઈએ.

નિષ્કર્ષ :

કોરોનાકાળની કપરી અગ્નિપરીક્ષામાંથી ભારતીય અર્થતંત્રને સફળ બનાવવા માટે સમાજ, સરકાર, પ્રસાશન, શૈક્ષણિક સંસ્થાઓ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓએ એકસાથે પ્રયાસો કરવા જોઈશે. સાચો આંકડાવારી પૂરી પાડી, કોરોનાના ટેસ્ટ / ચકાસણી ચાલુ રાખવા, બધા જ ભારતવાસીઓને મફત કોરોનાની રસી મળે, બધા જ નાગરિકોને અન્નસુરક્ષા, રોજગાર સુરક્ષા, સ્વાસ્થ્ય સુરક્ષા મળે તે માટે આર્થિક આયોજનમાં નફાખોરીની જગ્યાએ 'માનવ વિકાસ'નો અભિગમ લેવાની વાત આજે બધા જ અર્થશાસ્ત્રીઓ એકસૂરે કહી રહ્યા છે. ભારતીય સંસ્કૃતિ તો 'સર્વજન હિતાય, સર્વજન સુખાય'ના પાયા પર ટકી રહી છે, માટે અર્થતંત્રમાં પણ આ મંત્રને કેન્દ્રમાં રાખી સામાજિક ન્યાય, આર્થિક ન્યાય, લિંગભાવી ન્યાય, પર્યાવરણીય ન્યાયને પોષે તેવી બૃહદ્ અને સૂક્ષ્મ અર્થશાસ્ત્રને અનુસરવું જોઈએ. કોરોના યોદ્ધાઓની સાથે અર્થતંત્રની છૂટા સમાન શ્રમિકો, કિસાનો, કર્મચારીઓ અને સફેદ કોલર કારકિર્દીવાળા માનવસંસાધનનો કાર્યક્ષમ રીતે ઉપયોગ કરી સંપદા રોજગારની આર્થિક નીતિ અપનાવવી જોઈએ.

(લેખક, વિચારક, અર્થશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી, નિવૃત્ત પ્રોફેસર અને ચિંતક છે. અનેક ક્ષેત્રે તેમનું પ્રદાન અન્વય અને સમાજ માટે બહુ જ ઉપયોગી છે.)

સંદર્ભ સૂચિ :

Arun Kumar : Indian Economy's Greatest Crisis - Impact of Corona Virus and the Road Ahead, Delhi – Penguin, 2021

Ashiwini Deshpande : Rising Unitidi Mensional In Equality is Impending Growth in India, The Economic Times 31-3-2021.

R. Ramakumar : Agriculture and COVID 19 Pandemic – An Analysis with Special Reference to India, Review of Agrarian Studies, vol. 10, No. 1, January – June, 2020.

Vibhuti Patel : Gendered Experience of COVID 19. Women, Labour, Informed Sector, 8th March, 2021. Economic and Political Weekly, Mumbai.

✦ ✦ ✦

સંપર્ક : ૯૩૨૧૦ ૪૦૦૪૮

કોરોના મહામારી : ભારતીય સમાજનું દર્પણ

ડૉ. ગૌરાંગ જાની

સાહિત્ય સમાજનું દર્પણ છે એ તો સ્થાપિત થઈ ગયું છે. એ જ રીતે આપણા માધ્યમો, આપણી સરકાર, પરિવાર, પડોશ એ બધું જ સમાજનો આયનો છે. આ અરીસામાં આપણે સમાજના લેખાં-જોખા કરતા આવ્યા છે. પણ એકાએક આપણને સૌને, અરે વિશ્વને અને ભારતીય સમાજને એક નવો નક્કોર આયનો મળી ગયો. વર્ષ ૨૦૨૦ની શરૂઆતથી કોરોના મહામારીએ આપણા સૌનું જીવન બદલી નાખ્યું. ગરીબ અમીર સૌએ એનો પીડાદાયક પ્રભાવ અનુભવ્યો અને હજુ કેટલો અનુભવશે એ ખબર નથી. કોરોનાની પ્રથમ અને વધુ ઘાતકી બીજી લહેરે હજારો લોકોના મોત નિપજાવ્યા તો અનેક અનાથ બન્યા. રોજીરોટી છીનવાઈ. આ અકલ્પનીય અને દુઃખદ સ્થિતિ વચ્ચે સમાજના તાણાવાણા પણ છિન્નભિન્ન થવા લાગ્યા.

પછી એ પરિવારના હોય કે સંબંધોના! આપણે માંડ માંડ સાચવેલું સામાજિક પોત ઠીક ઠીક ઘસાયું મહામારીમાં. સત્તા સ્થાને બેઠેલા અને પ્રજા વચેના સંબંધો પણ કોરોનારૂપી અરીસામાં પ્રતિબિંબિત થયા. ઇતિહાસ એવું કહે છે કે જ્યારે જ્યારે મહામારી આવી છે ત્યારે માનવતા પ્રગટી છે તો માનવતા મરી પરવારી પણ છે.

આજની વાત કરીએ એ પૂર્વે ભારતમાં મહામારીના ઇતિહાસ પર નજર કરીએ. ૧૯મી સદીનો પ્લેગ અને ૨૧મી સદીનો કોરોના બે જુદી સદીઓની મહામારી છે પણ બંને વચ્ચે કેટલુંક સામ્ય પણ છે . ૨૩ સપ્ટેમ્બર, ૧૮૯૬ના દિવસે ભારતમાં પ્લેગ (Bubonic Plague)નો સૌપ્રથમ સત્તાવાર કેસ ભારતીય ડૉક્ટર A. G. Viegas (૧૮૫૬-૧૯૩૩) દ્વારા શોધી કાઢવામાં આવ્યો. મુંબઈ પ્રેસીડેન્સીના માંડવી જિલ્લામાં મસ્જિદ બ્રિજ પાસેના ઘરમાં સૌપ્રથમ દરદી મળી આવ્યો હતો. પ્લેગ વિશે ઇતિહાસકાર Myron Echenbergનું જાણીતું પુસ્તક છે, Plague Ports : The Global Urban Impact of Bubonic Plague, ૧૮૯૪-૧૯૦૧. આ પુસ્તકમાં તેઓ જણાવે છે કે પ્લેગને કારણે વર્ષ ૧૮૯૬ થી ૧૯૨૧ સુધીમાં ભારતમાં એક કરોડ વીસ લાખ લોકોના મૃત્યુ થયા હતા જ્યારે બાકીના વિશ્વમાં ૩૦ લાખ મૃત્યુ થયા. આમ પ્લેગે ભારતમાં હાહાકાર મચાવી દીધો હતો. ભારતમાં વ્યાપક પ્રમાણમાં પ્લેગ ફેલાવાનું કારણ અંગ્રેજોની વેપારવૃત્તિ હતી. તેમનો વેપાર દુનિયામાં ચાલતો રહે એ માટે તમામ બંદરો ખુલ્લાં રાખ્યા હતા. પરિણામે પ્લેગને છૂટો દોર મળ્યો. કહેવાની જરૂર નથી કે આ બંદર પર કામ કરનારા મજૂરો ભારતીયો હતા.

ઇતિહાસ હોય કે વર્તમાન પણ જ્યારે મહામારી ફેલાય છે ત્યારે એ કેમ ફેલાઈ એ માટે લોકોના માથે ઠીકરાં ફોડવામાં આવે છે જે આપણા સમાજની અને સરકારની માનસિકતાને પ્રતિબિંબિત કરે છે. પ્લેગના સમયે અંગ્રેજોએ ભારતના લોકોના રિવાજો, ગંદી ટેવો પર દોષનો ટોપલો ઢોળ્યો હતો અને કોરોનાની પ્રથમ લહેરના સમયે દિલ્હીની મરકજની ઘટનાને જવાબદાર ઠેરવી દેશના મુસ્લિમો સાથે ભેદભાવ પણ કરવામાં આવ્યો. પાછળથી દેશની કોર્ટેએ આ ઘટનાથી કોરોનાનો ચેપ વ્યાપક બન્યો હતો તેને નકાર્યો હતો. આ પ્રકારનો ભેદભાવ ભારતની અર્જુનએવોર્ડથી સન્માનિત વિશ્વ ચેમ્પિયન (૨૦૧૧) બેડમિન્ટન ખેલાડી જ્વાલા ગુટ્ટા સાથે પણ થયો. આ સંદર્ભે તેણે એક લેખ ધ ઇન્ડિયન એક્સપ્રેસમાં Pandemic and prejudice શીર્ષક હેઠળ લખ્યો. જ્વાલાને આ લેખ લખવાની અનિવાર્યતા કેમ ઉભી થઈ? તેના ચહેરાને કારણે! તેની સાથે સેલ્ફી લેવામાં ઉતાવળા બનતા લોકો તેની મશ્કરી કરવામાં પણ એટલા જ ઉતાવળા બનતા. જ્વાલાની માતા ચાઈનીઝ છે એટલે સ્વાભાવિક છે કે તેના દેખાવમાં માતાના લક્ષણો હોય. લેખમાં તે જણાવે છે કે આ લક્ષણોને કારણે લોકો તેને ટ્વીટર પર ''ચાયના કા માલ'', ''હાલ ફ ચાઈનીઝ'', ''ચીનકી'' પણ કહેતા. પણ અત્યાર સુધી તે તેને નજરઅંદાજ કરતી હતી. પણ કોરોના વખતથી જ્વાલાની અને ઉત્તર પૂર્વના લોકોની સ્થિતિ કફોડી બની છે. હવે લોકો તેને ''કોરોના'' કે ''ચાઈનીઝ વાયરસ'' એવું બોલતા થયા. જાણે ચીની માતાના સંતાન હોવું એ અપરાધ હોય!

પ્લેગ હોય કે દુકાળ, જ્ઞાતિ આધારિત ભેદભાવો જાણે વધુ દેખા દે છે. પ્લેગના સમયમાં ભારતમાં કહેવાતી ઊંચી જ્ઞાતિઓએ એક જ હોસ્પિટલમાં અન્ય જ્ઞાતિઓ સાથે રહેવાનો ઈનકાર કર્યો હતો અને કેટલેક ઠેકાણે જ્ઞાતિ આધારિત હોસ્પિટલો ઉભી કરવી

પડી હતી. ગુજરાતમાં ચરોતરમાં છપ્પનિયા દુકાળ વખતે કહેવાતી ઊંચી જ્ઞાતિઓએ અસ્પૃશ્યતાને કારણે દલિતોને તરછોડ્યા હતા, જેનું હૃદયદ્રાવક વર્ણન ભાઈ કાકાએ તેમની આત્મકથામાં કર્યું છે. ભાઈકાકાએ લખ્યું છે કે માત્ર ખ્રિસ્તી મિશનરીઓએ જ દલિતોને એ કપરા સમયમાં મદદ કરી.

કોરોના મહામારી એ ભારતના ગરીબ લોકોની વાસ્તવિકતાને સપાટી પર લાવી મૂકી. વિકાસની વાતો વચ્ચે ગરીબો ભુલાઈ ગયા હતા. કોરોના ગરીબોનું દર્પણ બન્યો. જેમકે માર્ચ ૨૦૨૦માં દેશમાં લોકડાઉન જાહેર થયું ત્યારે સૌએ પોતાના ઘરમાં પુરાઈ રહેવું પડ્યું. દિવસો સુધી એક છત નીચે રહેવાનો વારો આવ્યો ત્યારે સમજાયું કે દેશમાં લોકોનું ઘર એટલે શું? મોટા મકાન ધરાવતા પરિવારોને તો સાથે રહેવામાં તકલીફ ન હતી પણ સવાલ એ ઊભો થયો કે મોટાં ઘર કોની પાસે છે. વાસ્તવિકતા તો એ છે કે ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં માત્ર ૧૩ ટકા પરિવારો પાસે જ ચાર કે તેથી વધુ રૂમ છે. ૩૭ ટકા પરિવારો માત્ર એક જ રૂમમાં રહે છે. ૩૨ ટકા પરિવારો એવા છે કે જેઓ બે રૂમના ઘરમાં જ રહે છે. અને રસોડુ પણ ત્યાં જ. આવા સાંકડા ઘરોમાં પાંચ થી છ સભ્યોવાળા પરિવારો લોકડાઉનમાં અને એ સિવાય કેવી રીતે રહેતા હશે?

લગભગ બે વર્ષના કોરોના સમય દરમ્યાન એવું માનતું હતું કે ઘરના સભ્યો દિવસો સુધી સાથે રહેશે તો બે પેઢી વચ્ચે અંતર ઘટશે. પરિવારમાં સુગ્રંથન આવશે આ બાબત કેટલેક અંશે હકીકત બની પણ એક વરવી વાસ્તવિક્તા એ પણ જન્મી કે ઘરેલું હિંસાની ઘટનાઓમાં ગંભીર વધારો થયો અને એ પણ વિશ્વભરમાં અને ભારતમાં પણ સ્ત્રીઓ પર ઘરનું ભારણ વધ્યું. વળી એ પણ નોંધપાત્ર છે કે દેશમાં અસમાન જાતિ પ્રમાણ અર્થાત્ અસમાન સેક્સ રેશિયો ચિંતાનો વિષય છે એ જાણે કોરોના રસીકરણમાં પણ જોવા મળ્યો. સામાજિક બંધનો અને ઘરકામની જવાબદારીને કારણે આજે અર્થાત્ જૂન ૨૦૨૧માં દેશમાં પુરુષો અને મહિલાઓના રસીકરણમાં આઠ ટકાનું અંતર છે કેટલાંક રાજ્યોમાં તો આ તફાવત ૧૫ ટકા જેટલો ઊંચો છે. મહિલાઓ રસી લેવામાં પુરુષ સમોવડી જ નહીં તેઓથી આગળ નીકળી જાય એ આવકાર્ય છે. જોકે કેરળમાં આ શક્ય બન્યું છે.

ભારતના આર્થિક વિકાસને આપણે જીડીપી દ્વારા માપીએ છીએ પણ આ વિકાસના પાયામાં શ્રમજીવીઓ છે એ કોરોનાએ પુનઃ યાદ દેવડાવ્યું. સરકારે તો લોકડાઉન જાહેર કરી દીધું પણ એ અંદાજ વિના કે લાખો સ્થળાંતરીત શ્રમિકો કામ વિના શું કરશે અને પોતાના વતન કેવી રીતે પાછા જશે. તમે એ દિવસોમાં ટીવીના પડદે અને અખબારના પ્રથમ પાને, ચાલતા કે ટ્રેનના પાટા પર કે પછી જે વાહન મળ્યું એમાં વતન જતા લોકોની તસવીરો જોઈ હશે. આ તસવીરો ભારતના ઇતિહાસના પીડાદાયક પૃષ્ઠોમાં હરહંમેશ અંકિત રહેશે. અનેક સગર્ભા મહિલાઓ બાળકો અને સામાન સાથે વતન જવા નીકળી પડી. આવી કેટલીક મહિલાઓ રસ્તામાં જ મૃત્યુ પામી. ચાલતા જતાં પગમાં છાલા અને ચડતા શ્વાસે હજારો લોકો વતન પહોંચ્યા ત્યારે સલામત રહ્યા. સરકાર તેઓને વિશેષ મદદ ના કરી શકી પણ લોકોએ અનેક જગ્યાએ શ્રમિકોને ખાવાનું પૂરું પાડયું અને આશરો પણ આપ્યો સોનુ સુદ આ સંદર્ભે વર્ષો સુધી જનમાનસ પર અંકિત રહેશે.

કામના સ્થળે રોજગારીના હોવાને કારણે વતન પાછા ફરનારા શ્રમિકોની કથા એક રચનામાં મે વ્યક્ત કરી છે જે માત્ર પ્રતીક નથી પણ કોરોના કાળમાં સામાન્ય ભારતીઓની શી હાલત થઈ એ વર્ણવે છે.

પંદર વર્ષની જ્યોતિ કન્યા!

કામે હતા ગુરુગ્રામે
ના કામ રહ્યું
ને ગુરુગ્રામ નાકામ રહ્યું!
પિતા થયા બીમાર
વતન તો છેક છેટે
છેક દરભંગે
કરું શું ગુરુગ્રામે
ભાગુ હવે દરભગે!

વાત તો સાંભળી'તી
''બેટી બચાઓ
બેટી પઢાઓ''
કોણ સાંભળે મમ મનની વાત!
હું તો પાછી બિહારી
પણ ક્યાં છે કૃષ્ણ મુરારી
પણ છે ને મારી સવારી
બે પૈડાં વાળી ગુલાબી!

નિકલ પડી મૈં તો
પીછે બીઠા કે પિતાકો!
ખૂબ લડુંગી મરદાની
મૈં તો સાઈકલવાલી જ્યોતિ!

એક દિવસ, બે દિવસ
દિવસ પછી દિવસ...
રાત પછી રાત
મારા પગ ને મારો શ્વાસ!

સાઈકલ મારી સરરર જાય
ટીન ટીન ટોકરી વગાડતી જાય
પણ પંકચર તો પડે
પડે હાથમાં છાલા!

ગીતો ગાતી જાઉં
પાપાને જગાડતી જાઉં
જોઉં આકાશે તારા
એ જ તો ગરીબના સહારા!

ક્યાંક મળે છાંયો
તો ક્યાંક કોઈનો ઓટલો
કોઈ આપે રોટલો
કેવો મારો ચોટલો!

થાક લાગે
લાગે પેટમાં ભૂખ
સાથે પિતાનું દુ:ખ
સાવ સૂકું મારું મુખ

પણ પહોંચી હું તો
ગામ મારે
ભેટી મા ને, ભેટી સખીઓને
હાશ! હવે તો પડી માને ખોળે!

– (૨૪ મે, ૨૦૨૦)

કોરોનાથી લોકોને બચાવવા ડૉક્ટરોએ પોતાની જાન પણ જોખમમાં મૂકી તેમ છતાં કેટલેક ઠેકાણે તેઓ પર હુમલા થયા અને બીજી તરફ તેઓને પગાર વધારા અને પાયાની સવલતો માટે હડતાળ પણ પાડવી પડી. ડૉક્ટરને તો સમાજ હંમેશ માન આપે છે પણ કોરોના કાળમાં દેશની લાખો નર્સ બહેનો તરફ પણ સૌનું ધ્યાન ખેંચાયું. તેઓએ તો કમાલ કરી. ઇતિહાસ એવું કહે છે કે આ વ્યવસાયમાં શરૂઆતથી જ દલિત અને ખ્રિસ્તી મહિલાઓ જોડાઈ. તેનું મહત્વનું કારણ એ કે આ વ્યવસાયને કહેવાતી ઊંચી જ્ઞાતિઓએ સ્વીકાર્યો નહિ. પણ હવે જ્યારે દુનિયાભરમાં અને દેશમાં નર્સની અનિવાર્યતા ઉભી થઈ ત્યારે સમાજના લગભગ તમામ સમૂહો જોડાવા લાગ્યા છે.

ભાગ્યે જ નોંધ લેવાય અને સમાજ નીતિમત્તાના નામે અવગણે એવી સેક્સવર્કર બહેનો માટે કોરોના ખરેખર કાળ બનીને આવ્યો. દૈહિક અંતર અનિવાર્ય બન્યું અને એ વાસ્તવિકતા એ બહેનો માટે બેકારી લાવી. ભારતમાં લાખો સેક્સવર્કર બહેનોને ભૂખે મરવાનો વારો આવ્યો. એ સંજોગોમાં કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ અને સેક્સવર્કર બહેનોના પોતાના સંગઠનોએ આ કટોકટીમાંથી બહાર નીકાળવાનો પ્રયત્ન કર્યો. માત્ર સામાન્ય વ્યક્તિઓ જ નહીં પણ દેશના બાળકો અને યુવાનો પણ કોરોના મહામારીમાં ખાસ કરીને શિક્ષણથી વંચિત રહ્યા. ઓનલાઇન શિક્ષણ તો શરૂ થયું પણ ડિજિટલ ઈંડિયા ખરેખર કેટલું ડિજિટલ છે તે સમજાયું. વિદ્યાર્થીઓ ડિજિટલ અસમાનતાનો ભોગ બન્યા. સ્માર્ટફોન ના હોવાને કારણે કેટલાક વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી. બીજી તરફ શાળા બંધ થતાં હજારો બાળકો ને બાળ મજૂર બનવું પડ્યું અને બાળ લગ્નોમાં બાળપણ હોમાયું. આજનું કોરોનાયુક્ત ભારત જ્યારે મુક્ત થશે ત્યારે આશા છે કે સમાજનું દર્પણ ધૂંધળું નહીં પણ આશા જગાવતું બને.

(લેખક, જાણીતા સમાજશાસ્ત્રી, વિચારક, અને નિવૃત્ત પ્રાધ્યાપક છે. તેમ જ શિક્ષણ જગતમાં તેમનું પ્રદાન અમૂલ્ય છે.)

✦ ✦ ✦

સંપર્ક : ૯૪૨૬૦ ૬૮૧૮૬

નમ્ર વિનંતિ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની નવી ઓફિસનું નવું સરનામું નીચે પ્રમાણે છે.

૧૦૫, રૂપરાજ બિલ્ડીંગ, ૧લો માળે, ૪૯૭, એસ.વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

કોરોનાની મહામારી : શું પામ્યા, શું ગુમાવ્યું

ડૉ. નરેશ વેદ

છેલ્લાં દોઢ વર્ષથી સારુંય વિશ્વ કોરાના ઉર્ફે કોવિદની મહામારીની લપેટમાં ફસાઈ ગયું છે. વિશ્વના મોટા ભાગના રાષ્ટ્રોમાં એની અસર વરતાઈ રહી છે. કરોડોની સંખ્યામાં લોકો એનાથી પ્રભાવિત થઈ બીમાર થયા, લાખોની સંખ્યામાં લોકો મૃત્યુ પામ્યા. લાખોની સંખ્યામાં લોકોને સારવાર લેવી પડી, એમાંથી સાજા થયા, પણ એક યા બીજા પ્રકારની નાનીમોટી શારીરિક કે માનસિક વ્યાધિઓનો ભોગ બન્યા.

જીવાણુ (બૅક્ટરિયા)થી નહીં, પરંતુ વિષાણુ (વાયરસ)થી થતો આ રોગ છે એ તો પ્રાથમિક તબક્કે સમજાયું, પરંતુ એ વિષાણુ એટલા સૂક્ષ્મ છે કે નરી નજરે જોઈ શકાય નહીં. એ ક્યાં ક્યાં ફેલાયેલા છે એ ખબર પડે નહીં એટલે ક્યાંથી અને કેવી રીતે એનું સંક્રમણ લોકોમાં થઈ જાય છે એ પણ ખબર પડે નહીં. વળી, એ વિષાણુ સાવ અલ્પજીવી પણ નહીં. જ્યાં એ લાગેલા કે ચોંટેલા હોય ત્યાં એ કેટલોક સમય જીવિત રહે અને જ્યાં એ જીવિત હોય એવી જગ્યા કે વસ્તુનો સ્પર્શ થતાં એ તુરંત વ્યક્તિમાં ચેપ લગાડી દે અને ઝડપથી એના શરીરમાં ફેલાઈ જાય છે.

માનવજાત પર આવી પડેલી આ આપત્તિ આસમાની છે, સુલતાની છે કે મનુષ્યસર્જિત એની કોઈને સમજ પડી નહીં, વિશ્વના સનાતન કાયદા કાનૂનો તોડતાં કે પછી પ્રાકૃતિક સંપદાનું હનન કરતાં કે પછી પ્રદૂષણના વ્યાપક ફેલાવાને કારણે કે પછી ખાનપાન અને રહનસહનમાં માણસ વધુ ને વધુ ભોગવિલાસી અને બેદરકાર થતાં કે પછી રાજકીય અને રાષ્ટ્રીય મેલી મુરાદ અને બદઈરાદાથી કૃત્રિમ રીતે બાયોલોજિકલ વૅપનરૂપે આ વિષાણુને પેદા કરી, એનો ફેલાવો કરવાથી – ક્યા કારણથી આ મહામારી આટલી વ્યાપક અને ઘાતકરૂપે ફેલાઈ ગઈ, એની ચર્ચા, વિચારણા અને જાંચપડતાલ પણ થતી રહી છે. છતાં નક્કરપણે કશું કહી શકાતું નથી.

શત્રુ નજર સામે હોય તો એનો એક કે બીજી રીતે મુકાબલો કરી શકાય પણ આવા અદ્રષ્ટ શત્રુ સામે કઈ રીતે મુકાબલો કરવો એ સમજાયું નહીં. એટલે વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશન અને ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલની ગાઈડલાઈન્સ મુજબ ગરમ પાણીથી સ્નાન અને વારેવારે કોગળા કરવાં, વારેવાર હાથ ધોવા કે સેનેટાઇઝ કરવા, કોઈપણ વસ્તુ કે પદાર્થને સ્પર્શતાં પહેલાં એને સેનેટાઇઝ કરવા, સ્ટીમ બાથ લેવી, મોં પર માસ્ક પહેરી રાખવો, સોસ્યલ ડિસ્ટન્સીંગનું પાલન કરવું, જ્યાં લોકોની ભીડ થતી હોય એવી મિજલસો, મહેફિલો, જગ્યાઓએ જવું નહીં, અનિવાર્ય સંજોગોમાં જ ઘર બહાર નીકળવું, અન્યથા ઘરમાં જ રહેવું, જંકફૂડસનો ત્યાગ કરવો, લોકોએ પરસ્પર હળવા મળવા અને ફરવાનો ત્યાગ કરવો – વગેરે બાબતોનું લોકોએ પાલન કરવાની ફરજ પડી.

તેમ છતાં આ મહામારીનો ફેલાવો થતાં શાસન અને વહીવટીતંત્રે લોકડાઉન, રાત્રિ કરફ્યૂ વગેરે જેવાં કડક નિયંત્રણો મૂકવા પડ્યાં, ખાણીપીણીના ખૂમચાઓ અને લારીઓ, રેસ્ટોરન્ટસ, જિમખાના, પબ્લિક બાથ પ્લેસ, સિનેમાગૃહો, ક્લબો વગેરે બંધ કરવા પડ્યાં. દૂધ, પાણી, દવાઓ, શાકભાજી ફળફળાદિ, ગ્રોસરી, ગેસ સપ્લાય જેવી આવશ્યક સેવાઓ સિવાય અન્ય સેવાઓ ઉપર પણ પૂર્ણપણે કે આંશિકપણે પ્રતિબંધો મૂકવા પડ્યા. લોકડાઉન, કરફ્યૂ, સોસ્યલ ડિસ્ટન્સીંગનું યથાયોગ્ય રૂપે પાલન થાય એ માટે પોલિસતંત્રને સાબદુ કરવું પડ્યું, આરોગ્ય અને સફાઈની સેવાઓ વધારવી પડી.

આ મહામારીને કાબૂમાં લેવા શાસન અને વહીવટીતંત્રોએ લીધેલાં આવાં પગલાંઓથી વેપાર, ધંધા અને ઉદ્યોગોને ખૂબ સહન કરવું પડ્યું. જાહેર અને ખાનગી ક્ષેત્રોમાં કામ કરતાં મજૂરો, કારીગરો બેકાર થયા. આ સંજોગોમાં પોતાના વતનમાં પરત જવા ઇચ્છતાં એ લોકોને પારવાર શારીરિક, માનસિક અને આર્થિક તકલીફો વેઠવી પડી. ચીજવસ્તુઓની હેરફેર કરતાં વાહનો અટકી પડતાં લોકોમાં વસ્તુની માંગ વધતી ગઈ, પુરવઠો ઘટતો ગયો અને પરિણામે એની કિંમતો વધતી ગઈ. વસ્તુની અછત ઊભી થતાં એની સંઘરાખોરી અને કાળાબજારી શરૂ થઈ ગઈ. શ્રમિકોને અભાવે ફેક્ટરીઓનું પ્રોડક્શન બંધ થયું પણ એના વૅર અને ટૅરના ખર્ચાઓ તો ચાલુ જ રહ્યા. સ્કૂલ-કૉલેજો, નાટ્યગૃહો અને સિનેમા થિયેટરો બંધ થતાં બાળકો અને યુવાનો ઘરમાં કેદ થયા. મુંબઈ જેવા મહાનગરમાં લોકલ ટ્રેનો બંધ કરવી પડી. વિદેશોમાં આવતી અને જતી ઍરલાઈન સુવિધાઓ બંધ પડી. આંતરરાજ્યો અને શહેરોને જોડતી રેલ્વે અને બસ સેવાઓ પણ થંભી ગઈ. આ કારણે અત્યંત

અનિવાર્ય સંજોગોમાં પણ આવનજાવન થઈ શકી નહીં. વિવાહ, લગ્ન, વાસ્તુ, વરસી, સીમંત અને અંતિમ સંસ્કારોની વિધિઓ પણ કડક નિયંત્રણો હેઠળ આવી ગઈ.

આ બધાંને કારણે રાષ્ટ્રોના વેપારધંધાઉદ્યોગ ઠપ્પ થઈ જતાં રાષ્ટ્રોની પર કેપિટા ઈન્કમ અને નેશનલ ઈન્કમમાં જબરો ઘટાડો થયો. લાખો લોકોએ નોકરી ગુમાવી, બેકારી અને મોંઘવારી વધ્યા, ભ્રષ્ટાચાર વધ્યો, કૌટુંબિક અને રાષ્ટ્રીય ખાધ વધતી ગઈ. વૈયક્તિક, સામાજિક અને રાષ્ટ્રીય આવકતંત્ર વેરવિખેર થઈ ગયું. મોંઘીદાટ તબીબી સારવાર અને મોંઘાદાટ દવાદારૂ પાછળ લખલૂટ ખર્ચ થવા લાગ્યા. ગામડાંઓ, કસબાઓ બેહાલ થયા. આવા કપરા કાળમાં પાછું દુ:ખમાં અધિક માસની માફક કેટલીક જગ્યાએ ધરતીકંપ થયા, ક્યાંક વાવાઝોડાં આવ્યાં, ક્યાંક આગજનીની ઘટનાઓ બની, ક્યાંક માવઠાં થયાં. ક્યાંક ઘોડાપૂર આવતાં ઊભો પાક નષ્ટ થતાં કે પછી માવઠાંને કારણે લણેલો પાક પલળી જતાં ખેડૂતો પારાવાર મુશ્કેલીમાં મૂકાયા. સ્કૂલ-કૉલેજોમાં ઑનલાઈન એજ્યુકેશન અને એક્ઝામિનેશનની વ્યવસ્થા કરવી પડી. બાળકોને કલાકો સુધી ફોન, ટેબ્લેટ કે લૅપટોપ પાસે બેસીને બૉર થવું પડ્યું. કાનૂની અદાલતો પણ ફિઝિકલને બદલે ઑનલાઈન હીયરીંગ કરતી થઈ, તેથી ન્યાયના કાર્યમાં પણ વિલંબ અને અડચણો પેદાં થયાં.

સમગ્રપણે જોતાં બધું વેરવિખેર, ઊંધુંચત્તુ, અસ્તવ્યસ્ત થઈ ગયું. આ મહામારીએ સમગ્ર માનવજાત સામે કેટલાંય પ્રશ્નો ઊભા કર્યાં છે. આ મહાઘટનાને કારણે આપણે શું પામ્યા અને શું ખોયું છે એનો વિચાર કરવો અનિવાર્ય છે. કેમકે મારી દષ્ટિએ આ મહાઘટનાને કારણે નવ્યજાગરણ (ન્યૂ રિનેસાં) અને નવ્ય સુધારણા (ન્યૂ રીફૉર્મ્સ)ની પરિસ્થિતિ પેદા થઈ છે. આમાંથી આપણે શો બોધપાક લેવો જોઈએ? જરા વિચારીએ.

આ મહામારીની શરૂઆત આમ તો સન ૨૦૨૦ના જાન્યુઆરી માસથી થયેલી, પરંતુ આપણા દેશમાં એનો ખરો ખ્યાલ ફેબ્રુઆરી, ૨૦૨૦ના દરમ્યાન આવ્યો અને માર્ચ માસની પંદરમી તારીખથી તો લોકડાઉન લાગુ કરવું પડ્યું. આ મહામારીના પહેલા તબક્કામાં આપણા દેશ કરતાં અમેરિકા, યુ.કે. બ્રાઝિલ, ફ્રાંસ વગેરે દેશોમાં રોગચાળો વધુ વ્યાપકરૂપે ફેલાયો. એટલે એ દેશોએ સુરક્ષા માટે જે જે પગલાં ભર્યાં તે આપણે પણ ભર્યાં. એમણે મેડિકલ, પેરામેડિકલ અને પોલીસ સ્ટાફ જેવા કોરોના-વૉરિયર્સની સેવાઓને બિરદાવવાનું પગલું ભર્યું તેમ આપણે પણ ભર્યું. દેશના વડાપ્રધાને રાષ્ટ્રજોગ સંબોધન દ્વારા પ્રજાને ભયભીત ન થવાનો અને રાષ્ટ્રીય ઍક્શનપ્લાનને અનુસરવાનો અનુરોધ કર્યો હતો. પ્રજાએ એનો સુંદર પ્રતિસાદ પણ આપ્યો હતો. પરિણામે પહેલા તબક્કામાં આપણે આ રોગચાળોને કાબૂમાં લેવામાં મહદંશે સફળ રહ્યા હતા. પછી લોકડાઉન અને ફરફ્યૂમાં તથા અન્ય નિયંત્રણોમાં સરકારે છૂટછાટ આપતાં લોકોએ જરૂરી શિસ્ત અને નીતિનિયમોનું પાલન ન કરતાં બીજો તબક્કો વધારે ઉગ્ર અને ઘાતકરૂપે શરૂ થયો હતો.

લોકોએ માસ્ક પહેરી રાખવાના, મેળાવડાઓ અને મહેફિલો, ક્લબો અને રેસ્ટોરાંઓમાં સોસ્યલ ડિસ્ટન્સીંગ જાળવવાના નીતિનિયમોનું બેદરકારી અને મૂર્ખામી સાથે ઉલ્લંઘન કરતાં, ચૂંટણી પ્રચારની અને પછી ચૂંટણીમાં વિજયની રેલીઓમાં મોટી સંખ્યામાં ઉમટીને, લગ્ન, સીમંત કે ધાર્મિક પ્રસંગોએ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ઉજવણીઓ કરવાનું શરૂ કરતાં બીજા તબક્કામાં આ રોગચાળાનું સંક્રમણ અતિ વેગીલું બન્યું હતું. આ તબક્કામાં બાળકો અને વૃદ્ધોનો વધુ ભોગ લેવાયો હતો. લોકો જાહેર નિયમો અને નિયંત્રણોનો છડેચોક ભંગ કરતા રહ્યા. એમની પાસે નિયમોનું પાલન કરાવવાનો આગ્રહ રાખનાર પોલીસતંત્ર સાથે અને હોસ્પિટલના તંત્ર સાથે લોકો બોલાચાલી, મારામારી અને નાફરમાની કરતા રહ્યા. પરિસ્થિતિ દિવસે ને દિવસે વધુ વણસતી ગઈ. સરકારોએ આરોગ્ય અને સારવાર માટે ગોઠવેલી તમામ અવસ્થાઓ ટૂંકી પડવા લાગી. હોસ્પિટલોમાં મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફની અછત, પથારીઓની અછત, દવાઓ અને ઈન્જેક્શનોની અછત, ઑક્સિજનની અને એમ્બ્યુલન્સ વાનની અછત – એમ બધી બાબતોમાં અછત વર્તાવા લાગી. મૃત્યુદર વધવા લાગ્યો. મૃતાત્માઓના અગ્નિદાહ અને દફનક્રિયા માટે સ્મશાન અને કબ્રસ્તાનની સગવડો પણ ઓછી પડી. અંતિમ ક્રિયા માટે કલાકો સુધી લોકોએ પ્રતીક્ષા કરવી પડી. સ્મશાનમાં અગ્નિદાહ માટે લાકડાં ખૂટવા લાગ્યા. ચૂલાઓ ઓગળીપીગળી ગયા. સેવાભાવી સંસ્થાઓએ નદી કે તળાવને કિનારે કામચલાઉ અંતિમ સંસ્કારની ક્રિયાઓ કરવી પડી. ડૉક્ટરો અને નર્સોએ રાતદિવસ ખડેપગે સેવાઓ આપી. એમાંના કેટલાંય લોકો ખુદ આ રોગનો ભોગ બની બિમાર થયા અને એમાંના કેટલાંક અવસાન પણ પામ્યા. કોરોના-વૉરિયર્સની હાલત અત્યંત કફોડી થતી ગઈ. એમને ખાવાપીવાનો, ઊંઘવાનો, આરામ કરવાનો સમય મળવો પણ દુર્લભ થઈ ગયો. મોઢે ડબલ માસ્ક અને પીપીટી કીટ પહેરી ઊભે પગે તેઓ કામ કરતાં રહ્યાં. કુદરતી

હાજતને માટે પણ એમને સમય કાઢવો દુષ્કર બન્યો હતો. ડાયપર પહેરી રાખીને દિવસોના દિવસો અને કલાકોના કલાકો એમણે સેવાઓ બજાવી. તેમ છતાં હોસ્પિટલમાં અવસાન પામતાં મૃતકોના સ્વજનોએ એમની સાથે ગાળગલોચ કરી, એમનાં અપમાનો કર્યાં અને ક્યાંક મારપીટ પણ કરી.

આ સમયે માનવતા કસોટીની એરણ ઉપર આવી ગઈ. જરૂરી દવાઓ અને ઈન્જેક્શનોના લોકોએ કાળાબજાર કર્યા. બનાવટી દવાઓ વેંચી ઉપયોગી દવાઓ અને ઑક્સિજન બોટલોનો સંઘરો કર્યો. એને અત્યંત ઊંચા ભાવે ઉપલબ્ધ કર્યા. વેન્ટીલેટર્સ અને ઑક્સિજન કોન્સન્ટ્રેટર્સ પણ કાળાબજાર કરી અત્યંત ઊંચા ભાવે વેંચ્યા. પૅથોલોજિકલ લૅબોટરીઝમાંની કેટલીકે બનાવટી, જૂઠા રીપોર્ટર્સ આપ્યા. કેટલાંક ડૉક્ટર્સ પણ એથિક્સ છોડ્યું. દર્દીઓને બીનજરૂરી વધારાની દવાઓ પ્રિસ્કાબ્ડ કરી. દર્દીઓના ઉપયોગી અંગો કાઢી ન વેંચ્યા. હૉસ્પિટલની સારવાર લઈ રહેલી અને રોગમુક્ત થયેલી કેટલીક યુવતીઓ ઉપર હોસ્પિટલના કેટલાંક કર્મચારીઓએ બળાત્કાર પણ કર્યા. દવાઓ, ઈન્જેક્શનો ઑક્સિજન વગેરેની કૃત્રિમ પણ તીવ્ર અછત ઊભી કરી વેપારીઓએ દર્દીઓને બેફામ લૂંટ્યા. એ જ રીતે સ્મશાનમાં મૃતકોને પ્રતીક્ષાયાદીમાં રહેવાને બદલે વહેલો ક્રમ આપી એમને અગ્નિદાહ આપવા માટે સ્મશાનના કર્મચારીઓએ ક્યાંક લાંચ પણ લીધી. ત્યારે એમ જ લાગતું હતું કે ન તો લોકો જીવનનું અને માનવતાનું મૂલ્ય સમજે છે, ન તો મોતનો મલાજો જાળવે છે. બીજા તબક્કાની મહામારીએ ભારે તબાહી મચાવી દીધી હતી. મૃતકોનાં સ્વજનોના તીવ્ર આક્રંદો અને કલ્પાંતોથી વાતાવરણ ભારે ગ્લાનિભર્યું બન્યું હતું, રોજ રોજ પોતાના કોઈ સગાં, સ્નેહી કે મિત્રના અકાળ અવસાનના સમાચારો જાણીને જીવતાં લોકોનું અસ્તિત્વ પણ લૂણો લાગેલી ઈમારતની માફક કણકણ થઈ જર્જરિત થતું રહ્યું હતું.

રાષ્ટ્ર ઉપર જ્યારે આવી કોઈ મોટી આપત્તિ આવે ત્યારે રાજકીય પક્ષોએ પક્ષાપક્ષીની અને વિરોધની ભાવનાથી ઉપર ઊઠીને સરકારની આ મહામારીને નાથવા માટેની પ્રક્રિયામાં પૂર્ણહૃદયભાવથી સરકાર સાથે જોડાવું જોઈએ. એને બદલે દેશના વિરોધપક્ષોએ સરકારની રીતિનીતિઓની ઉગ્ર ટીકા આલોચના કરતાં રહીને દેશની પ્રજાને ભ્રમણામાં અને ઉલ્ઝનમાં નાખવાનું કાર્ય કર્યું. કેન્દ્ર સરકારમાંના સત્તાધારી પક્ષ કરતાં જુદા પક્ષોની જ્યાં જ્યાં સરકારો હતી, ત્યાં તેમણે કેન્દ્ર સરકારની પોલીસીઓને અવગણી, એની ટીકાઓ કરી, પોતાના રાજ્યમાં જરૂર હતી એ કરતાં વધારે દવાઓ, ઈન્જેક્શનો અને ઑક્સિજન બોટલોની માગણી કરી. કેન્દ્ર સરકાર પૂરતો સાથસહકાર આપતી નથી એવા આક્ષેપો કર્યા. પોતાનાં રાજ્યોમાં પૂરતી હોસ્પિટલો કે એના સ્ટાફની સુવિધાઓ ઊભી ન કરી. જાણીજોઈને મૃત્યુદર વધવા દીધો અને એના દોષનો બધો ટોપલો કેન્દ્રીય સરકાર પર ઢોળ્યો. કોઈ શાણા સમાજમાં આવું બને નહીં. આપણે ત્યાં સરકાર વિરોધી અને સરકાર તરફી એમ બે વર્ગોમાં પ્રજાને વહેંચીને આ લોકોએ પોતાનો રાજકીય રોટલો સેકવાની પ્રવૃત્તિ કરી. ભારતીય પ્રજાએ, ભારતીય રાજકીય પક્ષોએ અને લોકશાહી પ્રણાલીએ શું શીખવું જરૂરી છે એનો સ્પષ્ટ ચિત્તાર આપણને આ મહામારીના દિવસોમાં મળ્યો. આપણા રાષ્ટ્રમાં હજુ એકતા, અખંડિતતા અને પરિપક્વતા આવી નથી, એ પુરવાર થયું.

અત્યાર સુધી આપણે આખી ઘટનાની ઉધાર બાજુએ જોઈ. હવે જરા ઉજળી બાબતો પણ જોઈએ. લોકડાઉન અને કરફ્યૂને કારણે લોકો ઘરમાં રહ્યા એને કારણે રોડ ઉપર કાર્બન ઓકતા વહાનો ફરતાં બંધ થયાં. એને પરિણામે મુંબઈ, મદ્રાસ, દિલ્હી વગેરે જેવા મહાનગરોમાં જે ઍરપોલ્યુશન હતું એ એટલી હદે ઘટી ગયું કે આ બધાં પોલ્યુટેક મહાનગરોમાં આકાશ અને હવામાન એકદમ સ્વચ્છ થઈ ગયા. અગાઉ પ્રદૂષણને કારણે દેશમાં નહોતાં તેવાં દૂરદૂરનાં પ્રકૃતિનાં અને સમાજનાં દૃશ્યો ગોચર થયાં. પ્રદૂષણ ઘટતાં પ્રકૃતિ પણ મહોરી ઊઠી. ખાણીપીણીની લારીઓ બંધ રહેતાં અને લોકો ઘરમાં જ રહેતાં જંકફૂડ આરોગ્યાનું અને જાહેર સ્થળોએ એકબાજુથી થતી ગંદકી બંધ થઈ. પાર્ટીપ્લોટ્સ, ફનપાર્ક, દરિયાકિનારે ફેંકાતો કરચો બંધ થયો. એ કારણે મેલેરિયા, કૉલેરા, જોન્ડીસ, ડાયરિયા જેવા સીઝનલ રોગચાળા પણ ફેલાતા અટક્યા. લોકો પોતાના સ્વાસ્થય સંબંધે સભાન થયા. સૂર્યનમસ્કાર, પ્રાણાયામ, કવાયત તરફ લોકો અભિમુખ થયા.

પુરુષવર્ગ પણ બાળકો અને સ્ત્રીવર્ગ સાથે ઘરમાં રહેવાને કારણે કૌટુમ્બિક બોન્ડીગ વધ્યું. પુરુષો ગૃહકાર્ય કરતી સ્ત્રીઓની વ્યસ્તતા સમજી શક્યા. સ્ત્રીઓના કામમાં હાથ અને સાથ આપતા થયા. સગાં-સ્નેહીઓ અને મિત્રોને ત્યાં જવાનું કે એમને પોતાને ત્યાં નિમંત્રણનું બંધ થયું પણ પોતાના કુટુંબીજનો સાથે આનંદપ્રમોદની ક્ષણો માણવાનું વધારે મળ્યું. ઘરકેદ જેવી સ્થિતિમાં દોસ્તી અને મૈત્રીનું ખરું મહત્વ લોકોને સમજાયું. ખરી મુશ્કેલીના સમયે એ લોકો જ કામમાં આવ્યા. એમની સાથે ફોન ટૉક વડે શેરીંગ અને

કેરીંગ થતું રહ્યું. ઘરના વડીલોને સમય ફાળવી નહોતો શકાતો એને બદલે એમની સાથે બેસવાનો, વાતો કરવાનો, રમવાનો દુર્લભ મોકો મળ્યો. એટલે ઘરના સ્ત્રી વર્ગની જેમ વૃદ્ધ-વડીલવર્ગ પણ ખુશ રહેવા લાગ્યો. ઘરના સભ્યો બાળકોના શિક્ષણમાં અને ઉછેરમાં રસ લેતા થયા.

સામાન્ય રીતે બહાર ન જણાતી એવી માણસમાં રહેલી માણસાઈના દૃષ્ટાંતો પણ આ સમયગાળામાં મળવા લાગ્યાં. કેટલાંક સેવાભવી ડૉક્ટર્સ વૈદ્યોએ જરૂિયાતવાળા દર્દીઓની કાં તો સાવ મફત અથવા નજીવી ફી લઈને સારવાર કરી આપી. કેટલીક પરગજુ વ્યક્તિએ પોતાના તરફથી આ માટેના વડાપ્રધાનના ફંડમાં ઉદાર દાનની સરવાણી વહેવડાવી. ટાટા, અંબાણી જેવા દેશના અન્ય કેટલીક અગ્રણી ઉદ્યોગપતિઓએ તથા કેટલાંક ફિલ્મ એકટર્સે પણ મોટી રકમના દાન આપ્યાં. અનેક પ્રાઈવેટ હોસ્પિટલોએ પણ રીઝનેબલ ચાર્જીસ વડે સારવાર કરી. કેટલીક સામાજિક અને ધાર્મિક સંસ્થાઓએ આગળ આવીને રોજે રોજનું કમાઈને ખાનારા જરૂરિયાતમંદ લોકો માટે મહિનાઓ સુધી અન્નક્ષેત્રો ખોલ્યાં અને લોકોને જમાડ્યા. ટાટા જેવા ઉદ્યોગપતિએ તો પોતાની ફેક્ટરીઓમાં કામ કરતાં અને આ રોગથી અવસાન પામી ગયેલા કર્મચારીઓની નિવૃત્તિ વય સુધી એમનો પગાર ચાલુ રાખવાની પહેલ કરી. શહેરોમાં મહેનત મજૂરી કરવા ગયેલા ગરીબ લોકો આ મહામારી દરમ્યાન હિજરત કરી માદરે વતનમાં ગયા ત્યારે વતનવાસીઓએ એમને રોટલો અને ઓટલો બંને પૂરાં પાડ્યાં. કેન્દ્ર અને કેટલીક રાજ્ય સરકારોએ આવા દરિદ્ર મજૂરો, ખેડૂતો અને કારીગરોને ટકી રહેવા માટે આર્થિક સહાય પૂરી પાડી. નાના ગામડાંઓ અને કસબાઓમાં લાંબા સમયથી તબીબી વ્યવસાય કરી લોકોને ઠગતાં બનાવટી ડૉક્ટરો-તબીબોને પકડીને જેલ ભેગા કરી શકાયાં. ઑક્સિજનનું વધુ મોટા પ્રમાણમાં ઉત્પાદન કરવાના પ્લાંટ ઊભા થયા. નગરવાર આરોગ્યકેન્દ્રો અને જિલ્લાવર હોસ્પિટલો ઊભી કરવાના ચક્રો ચાલી થયા.

સૌથી મોટી સારી વાત તો એ કે આ રોગને નાથવા દુનિયાભરના વૈજ્ઞાનિકો એને માટે વેક્સીન બનાવવાના પ્રયાસોમાં લાગી પડ્યાં. અને અન્ય તમામ દાખલાઓ કરતાં આ દાખલામાં વહેલી તકે આ રોગ માટેની પ્રતિરોધક રસી એમણે શોધી કાઢી. એટલું જ નહીં લોકોને રસી આપી સુરક્ષિત કરવાની આખી પ્રક્રિયા પણ ઘણી વેગવાન બનાવી, આ રોગને નિયંત્રણમાં લીધો.

આ મહામારીએ આપણને કુંભકર્ણની નિદ્રામાંથી જગાડ્યા છે. કેમકે આ મહામારીએ માનવ-માનવના, રાષ્ટ્ર-રાષ્ટ્રના અને પક્ષ-પક્ષના સંબંધોના સમીકરણો બદલી નાખ્યા છે. વિશ્વની પ્રજા સમક્ષ પડેલા પ્રશ્નો તરફ સજાગ કર્યા છે. ગ્લોબલ વૉર્મિંગ, પોલ્યુશન, કરપ્શન, પોવર્ટી, ટેરરીઝમ જેવા સમસ્ત માનવજાતને સતાવતા પ્રશ્નો પ્રત્યે સજગ કર્યા છે. બેહાલ અને બેહૂદા થયેલા સામાજિક, રાજકીય અને આર્થિક તંત્રોને દુરસ્ત કરવા તરફ સભાન કર્યા છે. શિક્ષણ, સંશોધન, રાજકારણ જેવાં ક્ષેત્રોમાં રહેલી ત્રુટિઓ અને બદીઓને નાબૂદ કરવા સાવધ કર્યા છે. વહીવટ, વ્યવસ્થાપન અને સંચાલનાં ક્ષેત્રોની નબળાઈઓ ઉજાગર કરી એને દુરસ્ત કરવા માટેનો સંદેશ આપ્યો છે. જાતિ, જ્ઞાતિ, વર્ણ, વર્ગ, ધર્મ, સંપ્રદાય, પંથ, માર્ગ કે મતમાં વહેંચાયેલા પ્રજાવર્ગને એ બધાની નબળાઈઓનો પણ પર્દાફાશ કર્યો છે. હવે જુદા જુદા ફિરક્કાઓ કે ચોકાઓ નહીં માનવધર્મની પુનઃ સ્થાપના કરવી પડશે એ સમજાવ્યું છે. પ્રત્યેક રાષ્ટ્રને પોતાની ફિસ્કલ, એજ્યુકેશન, એક્ષટર્નલ અફેર્સ, ગ્લોબલ પાર્ટનરશીપ અને ઈન્ટરનેશનલ રીલેશનશીપ પોલીસીઝ બાબતે પુનઃ વિચાર કરવા માટે બાધ્ય કર્યા છે.

આ મહામારી કોઈ સામાન્ય ઘટના નથી. એણે આપણને નવેસરથી જાગ્રત કરવાનું અને નવી રીતે સુધારવાનું કામ કર્યું છે. વિશ્વમાં બારમી તેરમી સદીમાં જે રીતે રિનેસાં અને રીફોર્મેશનની ઘટનાઓ બની હતી, તેવી આ એકવીસમી સદીમાં રિનેસાં અને રીફોર્મેશનની મહાઘટના છે. એણે આપણને જગાડવાનું અને જ્યાં જ્યાં ભૂલો કરી છે ત્યાં ત્યાં સુધારો કરી લેવાનો બોધપાઠ આપ્યો છે, એટલે કે આ શકવર્તી ઘટના (epoch making event) છે, એક કહેવત છે કે દુનિયા ઝૂકતી હૈ, ઝૂકાનેવાલા ચાહીએ. આ મહામારીએ સમગ્ર વિશ્વને અને આખી માનવજાતને ઝૂકાવી છે. સાલો, એક નાનો અમથો વાયરસ અને પરિણામ આવડું મોટું. પણ સાથે બીજી કહેવત પણ છે ને કે માણસને ખતમ કરી શકાશે, પણ એને પરાજિત નહીં કરી શકાય. આ ઘટનાની વળતા વાર લાગશે, એટલો મોટો એનો માર છે, પણ માણસે એમાંથી બેઠું તો થવાનું જ છે. માણસ જ મોટું સત્ય છે, તેના ઉપર અન્ય કાંઈ નથી, એ બોધપાઠ નાનોસૂનો નથી.

✦ ✦ ✦

સંપર્ક : ૦૯૭૨૭૩ ૩૩૦૦૦

કોરોના મહામારીના સામાજિક સૂચિતાર્થો : અસંગઠિત ક્ષેત્રીય શ્રમિકો સંદર્ભે અવલોકનો

ડૉ. કિરણ દેસાઈ

માર્ચ-૨૦૨૦થી કોરોના મહામારીએ વિશ્વસમાજને ભરડામાં લીધો છે. અલબત્ત, આ મહામારી માનવજાતે, તેની ખામીભરી જીવનશૈલીને કારણે આપણે નોતરીને વહોરી છે. પણ તે અલાયદો વિમર્શ માંગી લેતો મુદ્દો છે. પ્રસ્તુત આલેખનમાં હાલની પરિસ્થિતિમાં પૃથ્વી પરના માનવીય સમાજમાં કાયમી ઘર કરી ગયેલ આ જીવલેણ બીમારીની ભારતીય સમાજના વંચિત સમૂહો; વિશેષતઃ અસંગઠિત ક્ષેત્રીય શ્રમજીવીઓ પરની ગંભીર અસરો સંદર્ભે વિવરણ કરવાની કોશિષ થઈ છે. અત્રે એ ચોખવટ અનિવાર્ય છે કે પ્રવર્તમાન સંજોગોમાં આ વિષય સંબંધિત અનુભવજન્ય સામાજિક સંશોધન હાથ ધરવું દુષ્કર હોઈ આલેખન પામેલ અવલોકનો અન્ય આધારપાત્ર અહેવાલો તેમ જ આ લેખકના સ્થાનિક પરિસ્થિતિ સંબંધિત નિરીક્ષણો આધારિત છે.

અણધારી, ક્રૂર અને નાટકીય ઢબે કેન્દ્રિય સરકાર દ્વારા ઘોષિત થયેલ પ્રથમ લોકડાઉનને કારણે દેશભરમાં સ્થળાંતરીત શ્રમિકોએ મૂળ વતન પરત થવાના પ્રયાસો વેળા વેઠવી પડેલ અસાધારણ, અકથ્ય હાડમારી અને બેહાલીનો કરુણ ચિતાર દેશની કેટલીક ટેલિવિઝન ચેનલોએ દર્શાવ્યો. દેશના અર્થતંત્રને ધબકતું રાખનાર અને તેની કરોડરજ્જુરૂપ આ લાખોની સંખ્યાના અસંગઠિત ક્ષેત્રીય શ્રમિકો, પોતાના મૂળ વતનથી દૂરસુદૂર મજબૂરીવશ રોજગારી અર્થે દેશભરના શહેરી કેન્દ્રો તેમ જ ગ્રામીણ વિસ્તારોમાં સ્થળાંતર કરે છે. શહેરોમાં મુખ્યત્વે અસંગઠિત ક્ષેત્રે ઔદ્યોગિક પ્રવૃત્તિઓ તેમ જ અન્ય સીમાવર્તી ક્ષેત્ર (Fringe Sector)ની આર્થિક પ્રવૃત્તિઓમાં તથા સમૃધ્ધ કૃષિ ધરાવતા ગ્રામીણ વિસ્તારોની રોકડિયા પાકોની ખેતી અને ફળોની વાડીઓમાં તેઓ રોજગારી મેળવે છે. આ અંગે બાદમાં વિમર્શ થશે. અત્રે લોકડાઉન દરમિયાનના મૂળ વતન ભણીના આકરા હાડમારીયુક્ત પરત-પ્રવાસ સંબંધિત કેટલીક માહિતી પર દૃષ્ટિપાત કરીએ.

''સ્ટ્રાન્ડેડ વર્કર્સ એક્શન નેટવર્ક - સ્વાન'' (Stranded Workers Action Network - SWAN - સ્વાન)નો મહામારીના પ્રથમ જુવાળ દરમિયાનના અહેવાલ (''To Leave or not to Leave: Lockdown, Migrant Workers and Their Journeys Home'', મે-જૂન, ૨૦૨૦નો સર્વે) મુજબ, મોટા ભાગના સ્થળાંતરીત શ્રમિકો આર્થિક પ્રવૃત્તિઓ સ્થગિત થઈ જવાને કારણે બેરોજગારીનો ભોગ બન્યા હોઈ તેમ જ રોગચાળાની વકરતી જતી પરિસ્થિતિમાં અસુરક્ષિતતા અનુભવતા હોઈને મૂળ વતન પરત થવા માંગતા હતા. પરંતુ અણધાર્યા લોકડાઉનને કારણે અને પરત જવાની વ્યવસ્થાને અભાવે લગભગ ૭૦% શ્રમિકો ગંતવ્યસ્થાને જ અટવાયા હતા. સરકારે આ લાચાર શ્રમિકોની સહાય તો ન કરી, પણ હરહંમેશની જેમ ખોટા દાવાઓ અને જૂઠાણાઓની ભરમાર ચલાવી. એક દાવા મુજબ, મોટા ભાગના સ્થળાંતરીત શ્રમિકો મૂળ વતન પરત થઈ ગયા હોઈ તે હેતુસરની વિશેષ શ્રમિક ટ્રેનોની આવશ્યકતા જ ન હોવાનું જણાવાયું. વળી, સર્વોચ્ચ અદાલતના એક વિલંબિત હુકમ મુજબ, શ્રમિકોનો પ્રવાસખર્ચ જે તે રાજ્ય સરકારે ભોગવવાનો હતો. તો, સરકારે ઘોષણા કરી કે ૮ કરોડ સ્થળાંતરીતોને ૫ કિ. ગ્રામ અનાજ અને ૧ કિ. ગ્રામ દાળ નિઃશુલ્કપણે વિતરિત કરાશે. વાસ્તવમાં, સ્થળાંતરીત શ્રમિકોની બહુ ઓછી સંખ્યા બાદમાં શરૂ થયેલ વિશેષ ટ્રેનોનો લાભ લેવા પામી. તો, સુરત શહેરના કિસ્સામાં બન્યું, તેમ અન્યત્ર પણ બનવા પામ્યું જ હશે કે સર્વસામાન્ય 'શિરસ્તા' મુજબ સત્તાધારી પક્ષના નેતાઓ-કાર્યકર્તાઓએ રેલવે ટિકિટના પણ કાળાબજાર કર્યા. પ્રવાસ ખર્ચ પણ મોટા ભાગના સ્થળાંતરીત શ્રમિકાએ ખુદ કર્યો, જેમાં ઘણાં માટે દેવું કરવાનો વારો પણ આવ્યો. અહેવાલ મુજબ, ગંતવ્ય સ્થાને રહી જવા પામેલ ૮૦% સ્થળાંતરીત શ્રમિકોને સરકાર દ્વારા ઘોષિત રાહત પેટે અનાજ ન મળ્યું. કેમ કે અમલદારશાહી આવા કપરા સમયમાં પણ નિયમોમાં બાંધછોડ ન કરીને બિનસંવેદનશીલપણે રેશન કાર્ડનો દુરાગ્રહ રાખતી રહી. આના પરિણામરૂપે લોકડાઉન દરમિયાન જીવનનિર્વાહ માટે ૮૦% શ્રમિકોએ ઉધાર રકમ લેવી પડી. કેમ કે ગંતવ્યસ્થાને ભેરવાઈ પડેલ શ્રમિકોની લાચારીનો ગેરલાભ ઉઠાવી નિયુકતા (employer) કામ કરાવવા તો માંગતા હતા. પરંતુ વળતરરૂપ વેતન ચૂકવવું તો દૂર રહ્યું, અહેવાલ સૂચવે છે તેમ, મહામારીના સંજોગોનો ગેરલાભ લઈ મૂડીવાદી માલિકોએ કુટિલપૂર્વક મોટા ભાગના શ્રમિકોને અગાઉના કામનું વેતન પણ

ચૂકવ્યું નહોતું. હરિયાણા સરકાર જેવી ઘણી રાજ્ય સરકારો બદઈરાદાપૂર્વક અને છળપૂર્વક શ્રમિકોને ટ્રેનોની માહિતી અપૂરતી આપતી કે તે અંગે ગુપ્તતા જાળવતી. શ્રમિકો ગૂંચવાતા અને અટવાતા. ટ્રેનો ન ભરાતી એટલે સરકાર જાહેર કરતી કે સ્થળાંતરીતો ગંતવ્યસ્થાન છોડવા ઈચ્છતા નથી. વાસ્તવમાં માલિકો/નિયુક્તાઓ કે કોન્ટ્રાક્ટરો સાથેના મેળાપીપણા થકી સત્તાધીશોની મુરાદ સ્થળાંતરીતોને રોકી રાખીને, તેમની મજબૂરીનો ગેરલાભ ઉઠાવી તેમની પાસે ખૂબ ઓછા વેતને કામ કરાવવાની હતી. મહામારીમાં આમ, વર્ચસ્વકારી અને આધિપત્યવાદી સમૂહો અને તેમના કાયમ ભેરૂ રહેલા રાજ્યના દૂરિત વૃત્તિ અને વલણ પણ છતા થયા.

સ્થળાંતરીતો પરત્વેના અમાનવીય, ભદ્દા અને ગરિમાવિહોણા વર્તનની પરાકાષ્ટા તો ત્યારે આવતી જ્યારે કેટલાંક રાજ્યોમાં તેમને મૂળ વતનની વિશેષ ટ્રેનમાં પરત મોકલવાની અપૂરતી માહિતીયુક્ત જાહેરાત દ્વારા એક મુકામે હકડેઠઠપણે એકત્ર કરાતા. સ્વાભાવિકપણે તેમાં શ્રમિકોને કોરોના સંબંધિત સ્વાસ્થ્ય સલામતીનું જોખમ રહેતું. તેમની તબીબી તપાસનું કારણ દર્શાવી, કોઈ પણ સવલતની વ્યવસ્થા કર્યા વિના આમ જ, ૩-૪ દિવસો વ્યતીત કરાતા. મૂળ વતન જવા આતુર શ્રમિકો તપાસના સ્થાને વિના સવલતે વાટ જોતા રહેતો. પણ સત્તાધીશોને તેની દરકાર નહોતી. બેશરમી અને નિષ્ઠુરતાની હદ તો ત્યારે થતી જ્યારે છેલ્લી ક્ષણે ટ્રેન ભરાઈ ગઈ હોવાનું જણાવી તેમને પરત જવાનું કહેવાતું. આ અહેવાલ સૂચવે છે અને સમૂહ માધ્યમોના હેવાલો પણ સાક્ષી પૂરે છે તેમ, સ્થળાંતરીત શ્રમિકો માટેની પરત જવાની ટ્રેનોમાં ભયંકર લેખી શકાય એવી ગેરવ્યવસ્થા પ્રર્વતતી હતી. ઉપરોક્તપણે ઉલ્લેખ થયો છે તેમ, શ્રમિકોની લાચારીનો ગેરલાભ ઉઠાવી સરકારી તંત્ર અને સત્તાધારી પક્ષના નેતા-કાર્યકરોએ ટિકિટના કાળાબજાર કર્યા. તો, ટ્રેનોનું સમયપત્રક સાવ અનિયત હતું. ઉપડવાના કે પહોંચાડવાના સમય અંગે કોઈ સ્પષ્ટતા નહોતી. ઘરે પરત જવા માટે વલખાં મારતા, મરણિયા થયેલ શ્રમિકોથી સ્ટેશનો ભરાતા, જેમાં સંક્રમણ-પ્રસરણની પૂર્ણપણે શક્યતા રહેતી. વળી, ટ્રેનોને કોઈ પણ સ્ટેશને પૂર્વઘોષણા વિના થંભાવીને લાંબા વિરામ અપાતા. તેનો માર્ગ પણ અનિયત રહેતો, ને ટ્રેનો ભૂલી પડવાના બનાવો પણ નોંધાયા.

વખાના માર્યા સ્થળાંતરીત શ્રમિકોને ટ્રેનોમાં ઠાંસી ઠાંસીને ભરાતા, કે જેમાં બદબૂજનક ગંદકી પ્રવર્તતી. લાંબા અંતરની આ ટ્રેનોમાં ખોરાક કે પાણીની સુધ્ધાં સવલત નહોતી. આથી, લાચાર શ્રમિકોએ તેમના કુટુંબો સાથે તરસ્યા ને ભૂખ્યા રહેવું પડતું. જેને કારણે મોત પણ નોંધાયા છે. મુઝફ્ફર સ્ટેશને મૃત માને ઢંઢોળતા માસૂમ શિશુની વિડિયો જોઈ કોઈ પાષાણ હૃદયીનું કલેજું પણ કંપી ઊઠે. સામાન્યપણે પ્રવાસી શ્રમિકોને વતનની નજીકના શહેરી મથક પર ઉતારી તેમને ક્વોરેન્ટાઇન કેન્દ્રોમાં મોટી સંખ્યામાં સાથે રખાતા, કે જ્યાં પણ ખોરાક-પાણી કે અન્ય સુવિધાઓનો અભાવ પ્રવર્તતો હોય. તેમને સમૂહમાં એકત્ર કરી સેનિટાઇઝરના સ્પ્રેનો છંટકાવ કરાઈ અપમાનિત કરાયાના બનાવો પણ નોંધાયા છે.

આમ છતાં, એક ગણનાપાત્ર સંખ્યામાં આ સ્થળાંતરીત શ્રમિકો પરત ન જઈ શકતા ગંતવ્યસ્થાનો પર જ અટવાયા. કંઈક અંશે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા તેમ જ સુરતના કિસ્સામાં બન્યું છે તેમ, જે તે સ્થળાંતરીત સમુદાયના જૂજ ખમતીધરો દ્વારા ખાનગી બસો દ્વારા મૂળ વતન પરત જવાની વ્યવસ્થા કરાઈ. તો મહામારીએ સર્જેલ મોકાનો ગેરલાભ ઉઠાવી ખાનગી વાહનધારકો અને પ્રવાસી કંપનીઓએ પણ મજબૂર શ્રમિકો પાસે બેફામ ભાડાં લઈ વ્યવસ્થા કરી. સ્વાર્થી ને ક્રૂર માલિકો કે કોન્ટ્રાક્ટરોએ વેતન તો ન જ આપ્યા, પણ પ્રવાસ-ભાડા સુધ્ધાં ન આપ્યા. જેમનાથી શક્ય બન્યું તેમણે નાછૂટકે ૧૦-૨૦ % જેવા ધરખમ વ્યાજના દરે નાણાં ઉધાર લઈ પ્રવાસ કર્યો. પરંતુ હજી એક મોટી સંખ્યા શહેરી કામના કેન્દ્રો પર રહી જવા પામી હતી. તેમની હાલત અત્યંત કફોડી હતી. પૈસા ખૂટી પડ્યા હોઈ એક તરફ, પેટ ભરવાના સાંસા હતા. સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અપાતા રાહતના ખોરાક પર કેટલા દિવસ ટકી શકાય? તો, બીજી બાજુ, તેમની પાસે ભાડાની રકમ ન હોઈ, ખોલી ખાલી કરી દીધી હોઈ, તેઓ શિરછત્રવિહોણી અવસ્થામાં હતા. તો, મહામારીનો ભય પણ રંજાડતો હતો. આ નિરાધાર અવસ્થામાં કરવું શું?

ટેલિવિઝન પર નિહાળ્યું તેમ, હજારોની સંખ્યામાં આ શ્રમિકોએ પોતાના કુટુંબીજનો-નાના નાના માસૂમ શિશુઓ સાથેનો; ઘર ભણીનો હજારો કિ.મી.નો અતિદીર્ઘ અને અતિદુષ્કર પ્રવાસ પગપાળા કરવાનો વારો આવ્યો. કેટલાંકે સાયકલ પ્રવાસ પણ કર્યો. આ દુર્ગમ અને ભીષણ પ્રવાસ તેમણે કેવી વિટંબણાઓ, કષ્ટો વેઠીને પાર પાડ્યો હશે તે સંબંધિત સમાચાર માધ્યમોના છૂટાંછવાયાં અહેવાલો સિવાય સંશોધન આધારિત કોઈ માહિતી પ્રાપ્ય નથી. 'સ્વાન'નો અહેવાલ સૂચવે છે તેમ, મહામારીને નાથવાના આશયે બિનઆયોજિતપણે અને અસંવેદનશીલ ઢબે લાદેલ લોકડાઉનને કારણે શ્રમિકો અને અન્ય વંચિત સમૂહોમાં નોંધાયેલ અપમૃત્યુનું પ્રમાણ ઘણું મોટું હતું. આના કારણો અને પ્રકારોમાં; ભૂખમરો, નાણાંકીય તંગી, સારવારનો અભાવ, પગપાળા કે સાયકલ પ્રવાસમાં

અકસ્માત, ભૂખ કે થાક તેમ જ પોલિસના અત્યાચારને કારણે, શ્રમિક ટ્રેનોમાં ભૂખ કે તરસને કારણે, વોરન્ટાઇન કેન્દ્રોમાં અવ્યવસ્થા, આપઘાત ઇત્યાદિ દર્શાવાયા છે; જે આ વિશાળ સમૂહે વેઠેલી ભયંકર યાતનાનું સૂચન કરે છે.

સ્વાતંત્ર્યોત્તર ભારતીય સામાજિક ઇતિહાસના આ એક અત્યંત કલંકિત પ્રકરણ પર ભવિષ્યમાં સંશોધન થકી આ વિરાટ શ્રમજીવી સમૂહ સાથે રાજ્યે અને ભદ્ર વર્ગે કરેલા અન્યાય અને અમાનુષી વ્યવહારનો સાચો ખ્યાલ મળશે એવી આશા રાખીએ.

ઉપરોક્તપણે આલેખિત મહામારી સંબંધિત, વિશેષપણે વંચિત લેખી શકાય એવા સ્થળાંતરીત શ્રમિકોની અવદશા પર કેન્દ્રિત વિવરણને દેશના બૃહદ આર્થિક-રાજકીય પરિપ્રેક્ષ્યમાં સમજવાનો યત્ન કરીએ. આ સ્થળાંતરીત શ્રમજીવીઓનો અતિવિશાળ સમૂહ મુખ્યત્વે કૃષિ-સમૃધ્ધ ગ્રામીણ તેમ જ શહેરી કેન્દ્રોની બહુધા અસંગઠિત ક્ષેત્રની પ્રવૃત્તિઓ થકી રોજીરોટી રળે છે. આ પ્રકારના કુલ આંતરિક સ્થળાંતરનો અંદાજિત આંકડો; ૪૫ કરોડ જેટલો છે; કે જે છેલ્લા ૧૦ વર્ષમાં ૩૦ ટકા જેટલું વધ્યું છે. અલબત્ત, આ અલ્પ અંદાજિત આંક હોવાનું જણાય છે. વિભિન્ન અભ્યાસો સૂચવે છે તેમ, આવા સ્થળાંતરના મુખ્ય સ્ત્રોત રાજ્યો ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, પંજાબ, રાજસ્થાન, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર, ઝારખંડ, છત્તીસગઢ, ઓડિસા, પશ્ચિમ બંગાળ ઈત્યાદિ છે; જ્યારે ગંતવ્ય રાજ્યો દિલ્હી, મહારાષ્ટ્ર, તામિલનાડુ, ગુજરાત, આંધ્રપ્રદેશ, કેરાલા વિગેરે છે.

અસંગઠિત ક્ષેત્રના આ સ્થળાંતરીત શ્રમિકો સંબંધિત વિશ્વસનીય કે આધારપાત્ર આંકડાકીય કે અન્ય માહિતી અનુપલબ્ધ છે કેમ કે રાજ્ય, મુખ્ય પ્રવાહની અન્ય સંસ્થાઓ તેમ જ સમાજના ભદ્ર અને વર્ચસ્વકારી સમૂહો દ્વારા તેમની ઈરાદાપૂર્વક નઘરોળપણે ઉપેક્ષા થતી આવી છે. વાસ્તવમાં મુખ્ય પ્રવાહના તમામ વિમર્શમાં - વિદ્યાકીય કે નીતિલક્ષી - આ સમૂહ પરત્વે દુર્લક્ષ સેવવામાં આવતું રહ્યું છે. જાણે કે દેશના બંધારણીય અધિકારો ધરાવતા નાગરિકોરૂપે તેમનું અસ્તિત્વ જ ન હોય. કેમ કે દેશ અને સામાજિક પ્રણાલીના મુખ્ય પ્રવાહને માત્ર ને માત્ર તેના શ્રમનો ખપ છે અને રાજકીય પક્ષોને ચૂંટણીટાણે તેમના મતનો.

એકાધિક સંશોધનોએ તેમના સ્થળાંતર માટે જવાબદાર પરિબળોની ચર્ચા કરી છે તેમ જ તેમની વસ્તીશાસ્ત્રીય અને અન્ય લાક્ષણિકતાઓ અંગે પણ માહિતી દર્શાવી છે. સમાજવિજ્ઞાનીઓમાં સ્થળાંતરના કારણો સંદર્ભે મતમતાંતર જોવા મળે છે, જેની ઊંડાણપૂર્વકની ચર્ચાને અત્રે અવકાશ નથી. આ લેખક તેમના એકાધિક અભ્યાસોની બુનિયાદ પર માને છે કે, શ્રમ સ્થળાંતર માટે મુખ્યપણે સંરચનાકીય પરિબળો જવાબદાર છે. પ્રથમ તો, દેશના જે રાજ્યો અને પ્રદેશોમાંથી તેઓ સ્થળાંતર કરે છે ત્યાં વર્ષોવર્ષના દુષ્કાળ, નબળી ખેતી અને વિકાસ તેમ જ કલ્યાણકારી યોજનાઓના નબળા અમલીકરણના કારણે ગરીબી અને બેરોજગારીની સમસ્યાઓથી બહુમતી લોકો ગ્રસ્ત જણાય છે. વળી, આ સ્થળાંતરીતોની પાર્શ્વભૂમિકા જોઈએ તો, મોટા ભાગના સ્થળાંતરીતો જમીનવિહોણા કે બિનફળદ્રુપ જમીનમાલિકી ધરાવતાં કુટુંબોના સભ્યો છે તેમ જ ભારતીય સમાજના ઊંચનીચના કોટીક્રમ મુજબ, નિમ્ન, સાવ તળિયાનો સામાજિક દરજ્જો ધરાવે છે.

આ લેખક દ્વારા હાથ ધરેલ અભ્યાસો[૧] સ્પષ્ટપણે નિર્દેશે છે કે આ સ્થળાંતરીતો રોજગારીની શોધમાં સ્થળાંતર કરે છે. વળી, કેટલાંક સમાજવિજ્ઞાનીઓ માને છે તેમ, આ વધુ ઉજળી કે સારી તકો સંદર્ભે થતું સ્થળાંતર નથી. પરંતુ અસ્તિત્વ ટકાવવાના હેતુસર થતું 'બેહાલીનું સ્થળાંતર' (distress migration) છે. ઉપરોક્તપણે દર્શાવ્યું છે તે મુજબ, વિભિન્ન સંરચનાકીય પરિબળોને કારણે પછાત રહી જવા પામેલા પ્રદેશો અને વિસ્તારોના ગરીબ અને બેરોજગાર લોકો તેમના અને કુટુંબના ભરણપોષણ માટે, મજબૂરીવશ પ્રમાણમાં વિકસિત વિસ્તારો ભણી આજીવિકાની શોધમાં સ્થળાંતર કરે છે.

અમારા પાદનોંધ (૧)માં સૂચિત સુરત શહેરના અસંગઠિત ક્ષેત્રની વિભિન્ન આવક પ્રવૃત્તિઓ થકી રોજગારી રળતાં શ્રમિકોના અભ્યાસો સૂચવે છે કે તેઓ પૈકીના લગભગ ૮૦ ટકા સ્થળાંતરીતો છે તેમ જ ઉપરોક્તપણે નિર્દેશ થયો છે તે મુજબની નબળી અને પછાત સામાજિક અને આર્થિક પાર્શ્વભૂમિકા ધરાવે છે. અસંગઠિત ક્ષેત્રની ઔદ્યોગિક તેમ જ અન્ય બિન ઔદ્યોગિક પ્રવૃત્તિઓ થકી તેઓ માંડ તેમનું અને કુટુંબનું પેટ ભરે છે.

નિર્દેશિત અભ્યાસો સૂચવે છે તેમ, ઉદ્યોગોમાં કામ કરતાં સ્થળાંતરીત શ્રમિકો અત્યંત કઠિન અને વરવી પરિસ્થિતિમાં ૧૨થી ૧૪ કલાકની પાળીઓમાં કામ કરવાને મજબૂર હોય છે અને પ્રયોજેલ શ્રમના પ્રમાણમાં તેમને અત્યંત ઓછું વેતન અપાય છે. તો, તેમને કોઈ કાનૂની હક્કો કે લાભો અપાતા નથી. આ જ પરિસ્થિતિ શહેરના અન્ય પ્રવૃત્તિઓના શ્રમજીવીઓની તેમ જ સમૃધ્ધ કૃષિ ધરાવતા ગ્રામીણ વિસ્તારોના સ્થળાંતરીત શ્રમજીવીઓની પણ છે. શહેરો અને ગામોના જૂજ જૂથોની સમૃધ્ધિ, ઐશ્વર્ય આ ગરીબ અને લાચાર બહોળી જનસંખ્યાના શોષણ થકી જ હાંસિલ

થઈ છે. પરંતુ ગંતવ્ય સ્થાનોના સરકારી દસ્તાવેજો તેમ જ ઉદ્યોગોના માલિકોના દફ્તરમાં તેમના નામો અદૃશ્ય છે. શહેરમાં તેમનો વસવાટ મુખ્ય શહેરથી અલગ ઝૂંપડપટ્ટીઓમાં, તો ગ્રામીણ વિસ્તારમાં થળ ગામથી દૂર સીમાડાની ઉજ્જડ જમીનમાં હોય છે.

આમ, 'સામાન્ય' પરિસ્થિતિમાં રાજ્યે કે મુખ્ય પ્રવાહના સમાજે તેની દરકાર કરી નથી, બલ્કિ ઘોર અવગણના કરી છે. તેમને પરિત્યજનીય (disposable) લેખાયા છે. અને આથી, કોરોના મહામારીના અસામાન્ય સંજોગોમાં તેમની જે અવદશા કરાઈ છે કે જેનું આલેખન ઉપરોક્તપણે થયું છે તે ઝાઝું અચરજકારક નથી. પ્રથમ લોકડાઉન ઘોષિત થયું ને ઔદ્યોગિક તેમ જ તમામ આર્થિક પ્રવૃત્તિઓ ઠપ્પ થઈ ગઈ. શરૂઆતના તબક્કે, માલિકો ને કોન્ટ્રાક્ટરોને આશા હતી કે લોકડાઉન ટૂંક સમયમાં ઊઠી જશે ને પ્રવૃત્તિઓ ધમધમતી થશે. પરંતુ બંધ સમય-અંતરાલ માટે તેમના શ્રમિકોને કોઈ પણ પ્રકારનો આધાર કે સહાય પૂરી પાડવાનું તેમની સ્વાર્થી વૃત્તિને ન સૂઝયું. તેમને પેશગી (advance) પેટે તો મદદ ના જ અપાઈ, પરંતુ અનેક કિસ્સાઓમાં લોકડાઉન અગાઉના કામનું મહેનતાણું પણ ન અપાયું. શરૂઆતના સમયગાળામાં વાહનવ્યવહાર બંધ હોઈ શ્રમિકો માટે પણ પુનઃ આર્થિક પ્રવૃત્તિઓ શરૂ થાય તેની વાટ જોવા સિવાય કોઈ આરો નહોતો. આ સમય દરમિયાન સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા રાહત પેટે વિતરિત થતી ખાદ્ય સામગ્રી થકી પેટ ભરવાનો વારો આવ્યો. પરંતુ લોકડાઉનનો અંતરાલ લંબાતા સુરત તેમ જ અન્યત્ર આ સ્થળાંતરીત શ્રમિકોમાં મૂળ વતન પરત થવાના મુદ્દે અસંતોષ પ્રવર્તવા માંડ્યો ને અશાંતિ જન્મી. આથી વિશેષો શ્રમિક ટ્રેનો શરૂ કરાઈ જેની સંચાલકીય ગેરવ્યવસ્થા, અતંત્રતા અંગે અગાઉ ઉપર વિવરણ થયું છે.

પરંતુ હવે પ્રશ્ન એ ઉભો થતો હતો કે મૂળ વતન, પોતાના ગામોમાં પરત થયેલા આ સ્થળાંતરીત શ્રમિકોની રોજગારીનું શું? ગ્રામીણ વિસ્તારોની પ્રવર્તમાન કૃષિ આ તમામને નાના સમય-અંતરાલ માટે પણ રોજગારી આપવાને સક્ષમ નહોતી; તો, વૈકલ્પિક રોજગારીનો અભાવ હતો. કેટલાંક આશાવાદી બૌધ્ધિકોનું માનવું હતું કે દેશને વિશેષતઃ રાજ્યે આફતને અવસરમાં પલટી, આ મહામારીના સંજોગોમાં અર્થતંત્રને નવતર સ્વરૂપ આપી, તેને રોજગારીલક્ષી બનાવી, લોકોની સમસ્યાનો કાયમી હલ લાવવાની દિશામાં કાર્યાન્વિત થવું જોઈએ. તેમનો નિર્દેશ વિશેષરૂપે મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગારી બાંહેધરી કાર્યક્રમ (MGNREGP)ને વધુ વિસ્તૃત ને સઘન કરી ગ્રામીણ ગરીબી અને બેરોજગારીની સમસ્યાનો કાયમી હલ લાવી સ્થળાંતરને સદંતર રોકવા સંબંધિત હતો. આ સૂચન મહામારી અગાઉ પણ થયું હતું. પરંતુ MGNREGPમાં ગરીબીને બેરોજગારીની સમસ્યાઓની જડીબુટ્ટી ભાળતા આ બૌદ્ધિકો વાસ્તવમાં યાં તો, પ્રવર્તમાન સંરચના, પ્રણાલીને અંતરંગરૂપે સમજ્યા નથી કે પછી દંભ આચરી રહ્યા છે. કેન્દ્ર સરકારે મહામારીમાં આ હેતુસર રૂ. ૪૦,૦૦૦ કરોડ ફાળવ્યા; જે અત્યંત અપૂરતી રકમ હતી. કેમ કે આ અત્યંત વિરાટ સંખ્યાના સ્થળાંતરીતોને મૂળ વતનમાં કામ પૂરું પાડવા અર્થે આ કાર્યક્રમમાં રૂ.૨૪૬૦૦૦ કરોડની ફાળવણીની આવશ્યકતા હતી.

મૂળ પ્રશ્ન રાજ્ય, સત્તાધીશાની રાજકીય પ્રતિબધ્ધતા, ઇચ્છાશક્તિ અને મુરાદનો છે. મહત્ત્વનો મુદ્દો એ છે કે અન્યથા પણ સ્વતંત્રતા પશ્ચાતઃ સંરચનાકીય અને રાજકીય પરિબળોને કારણે દેશના વંચિત સમૂહોની આ બહુમતી, અતિવિરાટ જનસંખ્યા માટેની આરોગ્ય-સંભાળની જાહેર આધારસંરચના (infrastructure)નું સ્તર સતત કથળેલું રહ્યું છે. છેલ્લાં બે દાયકાથી દાખલ થયેલ અને પ્રવેગિતપણે અમલ પામેલ નવી આર્થિક નીતિના પ્રતિમાન હેઠળ અને અંતર્ગત રાજ્યે સ્વાસ્થ્ય અને શિક્ષણ સહિતની સામાજિક સુરક્ષા ક્ષેત્ર સંબંધિત પોતાની જવાબદારી લગભગ નહિવત કરી દીધી છે. અને તેનો ઈજારો બજારના ધોરણે સંચાલન કરતાં ખાનગી ક્ષેત્રને હવાલે કરી દેવાયો છે. આને કારણે તમામ વંચિત અને સીમાંત સમૂહોની હાલત દયનીય બની ચૂકી છે. અલબત્ત, મહામારી જેવા મહાસંકટટાણે રાજ્યે ઇચ્છયું હોત તો, કટોકટીના ધોરણે તમામ ખાનગી હોસ્પિટલો અને દવાખાનાને જાહેર ક્ષેત્રમાં તબદિલ કરી શકાયા હોત ને મહામારીમાં તમામ સ્તરના લોકોને રાહતના દરે તપાસ અને સારવાર પૂરી પડાઈ શકી હોત. પણ આ માટે પ્રચંડ રાજકીય ઇચ્છાશક્તિને પ્રતિબધ્ધતા જોઈએ. આવા પગલામાં જેમના પ્રવર્તમાન પ્રણાલીમાં સ્થાપિત હિત રહેલા છે તેવા વર્ચસ્વકારી જૂથોને નારાજ કરવા પડે કે જે તેમની સાથે તમામ રાજકીય પક્ષોનું ગઠબંધન રહેતું આવ્યું છે. પરિણામસ્વરૂપે લોકોને માહામારીની અસુરક્ષિત પરિસ્થિતિને હવાલે છોડી દેવાયા છે. થાળી વગાડવા ને દીવા જલાવવાની સાવ નકામી ક્રિયાઓમાં તેમને ભટકાવી દેવાયા છે. મહામારીના સંકટનો દોષનો ટોપલો બદઈરાદાપૂર્વક લઘુમતી કોમને માથે ચઢાવવાની અધમ કોશિષ થાય છે; ને આંકડાની માયાજાળ થકી લોકોને ગેરમાર્ગે દોરાય છે. મહામારીને નાથવાને અને લોકોને સારવાર પૂરી પાડવાને સ્થાને સત્તાધીશોને ચૂંટણી જીતવામાં વધુ રસ હતો; તો, બહુમતી ધર્મને રાજી રાખવા નીંભરપણે કુંભમેળો યોજવા સામે પણ

વાંધો નહોતો. આને કારણે લાખો લોકોએ જીવન ગુમાવ્યા, હજારો કુટુંબો તારાજ થયાં ને અનેકાનેક બાળકો અનાથ થયાં. રાજ્યકર્તાઓને દેખાડો કરવામાં, જૂઠાણા ફેલાવવામાં અને યેનકેન પ્રકારે સત્તા ટકાવવામા જ અધમ રસ હોય ત્યારે આ મહાસંકટની પરિસ્થિતિમાં વંચિત સમૂહો, બલ્કિ તમામ સમૂહોના લોકો વિવશતા ને અસલામતી અનુભવી રહ્યાં છે. શરૂઆતમાં જ ઉલ્લેખ થયો છે તેમ, મહામારીના સમયખંડ દરમિયાનની બેરોજગારી, ભૂખમરો, ગરીબી, આપઘાત અને અપમૃત્યુ સંબંધિત સાચી હકીકત હજી અપ્રાપ્ય છે. પરંતુ નિઃશંકપણે રાજ્ય અને ભદ્ર સમૂહોની નીંભરતા, અસંવેદનશીલતા અને સ્વાર્થી વલણને કારણે ભારતીય સમાજ અને ખાસ તો, વંચિત ને સીમાંત સમૂહો એક અંધકારમય પરિસ્થિતિનો ભોગ બન્યા છે અને તેમનું અસ્તિત્વ જોખમાયું છે. ભારતીય સામાજિક ઇતિહાસના એક ભયાવહ અને કાળાં સમયખંડ, પ્રકરણના આપણે સૌ સાક્ષી ને શિકાર બની રહ્યા છે.

સંદર્ભ :

૧. કિરણ દેસાઈ, "Searching for Space in Globalisation Era: Fringe Sector Livelihood Earners in Urban Economy – The Case of Surat City of Gujarat", Centre for Social Studies, Surat, July 2014. (An unpublished Report submitted to ICSSR, New Delhi).

કિરણ દેસાઈ, "Bitter Sugar: Conditions of Sugarcane Harvester of South Gujarat". Ahmedabad: Prayaas. January 2018.

કિરણ દેસાઈ, "Labour in Small and Medium Scale Industrial Units in Unorganised Sector of Surat: Struggling to Keep Afloat", Centre for Social Studies, Surat, March 2018. (An Unpublished Report submitted to ICSSR, New Delhi).

(લેખક સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પ્રોફેસર છે.)

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૭૯૩ ૬૦૦૫૭

નિયમિત નાક દ્વારા બાફ લેવો : કોરોના વાયરસના પ્રતિકાર માટે એક સાદો પણ સચોટ ઉપાય

જશવંત મહેતા

(Steam Inhalation : A Simple but an Efficient measure to prevent Corona-Virus)

કોરોના વાયરસ નાક દ્વારા અંદર પ્રવેશી નાકના ઉપરના ભાગમાં ૨-૩ દિવસની અંદર સ્થગિત થઈ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ફેફસાની અંદર પ્રસરી જતા ખુબ જ ઝડપથી ફેફસાને ડેમેજ કરી, દર્દીને શ્વાસ લેવામાં મોટી તકલીફ ઉભી કરે છે અને દર્દીને તાત્કાલિક ઓક્સિજન આપવો જરૂરી રહે છે અને વધારે ગંભીર હાલતમાં તાત્કાલિક આઈ. સી. યુ.માં અને વેન્ટિલેટર પર રાખવા પડે છે. અને સાજા થતા દિવસો સુધી રાહ જોવી પડે છે. કિડની કે અન્ય અવયવોને નુકશાન પહોંચતા અને રિકવરી મુશ્કેલ થતા દર્દીનું દુઃખદ મૃત્યુ થાય છે.

શ્રી જશવંતભાઈ મહેતા સમાજઅગ્રણી વિચારક, લેખક અને સમાજસેવાની ભાવનાથી સભર ઉદ્યોગપતિ છે. પ્રમુખશાહી વિચારણા અંગેના તેમના લેખો અને પુસ્તક, આંખના ડોનેશન માટે જાગૃતિ લાવવા ખૂબ કાર્યરત છે. આ પેન્ડામિક દરમ્યાન તેમણે સ્ટીમ લેવાની ખાસ હાકલ કરી હતી, એ માટે અનેક લોકોને તેમણે સ્ટીમના મશીનો ભેટ તો આપ્યા જ પણ પોતાની ઑફિસ અને અન્ય સ્થળે એવી પદ્ધતિ ઊભી કરી કે ત્યાં આવતા સહુ સ્ટીમ લઈને પોતાની જાતને સતત બચાવી રાખે. પ્રસ્તુત લેખમાં તેમણે આ પદ્ધતિના આધારરૂપ કેટલાંક લેખ પણ મૂક્યા છે.

કોરોના વાયરસનો પ્રતિકાર કરવા માટે શરીરની ઈમ્યૂનિટી (રોગ પ્રતિકારક શક્તિ) વધારવા માટે છેલ્લા ૧૫ મહિનામાં અનેક પ્રકારના ઉપાયો સૂચવતા સંદેશાઓ સોશ્યિલ મીડિયામાં પ્રસારિત થયા છે. જેમાં મુખ્યત્વે બાબા રામદેવની કોરોનીલ, ગિલોય, તથા ઝીંક અને વિટામિન યુક્ત ઝિંકોવેટની ટેબ્લેટ્સ ઉપરાંત અનેક પ્રકારના આદુ, સૂંઠ, લસણ, હળદર, પીવા માટે ગરમ પાણી, લીંબુ, અને આમળાના રસનું નિયમિત સેવન કરવાના સૂચનોનો ઉલ્લેખ જરૂરી છે.

નેચરોપથીમાં શરદી અને સાયનસના અસરકારક પ્રતિકાર માટે નાક અને મોઢા દ્વારા વરાળ (સ્ટીમ)ને શ્વાસમાં લેવા માટે પ્રાધાન્ય આપ્યું છે. આ જ ઉપાય કોરોના વાયરસનો અસરકારક પ્રતિકાર કરવામાં

મદદરૂપ પુરવાર થયો છે. પણ આ બાફ નિયમિત રૂપે દિવસમાં એક થી બે વખત શ્વાસમાં નાક અને મુખ દ્વારા લેવો જરૂરી છે. જો ઘરની બહાર વધારે વ્યક્તિના સમાગમમાં આવવાનું થાય તો વધારે વખત લેવો હિતાવહ છે. કમનસીબે આ સૂચન ઉપર મીડિયા અને સરકાર દ્વારા લોકોને જોઈતું માર્ગદર્શન નથી અપાયું.

સામાન્ય રીતે આ પ્રકારની સ્ટીમ થેરેપીમાં એક તપેલીમાં ગેસ ઉપર પાણી ગરમ કરી, પાણી ઉકળતી વખતે તપેલી ઉપર મોઢું મૂકી, મોઢા પાર ટુવાલ મૂકી, નાક દ્વારા સ્ટીમ અંદર લેવાનું સામાન્ય હતું. પણ કોરોના ઝડપથી ફેલાતા આ બાફ લેવા માટે રૂ. ૨૫૦-૩૫૦ની અંદર મળતું ઉપકરણ ખૂબ જ ઉપયોગી નિવડ્યું છે. આ

Use of Steam as Adjuvant-treatment in Covid-19 Patients: An Observational Study

Dilip Pawar, MD, PhD, Honorary Consultant Seven Hills Covid Hospital, Mumbai.

Balkrishna Adsul, MD, Dean, Seven Hills Covid Hospital, Mumbai.

Rusy Bhalla, MS, Consulting Laser Surgeon Advanced General Hospital, Mumbai.

Smita Chavhan, MD,DNB, Seven Hills Covid Hospital, Mumbai.

D Bhonsale, MD, Additional Professor, Radiology, Cooper Hospital, Mumbai.

Seemantini Bhalla, MS, Data Researcher.

Harshalkumar Mahajan, MD, *Assistant Professor, Seven Hills Covid Hospital, Mumbai.*

Aims and Objectives

Steam has been used for centuries as a means of treatment for Influenza virus or common flu.



Influenza Virus



Covid-19 Virus



SARS Corona virus

Coronavirus is structurally similar to influenza virus and SARS corona Virus. Previous studies on corona virus and influenza virus show a strong heat correlation.

This study was aimed at studying through rational observation the effect of heat and humidity on Covid-19 virus infection.

Materials and Methods

The study was divided into 2 groups.

Group 1 was consisting of asymptomatic patients exposed to covid-19 patients either through travel or direct contact. This group included doctors and Nurses.

These patients were advised to take steam twice daily by inhalation through ordinary steamers available on the market or by simple boiling of water and inhalation of resulting steam.

This study was conducted at Seven Hills Hospital which

DOCS LET OFF 'STEAM' TO COOL FUMING VIRUS

Study by experts from SevenHills Hospital shows positive results via steam therapy on asymptomatic and symptomatic patients

SWAPNIL MISHRA / Mumbai

Amid trials of various drugs and therapies for treating Covid patients, doctors at the SevenHills Hospital have conducted a study using steam. The study aimed to observe the effect of heat and humidity on the virus. Dr Dilip Pawar, lead investigator of the study said it was an observational study and they have obtained good results. Asymptomatic patients were getting cured within 7 days after use of steam, while symptomatic patients took 7-10 days.

The study was conducted in the month of May and June when corona cases were on rise and many essential drugs were being used in clinical trials. "We first tried administering patients with injection Tocilizumab and nearly 80 percent responded well to it. Following we decided to study about Covid-19 in detail which revealed there are three ways through which SARS-CoV-2 virus can enters human body which includes nose, mouth (oral) and eyes," said Dr Dilip Pawar, MD, PhD, Honorary Consultant Seven Hills Covid Hospital and lead author of the study and



Steam inhalation is traditionally used as a home remedy for common colds and upper respiratory tract infections. The evidence base of the practice is weak, with unproven theories that the steam loosens mucus, opens nasal passages, and reduces mucosal inflammation, or that the heat inhibits replication of viruses.

Dr Pawar further said that steam has a temperature of about 70 to 80 degrees Celsius which is well above the instability temperature of SARS-CoV-2 virus. Moreover, it is known that viruses get killed at 56 to 60 degrees Celsius. "The study was conducted in two groups which included 105 asymptomatic, mild and moderate patients. The first group comprises healthcare workers who are asymptomatic and another included patients and HCWs who are symptomatic," he said.

The Group 1 was asked to take steam twice a day for 5 minutes by nasal route with intermittent breathing by oral route, while Group 2 was asked to administer by nasal and oral route every 3 hours for 5 minutes. "None of the patients in Group 1 showed any sign of progression to Covid-19 symptoms after a follow-up ranging from 14 days to 2 months. In group 2 mild symptoms regressed in 3 days to normal and in moderate symptoms it took 7 to 10 days to return to normal," study revealed.

Dr Pawar said there was a drastic drop in the symptoms of Covid-19 virus after the patients were administered with steam. Moreover, there was no further transmission observed in patients taking steam.

Mil symptoms were of only 1 area like nasal , throat or bronchial.

Moderate symptoms were where 2 or more areas were involved

Severe patients were where there was dyspnea and required ventilator or oxygen support.

Severe symptoms patients were excluded from the trial.

The patients continued the treatment as per hospital protocol

Patients were tested for covid -19 after steam therapy after 5 days and till covid was negative for 2 consecutive tests.

Group 2 consisted of Symptomatic patients tested positive on the standard Covid-19 test.

Most of these patients were medical staff which included doctor and nurses from Public hospitals who had contracted covid in the line of their work.

The number of patients in group 1	25 Health Care workers
No of patients in group 2	80 Patients and Health care workers

Steam was administered in following doses

Group 1 - Steam twice daily or more for 5 minutes by nasal route with intermittent breathing by oral route.

Group 2 - Steam inhalation was administered by nasal and oral route every 3 hours for 5 minutes.

Results

None of the patients in Group 1 showed any sign of progression to Covid symptoms after a follow-up ranging from 14 days to 2 months.

In group 2 Mild symptoms regressed in 3 days to normal and in moderate symptoms it took 7 to 10 days to return to normal.

The covid-19 test done after 10 days was negative in 65 cases.

In 13 cases it took 14 days for Covid test to return to negative.

In 2 cases it took 18 days for Covid test to return to negative.

Discussion

The stability of the virus at different temperatures and relative humidity on smooth surfaces were studied. The dried virus on smooth surfaces retained its viability for over 5 days at temperatures of 22-25°C and relative humidity of 40-50%, that is, typical air-conditioned environments. (1)

However, virus viability was rapidly lost (>3 log(10)) at higher temperatures and higher relative humidity (e.g., 38°C, and relative humidity of >95%)

Steam has a temperature of about 70° to 80°.Celsius which is well above the instability temperature of SARS Corona virus.

Influenza virus studies in humans and Guinea pigs also show a similar pattern . Most of influenza virus is inactivated above 30° Celsius (2)(3).

Conclusion

The Covid -19 virus symptoms drastically reduced after the administration of steam. No further transmission was observed in patients taking steam.

The reversal of symptoms in patients which were covid-19 is a welcome sign.

It was concluded that steam can be permitted as an adjunct to social distancing, sanitizers and masks and PPE for an effective treatment for precaution as well as cure for covid-19 infection.

This is an observational study. It warrants an extended random Control trial to see the full effect of steam on a larger group of patients and medical staff.

Further studies are required on a larger scale in Asian and Western countries for their population.

References

1 Chan KH1, Peiris JS, Lam SY, Poon LL, Yuen KY, Seto WH. The Effects of Temperature and Relative Humidity on the Viability of the SARS Coronavirus. Adv Virol. 2011; 2011:734690. doi: 10.1155/2011/734690. Epub 2011 Oct 1.

2 Anice C. Lowen, John Steel S. Schultz-Cherry. Roles of Humidity and Temperature in Shaping Influenza Seasonality. Editor DOI: 10.1128/JVI.03544-13

3. Lowen AC, Mubareka S, Steel J, Palese P. — Influenza virus transmission is dependent on relative humidity and temperature. PLoS Pathog. Oct 19, 2007; 3(10):1470-1476.

ઉપકરણમાં નીચેના ભાગમાં કોઈલ ગરમ થવાથી ફક્ત એક કે બે મિનિટમાં પાણી ઉકળવા માંડે છે અને આ વરાળ ઉપરના ભાગમાં મુકેલ પ્લાસ્ટિકના નાના ટબમાં બહાર આવે છે અને આ વરાળમાં મોઢું મુકી દઈ ખૂબ જ આસાનીથી ૩ થી ૪ મિનિટમાં જોઈતો બાફ નાક અને મુખ દ્વારા શ્વાસમાં ખૂબ જ અસરકારક રીતે લઈ શકાય છે. છેલ્લા બાર મહિનાથી અમે અમારી ઓફિસ, હોટેલ ઉપરાંત અમારી ઓફિસ તથા સોસાયટીના વોચમેન, સ્વીપર વગેરેમાં આ પ્રકારનું ઉપકરણ દરેક ડીપાર્ટમેન્ટમાં મૂકી, સ્ટાફ જ્યારે ડ્યૂટી પર આવે ત્યારે પહેલા બાફ લઈ પછી જ કામે લાગવાની પ્રણાલિકા ગયા જૂન મહિનાથી (જ્યારે અંશતઃ લોકડાઉન ઉઠાવ્યા પછી) અમલમાં મુકતા તેના પરિણામ ખૂબ જ પ્રોત્સાહજનક આવ્યા છે. આ ઉપરાંત દરેક સ્ટાફને એક આવું ઉપકરણ આપ્યું છે જેથી તેઓના ઘરના દરેક સભ્ય પણ રોજ બાફ લે તેવી ખાસ સૂચના પણ આપી છે. સ્ટાફ પાસેથી અમને મળેલ પ્રતિસાદ ઘણો જ પોઝિટિવ મળ્યો છે અને બાફ લીધા પછી તેઓનું કમ્ફર્ટ લેવલ ઘણું જ સારું રહે છે તેમ અમને જણાવતા રહે છે. આ સાથે અમારા સ્ટાફ દ્વારા બાફ લેતો ફોટો વાચકોના જાણ ખાતર મોકલું છું.

મારા અંગત અભિપ્રાય મુજબ મુંબઈ જેવા શહેરમાં દરેક રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર સ્ટેશનના એક છેડેથી બીજા છેડા સુધી પાઈપોની અંદર સતત સ્ટીમ પસાર કરી, છ ફૂટના અંતરે નોઝલ મૂકી તેની સામે બેસી આ બાફ કોઈ પણ વ્યકતિ લઈ શકે તેવી સગવડો ઉભી કરવાની તાતી જરૂર હતી અને આની વ્યાપક અસર અને જાણ લોકો સુધી પહોંચી શકત અને કોરોના ને અટકાવવામાં ઘણો જ ઉપયોગી થઈ પડત.

આ સાથે ટાઈમ્સ ઓફ ઇન્ડિયામાં પ્રસિધ્ધ થયેલ આર્ટીકલ ''Docs Let Off 'Steam' to Cool Fuming Virus'' અને Indian Medical Gazetteમાં પ્રસિધ્ધ થયેલ પેપર

''Use of Steam as Adjuvant-treatment in Covid-૧૯ Patients: An Observational Study'' જાણ ખાતર મોકલું છું.

આ ઉપરાંત નેચરોપથીમાં સાયનસના અસરકારક ઉપચાર તરીકે જલનેતિ (કે જેની અંદર એક લાંબા નોઝલવાળી કિટલીમાં ગરમ પાણી નાખીને માથું સાઈડમાં નમાવી નોઝલને નાકના એક નસકોરામાં અંદર નાખીને પાણીને નાકના બીજા નસકોરામાંથી બહાર કાઢવામાં આવે છે) પર ભાર મુકવામાં આવ્યો છે. રોજ નિયમિત રીતે સવારે જલનેતિ કરવાથી નસકોરાની અંદરનું મ્યુક્સ, ફ્લશ (flush) થઈ ઇન્ફેક્શન કે વાયરસ પણ સાથે સાથે નીકળી જાય છે. સ્ટીમ થેરેપી સાથે જલનેતિ પણ કોરોના વાયરસને ફ્લશ કરવામાં ઉપયોગી નીવડે છે અને રોગનો ફેલાવો અટકાવવામાં ઉપયોગી પુરવાર થયો છે. આ સાથે YouTubeની એક લિંક મોકલાવું છુ જે વાચકોને જલનેતિ વિશેની માહિતી પુરી પાડશે. https://youtu.be/wHVHW3Kg7yg

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૦૩ ૩૦૧૩૦

ભારત માટેના લવાજમના દર		પરદેશ માટેના લવાજમના દર	
✦ **વાર્ષિક લવાજમ**	**₹ ૩૦૦**	✦ **1 વર્ષનું લવાજમ**	**$ 30**
✦ **ત્રણ વર્ષનું લવાજમ**	**₹ ૭૫૦**	✦ **3 વર્ષના લવાજમ**	**$ 80**
✦ **પાંચ વર્ષનું લવાજમ**	**₹ ૧૨૫૦**	✦ **5 વર્ષના લવાજમ**	**$ 130**
✦ **દસ વર્ષનું લવાજમ**	**₹ ૨૫૦૦**	✦ **10 વર્ષના લવાજમ**	**$ 250**

વાર્ષિક લવાજમ આપશ્રી **$** (ડોલર)માં મોકલાવો તો **$** પાંચ બેંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : બૅન્ક ઑફ ઈન્ડિયા A/c No. 003920100020260. IFSC:BKID0000039

ફોરેન ડોનેશન માટે : કોટક મહિન્દ્રા બેંક A/c No. 5213133880. IFSC:KKBK0000957

SWIFT Code: KKBKINBB

પ્રાર્થનાભીના પત્રો : કોરોના–કાળનું પત્રચિંતન

આચાર્ય વિજય શીલચન્દ્રસૂરિશ્વજી મહારાજ

મિત્રો!

આ દિવસોમાં જે કાંઈ સૂઝે છે તે કોરોનાના સંદર્ભમાં જ સૂઝે છે, અને તે સંદર્ભમાં જ તેનો ઉપયોગ કરવાનો છે. આજે અધ્યાત્મ-દષ્ટિએ વાતો વિચારવી છે.

પ્રેમ, કરુણા અને અધ્યાત્મ – આ ત્રણ ભારતની ધરતીની સહજ તથા મૂળભૂત પ્રેરણાઓ છે; મૂળભૂત તત્ત્વો છે. વર્તમાન વિશ્વના બે ભાગ કરીએ, તેમાં એક ભાગમાં ભારત-ભૂમિ; તે યોગભૂમિ. બીજો ભાગ તે ભોગ-ભૂમિ; ભારત સિવાયનું વિશ્વ. યોગભૂમિ ભારતમાં તે મૂળભૂત ત્રણ તત્ત્વો ધરબાયેલાં જ હોય અને તે અવસર આવ્યે સ્વયં ઊગી નીકળે તેમાં નવું કાંઈ નથી; આ તો આ યોગ-ભૂમિની અસલ પ્રકૃતિ છે. આવી પ્રકૃતિ ભોગ-ભૂમિમાં ન જ સંભવે, એ તો આ 'કોરાના'ના આતંકના દિવસોમાં સાબિત થઈ ચૂક્યું છે.

પોતાના માન્યા હોય, તેના પ્રત્યે અનુભવાય તે પ્રેમ. પરાયા લોકો પ્રત્યે અનુભવીએ તેનું નામ કરુણા. અને વિશ્વના પ્રત્યેક મનુષ્ય તથા પ્રત્યેક જીવ સાથે તાદાત્મ્યનો અનુભવ થાય તેનું નામ અધ્યાત્મ. આ અધ્યાત્મ અને હિંદુત્વ-બન્ને એકમેકના પર્યાય છે. આવું અધ્યાત્મ હોય ત્યાં જ હિન્દુત્વ હોય, અને અધ્યાત્મ હોય ત્યાં હિન્દુત્વ હોય જ. હિન્દુત્વનો પાયો છે 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના. આ ભાવના જ તો છે અધ્યાત્મભાવના. આ દેશના સર્વસત્તાધીશ એવા વડાપ્રધાનથી લઈને રસ્તા પર બેકાર રખડતા ભિક્ષુક જન સુધીના તમામ મનુષ્યોમાં આ ભાવના કેવી વણાયેલી છે તેનો વાસ્તવિક અનુભવ આપણે સૌએ આ કપરા સમયમાં કર્યો છે અને કરી રહ્યા છીએ.

દોસ્તો, આ દેશના વડાપ્રધાન, દેશની જનતાને માટે કઠોર નિયંત્રણો અંગે જાહેરાત કરે ત્યારે, કેવી કઠોર અને ડરામણી ભાષાની આશા હોય! તેને બદલે વડાપ્રધાન ભાવાર્દ્ર બને, પ્રજાવાત્સલ્ય વહાવે, પ્રજાને સંબોધતાં બોલે કે હું વડાપ્રધાન તરીકે નહીં, પણ તમારા એક પરિવાજ-જન તરીલે ભલામણ કરી રહ્યો છું; અને તેઓના વક્તવ્યમાં –

''સાંઈ ઇતના દીજિયે, જામેં કુટુંબ સમાય,
મૈં ભી ભૂખા ના રહું, સાધુ ન ભૂખા જાય.''

આવા ભક્તજનોચિત શબ્દ નીકળતા હોય તો તે આ દેશના હિન્દુત્વને નિખાર આપતું 'અધ્યાત્મ' નથી?

આપણા દેશ-દીવાનની આવી હાકલ પડી તે સાથે જ, બલ્કે તે પહેલાંથી જ, કોરોનાથી ગ્રસ્ત તેમજ કોરોના કારણે પીડિત એવા પોતાના માનવ-બંધુઓની સહાયમાં, પોતાનાથી જે-જેટલું શક્ય બને તે-તેટલું અર્પણ કરવા ચારેકોરથી ઊમટેલા માનવ-પ્રવાહ અને તેના દાન-પ્રવાહની પાછળ, આ ધરતીના કણ-કણમાં પથરાયેલી પેલી અધ્યાત્મ-ભાવના, 'સહુ મારાં છે ને મારું તે સૌનું છે-સૌ માટે છે' એ ભાવના, કામ નથી કરતી?

પોતાના ધર્મમાં માનતા હોય કે માનવાના હોય તેમને સહાય કરવી તે માનવતા. પોતાની કોમવાળાને સહાય કરવી તે કોમવાદ અને ધર્મ તથા કોમથી ઉપર ઊઠીને જરૂરિયાતવાળા દરેક મનુષ્યને સહાયરૂપ બનવું તે હિન્દુત્વ, તે અધ્યાત્મ. તમે જુઓ કે ભારતમાં આ હિન્દુત્વ, આ અધ્યાત્મ કેટલું નિખરી રહ્યું છે! પોતાના ધંધા-વ્યવસાય-નોકરી બધું બંધ છે, આવક અટકી ગઈ છે, કાલે શું થશે તે પ્રશ્ન છે જ; છતાં તે બધાંને ગૌણ કરીને બીજાને ઉપયોગી થવાની આ વૃત્તિ, અંદરના સહજ પ્રેમ, કરુણા તથા અધ્યાત્મભાવ વગર કેમ સંભવે?

અરે, આપણા પોલીસ-અધિકારીઓ પણ, શાસન-તંત્રના નિર્દેશનું પાલન કરતી વેળા, કડક પગલાં ભરવાની ફરજ પડે ત્યારે, સંવેદનાથી ભીના સ્વરે એમ બોલે કે ''અમે પણ તમારા ભાઈઓ જ છીએ; અમારે પણ કુટુંબ છે; અમને લાઠી ચલાવવાનો શોખ નથી; તમારું જીવન બરબાદ ન થાય અને તમારા લીધે તમારો પરિવાર બરબાદ ન થાય એવી ભલી લાગણીથી અમારે તમારી સામે લાઠી ઉગામવી પડે છે; તમે સ્વયં સમજી જતા હો અને ખોટી હરકતો ન કરો તો અમારે લાઠી લેવાની કોઈ ઇચ્છા નથી'', ત્યારે તેમના આ શબ્દોમાં છલકાતી કરુણા, સંવેદનશીલતા અને અધ્યાત્મવૃત્તિ નથી અનુભવાતી આપણને? યાર, હૃદયમાં

અધ્યાત્મરસેલી કરુણા ન હોય તો આ રીતની ભાષા નીકળે જ નહીં.

અધ્યાત્મ, કરુણા અને પ્રેમ માણસની આંખોમાં ઝળહળતાં હોય છે; માણસના શબ્દોમાં તે નીતરતાં હોય છે. આંખો અને જીભ વાટે નીતરતાં આ તત્ત્વો ભલભલા માણસને ચાહક અને આશક બનાવી શકે છે; અને ગમે તેવા પ્રચંડ કે વિરાટ જન-સમૂહને પણ અવશપણે પોતા તરફ દોરી જાય છે. એનો પ્રત્યક્ષ ને તાજો દાખલો એટલે અત્યારે ચાલતું લૉકડાઉન. વડાપ્રધાને સ્નેહભીના અને કરુણામઢ્યા શબ્દોમાં, સત્તાની તુમાખી કે વ્યગ્રતાનો છાંટો પણ પડવા નહીં દઈને, સમસ્ત દેશજોગ જે અપીલ કરી, તેનો આખાયે દેશની જનતાએ, એક પણ જુદો કે વિરોધી સૂર કાઢ્યા વિના, કેટલી શાન્તિથી, સહજતાથી સ્વીકાર કર્યો, અને અમલ પણ કરી દીધો! એક બાજુ સબળ નેતૃત્વ તો સામી બાજુ નર્યો વિશ્વાસ! બાકી એક નાનકડા ભાવનાશીલ પ્રવચનથી આખા દેશના લોકો વિશ્વાસ મૂકી દે એ જલદી ગળે ઊતરે તેવું નથી. હજી થોડા વખત પહેલાં જ CAAના કાનૂન-મુદ્દે આ જ વડાપ્રધાને કેટલી બધી વાર જનતાને ખાતરી આપી હતી, ને છતાં દેશભરમાં વિરોધ અને તોફાનો થયાં જ હતાં. અને એ જ નેતૃત્વ અને એ જ જનતા આજે સાવ જુદા જ મિજાજમાં જોવા મળે છે.

મજૂરવર્ગમાં અસલામતીની લાગણી ફેલાઈ એ વાત ખરી; પરંતુ આટલા મોટા વર્ગ તરફથી ક્યાંય હુલ્લડ, રમખાણો, લૂંટફાટ, મારાકાપી થયાની એક પણ ઘટના નથી બની, એ પણ સમજવા જેવી વાત છે. વળી, એ વર્ગ ભૂખમરો વ્હોરીને અને પગપાળા લાંબા પંથ કાપીને પોતાને વતન/ઘેર જઈ રહ્યો છે તેની પાછળ પોતાના વતન અને સ્વજનો પ્રત્યેની મમતા અર્થાત્ પ્રેમ જ કામ કરી રહ્યો છે. પ્રેમને ખાતર કુછ ભી કરેંગે – એ જ ભાવ ને?

વૈશ્વિક આતંકના પરિપ્રેક્ષ્યમાં, સમગ્ર રાષ્ટ્રને સ્પર્શતો આવો નિર્ણય લેવા જતાં આ પ્રકારની કેટલીક આવી પડનારી સમસ્યાની કલ્પના કે ખ્યાલ ન પણ આવે. પણ પછી જ્યાં ખ્યાલ આવ્યો કે આ તો વિકટ સમસ્યા થઈ, તો તરત જાહેરમાં ક્ષમાયાચના કરવી, અને આ વર્ગની સુખાકારી માટે વ્યવસ્થાઓ ગોઠવીને સમસ્યાના ઉકેલની દિશામાં સન્નિષ્ઠ પ્રયત્નો કરવા એ પણ ભલભલાને થકવી દે તેવી બાબત છે; એ સમસ્યા આવી તેમાં પ્રજાપ્રેમ ઓછો હશે એમ વિચારવું એ વાજબી-વિવેકસરનું ન ગણાય.

આ મહામારીનો સામનો આખો દેશ કરી રહ્યો છે. આરોગ્ય સાથે જોડાયેલું ક્ષેત્ર આના પ્રતિરોધ માટે કલ્પનાતીત મહેનત અને મથામણ કરી રહ્યું છે. ટાંચાં સાધનો વચ્ચે અને આ મહામારીને પરખવા તથા નિવારવાની અપૂરતી જાણકારી તથા સામગ્રી વચ્ચે રહીને પણ, આરોગ્ય-ક્ષેત્રના લોકો જે રીતે કામ કરી રહ્યા છે તેને તો સલામ જ કરવાની રહે. પ્રશાસનતંત્ર અને પોલીસતંત્ર પણ પૂરી સતર્કતાથી પોતાનો રોલ ભજવી રહ્યાં છે. સૌનું લક્ષ્ય એક જ છે : કોરોનાથી બચવું – બચાવવાં. ભૂકંપ વેળાએ જે હાલાકી, ભ્રષ્ટાચાર અને નાલાયકીના બનાવો બનતા, તેવા બનાવોનો આ વખતે હજી ક્યાંય અણસારો કે અવકાશ નથી. બધે જ માનવતાની મહેક પ્રસરે છે. આમાં સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરે પણ, કોરોનાના ભયને ભૂલીને પણ, રાતદિન પરિશ્રમ કરે છે અને માનવ-બંધુઓને શક્ય સહાય પહોંચાડે છે.

મેં એક મિત્રને પૂછ્યું કે તમે આ બધું વિતરણ કેવી રીતે કરો છો? કેવો માપદંડ તમે રાખો? મને જવાબ મળ્યો : અમે પહેલાં નગરના તમામ રિક્ષાવાળાઓનું લિસ્ટ મેળવીએ. રોજ રિક્ષા ચાલે તો જ રોજી મળે; તેમને લૉકડાઉનમાં રિક્ષા ઠપ્પ થતાં ભૂખે જ રહેવું પડે. એટલે તેમનો પરિવાર આખો મહિનો ભૂખ સંતોષી શકે તેમ તેમને બધું પહોંચાડીએ. પછી બિલ્ડિંગ ક્ષેત્રમાં મજૂરી કરતા કડિયા-દાડિયાની યાદી લાવીએ. તેમની પણ રોજી-રોટી બંધ છે. તે લોકોને પહોંચતું કરીએ. આમાં સરકારના કલેક્ટર-મામલતદાર વગેરેની સંમતિ, જાણ તથા સાથે રાખીને જ બધું થાય, એટલે ભૂલ થવાના ચાન્સ ન રહે. પાલીતાણા વગેરે ક્ષેત્રોમાં જવાનું હોય ત્યાં પહેલાં ડોળીવાળાની યાદી લેવાની; ઉપરામણીવાળાંની યાદી લઈએ; જાત્રા બંધ હોઈને તેમની પણ રોજી બંધ છે, તેમને વિતરણ કરીએ. રિક્ષા વગેરેવાળા તો ખરા જ. આમાં પણ યુનિયનવાળાને તથા નગરપાલિકાના અધિકારી વગેરેને સાથે રાખીને વહેંચીએ. નાનાં ગામોમાં સેંકડો પરિવારો હોય. તેમને ત્યાંના સરપંચ/તલાટી વગેરેના સાથથી વિતરણ કરીએ. આમ એવું આયોજન થાય કે કોઈ જરૂરિયાતવાળો રહી ન જાય અને ક્યાંય બેવડાય પણ નહીં; વધુમાં વધુને પહોંચે.

કેટલી સુંદર વ્યવસ્થા! અનુકંપા પણ જાણે જે સાર્થકતા અનુભવે! આમાં હિંદુ કે મુસ્લિમ કે હરિજન એવો, જાતિગત, સમાજગત કે એવો કોઈ જ ભેદ નહીં, એ સૌથી વધુ મહત્ત્વનો

ધ્યાનપાત્ર મુદ્દો છે. એક જ ભાવ : મારો ભાઈ, મારો દેશબંધુ. આવી અનુકંપાને અધ્યાત્મનો દરજ્જો કેમ ન મળે? મળે જ.

તો એક વિચિત્ર વાત પણ જાણવા મળે. આ પ્રકારની પ્રાસંગિક પ્રવૃત્તિ થાય ત્યારે માણસના વલવલિયા દિમાગમાં ક્યારેક રાજકારણ પણ ઘૂસી જાય, અને કદીક કૉર્પોરેટ કલ્ચર પણ ઉછાળા મારે. આવું થાય ત્યારે એવું બને કે મદદ કરતા લોકો, મદદ સ્વીકારતા મનુષ્યોને સામગ્રી વિતરણ કરતા હોય તેના ફોટા પડાવાય, અને તે ફોટા પછી વર્તમાનપત્રોમાં છપાવાય અને છેવટે પોતાન ચોકમાં, સોસાયટીમાં, મહોલ્લામાં તે ફોટા જાહેરમાં પ્રદર્શિત થાય. કોઈ ધાર્મિક સંસ્થા કે સાધુ, સંત વગેરેએ પ્રેરણા આપી હોય તો તેનાં પણ નામો તથા તસવીરો જાહેર થાય. સોશિયલ મીડિયામાં તો મૂકાય જ.

આ કેટલું બધું વરવું લાગે છે! ઘણી વાર થાય કે અભણ અને પછાત મનાતા માણસો ન કરે, તેવું આવા ભણેલા અને સુધરેલા લોકો કરે!

એક કિસ્સો વાંચ્યો, કોઈ યુવાનો ફૂડ પૅકેટ વહેંચવા નીકળેલા. એમને એક વડીલને આપવા માંડ્યું તો તેમણે લીધું નહીં. પૂછ્યું : જરૂર નથી કાકા? વડીલે કહ્યું કે જરૂર તો છે, પણ આ તમે કોઈને આપતા હોય તેના ફોટા પાડો છો એટલે લેવાનું મન નથી થતું. ભાઈ! અત્યારે કામ કરી કમાવાની સગવડ નથી એટલે મજબૂર છીએ આ બધું લેવા માટે. પણ તમે આમ સેવાના દેખાડા કરો ત્યારે અમારી લાગણી પણ દૂભાય છે. અમારે પણ કાંઈક આબરૂ જેવું હોય હોં.

આ વાંચતાં જ આંખો ભીની થઈ ગઈ. થયું કે સામાન્ય માણસ પણ કેટલો મોટો પદાર્થપાઠ શીખવી જાય! મિત્રો! નક્કી કરજો કે આવું વર્તન નહીં કરીએ; કોઈ કરતું હોય તો ના કરવા સમજાવીશું; પણ સત્કર્મને સસ્તી પ્રસિદ્ધિ માટે નહીં જ વટાવીએ.

* * *

કોરોના વાયરસે આખા દેશમાં લૉકડાઉન કરાવ્યું, તેનું સીધું દેખીતું પરિણામ એ આવ્યું કે આપણે ઘણા ઘણા પ્રદૂષણથી બચ્યા કારખાનાં બંધ, કંપનીઓ બંધ, વાહનવ્યવહાર બંધ, પ્રવાસ બંધ; બધુ બંધ તો ગંદાં પ્રદૂષણો પણ બંધ થયાં. ચોખ્ખી હવામાં શ્વાસ લેવાની તક મળી. પ્રદૂષણમુક્તિ માટે કરોડો ખરચાત, તે આમ અકસ્માતે થઈ શકી. ધ્વનિ-પ્રદૂષણ પણ નહિવત્. વાહનો તથા કારખાનાંને 'પ્રદૂષણમુક્ત'નું સાચું-ખોટું સર્ટિફિકેટ લેવા માટે રોજ અને વાર તહેવારે કરોડોના ભ્રષ્ટાચાર ચાલતા હતા, તે પ્રદૂષણ પણ આ સમયમાં બંધ થઈ ગયું. બિચ્ચારા લાંચ ખાઈને જ પેટ ભરનારા લોકોએ ભૂખમરો વેઠવો પડ્યો!

મોટા ભાગનાં મંદિરો-ગિરજાઘરો-ગુરુદ્વારો-દેરાસરો-તીર્થો બંધ રહ્યાં. એથી એક રીતે દેખીતો તથા દેખાવનો – પ્રદર્શનનો ધર્મ ઓછો જરૂર થયો. પણ ધર્મની તમામ કરણી સરવાળે તો પોતાને અધ્યાત્મ ભણી લઈ જવાની પ્રવૃત્તિ કે પ્રક્રિયા છે. એ રીતે વિચારીએ તો, મંદિરોમાં ભગવાનને જ જોઈને ધર્મ કર્યાનું માનનારાઓ આ દિવસોમાં ઘરે બેસીને પોતાના ભીતરમાં જોતાં-ઝાંકતાં થયા હોય એમ માનવું ગમે. અને પોતાની અંદર ઝાંકવું એ જ અધ્યાત્મની ભૂમિકા છે એમ સત્પુરુષો તો કહે જ છે. અહીં એક વાત બરોબર યાદ રાખવાની છે : અધ્યાત્મ વિનાનો ધર્મ હોઈ શકે છે, પણ ધર્મ વિનાનું અધ્યાત્મ કદાપિ નથી સંભવતું. તમે જ્યારે ઘરે બેસીને સાચા ભાવથી અને હૃદયપૂર્વક તમારા ભગવાનની માનસ-પૂજા અથવા ભાવ-પૂજા કરો છો ત્યારે તમારા ચિત્તમાં અને જીવનમાં ધર્મભાવનાથી મઘમઘતું અધ્યાત્મ ઊગી નીકળે છે. હા, મંદિરમાં ભગવાન સામે હો ત્યારે ધર્મ તો કોઈ વાર હોઈ શકે, અથવા ધર્મ ન હોય તો છે એમ માનવું પડે, પણ ત્યાં અધ્યાત્મ તો ભાગ્યે જ પ્રવેશવાનું. અધ્યાત્મ તરફનો ઝોક હશે તેવા થોડાક જનો માટે આ લૉકડાઉનનો ગાળો અંતર્મુખતાના વિકાસનો ગાળો હોવાનો. અને કર્મકાંડી કે ક્રિયાકાંડી બહુજનસમાજ માટે આ ગાળો બહુ વસમો જ. એવા લોકો મંદિરો વગેરે બંધ રાખવાની અને લોકોએ ત્યાં નહીં જવાની વાત સખ્ખત નારાજ છે. એમના મતે આ બધું જ ખોટું છે. ધર્મસ્થાનો ખુલ્લાં રહેવાં જ જોઈએ અને બધાએ જવું જ જોઈએ. ધર્મના પ્રભાવે કાંઈ જ થાય નહીં; બધું મટી જાય. આવા પુણ્યાત્માઓના આવા ભોળપણ સામે શું કહી શકાય? મૌન જ ભલું.

અમુક લોકો જગતની તમામ બાબતો વિષે અભિપ્રાય આપવાની ઊંચી ક્ષમતા ધરાવે છે. એવો કોઈ વિષય નથી જે એમનાથી અજાણ્યો હોય, અને જેના પર એમનો અભિપ્રાય સૌએ સાચો અને આખરી ગણવો એવો એમનો આગ્રહ હોય. આવા કેટલાંક લોકોએ એક નવી મજેદાર શોધ કરી છે : કોરોના વાયરસ એ કોઈ બીમારી નથી; એ તો ચીને પેદા કરેલું એક જૈવ-રાસાયણિક

હથિયાર છે. તેના બળે તેણે આ મહામારી વિશ્વમાં ફેલાવી છે. તેનો ઈરાદો આ રીતે બધા દેશોને પાયમાલ કરીને પોતાના દેશને સર્વોપરી તથા વિશ્વની એકમાત્ર સત્તા બનાવવાનો છે. બધા દેશો પાયમાલ થાય એટલે સ્વાભાવિક રીતે જ બધા ધર્મો તથા સંસ્કૃતિઓ પણ નાશ પામે. આવા એક મિત્રે તર્ક આપ્યો છે કે જો આવું ન હોય તો, ચીનના વુહાનમાં ઉદ્‌ભવેલો આ વાયરસ, હજારો કિલોમીટર દૂરના સ્પેન, ઇટલી જેવા દેશો સુધી પહોંચી જાય, અને વુહાનના પાડોશનાં શહેરો બીજિંગ અને શાંઘાઈમાં કેમ ન પહોંચે? આ આયોજિત ષડ્‌યંત્ર સિવાય કેમ બને?

હાંજાં ગગડી જાય તેવા આ સંશોધનનો જવાબ આપવાનું ગજું ક્યાંથી લાવવું? અત્યારે તો આપણી બધી જ શક્તિ વાયરસથી બચવામાં જ વપરાઈ રહી છે તો!

જોકે ભારતના (અને કદાચ વિશ્વના) નામાંકિત અને નિષ્ણાત ડૉક્ટરોના કથન મુજબ, આવો કોઈ વાયરસ ક્યારે પણ પ્રયોગશાળામાં ઉત્પન્ન કરી શકાતો નથી; આ વૈજ્ઞાનિક તથ્ય છે. આ વાયરસ ચામાચીડિયા તથા પેંગોલીન જેવાં પ્રાણીઓ દ્વારા પરંપરાએ મનુષ્યમાં સંક્રમણ પામ્યો છે.

આપણા સામાન્ય માણસના મનમાં એવી દલીલ ઊગે કે આ વાયરસ ચીન દ્વારા પેદા થયાની અને ચીનના દાનત તમામ દેશો પર આધિપત્ય જમાવવાની છે એ વાતની જાણકારી જો આપણા પ્રખર બુદ્ધિજીવી અને તાર્કિક એવા આ મિત્રો પાસે હોય તો, આવી મહત્ત્વપૂર્ણ (!) બાબતની જાણ ભારતના વડાપ્રધાનને, USના ટ્રમ્પને તથા ફ્રાન્સ, ઇટલી, જાપાન, બ્રિટનના નેતાઓને કેમ નહીં હોય? આ બધા કેમ ચૂપચાપ બધું ચલાવી લેતા હશે? કે આ બધામાં બુદ્ધિ જ નહીં હોય?

હશે. ઘડીભર આ મિત્રોની વાત સાચી છે એમ માની લઈએ. પણ તોયે એક સવાલ તો થાય : આ વાયરસ આપણે ત્યાં ફેલાય અને આપણે મરવું પડે, તો તેનાથી બચવા માટે, કરોડો લોકોને બચાવવા માટે આપણે કાંઈ ઉપાયો કરવાના જ નહીં? ચૂપચાપ મરી જ જવાનું? અને એ ઉપાયોના એક ખાસ ભાગ રૂપે લૉકડાઉન થાય અને તેના અનુષંગે ધર્મસ્થાનો વગેરે પણ બંધ રહે, તો તેમાં કોઈ નુકસાન ખરું?

વળી, બીજિંગ કે શાંઘાઈમાં આનો ચેપ નહીં જ લાગ્યો હોય એવું પણ શા માટે માનવું પડે? ચીન એક સરમુખત્યારીનો દેશ છે. તે ઘણુંબધું છૂપાવી શકે છે. આ વાતની પણ તે ખબર બહારના જગતને આપવા ન ઇચ્છતું હોય એમ ન બને?

> એક જ આશા છે :
> આ ભારતની ધરતી છે.
> એ વિનાશને વેઠીને પણ પોતાની સંસ્કારિતાને અને અધ્યાત્મમંડિત સંસ્કૃતિને નષ્ટ નહીં થવા દે. એ પોતાના તપોબળથી ટકશે, જીવશે અને બચશે; એટલું જ નહીં, પોતાને બરબાદ કરનારને પણ આ ધરતી જીવાડશે. જીવાડવા માટે જીવવું, જીવાડીને જીવવું, એ આ દેશની ધરતીનો નિજધર્મ છે. આ ધર્મે જ આ ધરતીને આજ લગી ટકાવી છે. એવા ઘોર આતંકને પણ જીરવી લેશે, અને એવા આતંક સામે પણ ટકશે. આતંક જ થાકશે, અધ્યાત્મ નહીં.

આવા અનેક પ્રશ્નો કરી શકાય. આખી વાતનો સાર એટલો કે પોતાની જાતને સર્વ રીતે સલામત બનાવીને આવા અનાવશ્યક અને વાહિયાત મુદ્દા ઉપસ્થિત કરી વાતાવરણને ડહોળવું એ કોઈ શાણા માણસનું કામ તો નથી જ.

* * *

અને હવે લૉકડાઉન ૧૪-૧૫ એપ્રિલે, કદાચ, સમાપ્ત થશે : જો બધું સમુંસૂતરું હશે તો. એ પછી જ દેશની જનતાની સાચી કસોટી છે. પછી જો સ્વયંભૂ સંયમ, સોશ્યિલ ડિસ્ટન્સ, ચાંપતી કાળજી, ખાનપાન-વિવેક-બધું ન જાળવ્યું અને અકરાંતિયાની માફક નાસ-ભાગ, દોડધામ, નુકસાની પાછી વાળી લેવાની લ્હાયો, આ બધું ચાલુ થશે, તો કોરોના આપણી આ ગાફેલિયતનો લાભ અવશ્ય લેશે, એ વાત એકેએક માણસે યાદ રાખવાની છે. થયેલા નુકસાનને વિસારે પાડી દઈને નવું નુકસાન ન થાય તે વાતે કાળજી લેવી એ જ બુદ્ધિશાળી જનોનું કર્તવ્ય હોય.

(સાભાર : પુસ્તક 'પ્રાર્થનાભીના પત્રો', આચાર્ય વિજય શીલચંદ્રસૂરિશ્વરજી મહારાજ, પ્રાપ્તિસ્થાન : શ્રી નેમિસૂર સ્વાધ્યાય મંદિર, ૧૨, ભગતબાગ, શારદા મંદિર રોડ, અમદાવાદ)

✦ ✦ ✦

સાધો! યે મુર્દોં કા ગાઁવ

ડૉ. દર્શના ધોળકિયા

આપણે ત્યાં વેદ, ઉપનિષદ ને શાસ્ત્રોમાં મનુષ્યનો, મનુષ્યજાતનો અપાર મહિમા કરવામાં આવ્યો છે. સંસ્કૃત સુભાષિતોમાં કહેવાયું છે તેમ, મનુષ્ય અન્ય પ્રાણીઓથી જુદો પડે છે તેની વિચારશક્તિથી, તેની બુદ્ધિમત્તાથી ને વિશેષ તો તેમાં ધર્મથી, આચરણથી, ને હા, આ ઉપરાંત પણ મનુષ્યને જુદો પાડતું એક અનોખું પરિબળ છે મનુષ્યનું ગૌરવ. દેહ, મન, વિચારધારા, સંવેદના જેવાં તત્ત્વોથી રસાયેલો મનુષ્ય ટટ્ટાર ઊભો રહી શકે છે. તેને જીવતાં આવડે ત્યાં સ્વગૌરવને બળે એ જુદો પડી જાય છે, ને મૃત્યુ પાસે આવે છે ત્યારેય એ જ અણતમ ગરિમાથી એ મૃત્યુને ભરી શકે છે. ઇતિહાસે તે વર્તમાને પણ આવા લોક થયા છે. જીવન કરતાં પણ મૃત્યુને વધારે ઓજસ્વી રીતે જીવતા તેનું અતિક્રમણ કરતાં ને એ અર્થમાં અ-ક્ષર બનતા આવા લોકો મનુષ્યજાતિનું Roll Model બનીને સ્વયં લાપતાને પામે છે, તે તેના સંગમાં આવતા સૌને ધન્ય બનાવે છે.

પણ છેલ્લાં બે દસક દરમ્યાન ઘટેલી બે વિષમ ઘટનાઓને મનુષ્યનાં આ ગૌરવનો જાણે મૂળમાંથી છેદ ઊડાડી દીધો જેની આ વાત સાક્ષી આ ગાળાની પેઢીએ બનવાનું આવ્યું.

૨૦૦૧ના વર્ષમાં, નવી સદીના આરંભે જ આવેલા ભીષણ ભૂકંપે માણસને આવશે-લાવશે બનાવી દીધો. પોણા બે મિનિટમાં જ મનુષ્ય ઘમરોળાઈ ગયો. ઘર, સ્વજનો, તમે અરે – તેને ધારણા કરનાર ભૂમિથીયે એ વિખૂટો પડી ગયો. એ મૃત્યુએ વિકરાળ તાંડવ મચાવ્યું ને તેનાં રાક્ષસી બાહુપાશમાં માનવગૌરવ છિન્નભિન્ન થઈ ગયું.

આ ઘટનાના બરાબર બે દાયકા પછી મનુષ્યનાં સંવેદનવિશ્વના લીરેલીરા ઊડાડતી ઘટના ઘટી. દુનિયાભરમાં કોરોનાએ મચાવેલા હાહાકારની. આ રોગના પ્રવેશતા આરંભકાળે દુનિયાભરના દેશોનાં લોકોની પીડા, ઊભરાતી હૉસ્પિટલો, મૃતદેહોના ખડકલા જોઈને હચમચી જવા છતાં એની ગંભીરતા એ ક્ષણે એટલી ન સમજાયેલી જેટલી પછીથી આપણા દેશમાં, પ્રદેશમાં, જિલ્લામાં, ગામમાં ને છેવટે ઘરમાં પ્રવેશી ત્યારે સમજાઈ!

છેલ્લા દોઢ વર્ષથી તે વિશેષ તો છેલ્લા ત્રણ માસની દરેક સવાર ઉત્તરોત્તર ઘેરી ઉદાસી લઈને ઊગતી રહી ને ભરાયેલા ડૂચાવાળી સાંજથી ઓગળતી રહી. એક સમયે એવો હતો જ્યારે મૃત્યુનો દબદબો હતો. આપણે ત્યાં 'અંતિમ યાત્રા'નું કેવું તો મૂલ્ય! જેટલું વરયાત્રાનું. એ ક્ષણે રસ્તાનો વાહનવ્યવહાર થંભી જાય, લોક શિસ્તપૂર્વક ખસી જઈને છેલ્લી વાર પૃથ્વીપરને ઓળંગતી ભક્તિને વગર ઓળખાણીય ભીની આંખે વિદાય આપતાં. છાને ખૂણે ભરાયેલી આંખ લૂછી નાખીને ભારે હૈયે થીજેલાં ચરણ ઉપાડે ને પોતાનાં આવનારા મૃત્યુને ય ક્ષણિક ભાળીને વિચાર કરતો થઈ જાય. સ્મશાનયાત્રામાં જણેજણે ઉમટી પડે, છેલ્લાં દર્શનની સ્તબ્ધતામાં જાત ઓગળી જાય, જનાર વ્યક્તિ ખસે જ નહીં એવી ભાવના આંખમાં તરતાં અશ્રુ વચાળે ઝલમલ્યા કરે ને દિવસો સુધી ગયેલાં મૃત્યુનો પગરવ સમગ્ર માહોલમાં શ્વસતા કરે, વાગ્યા કરે ને એમાં કંપનો શાંત થતાં તો વર્ષોનાં વર્ષો ચાલ્યાં જાય. કદાચ પોતાનું મૃત્યુ ન આવે ત્યાં સુધી એના ભણકારા કાનમાં અથડાયા કરે.

કોરોનોકાળે આપણી પાસે જ ઝૂટવી લીધી તે આ વેદના, સંવેદના, ને ભેટમાં આપી બધિર થયેલી ઈન્દ્રિયો. ભલભલા લોકોની વસમી વિદાય વેઠતાં વેઠતાં કાને પડતા મનોભાવો ઉપર વિષમ હતા! '...મારા પતિ બરોબર થઈ ગયેલા ને ચાલ્યા ગયા, તોય મેં તો અંતિમ દર્શન કર્યાં જ, પણ શું થાય? સૌનું થયું એ આપણું.'

બીજી વાતચીત કાને પડે છે. આપણા એક સર્જકે મોટી ઉંમરે કોરોનાથી વિદાય લીધી. સામાન્ય સમય હોત તો કેટલું લોક એકઠું થયું હોત! પણ આ તો કોરોનાકાળ! એમની સાથે પરાયણે રહેતા પડોશીએ સૌને ફોન કર્યા પણ કોણ આવે? બોલો! બે જ જણ જઈને સ્મશાને છોડી આવ્યા. અરે! અમારી સાથે જ રહેતાં એ દંપતીને તો એકબીજા વિના ક્ષણ પણ ન ચાલે, પણ પત્નીનું કોરોનામાં મૃત્યુ થતાં કોઈને છેલ્લે જવા જ ન મળ્યું.

જેથી અંગત વ્યક્તિઓ આછાં-પાતળાં લક્ષણોવાળા કોરોનામાં ઝડપાઈને લાગણીસભર સ્વજનો તેની શુશ્રૂષામાં રોકાતાં સૌએ આવ્યા ત્યારે સૌનું એકસૂરે સૂચન હતું. એમનું જે થાય તે હોં હે! તમે સંભાળજો! ઝડપાઈ જશો તો કોણ કરશે? આપણે આપણું જોવાનું, ને હા, કોઈ એકલ દોકલ જણ તો અચાનક ફોન રણકી ઊઠતો ને સામેથી ધીર અવાજમાં કહેવાતું, મારા બાબાને કોરોનાનાં લક્ષણો જણાય છે. તમે તેડી લાવશો? અમે પોતેય તેમાં ફસાયેલાં છીએ.

ચારે બાજુ મૃત્યુના ઘોંઘાટનો આસુરી સ્વર વાગતો જ રહ્યો.

કલાકારો, સર્જકો, મિત્રો, પ્રિયજનોના દેહ કદીમય ન દેખાતી ચિતામાં ભડભડતા રહ્યા ને સાથે ભડભડતું ગયું સ્વગૌરવ, મનુષ્ય ને વિવેકભાત.

ભૂકંપનાં વર્ષોમાંથી બહાર આવતાં એક પ્રાર્થના કરેલી તેમ, હવે પછીનાં આયખામાં આવી વરવી વાસ્તવિક્તા ન દેખાડજે. પણ બે દાયકે જ કુદરતે દેખાડ્યું – અર્જુનને એક સમયે દેખાડેલું ઘોર વિશ્વાસ દર્શન! બહું જેનું દર્શન કરતાં બહાવરા બનેલા અર્જુન જેવા ધીર ને વીર પુરુષને કૃષ્ણે સંવાદતાં કહેલું, 'હું અત્યંત વધેલો કાળ છું. આ સઘળું મારામાં કહેવાતું તું ને'

આજના અર્જુન એવા આપણો આપણા અદશ્ય કૃષ્ણને પ્રશ્ન છે. બધું તો ભલે કહેવાય પણ સંવેદના પણ? મૃત્યુનું ગૌરવ પણ? હે પ્રભુ! તમારું આ રૂપનું સંવરણ હશે. બધા વિના જિવાશે પણ ધક્કે ચડતા મૃતદેહો, સ્વજનોની અશ્રુસિક્ત આંખોની ગેરહાજરીમાં ચિતાએ ચડતા પેક કરેલા અંતિમ દર્શન વિનાના અસ્પૃશ્ય લોકને આપી ચાલ્યા જતા જોવાનું વિષમ વરદાન કેમ ઝેલાશે?

સદીઓ પહેલાં કબીરે અણસમજુ સમાજ માટે થયેલા શબ્દો 'સાધો! એ મુર્દો કા ગાંવ!' સાર્થક આ રીતે સાક્ષાત્ થતાં થયા ત્યારે એની વેદના ભક્ત કરવા અમારે કથા કબીર પાસે જવું? ખડકાયેલા મૃતદેહો સાચા કે બધિર બનેલા જીવંત દેહો? કાળદેવતા જ આનો ઉત્તર આપી શકે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૦૯૯૦ ૧૭૫૫૯

કોરાના મહામારીનો પડછાયો બનીને ફેલાયેલી ઘરેલું હિંસાની મહામારી

ડૉ. નેહા શાહ

કોવીડ-૧૯ને ફેલાતો અટકાવવા માટે વિશ્વભરના દેશોએ લોકડાઉનનો રસ્તો અપનાવ્યો. ભારતમાં પણ ૨૪ માર્ચ ૨૦૨૦થી લોકડાઉન લાગુ કરવામાં આવ્યું. લોકડાઉન અમલ કરવા માટે માત્ર ચાર કલાકની મુદ્દત અપાઈ જેમાં મોટાભાગના લોકો જરૂરી તૈયારી કરી ન શક્યા. જેના કારણે મોટાભાગના લોકોને ઘણી હાલાકીનો સામનો કરવો પડ્યો. વંચિત અને શોષિત વર્ગની હાલત સૌથી કફોડી થઈ – એ પછી શ્રમિકો હોય, દલિત હોય કે પછી સ્ત્રીઓ હોય. પ્રવાસી શ્રમિકો રસ્તા પર આવી ગયા એટલે એમની દયનીય સ્થિતિના સૌ સાક્ષી બન્યા. પણ સ્ત્રીઓની મુસીબત ચાર દીવાલની અંદર બંધ હતી એટલે કોઈને દેખાતી ન હતી. કોરોના વાયરસથી બચવા સૌને ઘરમાં રહેવાનું જણાવવામાં આવ્યું કારણકે 'ઘર'માં સલામત રહેવાય. પણ એ સ્ત્રીઓનું શું કે જેઓ કુટુંબીજનો દ્વારા જ શારીરિક કે શાબ્દિક હુમલાઓનો ભોગ બનતી હોય? 'ઘર' હોય ત્યાં 'આરામ' મળવો જોઈએ. પણ, એ સ્ત્રીઓનું શું કે જેમને ભાગે રાત દિવસ ઘરકામ ખૂટતું જ ના હોય? આ સ્ત્રીઓને પૂછીશું તો તેમને માટે 'ઘર' એક બંધિયાર જગ્યા છે જે એક પ્રકારનું પાંજરું છે જ્યાં તેમને ફસાઈ ગયા નો અહેસાસ થતો હોય છે. આ સ્ત્રીઓ માટે લોકડાઉન દરમ્યાન ઘરમાં રહેવું એ ભૂત કાઢતા પાલીત પેસાડવા બરાબર હતું. મહામારી સામે લડવા માટેના આપણી પાસે સામાજિક દુરી રાખી અલાયદા રહેવાનું જે હથિયાર છે એ જ હથિયારે ઘરની સ્ત્રી પર અત્યાચાર કરનાર પુરુષો માટે મેદાન મોકળું કરી આપ્યું. કોરોના કાળ દરમ્યાન ઘરેલુ હિંસાનું પ્રમાણ ખુબ વધી ગયું. આ પ્રશ્ન માત્ર ભારતમાં જ નહી પણ વિશ્વના મોટાભાગના દેશોમાં જોવા મળ્યો. મહામારીની સાથે વધેલી ઘરેલુ હિંસાની સમસ્યાને યુ. એન. વિમેને મહામારીનો પડછાયો ગણાવી છે.

ઘરેલું હિંસાનો મતલબ છે ઘરની અંદર કુટુંબના એક સભ્ય દ્વારા અન્ય સભ્ય પર થતી હિંસા જેમાં બાળક, વૃધ્ધો, કે સ્ત્રી ઉપર થતી હિંસાને ગણી શકાય – જેમાં સ્ત્રી ઉપર થતા અત્યાચારનું પ્રમાણ સૌથી મોટું છે. સ્ત્રી-પુરુષ વચ્ચેની – જાતીય અસમાનતા પિતૃસત્તાક સામાજિક વ્યવસ્થાને આધારિત છે. આ વ્યવસ્થાના મુખ્ય બે પાસા છે – માળખાકીય અને વૈચારિક. માળખાકીય પાસુ કુટુંબમાં સ્ત્રી-પુરુષ વચ્ચેના સંબંધનું માળખું નક્કી કરે છે, જેના પાયામાં જ અસમાનતા છે. પિતૃસત્તાક વિચારસરણીનું માળખું પુરુષ ઘરનો વડો ગણી તેને કુટુંબ પર અબાધિત અધિકાર આપે છે. આ સાથે સ્ત્રી પર પણ એનો કબજો ગણાય. એમાં માલિકપણાનો ભાવ છે. વૈચારિક પાસુ માળખાને અનુમોદન આપી સુનિશ્ચિત કરે છે તેમજ આ માળખા અંતર્ગત ઉભી થયેલી માન્યતાઓને પેઢી દર પેઢી આગળ વધારે છે. સામાજિક માન્યતા અને પરંપરા સ્ત્રીનું સ્વતંત્ર વ્યક્તિત્વ સ્વીકારતી નથી અને સ્ત્રી માટે પરમ્પરાગત ભૂમિકા નક્કી છે. ઘરકામ સંભાળવુ, બાળકો પેદા કરવા, વડીલોની દેખભાળ રાખવી અને તેમની આજ્ઞાનું પાલન કરવું તેમજ કુટુંબની માન-મર્યાદા જાળવવી. આ બધી જવાબદારી સ્ત્રીઓના માથે હોય છે. ભારતની સંયુક્ત કુટુંબ પ્રથામાં દરેક વડીલ સભ્યના ખભા પર પરંપરા નિભાવવાનો ભાર હોય છે, એટલે ઘરની સ્ત્રી પર માત્ર તેના

પતિની જ નહિ પણ પરિવારના દરેક સભ્યની નજર હોય છે. માત્ર પુરુષ સભ્યો જ નહી પણ અન્ય સ્ત્રી સભ્યો પણ પરંપરા જાળવવાની જવાબદારી પોતાના શિરે લઈ કુટુંબમાં થોડી સત્તા ભોગવી લેતી હોય છે. કૌટુંબિક સત્તાના સમીકરણમાં સૌથી લાચાર ઘરની પુત્રવધુ અને થોડા અંશે દીકરીઓ હોય છે. જ્યારે તેઓ તેમની વ્યાખ્યાયિત ભૂમિકાથી કાંઈક અલગ કરે તો પરંપરાના રખેવાળોની આંખ ચાર થવાની અને સ્ત્રીઓ પર દબાણ વધવાનું. જે ઘરેલું હિંસામાં પરિણમે છે. ઘરેલુ જાતીય હિંસાનાં અનેક પ્રકાર હોઈ શકે અને એ અલગ અલગ વ્યક્તિ દ્વારા થતી હોઈ શકે. ૨૦૦૫થી અમલમાં આવેલ ઘરેલું હિંસા વિરુદ્ધ કાયદા મુજબ સ્ત્રી સાથે પિયર કે શ્વસુર પક્ષની કોઈ પણ વ્યક્તિ દ્વારા થતી હિંસાને ઘરેલુ હિંસા ગણવામાં આવે છે. કોઈ પણ પ્રકારના શારીરિક, માનસિક, યૌનિક, આર્થિક, મૌખિક અથવા ભાવનાત્મક શોષણનો ઘરેલું હિંસાની વ્યાખ્યામાં સમાવેશ થાય છે.

કોઈ પણ કટોકટીની માફક કોરોનાની આપત્તિ એ પણ સમાજમાં મોજુદ અસમાનતાને સપાટી પર લાવી મૂકી દીધી. આર્થિક, કોમી, જ્ઞાતિ, પ્રાંતીય તેમજ જાતીય અસમાનતા પ્રત્યક્ષ અને પરોક્ષ સ્વરૂપે સમાજમાં રહેલી છે. કુટુંબના સ્તરે જઈને વાત કરીએ તો કટોકટીના સમયે વધી જતી આર્થિક-સામાજિક અસલામતીને કારણે કૌટુંબિક સંબંધોમાં રહેલી અસમાનતા ઉભરાઈને સામે આવે છે. નજીકના ભૂતકાળમાં ૨૦૧૩-૨૦૧૬ દરમ્યાન ઇબોલા નામનો રોગચાળો ફેલાયો તે સમયે પણ આ અનુભવ થયો હતો. ૨૦૦૮ની નાણાકીય કટોકટી પછીના મંદીના વર્ષોમાં પણ કૌટુંબિક હિંસામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. આપત્તિના સમયે લોકો રોજગાર ગુમાવે પરિણામે કુટુંબની આવક ઘટે. આ સંજોગોમાં આધાર રાખવા માટે જો અન્ય વૈકલ્પિક સંપત્તિનો પણ અભાવ હોય કે પછી કોઈ પણ પ્રકારની સામાજિક સુરક્ષા પણ ના હોય ત્યારે અનિશ્ચિતતા વધી જાય છે. પરિણામે ઉભા થતા તણાવ અને દબાણમાં પુરુષોના પોતાની પત્નીને તાબામાં રાખવા માટે વધુ આક્રમક વલણ અપનાવતા હોવાનું નોંધાયું છે. જ્યારે સ્ત્રીની આવકમાં ઘટાડો થાય અને જો એને પુરુષની આવક પર આધાર રાખવો પડે તો આવી પરિસ્થિતિમાં વિખવાદ ખૂબ વધી જતો હોવાનું અભ્યાસો જણાવે છે.

કોરોના મહામારીને કારણે આ બધી પરિસ્થિતિ ઉભી થઈ. લોકડાઉનને કારણે અસંખ્ય લોકો એ પોતાના રોજગાર ગુમાવ્યા પરિણામે આર્થિક અનિશ્ચિતતા વધી ગઈ. સૌ પોતપોતાના ઘરમાં હતા – એટલેકે જે સ્ત્રીને પોતાના પતિ કે અન્ય કુટુંબીજન તરફથી અવારનવાર મૌખિક કે શારીરિક કનડગત થતી હતી એજ કુટુંબીજનો સાથે ચોવીસ કલાક એક જ છાપરા નીચે ફરજીયાત રહેવાની પરિસ્થિતિ નિર્માણ થઈ. વળી, લોકડાઉન દરમ્યાન કુટુંબનાં દરેક સભ્ય ઘરમાં હતા. શાળા-કોલેજો પણ બંધ હોવાને કારણે બાળકો પણ ચોવીસ કલાક ઘરમાં હતા. પરિણામે ઘરકામનું ભારણ વધ્યું અને સાથે સાથે વડીલો અને બાળકોની કાળજી રાખવાની જવાબદારી પણ વધી. જે વ્યવસાયી સ્ત્રીઓ હતી એમણે ઘરકામ ઉપરાંત વ્યાવસાયિક કામ પણ કરવાનું હતું. તેમને માથે કામ ત્રણ ગણું વધી ગયું. પરંપરાગત રીતે આ બધી જવાબદારી સ્ત્રીના ખભે હોય છે. કોરોનાનાં ડરને કારણે ઘરકામ કરનાર મદદનીશોની સહાય પણ બંધ હતી. પુરુષો મદદ કરે એની અપેક્ષા નથી હોતી. ઘરની અંદર ઉભા થયેલા આ સંજોગો એ સ્ત્રીઓમાં શારીરિક, જાતીય, ભાવનાત્મક તેમજ વ્યાવસાયિક તણાવ વધારવાનું કામ કર્યું. એપ્રિલ ૨૦૨૦થી જૂન ૨૦૨૦ના લોકડાઉનના સમય દરમ્યાન અમદાવાદ શહેરમાં એક ઓનલાઈન સર્વે કરાયો જેના તારણ મુજબ જે પુરુષોએ પોતાનો રોજગાર ગુમાવ્યો તેઓ અન્ય પુરુષોની સરખામણીમાં વધુ આક્રમક હતા. તેમજ પત્નીની સરખામણીમાં જે પુરુષોની આવક પર વધુ માઠી અસર પડી તેમાં પણ શારીરિક અને શાબ્દિક અત્યાચાર કરવાનું પ્રમાણ વધારે હતું. યુવાન સ્ત્રીઓ કરતા મધ્યમ વયની સ્ત્રીઓમાં લોકડાઉન દરમ્યાન ઘરેલું હિંસા વધી હોવાની ફરિયાદ વધારે હતી. આ એ સ્ત્રીઓ હતી કે જેમણે પતિ કે અન્ય કુટુંબીજન દ્વારા થતી એક યા બીજી પ્રકારની હિંસા એમના જીવનનો ભાગ બની ચુકી હતી. તેમણે ક્યારેય એનો વિરોધ કર્યો ન હતો. એટલે જ્યારે લોકડાઉનને કારણે સામાજિક માહોલ વધુ પ્રતિકુળ બન્યું ત્યારે તેઓ વધુ હિંસાના ભોગ બન્યા.

અલબત્ત, ઘણા કુટુંબ એવા હતા કે જ્યાં પુરુષોએ ઘરકામમાં મદદ કરી. ઘણા એ ઇચ્છા વિરુદ્ધ કમને કરી તો થોડાકે પોતાની જવાબદારી સમજીને પ્રેમથી કરી. આવા કિસ્સાઓ આશાનું કિરણ ફેલાવે છે. તેઓ સાબિત કરે છે કે જ્યારે સ્ત્રી-પુરુષ બન્ને સહિયારી ભાગીદારી નિભાવે તો પ્રેમ અને હૂંફ વધતા હોય છે જેનાથી સંબંધ વધુ તંદુરસ્ત રહેતા હોય છે. પણ, દુર્ભાગ્યે આ વિષયને લઈને સોશયલ મીડિયામાં ઘણા જોક્સ, મીમ્સ અને કાર્ટૂન પણ ફરતા રહ્યા – જેમાં ઘરકામમાં મદદ કરી રહેલા પુરુષની 'અવદશા'ની મજાક ઉડાવવામાં આવી. આ પ્રકારની 'મજાક' અસમાન – શોષણખોર સામાજિક માળખાને સુનિશ્ચિત કરવાનું જ કામ કરે છે.

લોકડાઉનની શરુ થયાનાં એક જ અઠવાડિયામાં રાષ્ટ્રીય મહિલા આયોગ (રા.મ.આ) પાસે પાછલા વર્ષની સરખામણીમાં ઘરેલુ હિંસાની ફરિયાદ બમણી થઈ હોવાનું ૨૮ માર્ચ ૨૦૨૦ના

રોજ આયોગે ટ્વીટ કરી જણાવ્યું હતું. લોકડાઉનના સમય દરમ્યાન દરમહિને ફરિયાદનું પ્રમાણ વધતું ગયું અને જુલાઈ મહિનામાં મહત્તમ ૬૬૦ ફરિયાદ નોધાઈ. રા.મ.આ.ના રીપોર્ટ પ્રમાણે વર્ષ ૨૦૨૦ દરમ્યાન આયોગને સ્ત્રી વિરુદ્ધ હિંસાની કુલ ૨૩,૭૨૨ ફરિયાદ મળી જે ૨૦૧૯માં મળેલી ૧૯,૭૩૦ ફરિયાદની સરખામણીમાં ૨૦% વધારે હતી. આમાંથી ૨૦૧૯માં ઘરેલું હિંસાની ૨૯૬૦ ફરિયાદ હતી જે ૨૦૨૦માં વધીને ૫૨૯૭ થઈ – એટલેકે ૭૯%નો વધારો. આ ઉપરાંત ગરિમાપૂર્ણ જીવવાના અધિકાર અંગે ૭૭૧૫ ફરિયાદ નોધાઈ. આ કલમ હેઠળ ભાવનાત્મક અત્યાચારનો પણ સમાવેશ થાયછે. અત્રે એ નોધવું રહ્યું કે આ માત્ર નોંધાયેલી ફરિયાદ છે. જેની ફરિયાદ નોંધાઈ નથી એવા અનેક કિસ્સા હોવાની આશંકા છે, કારણકે ઘરની આબરૂ સાચવવા મોટાભાગની સ્ત્રીઓ તેમના પર થતી હિંસાની ફરિયાદ કરતી જ નથી.

ઘરેલું હિંસા કોઈ નવી વાત નથી. સ્ત્રીઓ પર થતી હિંસામાં ઘરેલું હિંસાનું પ્રમાણ ઘણું વધારે છે. જે સમાજના દરેક સ્તરમાં પ્રવર્તે છે. દરેક ધર્મ, વર્ગ, જ્ઞાતિ, કે વર્ણમાં સ્ત્રીઓ ઘરની અંદર હિંસાનો ભોગ બનતી હોય છે. આ વૈશ્વિક વાસ્તવિકતા છે. દુનિયાના દરેક દેશમાં ઘરની ચાર દીવાલની અંદર સ્ત્રીઓ એક યા બીજા પ્રકારની હિંસાનો સામનો કરે છે. ૨૦૧૫-૧૬માં કરાયેલા નેશનલ ફેમીલી હેલ્થ સર્વે (NFHS)નાં આંકડા મુજબ ભારતમાં ૩૦ ટકા સ્ત્રીઓ એક યા બીજા પ્રકારની ઘરેલું હિંસાનો ભોગ બને છે. અને ૩૩ ટકા પરિણીત સ્ત્રીઓએ પોતાનાં પતિ તરફથી શારીરિક, જાતીય કે ભાવનાત્મક હિંસા થઈ હોવાનું જણાવ્યું છે. એનો મતલબ એ થયો કે ઘરેલુ હિંસાનો વ્યાપ મહામારીથી સહેજ પણ ઓછો નથી. વળી, એ અટકવાનું નામ પણ નથી લેતો. સામાન્ય સંજોગોમાં સ્ત્રીઓ જાતે કે પછી કોઈ સગા કે મિત્રનો સંપર્ક કરતી હોય છે. ઘણા કિસ્સામાં પોલીસ ચોકીએ જઈને ફરિયાદ નોધાવતી હોય છે કે પછી મહિલા આયોગ કે પછી કોઈ સ્વૈચ્છિક સંસ્થા પાસે મદદ માંગતી હોય છે. પણ, લોકડાઉન દરમ્યાન પરિસ્થિતિ જુદી હતી. ના કશે જવાય, ફોન કરવો હોય તો પણ ઘરમાં બાકીના સભ્યો મોજુદ હોય એટલે ખુલીને વાત કરી શકવાનો મોકો ના મળે. ઘરમાં ચાલતા કંકાસથી બચવા દોડીને ઘડીક બહાર પણ ના જવાય. ઉતાવળે લાગુ કરાયેલા લોકડાઉનને કારણે સ્ત્રીઓને ઘરેલુ હિંસા સામે રક્ષણ આપવા માટે ઉભી કરાયેલી વ્યવસ્થાને આવશ્યક સેવામાં સમાવેશ કરવાનું ચુકાઈ ગયું, એટલે રક્ષણ અધિકારીઓ કે સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકર્તાઓ મદદ કરવા બહાર નીકળી ન શક્યા. એટલે જુલાઈ ૨૦૨૦ સુધી મોટાભાગની પીડીતાઓને વેળાસર યોગ્ય મદદ મળી ના શકી. આ તો એજ સ્ત્રીઓની વાત છે જે ફોન, ઈ-મેલ કે પછી સોશ્યલ મીડિયા દ્વારા યોગ્ય સ્થળે ફરિયાદ નોંધાવી શકી. વ્યક્તિગત રીતે ઘરની બહાર નીકળવાનું શક્ય ન હતું એટલે જે સ્ત્રીઓ પાસે ફોન કે ઇન્ટરનેટની સગવડ ન હતી તેઓ તો ફરિયાદ પણ ન કરી શક્યાનું સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકર્તાઓ માને છે. એટલે ગરીબ અને મધ્યમ વર્ગમાંથી આવતી ઘણી પીડિતા મદદ મેળવવામાંથી બાકાત રહી ગઈ. ઘરેલું હિંસા જેવી સાર્વત્રિક વ્યાપેલી સમસ્યાનો ઉકેલ લાવવાના આપણા પ્રયાસોમાં પણ અનાયાસે વર્ગીય ભેદભાવ રહી જાય છે.

પિતૃસત્તાક સામાજિક માળખામાંથી જન્મ લેતી ઘરેલું હિંસાની સમસ્યાનો અનેક સ્તરે પ્રતિકાર કરવો પડશે. ઘરેલુ હિંસા અને આર્થિક કટોકટી વચ્ચે સીધો સંબંધ રહેલો છે એ વાત પણ ફરી એકવાર સાબિત થઈ. રોજગારની સુરક્ષા તેમજ સામાજિક સુરક્ષા ઉભી કર્યા વિના ઘરેલુ હિંસાને રોકવાનું શક્ય નથી એટલે ઘરેલું હિંસાને રોકવા જે પણ નીતિ વિષયક નિર્ણય લેવાય તેમણે આ સંબંધ સમજવો પડશે. કોરોના-૧૯ની મહામારીએ આરોગ્યની કટોકટીની સાથે સમાજમાં ઊંડા મુળિયા જમાવીને બેઠેલી સમાજના આરોગ્યની કટોકટી ન પણ સામે લાવી દીધી. અનિશ્ચિતતાના સમયમાં દેખાઈ આવે છે કે અસમાનતાને પોષતા સામાજીક-સાંસ્કૃતિક મૂળિયા કેટલા ઊંડે સુધી ફેલાયેલા છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૩૭૪૧ ૪૩૦૪૦

અને આમ, કલાકારોના જીવનમાંય નવરંગ પૂરાયા...

નરેશ અંતાણી

ભારતીય કલા અને સંસ્કૃતિના સંવર્ધનમાં અનેક લોકોએ પોતાનું જીવન સમર્પિત કરી પોતાની કલા સાધનાને સાર્થક કરી છે. આ કલા એ એક સાધનાનો માર્ગ છે તો કલાએ વ્યક્તિની પોતાની ઓળખ અને પોતાનામાં છુપાઈ રહેલી શક્તિની અભિવ્યક્તિનું પણ માધ્યમ છે. વર્તમાન સમયમાં વિશ્વમાં ઊભી થયેલી કોરોના ભયાનક મહામારીમાંથી આપણું રાષ્ટ્ર અને રાજ્ય ગુજરાત પણ બકાત રહ્યું નથી. આ રોગના વિષાણુથી સમગ્ર માનવજાત ભયભીત છે ત્યારે કોરોનાના કપરા કાળમાં લોકડાઉન તથા અનેક નિયંત્રણોને કારણે

તમામ પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, મેળવાડા, લગ્ન સમારંભ જેવી તમામ પ્રવૃત્તિઓ બંધ થવાને કારણે રાજ્યના દરેક પ્રકારના કલાકારો પણ કામ વિહોણા બન્યા અને કેટલાંક કલાકરોની તો આજીવિકા જ આ કલા હોઈ તેમને તો ઘર ચલાવવા જ મુશ્કેલ બન્યા ત્યારે આવા કલાકારોની મદદે ગુજરાત ભરમાં અનેક સંગઠનો તથા વ્યક્તિઓએ કલાકારોના જીવન નિર્વાહ માટે તેમની મદદે આવ્યા. આ માટે કરાયેલી પ્રવૃત્તિઓની અહીં ટૂંકમાં વાત કરવાનો ઉપક્રમ છે.

ગુજરાતના કલાકારોની વહારે કલાપ્રેમીઓ :

ચાલી રહેલી વૈશ્વિક મહામારીમાં ગુજરાતી ફિલ્મ, રંગભૂમિ, ટીવી શો, સંગીત, નૃત્યુ સાથે સંકળાયેલા રાજ્યના હજારો કલાકારો, કસબીઓ કપરી સ્થિતિમાં આવી ગયા છે ત્યારે નામી અને સક્ષમ કલાકારો અને કસબીઓને બાદ કરતાં મુંબઈ અને ગુજરાતના હજારો કલાકારો અને કસબીઓ જેમાં જુનીયર કલાકારો, નૃત્ય સાથે સંકળાયેલા કલાકારો, લાઈટબોયઝ, સ્પોર્ટબોયઝ, મેકઅપ કલાકારો, સંગીતકારો, ગાયકો, સેટ સજાવટકારો, બેકસ્ટેજ કલાકારો, જેવા અનેક લોકો કોરોનાના કાળ દરમ્યાન રોજેરોજ ચાલતા શુટીંગ બંધ પડી જવાને કારણે ખૂબ જ મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા અને મોટાં આર્થિક સંકટમાં આવી ગયા હતા. રોજે રોજના શુટીંગની આવક પર નિર્ભર એવા આ કલાકારો અને કસબીઓની દૈનિક આવક બંધ થઈ જતાં ઘર કેમ ચલાવવું એ પણ મોટો એક સવાલ ખડલ થયો હતો. આ કલાકારો અને કસબીઓ જે પરદા પર કે રંગમંચ પર ખુમારીથી પોતાનું કાર્ય કરતા હોય છે પરંતુ આવી પડેલી આ આપત્તિ સમયે પોતાની તથા પોતાના પરિવારની હાલતની વાત કોઈને કહી શકતા નથી કે સહન પણ કરી શકતા નથી. આવા કલાકારોની વહારે આવવા માટે અમદાવાદના જાણીતા નિર્માતા-દિગ્દર્શક અભિલાષ ઘોડાએ મોટું અભિયાન ઉપાડ્યું અને ગુજરાત અને મુંબઈના રહેતા આજ ઉદ્યોગ સાથે સંકળાયેલા તથા અન્ય પ્રેમીઓનું એક જૂથ ઊભું કરી જરૂરિયાત મંદ કલાકારો માટે ઘઉંનો લોટ, મગદાળ, ચોખા, તેલ, મસાલા, ખાંડ તથા ચ્હા જેવી તાત્કાલિક જરૂરિયાતની વસ્તુઓની કીટ તૈયાર કરી તેને પહોંચાડવાનું નક્કી કર્યું, અને સોશિયલ મિડીયા તથા જાહેર માધ્યમોના સહારે સેવાભાવી લોકો તથા મિત્રોને અપિલ કરતાં ગુજરાત, મુંબઈ અને વિદેશમાં વસ્તા કલાપ્રેમી લોકોએ સહાયનો ધોધ મોકલવો શરૂ કર્યો. પરિણામે ગુજરાતના પાંત્રીસથી વધારે ગામ અને શહેરોમાં વસતા કલાકારોને આ રાશન કીટ પહોંચતી કરવામાં આવી અને આ કલાકારોના રોજિંદા જીવનની નૈયાને ચાલતી રાખવામાં સહાયભૂત બનવાનું મોટું ઉમદા કાર્ય કરવામાં આવ્યું. અભિલાષ ઘોડાના જણાવ્યા મુજબ અત્યાર સુધી ૬૫૦૦૦ કીટ ગુજરાત તથા મુંબઈના જરૂરિયાતમંદ કલાકારોને આપવામાં આવી છે.

કચ્છના કલાપ્રેમીઓ પણ કલાકારોની વહારે :

ગુજરાત અને મુંબઈની જેમ જ કચ્છમાં પણ કલાપ્રવૃતિઓ બંધ પડી જતાં મુશ્કેલીમાં આવી પડેલા માધ્યમ અને નાના કલાકારોની વહારે કચ્છના કલાપ્રેમીઓ બહાર આવ્યા અને કલાકારોને અનેકવિધ રીતે મદદરૂપ થવાનું અભિયાન ઉપાડી લીધું. ભુજ આર્ટીસ્ટ એસોસિયશનના મોવડી અને જાણીતા નોબતવાદક શૈલેષ જાનીએ આપેલી વિગતો મુજબ અત્યારના કપરા કાળમાં કચ્છના ગાયકો, વાદકો જેવા અનેક કલાકારો મુશ્કેલીમાં આવ્યા છે તો તેમની સાથે અન્ય રીતે જોડાયેલો વર્ગ જેવા કે સાઉન્ડ સિસ્ટમવાળા, વાહન ચાલકો વગેરે પણ તકલીફમાં છે અને ઘર કેમ ચલાવવું તેની અવઢવમાં છે. આવા કલાકારોને મદદ માટે એસોસિયશનની અપીલને માન આપી ભુજ, મુંબઈ કે વડોદરા જેવાં શહેરો તો ખરાં જ પણ છેક મસ્કતથી પણ સહાયનો ધોધ આવ્યો અને તેમની સહાયથી કચ્છના કલાકારોને ૩૫૦થી વધારે રાશન કીટ દર મહિને પહોંચાડવામાં આવે છે.

કેટલાંક કલાકારો તો અત્યંત આર્થિક સંકટમાં છે જે શારીરિક સમસ્યાને કારણે અન્ય કામ પણ કરી રોજી મેળવી શકે તેમ નથી આવા કલાકારો માટે પણ બાર મહિનાનું રાશન, મકાન ભાડું તથા લાઈટ બીલ જેવો ખર્ચ પણ ઉપાડનારા દાતાઓ આ સંસ્થાને મળ્યા છે. જેમના સહારે અત્યારે આવા કલાકારોનો જીવન નિર્વાહ ચાલે છે.

કોરોનાકાળ દરમ્યાન માદગી, અકસ્માત કે ઓપરેશન જેવી કેટલી સમસ્યાઓ પણ કલાકારોના જીવનમાં આવી હતી તો આવા સમયે પણ આ કલાકારોને વહારે લોકોએ સહાય કરી છે. ઓપરેશન તથા તમામ મેડિલક ખર્ચ ઉપાડનારા સેવાભાભીઓ પણ મળ્યા છે. કીટ તથા આવી સહાય મોકલનારાઓમાં મસ્કતના ધનસુખભાઈ પટેલ, જાણીતા કલાકાર ઓસમાણમીર, ગાંધીધામનું જોટબાય બુદ્ધા ગૃપ, મેહુલભાઈ ઝાલા, જાણીતા તબીબ મધુભાઈ રાણા, સંગીતકાર મયૂર સોની વગેરે જેવા અનેક લોકોએ એસોસિયેશનના માધ્યમથી આ કલાકારોની સહાય કરી છે.

તો ભુજની સંસ્થા સપ્તરંગ દ્વારા પણ દાતાઓની સહાયથી મહિલા કલાકારોને આર્થિક મદદ કરવામાં આવી હોવાનું તેના મંત્રી

ઝવેરીલાલ સોનેજીએ જણાવ્યું હતું.

રંગકર્મીઓના જીવનમાં રંગ પૂરવાનું સ્તુત્ય પગલું :

આપણો દેશ કલાપ્રિય દેશ છે. તેમ આપણું રાજ્ય ગુજરાત પણ અનેક કલાઓથી વિશ્વ વિખ્યાત છે. કેટલીય કલાઓ એવી છે કે, ગુજરાતમાં ઉછરી છે અને એ પછી દેશ વિદેશમાં ખ્યાતિ પામી છે. સામાન્ય રીતે ગુજરાતની ઓળખ વેપારી વર્ગ તરીકે કરવામાં આવે છે પરંતુ જ્યાં લક્ષ્મીનો વાસ હોય ત્યાં સરસ્વતી કે નટરાજની પણ હાજરી હોય જ અને આ હકીકત ગુજરાત માટે ખોટી પણ નથી. કળાગુરુ રવિશંકર રાવલે ગુજરાતની ચિત્રકળાની પરંપરા શરૂ કરવામાં જિંદગી ખર્ચી નાખી અને તેમના અનેક નામી અનામી શિષ્યોએ ગુજરાતની કળાના ઇતિહાસને સમૃદ્ધ બનાવ્યો છે.

ગુજરાત કલા ક્ષેત્રે ખૂબ સમૃદ્ધ છે આ સમૃદ્ધિ અનેક વિવિધતાથી છલોછલ છે. કચ્છથી છેક ધરમપુર સુધી કલાનો વૈભવ જોવા મળે છે. આમ, કલાએ ગૌરવવંતા ગુજરાતીઓની રગેરગમાં વણાઈ ગઈ છે. આમ છતાં ગુજરાતમાં અનેક કળાનો વિકાસ તો થયો છે પરંતુ પ્રજાકીય સ્તરે તેને જોઈએ એટલું પ્રોત્સાહન મળ્યું નથી પરિણામે કલા હાંસિયામાં ધકેલાઈ જતી હોય એવું લાગે છે. આવા સમયે ગુજરાતની કળાના કળાકારોનો હાથ ઝાલવાનું તેની કલાને પ્રોત્સાહન અને સંવર્ધન કરવાનું કપરું કામ સુરત સ્થિત કલા પ્રતિષ્ઠાને ઉપાડ્યું છે. કલા પ્રતિષ્ઠાનના કર્મઠ પ્રમુખ રમણિકભાઈ ઝાપડીયા દાયકાઓથી અવિરત કલા સેવા કરતા આવ્યા છે. ગુજરાતમાં ફક્ત કળાને સંલગ્ન કળાયજ્ઞ થતો હોય એવું ભાગ્ય જ જોવા મળે છે. કોરોનાના કપરાકાળમાં પણ કલા પ્રતિષ્ઠાને કલાકારોનો હાથ ઝાલ્યો હતો. કલાકારોના અંગત જીવનમાં પણ આવતી આપત્તિના સમયે પણ આ સંસ્થા તેના કલાકારના એક સ્વજનની જેમ સાથે ઊભી કરે છે.

વર્તમાન સમગ્ર દેશનું જન જીવન અને અર્થતંત્ર અસ્તવ્યસ્ત થઈ ગયું છે તેની અસર આપણા ઉમદા કલાકારો સુધી પણ પહોંચી છે. કલાકારોની આજીવિકા પર પણ અસર પહોંચી છે, ત્યારે છેલ્લા દોઢ દાયકાથી ગુજરાતની કલાના વિકાસ અને કલાકારોના ઉત્થાન માટે કાર્યરત કલા સંસ્થા કલા પ્રતિષ્ઠાને આ કલાકારોના જીવનમાં રંગ પૂરવાનું બીડું ઝડપ્યું છે.

કલાકારોના અંગત જીવનમાં પણ આવતી આપત્તિના સમયે પણ આ સંસ્થા તેના કલાકારના એક સ્વજનની જેમ સાથે ઊભી રહે છે ફરી એકવાર આ કલાસંસ્થાએ પોતાની પવિત્ર ફરજ બજાવી એક ઉમદા કાર્ય હાથ પર લીધું છે.

કલા પ્રતિષ્ઠાનના પ્રમુખ રમણિક ઝાપડીયાએ આ કાર્યની વિગતો આપતાં જણાવ્યું હતું કે, આપણા દેશના તબીબો પોતાનો જીવ હથેળીમાં લઈને દિવસ રાત કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર કરી રહ્યા છે અને બે બે વર્ષથી અનેક જિંદગીને નવજીવન આપીને કોરોનાને હંફાળવવામાં પોતાનો સિંહફાળો આપ્યો છે. તો પેરામેડિકલ સ્ટાફ, નર્સ વગેરે પણ દિનરાત આ દર્દીઓની સેવામાં લાગ્યા છે. આજ રીતે લોકોની સુરક્ષા અને લોકડાઉનનું ચુસ્ત પાલન કરવા દેશના સુરક્ષા કર્મીઓ, પોલીસના જવાનો હોમગાર્ડ, નાગરિક સંરક્ષણ કાર્યકરો વગેરે પણ પોતાની ફરજનું પાલન અવિરત કરી રહ્યા છે. સ્વચ્છતા કર્મીઓ પણ 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ના મંત્રને આત્મસાત કરીને લોકોના ઘર સુધી આ દર્દ ન પહોંચે એ માટે સતત સફાઈના કાર્યમાં મગ્ન રહ્યા છે. આજ રીતે દેશના મિડીયા કર્મીઓ પણ સંવાદદાતાઓ, સંદેશવાહકો પણ મુસીબતોને હાથમાં લઈને ફિલ્ડમાં ફરીને સમગ્ર દેશમાં કોરોના મહામારીના સમાચારો તથા આ અંગે રાખવાની સતર્કતાનો સંદેશ જનજન સુધી પહોંચાડવાનું માધ્યમ બની રહ્યા છે, સરકારના અધિકારીઓ અને કર્મચારીઓ પણ દેશને સુરક્ષાક્વચ પૂરું પાડવામાં પોતાનું કર્તવ્ય ચૂક્યા નથી.

આમ, આ સાધકોએ ખરા અર્થમાં રાષ્ટ્રદેવતાના ચરણે પોતાની સેવાનું અર્ધ્ય અર્પણ કર્યું છે. આ પ્રત્યેક કોરોના યોદ્ધા કોરોનાની સામે લડી રહ્યા છે. આવા કપરાકાળમાં કોરોના યોદ્ધાઓને બિરદાવતા કલાપ્રતિષ્ઠાને એક નાનકડા કલાયજ્ઞની શરૂઆત કરી હતી. ભારતીય કલા-સંસ્કૃતિની ધરોહરને જીવતી રાખનારા કલાસાધકોએ લોકડાઉનના નિયમોનું સંપૂર્ણ પાલન કરીને ઘરને આંગણે બેસીને સત્યમ્, શિવમ્ અને સુંદરમ્‌ની શાશ્વત ભારતીય કલાની વિચારધારાને અનુસરીને આ કર્મઠ કોરોના યોદ્ધાઓની ગૌરવગાથાને રંગો દ્વારા કેનવાસ પર ઢાળીને સપ્તરંગી સામ્રાજ્ય ઊભું કર્યું છે. લોકડાઉનના સંપૂર્ણ નિયમો પાળીને દરેક કલાકારોને પ્રતિષ્ઠાન દ્વારા ઘર આંગણે જે કેનવાસ તથા જરૂરી સામગ્રી પૂરી પાડવામાં આવી હતી. અને આ રીતે બાવન કલાકૃતિઓ તૈયાર કરવામાં આવી હતી. કલાપ્રતિષ્ઠાન સાથે જોડાયેલા આ કલાસાધકોને આવા કપરા સમયમાં તેની પડખે ઊભા રહીને, પ્રેમ અને હૂંફ આપીણે પારિવારીક શુભભાવનાથી આ બાવન કલાકારોને રોકડ રાશી કલા પ્રતિષ્ઠાના કલાગુરુ જશુભાઈ નાયક કલાનિધિ ફંડ તથા કચ્છના ઉદ્યોગપતિ અને જાણીતા કલાકાર સ્વ. કાંતિસેન શ્રોફ 'કાકા'ના શ્રોફ આર્ટ ફાઉન્ડેશનના સહયોગથી આપીને કોરોનાના કપરા કાળમાં ઘેર રહેલા રંગકર્મીઓના જીવનમાં રંગ પૂરવાની ઉમદાભાવનાથી અર્પણ કરાવામાં આવ્યા હતા.

✦ ✦ ✦

સંપર્ક : ૯૯૯૮૨ ૨૦૪૭૮

ભારતીય કલા-સંસ્કૃતિની ધરોહરને જીવતી રાખનારા કલાસાધકોએ લોકડાઉનના નિયમોનું સંપૂર્ણ પાલન કરીને ઘરને આંગણે બેસીને સત્યમ્, શિવમ્ અને સુંદરમ્‌ની શાશ્વત ભારતીય કલાની વિચારધારાને અનુસરીને આ કર્મઠ કોરોના યોદ્ધાઓની ગૌરવગાથાને રંગો દ્વારા કેનવાસ પર ઢાળીને સપ્તરંગી સામ્રાજ્ય ઊભું કર્યું છે. પ્રસ્તુત છે એ પૈકી થોડા કલાકારો દ્વારા દોરાયેલા ચિત્રો.




पापा घर कब आवोगे !
I MISS YOU PAPA...
SURAT POLICE
COVID-19
CONTAINMENT-ZONE
NO ENTRY

NO ENTRY
NO ENTRY



કોરોના રોગચાળાના સમયના સકારાત્મક અને નકારાત્મક પરિણામો

બકુલ ગાંધી

નકારાત્મક પરિણામો

૧. છેલ્લા એક શતક વર્ષમાં ભયાનક વૈશ્વિક રોગચાળાએ માનવનું રોજીંદું જીવન સતત ભય, વિવિધ પ્રકારના માનસિક તાણ, સામાજિક કલંક, હતાશામય સ્થિતિનો સામનો કરી રહ્યા છે.

૨. લાખો લોકો મરી ગયા છે અને કરોડોનું આરોગ્ય કોરોનાથી પ્રભાવિત થયા છે.

૩. પારિવારિક સંબંધો અને સંબંધીઓ, પડોશીઓ, વિવિધ સમુદાયો, વગેરે સાથેના ઘનિષ્ઠ સંબંધોને વિક્ષેપમય બનાવી દીધેલ છે.

૪. શાળાઓ, યુનિવર્સિટીઓ અને વ્યવસાયિક શિક્ષણ ક્ષેત્રે વિક્ષેપો થયેલ છે.

૫. રોજિંદા અથવા માસિક કમાણીના અભાવ, ભારે તબીબી સારવાર ખર્ચનો બોજાને લીધે અસહ્ય આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડતા કુટુંબની આર્થિક વિકટ પરિસ્થિતિમાં જીવી રહ્યા છે.

૬. એકંદરે તમામ ઉદ્યોગો અસરગ્રસ્ત થયા છે અને ખાસ કરીને મુસાફરોની મુસાફરી અને મુસાફરી ઉદ્યોગ, એરલાઈન્સ, હોટલ અને થિયેટરોમાં, રમતગમત ખોરંભાયેલ છે. અસંખ્ય નાની મોટી કંપનીઓ, ધંધાઓ, વ્યક્તિઓએ પારાવર નુકસાની ભોગવી રહ્યા છે અને નાદારી તરફ ધકેલાય ગયા છે.

૭. વૈશ્વિક આર્થિક મંદી અને સમાજમાં ગરીબીના સ્તરમાં વધારો. આનાથી નાણાકીય મૂલ્યોમાં ઘટાડો, અને ધંધા, સપ્લાય ચેઈન નેટવર્કમાં ફેરફાર અને લોકોની ખરીદ શક્તિ જેવી આર્થિક કટોકટીનો સામનો કરી રહ્યાં છે.

૮. મંદિરો, ઉપાશ્રય, ચર્ચો પરની પ્રતિબંધને ધ્યાનમાં રાખીને, મસ્જિદો લોકોને આધ્યાત્મિક આશ્વાસન મેળવવાથી વંચિત રાખે છે. આનાથી બેચેની, તાણ, હતાશા આવે છે.

૯. આ રોગચાળો કેટલાંક રાષ્ટ્રના બેલગામ મહત્વકાંક્ષાઓને કારણે માનવ દ્વારા ફેલાવાયેલ છે તેવી શંકા વચ્ચે વિશ્વ શાંતિ ગંભીરતાથી જોખમમાં છે અને વિશ્વ યુદ્ધના ભણકારા સંભળાઈ રહ્યા છે.

સકારાત્મક પરિણામો

૧. વ્યક્તિગત અને કૌટુંબિક સારી સલામતી માટે, લોકો સામાજિક અંતરનું પાલન કરીને અને માસ્ક પહેરવાની સાવચેતી, નિયમિતપણે હાથ ધોવા વગેરે દ્વારા શિસ્તબદ્ધ રહેવાનું શીખ્યા છે.

૨. ન્યુનતમ જરૂરિયાતો સાથે સરળ જીવન જીવો, ખર્ચમાં બિનજરૂરી અને ઉડાઉપણું ટાળો, ઘરની જવાબદારીઓમાં ભાગ લેવો પરિણામે પરિવારના સભ્યોમાં નિકટતાનો અનુભવાઈ રહી છે.

૩. ડૉક્ટરો, નર્સો અને અન્ય આરોગ્ય કર્મચારીઓ, સેનિટેશન કામદારો, કાયદો અને વ્યવસ્થા પોલીસ જાળવવા દ્વારા અસાધારણ માનવીય સંભાળ ૨૪ x ૭ના ધોરણે.

૪. માનવતાના ધોરણે કોર્પોરેટરો અને સખાવતી સંસ્થાઓએ જરૂરિયાતમંદ લોકોને ખોરાક, દવાઓ, તબીબી સારવાર, નાણાકીય સહાયની જવાબદારી હાથ ધરેલ છે.

૫. માનવતાના ધોરણે આ વૈશ્વિક મહામારીના સમયે દુનિયાના ઘણા દેશોએ દવાઓ, ઓક્ષીજન, તબીબી ઉપકરણો અને સુવિધાઓ જરૂરિયાત દેશોને ત્વરિત ઉપલબ્ધ કરાવેલ છે.

૬. ડિજીટલ ટેકનોલોજીકલ ત્વરિત વિકાસ અને અનુકૂલનથી તબીબી માહિતી, રિપોર્ટીંગ, રસીકરણને કારણે જબરદસ્ત રાહત.

૭. ડિજીટલ ટેકનોલોજીકલ ત્વરિત વિકાસ અને અનુકૂલનથી ઓનલાઈન વ્યાપાર અને વિનિમય.

૮. ડિજીટલ ટેકનોલોજીકલ ત્વરિત વિકાસ અને અનુકૂલનથી શૈક્ષણિક પ્રવૃતિઓ.

૯. ડિજીટલ ટેકનોલોજીકલ ત્વરિત વિકાસ અને અનુકૂલનથી સામાજિક સંપર્કો અને નીકટતા.

૧૦. ડિજીટલ ટેકનોલોજીકલ ત્વરિત વિકાસ અને અનુકૂલનથી સાધુ-સંતો દ્વારા આધ્યાત્મિક પ્રવચનો.

૧૧. ડિજીટલ ટેકનોલોજીકલ ત્વરિત વિકાસ અને અનુકૂલનથી કોર્ટ અને સરકારી કચેરીઓ સાથે વાણીજ્ય અને કાયદાકીય પાલન અને રજૂઆત.

૧૨. ડિજીટલ ટેકનોલોજીકલ ત્વરિત વિકાસ અને અનુકૂલનથી

૧૩. ઉપયોગમાં ઘટાડો અને બગાડમાં ઘટાડોને કારણે કુદરતી સંસાધનોનું નોંધપાત્ર સંરક્ષણ.

૧૪. હવામાં અને રસ્તાઓ પર ઓછા ટ્રાફિકને કારણે પ્રદૂષણમાં એકંદર ઘટાડો.

✦ ✦ ✦

સંપર્ક: ૯૮૧૯૩ ૭૨૯૦૮

કોરોના રોગને ભગાડવાની દવા

તત્વચિંતક વી. પટેલ

માનવ જીવનમાં કોઈપણ રોગ વગર કારણે લંબાવ્યા જ કરે છે અને અનિવાર્ય ન હોય એવા ઘણા પ્રસંગોમાં રોગનો અંત જ મરણમાં આવે છે. કારણ કે દર્દીનું મન જ એના શરીરના રોગોને ટેકો આપતું જ હોય છે અને એના પર જ ચિત્ત એકાગ્ર રહેતું હોય છે, જેથી જ તેનું મૃત્યુ થતું હોય છે. મૃત્યુ રોગનું કારણ હોતું નથી, પણ ચિત્તની એકાગ્રતાની દશા જ કારણ ભૂત હોય છે.

વૈદક આખું શાસ્ત્ર માનવજાતિને માટે આશીર્વાદ રૂપ થવા કરતાં વધારે પ્રમાણમાં એક શાપ રૂપ જ નિવડેલ છે. મહામારીઓની શક્તિને એણે વશ કરી છે. આત્મિક શ્રધ્ધાની જે સંપતિ હતી તેનો નાશ કરેલ છે, તે પણ સત્ય છે. જોકે આશ્ચર્યકારક સર્જરી પ્રગટાવી છે. એ ખરેખર સાચું પણ સાથે સાથે એણે માણસની જે કુદરતી રીતે જે તંદુરસ્તી હતી. તેને સાવજ નબળી કરી મૂકી છે અને વ્યક્તિગત વ્યાધિઓમાં ઘણો બધો વધારો પણ કર્યો છે, અનેક રોગો અસ્તિત્વમાં આવેલા છે, એ પણ સત્ય છે.

આજે તો એવી પરિસ્થિતિનું નિર્માણ થઈ ચૂક્યું છે, કે માણસના મનમાં અને શરીરમાં રોગનો ભય, ભ્રમ અને પરાધીનતા દાખલ કર્યા છે, તે આજની વાસ્તવિકતા છે, જ્યાં ભય છે ત્યાં મૃત્યુ જ છે.

માણસની તદુરસ્તીને એની કુદરતી દઢતા ઉપર આધાર રાખવાને બદલે ખનીજ અને વનસ્પતિના ક્ષેત્રોમાંથી ઊભા કરેલા નિર્બળ અને બેસ્વાદ ટેકા ઉપર આધાર રાખતા શીખવ્યું છે, જે ખતરનાક છે. આજે માણસમાં આત્મ શ્રધ્ધા અને આત્મિક વિશ્વાસનો સદંતર નાશ થઈ ગયો છે.

દાક્તરની રોગની સામે એક તીરની પેઠે દવા છોડે છે. કોઈ વાર તે નિશાન પાડે છે, તો કોઈવાર નથી પણ પાડતું. નિષ્ફળ ગયેલા પ્રયોગો ગણતરીમાંથી બાતલ કરવામાં આવે છે અને સફળ પ્રયોગોનો સંગ્રહ કરવામાં આવે છે. એમની ગણતરી થાય છે અને એક અદ્ભૂત દવાના શાસ્ત્રના રૂપમાં તેને વ્યવસ્થિત કરવામાં આવે છે.

જંગલમાં રહેતા માણસો એના ભૂત દાક્તરમાં પૂરી શ્રધ્ધા રાખે છે. તે માટે જોકે આપણે તેના માટે હસીએ છીએ. પણ દાક્તરમાં શ્રધ્ધા રાખનારા સુધરેલા માણસો એ જંગલી લોકો કરતાં ઓછા વહેમી નથી. બંને વહેમી છે, જરા વિચારો.

અમુક પ્રકારે મંત્ર કે જપ કરવામાં આવે છે, ત્યારે ઘણીવાર રોગ મટી પણ જાય છે. તેમા મંત્ર જપનું કારણ હોતું નથી, પણ આત્મ શ્રધ્ધા અને આત્મ વિશ્વાસ જ કારણમાં હોય છે, એટલે જંગલી માણસ તેમાં પૂરી મંત્રમાં શ્રધ્ધા રાખે છે. જ્યારે કેળવાયેલા રોગી માણસ પણ દવા પર શ્રધ્ધા અનુભવે છે, કે અમુક દવાની ચિઠ્ઠી પ્રમાણે દવા લેવાથી ઘણીવાર એનો રોગ માટી જાય છે. એ પણ દવામાં માનતો થાય છે. તો એ બેમાં ફેર શો? બંને એક નાવમાં મુસાફરી કરે છે, તે છે શ્રધ્ધાની નાવ.

અમારા ગામના રાજપૂતો ને જ્યારે જ્યારે તાવ આવે છે, ત્યારે તે નદીના પાણીના ઠંડા પ્રવાહમાં બે કલાક ટેસથી બેસે છે અને સાજો સારો થઈને બહાર નીકળે છે. જો કેળવાયેલો એકાદ માણસ એ પ્રમાણે કરે તો તે મરી જ જાય, એટલા માટે હરગિજ નહીં કે ઉપાય તેને મારે છે, તેને મારે છે પોતાનો અવિશ્વાસ બીજાને મટાડે છે. તેની શ્રધ્ધા તેના કારણમાં પૂરી આત્મિક શ્રધ્ધા છે, તો બીજાને આવી આત્મિક શ્રધ્ધા નથી, એ જ ફેર છે. એટલે આપણાં શરીરની અંદર જોખમ કારક ટેવો આપણા મને દાખલ કરી છે. એ જ રોગનું કારણ છે અને આત્મ શ્રધ્ધાનો અભાવ તેના મૂળમાં છે.

હંમેશા દવા રોગ મટાડે છે. એવું તો નથી જ પરંતુ દવા કરતાં દર્દીને દાકતરમાં અને દવામાં જે આત્મિક શ્રધ્ધા હોય છે. તે જ રોગ વધારે મટાડે છે. આ રીતે દાકતર અને દવા બંને આપણાં જ આત્માની શક્તિમાં જે સ્વાભાવિક આત્મિક શ્રધ્ધા છે. પરંતુ જેનો તેમણે પોતે જ વિનાશ કર્યો છે. તેને કારણે તેને ઠેકાણે સ્વીકારેલા કઢંગા નકલી ઉપાયો છે. એ પણ સત્ય છે. રોગ મટાડે છે. માણસની આત્મિક શ્રધ્ધા દવા કરતાં વધુ મહત્વનું પાસું છે અને સદાય રહેવાનું.

માનવજાતિના સૌથી તંદુરસ્તી વાતાવરણ વાળા જમાનાનું નિરીક્ષણ કરીએ છીએ, ત્યારે સ્પષ્ટ સમજાય છે, કે તે વખતે ઓછામાં ઓછા આજના કરતાં રોગો હતા અને સ્થૂળ પ્રયોગો પ્રચલિત હતા. પૃથ્વી પર થઈ ગયેલી સૌથી વધારે બળવાન અને તંદુરસ્ત પ્રજા જંગલી લોકોની છે. પરંતુ સુધારેલા માણસોની માનસિક વિચિત્રતાનો ચેપ એમની સ્થૂળ ચેતનાને લાગશે ત્યાર પછી કેટલો વખત એ લોકો બળવાન અને તંદુરસ્ત રહી શકશે તે મોટો સવાલ છે. આજે પણ સખત મજૂરી કરતી બહેનો મજૂરી કરતી કરતી બાળકને જન્મ આપીને ઘરે બાળકને લઈને આવે છે, જ્યારે

સુધારેલી સ્ત્રી એમ કરી શક્તિ નથી તે હકીકત છે.

માણસની અંદર જે તંદુરસ્તી રહેલી છે. તેનો જ રોગ અટકાવવા માટે અને મટાડવા માટે આપણે આત્મિક શ્રધ્ધા અને વિશ્વાસ સાથે ઉપયોગ કરવો જોઈએ. પણ દાક્તરોએ અને તેના વંશજોએ આપણને દવાઓનું એક શસ્ત્ર આપ્યું છે. તે આપણે વિચાર્યા વિના શરીરના વેદ તરીકે ગણી લીધું છે. જે શરીર પર જે આત્મિક શ્રધ્ધા અને વિશ્વાસ હતો, તે ખતમ કરીને ભૂલ કરી છે. તમારા શરીરમાં જ પ્રતિકાર શક્તિ પડેલી જ છે, તેને આત્મ વિશ્વાસ અને આત્મ શ્રધ્ધા સાથે વિકસાવવી જરૂરી છે. તો જ સાચી તંદુરસ્તી પ્રાપ્ત થશે, પણ આપણી આપણાં ઉપર શ્રધ્ધા રહેવા પામી નથી, તે રોગનું મહત્વનું કારણ છે.

દાક્તરની વિદ્યા શુભ આશય વાળી છે અને દાક્તરો ઘણી વાર પરોપકારી અને આત્મ ભોગ આપનારા પણ હોય છે. તેની ના નથી. પરંતુ સારા આશયવાળા અજ્ઞાની લોકો એમના આશાઓ હાનિ કરતાં ક્યારેય અટકાવી શક્યા છે ખરા?

બધા જ ઈલાજો ખરેખર પોતાની આત્મિક શક્તિ વડે અસરકારક નીવાડતા હોય અને વૈદક શાસ્ત્રના બધા વાયદો સાચા હોય તો પણ આપણી સ્વાભાવિક તંદુરસ્તી અને આત્મવિશ્વાસ અને પ્રાણશક્તિ આપણે ગુમાવીએ તેનો બદલો આપણને કેવી રીતે મળી રહે છે?

દાક્તરી વિદ્યા સઘળી પરિસ્થિતિમાં સફળ નીવડે એવો દાકતર આપણી અંદર આપણો આત્મા જ રહેલો છે. એને શરણે સ્વસ્થ રીતે શરીર જાય છે અને એને જ વશ વર્તે એ સર્વ રોગનો એક માત્ર સર્વશ્રેષ્ઠ રામ બાણ ઈલાજ છે. આત્મિક શ્રધ્ધામા સ્થિર થઈને મને કશું જ નથી, એવા અંતરના શુધ્ધ ભાવમાં સ્થિર થઈને રટતા જીવવાનો ઉત્તમ માર્ગ છે. આ માર્ગે જ રોગ પાછો પડશે આત્મિક શ્રધ્ધા જીતશે જ, તેની પૂર્ણ રૂપે ખાતરી રાખો અને જીવો.

આપણાં જ અંતરમાં રહેલો આત્મા પરમાત્મા સ્વરૂપ છે અને તે જ સ્વયં સાર્થક આત્મિક સત્ય સ્વરૂપ સંકલ્પ શક્તિ સ્વરૂપ છે. તેને જાણો તેમાં જ સ્થિર થાવ અને ભયથી મુક્ત થાવ જરા પણ ડગ્યાં વિના ખરેખર એક માત્ર અખતરા તરીકે નહીં, પણ પરમ શાંત અને પરમ અમોધ આત્મિક શ્રદ્ધાપૂર્વક તમારા રોગને પૂર્ણ રીતે આત્મા પરમાત્મા પર છોડી જ દ્યો. જે આ રીતે સત્ય સ્વરૂપ આત્મિક શ્રધ્ધા સાથે છોડી દઈ શકે છે? તે રોગ મુક્ત થાય જ છે. તે સત્ય હકીકત છે. આજના લાખો ડૉક્ટરોની હોશિયારી કરતાં તમારી પોતાની આત્મિક શક્તિ ક્યાંય ચડિયાતી છે, તે તમો જાતે જ અનુભવી શકશો, માત્ર ને માત્ર આત્મિક શ્રધ્ધા સત્ય સ્વરૂપ હોવી જ જોઈએ.

હજારો સાવચેતી લઈને આરોગ્યને સુરક્ષિત કરવું એ દાક્તરોનું શાસ્ત્ર છે પરંતુ શરીરને માટે તો એ સત્યનો સંદેશો તો નથી જ તે સંદેશો તો તમારે તમારા આત્મામાંથી જ મેળવવો પડે છે તેજ સંદેશો જ તમારી પોતાની પ્રકૃતિનો હશે, જે તમારો ઉધ્ધાર કરશે જ.

એક સમય એવો હતો જ્યારે માણસ કુદરતી રીતે જ આરોગ્યવાળો હતો અને એને સ્વાભાવિક અનુમતિ આપવામાં આવે તો પોતાની આદિ તંદુરસ્ત અવસ્થામાં તે પાછો જઈ શકે તેમ હતું. પરંતુ દાક્તરનું શાસ્ત્ર દવાઓનો ઢગલો લઈને માણસના શરીરની પાછળ પડે છે અને એની કલ્પના પર કિટાણુઓના ભૂખ્યા ટોળાના હુમલા કરાવે છે.

આજે તો કીટાણુઓના કલ્પિત ઘેરાથી મારી પોતાની જાતનો બચાવ કરવામાં જ જીવન ગાળવું તેના કરતાં તો હું અભય બની વિશાળ બની અનાસક્ત બની વાસનાથી મુક્ત થઈને હું મરવાનું અને વાતનો છેડો લાવવાનું વધારે જ પસંદ કરું. એમ કરવું એટલે જ જંગલીપણાનો સ્વીકાર કરવો એવું જો ગણાતું હોય તો તેને પણ હું એ શાશ્વત રીતે આનંદ પૂર્વક સ્વીકાર કરું.

આજના દાક્તરો માણસને કાપીને અપંગ બનાવીને જિંદગીભર દવા પર નિભાવીને રોગ મટાડે છે. ને જિંદગીભર દુઃખી કરે છે. ને દવા રેડ્યા જ કરે છે. એને બદલે પ્રકૃતિના પોતાના સીધે સીધા અને સર્વ શક્તિમાન ઈલાજો શા માટે ન શોધી શકાય?

આજની દવાઓ અને ઓપરેશનોને ઠેકાણે આપણે જાતે જ રોગ મટાડવાનો આત્મિક શ્રધ્ધાપૂર્વકનો રિવાજ સ્થાપન થતાં ઘણો લાંબો સમય લાગે તે સ્વાભાવિક છે. એના કારણો મારી દૃષ્ટિએ આ પ્રમાણે છે, વૈદક શાસ્ત્રે આપણાં મનને અને શરીરને ભય અને જાત જાતના અવિશ્વાસ અને દવાઓ ઉપર અસ્વાભાવિક આધાર રાખવાનું આપણને શીખવ્યું છે અને એ વસ્તુઓને આપણે આપણી બીજી પ્રકૃતિ જ બનાવી દીધી અને આપણી મૂળભૂત પ્રકૃતિ ભુલાવી દીધી છે.

શરીરને રોગ થાય છે ત્યારે તેને માટે દવાની જરૂર પડે છે. તેનું એક માત્ર કારણ એ છે કે દવા વગર પણ સાજા થવાની આત્મિક શ્રધ્ધાપૂર્વકની કળા આપણાં શરીરને આપણે શિખવેલ નથી. આમ હોવા છતાં આપણે ઘણીવાર જોઈએ છીએ કે જ્યારે ડૉક્ટરોએ જીવન વિષે સંપૂર્ણ નિરાશા જાહેર કરીને સાવજ પ્રયત્નો જ મૂકી દીધા હોય છે તે જ ઘડીએ પ્રકૃતિ દર્દીને સાજો કરે છે તે આપણે અનેક કિસ્સામાં જોઈએ છીએ આનું કારણ માણસની શ્રધ્ધા છે, તે

ભૂલવા જેવુ તો નથી.

માણસએ એટલું સ્પષ્ટ જાણી લેવા જેવી હકીકત છે કે આપણાં પોતાના જ અંતરમાં આત્મામાં રોગ મટાડવાની અમોધ શક્તિ રહેલી જ છે, તે શક્તિનો આપણે આત્મિક શ્રધ્ધા સાથે ઉપયોગ કરવો જ જોઈએ. જો આવો સત્ય સ્વરૂપ વિશ્વાસ પેદા થયો તો રોગ પણ હટી જ જવાનો એ નક્કી જ છે.

માત્ર એક નિયમિત સાંજે સૂતી વખતે પરમ શાંત થઈ હું રોગી નથી. મને કોઈ રોગ નથી. હું સંપૂર્ણ તંદુરસ્ત છું. આવું દરરોજ પચાસ વાર મનમાં ગણગણો થોડા જ દિવસમાં પૂરા સ્વસ્થ થઈ જ જશો. આ જીવનમા ચમત્કારનું કામ કરશે. માત્ર તમારે આત્મિક શ્રધ્ધા સાથે દરરોજ સાંજે સૂતા પહેલા વીધી કરવાની છે. આ કરતી વખતે પરમ શાંત હોવું જરૂરી છે. કોઈ બીજો વિચાર હોવો જોઈએ નહીં. કોઈ રોગ નખમાં રહેવા જ પામશે નહીં એવો આ પ્રયોગ છે.

✦ ✦ ✦

સંપર્ક : sarujivan39@gmail.com, અમેરિકા

કોરાના સમય અને ધર્મ આસ્થા

ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી

પ્રકૃતિના બે સ્વરૂપ છે રમ્ય અને રૌદ્ર. રમ્યરૂપ આકર્ષક, મોહક, રમણીય અને આનંદદાયક છે. જ્યારે રૌદ્રસ્વરૂપ ડરામણું, બિહામણું, વિકરાળ અને દુઃખદાયક છે. દ્રવ્યક્ષેત્ર, કાળ અને ભાવથી એ પોતાનું રૌદ્ર સ્વરૂપ પ્રગટ કરે છે ત્યારે આપણા સમગ્ર અસ્તિત્વને ઝણઝણાવીને ફરતામાં દર્શન કરાવે છે.

દ્રવ્યથી એની રૌદ્રતામાં અનેક વિવિધ સ્વરૂપો પ્રગટ થાય છે. ક્યારેક ધરતીને ધણધણાવી ધરમૂળથી ફેરફાર કરી નાંખે છે. જળ ત્યાં થળ અને થળ ત્યાં જળ થઈ જાય છે સાથે સાથે કેટલાંયની આહુતિ લેવા સ્વરૂપે પોતાનામાં સમાવી દે છે. વળી ક્યારેક સુનામીની ઝપેટમાં કેટલાંયને ઘસડી જાય છે. તો લાવારસ ઓકીને કેટલાંયને ઓહિયા કરી જાય છે. અનાવૃષ્ટિ દ્વારા અનેક જીવોને કાળના ખપ્પરમાં હોમી દે છે તો અતિવૃષ્ટિ દ્વારા પૂર વહાવીને જીવસૃષ્ટિને તહસગહસ કરી નાંખે છે. વાવાઝોડા, વંટોળ દ્વારા વિનાશની પરંપરા ઊભી કરી દે છે. રોગચાળા મહામારી દ્વારા માનવીનું જીવવું હરામ કરી દે છે. વળી માનવમનમાં વિકારભાવ ઉત્પન્ન કરાવીને માનવસર્જિત અનુયુદ્ધ, મહાસંગ્રામ જેવી આફતો સર્જી દે છે.

ક્ષેત્રથી ક્યારેક પૂર્વમાં સુનામી કે લાવા જેવી આફતો સર્જે છે તો પશ્ચિમમાં ધરતીકંપ સર્જે છે. ક્યારેક ઉત્તરમાં વાવાઝોડા તો દક્ષિણમાં મહામારી જેવો કાળોકેર વર્તાવી દે છે.

કાળથી ક્યારેક કલાકોમાં કચ્ચરઘાણ કરીને શાંત થાય છે તો ક્યારેક દિવસો સુધી દિવાળુ કઢાવે છે. ક્યારેક તો મહિનાઓના મહિના સુધી માનવસંહાર કરે છે. એટલાથી પણ સંતોષ ન થાય તો વરસોના વરસો સુધી વિનાશ વેરીને વેરાન કરી નાંખે એવા પ્લેગ, મરકી, મહામારી જેવા રોગોનો ઉપદ્રવ ફેલાવી દે છે.

ભાવથી પ્રકૃતિનું બેશુમાર દોહન કરનાર, પોતાના જીવનમૂલ્યોને વિસારી દેનાર માનવીએ એની શાન ઠેકાણે લાવવા અને પોતાનું માન-સ્વમાન જાળવી રક્ષણ કરાવવા માટે રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે. છતાં ય માનવી ન સમજે તો એ વિફરે છે અને વિકરાળ સ્વરૂપ ધારણ કરે છે.

આવું જ વિકરાળ સ્વરૂપ એણે હમણાં ધારણ કર્યું છે. કોરોનાની મહામારી દ્વારા કાળો કેર વર્તાવીને આર્થિ, શારીરિક, માનસિક, સામાજિક વગેરે રીતે માનવીને પાંગળો કરી દીધો છે. આ વખતે તો આખીય આલમને ભરડામાં લઈને વિનાશના બધા રેકોર્ડ તોડી નાખવા તૈયાર થઈ છે.

પણ એ ભૂલી ગઈ કે આ તો માનવ છે, પડકાર ઝીલીને પણ ફિનિક્સ પંખીની જેમ પાંખો ફફડાવતો ઊભો થઈ જશે. પડછાટ આપવી પ્રકૃતિનો ક્રમ છે તો પડકાર ઝીલીને ઊભા થવું માનવ સ્વભાવ છે. વ્યષ્ટિ કે સમષ્ટિરૂપે એ સામનો કરીને પણ ઊભો થઈ જાય છે.

પરિસ્થિતિ સરળ હોય ત્યારે નહીં પણ વિકટ હોય ત્યારે વિકાસ થાય છે. આવી વિકટ પરિસ્થિતિમાં કાંઈ ન સુઝે ત્યારે એની નજર પોતાના ધર્મ તરફ વળે છે. પોતાના ધર્મમાં એ સંબંધમાં કોઈ ઉપાય છે કે નહીં એનું સંશોધન કરે છે. કહ્યું પણ છે કે 'સુખમાં સાંભરે સુંદરી દુઃખમાં સાંભરે રામ' – એ ન્યાયે પોતપોતાના ધર્મમાં ડોકિયું કરે છે. ધર્મશાસ્ત્રોનું અધ્યયન કરે છે એમાંથી જે સત્યો-તથ્યો મળે છે એનાથી એની આસ્થા, શ્રદ્ધા દઢ થાય છે. એવું જ આ વખતે થયું છે.

આ વખતે પ્રકૃતિએ પ્રાકૃતિક જીવન જીવવાનું ભૂલી ગયેલા માનવીને એની યાદ કરાવવા યાતના આપીને ફરજિયાત નિવૃત્ત કરવાનો કારસો રચ્યો છે. પણ માનવીએ એ નિવૃત્તિમાં પણ પોતાની

ધાર્મિક પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી છે. ઝૂમ મીટીંગ, યુ-ટ્યુબ વેબીનાર વગેરે દ્વારા જ્ઞાન મેળવવાનું શરૂ કરી દીધું છે. એમાંથી પ્રાપ્ત થયેલા સત્યો અને તથ્યોએ એની ધર્મ પ્રત્યેની આસ્થામાં પ્રાણ પૂર્યા છે. એના વિધિવિધાનો, અનુષ્ઠાનો પ્રત્ય આકર્ષાયો છે. એમાં ય વોટસપ પર નીચે મુજબનો સંદેશો વાંચીને એને જૈનદર્શનના સિદ્ધાંતો પ્રત્યે બહુમાન જાગ્યું છે. જે આ પ્રમાણે છે 'ભારતવર્ષમાં ૨૫૦૦ વર્ષ પૂર્વે માસ્કનો આવિષ્કાર કરવાવાળા જૈનધર્મના આ પાંચ આદર્શો પર આ સમયે પૂરી દુનિયા ચાલી રહી છે.'

(૧) મુહપતિ (Mask)

(૨) અહિંસક આહાર-શાકાહાર (Vegetarian Food)

(૩) સંઘેટા (Social Distancing)

(૪) સમ્યક્ એકાંત (Isolation)

(૫) અલગાવ (Quratine)

આ પ્રકારના સંદેશાને કારણે જૈનદર્શનનો વિશેષ અભ્યાસ કરતા ઉપરના એક એક તથ્યો પૂરાવા સહિત સિદ્ધાંતમાંથી મળતા ગયા તેમ તેમ શ્રદ્ધામાં વૃદ્ધિ થતી ગઈ. જૈન સાધુ-સાધવી ભગવંતો પાસેથી પણ ઘણું માર્ગદર્શન પ્રાપ્ત થતું ગયું.

તેમજ મુનિ. શ્રી ત્રૈલોક્યમંડનવિજયરાજીએ જૈનધર્મના પ્રાચીનતમ શાસ્ત્રોમાં શોધખોળ આદરી કે આ પ્રકારની મહામારી માટે જૈનાચાર્યોએ જરૂર કાંઈ લખ્યું હોવું જોઈએ. જૈમધર્મનો મુખ્ય ઝોક સ્વસ્થ જીવનશૈલીનો જ છે, પરંતુ જે સમાજની વચ્ચે જૈનોએ જીવવાનું છે એમાં કોઈ ગંભીર ક્ષતિથી આવી કોરાના જેવી કોઈ પરિસ્થિતિ આવી જાય તો કેવી રીતે બચવું એનો ઉલ્લેખ અવશ્ય શાસ્ત્રોમાં હોવો જ જોઈએ. જૈનધર્મમાં માનસિક કે આધ્યાત્મિક આરોગ્યની જેમ શારીરિક આરોગ્યની માહિતી હોવી જ જોઈએ તો જ એ વિશ્વધર્મનો દરજ્જો મેળવી શકે. એમની આ શ્રદ્ધાને પરિણામે એમને લગભગ ૨૪૦૦ વર્ષ પૂર્વે સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યના વખતમાં થયેલા શ્રી ભદ્રબાહુ સ્વામી રચિત 'ઓઘનિર્યુક્તિ' નામના ગ્રંથમાં આવી મહામારી વખતે શું કરવું એના અદ્ભૂત સૂચનો મળી આવ્યા.

જે સમયમાં વાઈરસ એટલે શું એની ખબર ન હોય, સૂક્ષ્મદર્શક આદિ યંત્રો ન હોય, એના ફેલાવવાની રીત, બચવાની તરકીબ વગેરેનો અભાવ હોય છતાં ભદ્રબાહુ સ્વામીએ પ્રભુ મહાવીરે પ્રરૂપેલા જ્ઞાનને આધારે શ્રમણ શ્રમણીઓને આવી મહામારીમાં સંક્રમણથી બચવા માટે જે સૂત્રો રજૂ કર્યા છે તે હમણાં WHO અને ભારતીય આરોગ્ય મંત્રાલય તરફથી ચેપનું સંક્રમણ ટાળવા અપાતા સૂચનો સાથે એટલા સુસંગત છે કે આપણે વિસ્મિત થઈને એમના જ્ઞાન પ્રત્યે નતમસ્તક થઈ જઈએ. એના કેટલા અંશો આપણે જોઈએ.

WHO અને ભા. આ. મંત્રાલયની સૂચના – આ વાઈરસનો ચેપ લાગુ પડ્યો હોય એ વ્યક્તિને અડકવું નહીં અને અડકવું જ પડે તો હાથમોજા અવશ્ય પહેરવા.

સૂત્ર – जोऽवि ते उच्चत्तेइ वा परिचत्तेइ वा सो हत्थस्स अंतरे वत्थं दाऊण तारे उव्वत्तेति वा परियत्तेइ वा।

અનુવાદ – જે પણ શ્રમણ વગેરે ગ્લાનને (ચેપી વ્યક્તિને) પડખું ફેરવવું વગેરે કામમાં સહાય કરે તેણે તે ગ્લાનને સીધો હાથ ન લગાડતા હાથમાં વસ્ત્ર વીંટાળીને પછી તેને અડકવું.

સૂચના – ચેપી વ્યક્તિને એકદમ અલગ સ્થાનમાં ક્વોરન્ટાઇન કરીને રાખવી જેથી વધુ લોકો એના સંપર્કમાં ન આવે અને ચેપ ફેલાતો અટકે.

ગ્રંથગત સૂત્ર – सो य गिलाणो यदि अत्थि अण्णा वसही तहिं ठविज्जइ असईए अ ताए चेव वसहीए एगपासे चिलिमिलि किज्जइ।

અનુવાદ – તેવી ગ્લાન વ્યક્તિને અલગ મકાનમાં રાખવી, એ ન મળે તો એક મકાનમાં પણ અલગ ઓરડામાં રાખવી અને તે પણ જો શક્ય ન થાય તો મકાનના એક ખૂણામાં પડદો કરીને તેમાં તેને રાખવી પરંતુ અન્ય વ્યક્તિ સાથે તેનો સંપર્ક બને તેટલો ઓછો રહે તેવી વ્યવસ્થા કરવી જેથી અન્ય વ્યક્તિઓ સંક્રમણનો ભોગ ન બને.

એક અવાજે મડદા બોલ્યાં 'સબ કુછ ચંગા-ચંગા'
રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.

રાજ, તમારા મસાણ ખૂટ્યા, ખૂટ્યા લક્કડભારા,
રાજ, અમારા ડાઘૂ ખૂટ્યા, ખૂટ્યા રોવણહારા,
ઘરેઘરે જઈ જમડાંટોળી કરતી નાચ કઢંગા
રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.

રાજ, તમારી ધગધગ ધૂણતી ચીમની પોરો માંગે,
રાજ, અમારી ચૂડલી ફૂટે, ધડધડ છાતી ભાંગે
બળતું જોઈ ફીડલ વગાડે 'વાહ રે બિલ્લા-રંગા'!
રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.

રાજ, તમારા દિવ્ય વસ્ત્ર ને દિવ્ય તમારી જ્યોતિ
રાજ, તમોને અસલી રૂપે આખી નગરી જોતી
હોય મરદ તે આવી બોલો 'રાજા મેરા નંગા'
રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.

– પારુલ ખખ્ખર

સરકારી સૂચના – સોશ્યલ ડિસ્ટન્સિંગ જાળવતો તો ચેપ ફેલાતો અટકાવી શકાશે.

ગ્રંથગત સૂત્રનો અનુવાદ આ પ્રમાણે છે. સાથે રહેવાથી સંક્રમણ વધુ થતું હોય તો શ્રમણોએ નાની નાની ટુકડી રચવી અને એ રીતે વિહાર વગેરે કરવું જો એનાથી પણ સંક્રમણ ન રોકી શકાય તો બધાએ એકલા થઈ જવું પણ ચેપ ફેલાતો અટકાવવો. જેમ લાકડા પણ ભેગાં હોય તો બધા બળી જાય પણ છૂટાં છૂટાં હોય તો બાળવા મુશ્કેલ હોય છે તેમ છૂટીછવાયી રહેતી વ્યક્તોઓને ચેપ લાગવાની સંભાવના તદ્દન ઘટી જાય છે. (પ્યોર સોશ્યલ ડિસ્ટન્સિંગ)

આ ઉપરાંત બીજા પણ મુદ્દાઓ પણ સરકારી સૂચના મુજબના છે જેમ કે ચેપી વ્યક્તિને ભોજન પણ દૂર ઊભા રહીને આપવું. એની સાથે બહુ વાર્તાલાપ ન કરવો. ચેપી વ્યક્તિ મૃત્યુ પામે તો તેના શરીરનો અને તેણે વાપરેલી વસ્તુઓ અન્ય વ્યક્તિઓના સંપર્કમાં ન આવે તેવી રીતે નિકાલ કરવો. ભારે રસકસવાળો આહાર ન કરવો, ક્ષાર પદાર્થો છોડવા, દશી (વસ્ત્રના છેડે લટકતા તાંતણાવાળી કિનાર) વાળુ વસ્ત્ર ન પહેરવું. ચેપી વ્યક્તિની આંખોમાં આંખ પરોવીને જોવું નહીં વગેરે.

એક નિર્દેશ એવો પણ છે કે ધાતુને ભૂલેચૂકે પણ ન અડકવું એનાથી સંક્રમણ વધે છે. ખરેખર આશ્ચર્ય થાય કે વગર સાધનોએ ધાતુ ચેપ ફેલાવવામાં મહત્વનું કારણ બની શકે છે તે કેવી રીતે સમજાયું હશે! તેમજ ચેપ ફેલાવવાના ત્રણ પ્રકાર પણ બતાવ્યા છે. (૧) સૌમ્યમુખી – જ્યાં ઉદ્ભવ્યો હોય તે પ્રદેશ પૂરતો જ ફેલાય, (૨) કૃષ્ણમુખી – જ્યાં ઉદ્ભવ્યો હોય એના આજુબાજુના થોડા પ્રદેશોમાં ફેલાય, (૩) રક્તાક્ષી દેવતા – જ્યાં ઉદ્ભવ્યો હોય એનાથી દૂર-સુદૂરના પ્રદેશોમાં ફેલાઈ જાય. ચેપનો જેવો પ્રકાર હોય તે પ્રમાણે ચેપ ન હોય તેવા દૂર-સુદૂરના પ્રદેશોમાં ચાલ્યા જવું. તેમાં પણ ચેપવાળો પ્રદેશ પસાર કર્યા પછી પણ ચેપરહિત પ્રદેશોમાં થોડું વધારે અંતર પસાર કરીને સ્થિરતા કરવી તેથી ચેપરહિત પ્રદેશોમાં પણ ચેપ ફેલાવવાની શરૂઆત થાય તો બચવાનો સમય મળી રહે. (આ રીતે સ્થાન પરિવર્તન કરતી વખતે એ ખાસ ધ્યાન રાખવાનું કે જે વ્યક્તિ પહેલેથી જ સંક્રમિત થઈ ચૂકી છે તેને ચેપરહિત પ્રદેશમાં નથી લઈ જવાની એ તો જ્યાં છે ત્યાં જ રહે તો અન્ય પ્રદેશોમાં ચેપ ન ફેલાય એની સાવધાની રાખવાની છે.)

એ જ રીતે માસ્ક એટલે કે મુહપતિનો ઉલ્લેખ શાસ્ત્રમાં અનેક સ્થાને પ્રાપ્ત થાય છે. જેમ કે નિશીથચૂર્ણિમાં કહ્યું છે કે ભાસણેત્તિ भासासमितिते असमिअस्स असमंजस भासमाणस्स मक्खिगातिसंपातिमाण मुहे पविसंताण वधो भवति। आदिगहणतो आउक्काय-फुसिता-सचित्त पुढवीरजो-सचित्तवातो य मुहे पविसति।

ભાવાર્થ – ભાષાસમિતિ વડે અસમિત અર્થાત્ અયોગ્ય રીતે મુરુપત્તિ વિના બોલનારના મોઢામાં માખી વગેરે સંપાતિમ જીવો પેસી જાય તો તેઓનો વધ થાય. આદિ શબ્દથી અપ્કાય, બારીક અપ્કાયના રજકણો સચિત્ત પૃથ્વીરજ અને સચિત્ત વાયુ મોઢામાં પેસી જાય છે એમ સમજવું.

મહાનિશીથની પ્રથમ ચૂલિકામાં બતાવ્યું છે કે મુહપતિ વિના ઈરિયાવહી પડિક્કમે, વંદન, પ્રતિક્રમણ કરે, બગાસું ખાય, સ્વાધ્યાય કરે કે વાચનાદિ કરે તો સર્વત્ર પુરિમરુનું પ્રાયશ્ચિત સમજવું.

ઓઘનિર્યુક્તિમાં મુહપતિને પકડવી તથા કેવી રીતે વાળવી તે બતાવ્યું છે અને બીજી ગાથામાં ખાસ લખ્યું છે કે મુહપતિ હંમેશા ઝીણા જંતુઓના નિવારણાર્થે તથા ત્રસરેણુની પ્રમાર્જના માટે છે. તથા નાક અને મોઢા પર રાખીને મોં ઢાંકવાથી સૂક્ષ્મ જીવો હણાય નહીં.

સારાભાઈ નવાબના ચિત્રસંગ્રહના એક ફોટામાં આ. હીરવિજયસૂરિ સમ્રાટ અકબરને ઉપદેશ આપે છે જેમાં એમના મોઢા પર મુહપતિ છે તેમજ એમનો હબીબલા સાથેનો મુહપતિ સંવાદ પ્રસિદ્ધ છે. જેમાં એ મોઢા પર કપડું કેમ બાંધ્યું એમ પૂછે છે.

શિવપુરાણ અ.-૨૧ના શ્લોકમાં લખ્યું છે કે હાથમાં પાત્ર અને મુખ પર વસ્ત્રો ધારણ કરનાર અને થોડું બોલનાર જૈનધર્મના સાધુઓ હોય છે.

જ્હોન મર્ડક નામના લેખકે ૧૯૦૨માં 'જગતના ધર્મો' નામના પુસ્તકમાં ૧૨૮મા પાના પર જૈન સાધુના વર્ણનમાં લખ્યું છે કે He should wear a thin cloth over his mouth to prevent insects from flying in to it.

આમ, આ બધાથી સિદ્ધ થાય છે કે માસ્કની શોધ આજની નથી પણ જૈનધર્મમાં એ સમિતિ સાચવવા, જીવહિંસાથી બચવા અને મોમાં જીવો ન પ્રવેશે એ માટે મોઢા પર બાંધવામાં આવતું કપડું જે મુહપતિના નામથી ઓળખાય છે. આમ શાસ્ત્રમાં રહેલા શબ્દોનું યોગ્ય અર્થઘટન કરતા શીખી જવાય તો જીવનની ઘણી બધી સમસ્યાઓનો અંત આવી જાય. ૨૫૦૦ વર્ષ પૂર્વે ભગવાન મહાવીરે એમના જ્ઞાન દ્વારા જે પ્રરૂપણા કરી છે એ કેટલી વૈજ્ઞાનિક છે એની પ્રતીતિ થતાં જ ધર્મ પ્રત્યેની આસ્થામાં વૃદ્ધિ થાય છે.

જોકે હજારો પુસ્તકો ન સમજાવી શકે એવી સ્વસ્થ જીવનશૈલીની જરૂરિયાત અને આત્મલક્ષી જીવનની આવશ્યકતા કોરોનાએ બરાબર સમજાવીને ધર્મ તરફ વાળી દીધા છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૦ ૫૦૫૨૭

અમ્માની પ્રેમાળ કિસ

ડૉ. મહેબૂબ દેસાઈ

છેલ્લા પાંચેક દિવસથી અસ્વસ્થતા અનુભવી રહ્યો હતો. શરદી, તાવ, કળતર જેવા ચિન્હો શરીરમાં ઉભરાવા લાગ્યા હતા. વાઈરલ ઇન્ફ્લેક્શન માની નજીકના એક દાકતર પાસેથી સાધારણ દવા લઈ આવ્યો. પણ કંઈ ઝાઝો ફેર ન પડ્યો. સ્થિતિ દિનપ્રતિદિન બગડતી ચાલી. અંતે મેં મારા ફેમીલી દાકતર સબ્બીર ગડીને ફોન કર્યો. તેમણે મને તુરત આવી જવા કહ્યું. અસ્વસ્થ શરીરે ગાડી ડ્રાઈવ કરી હું અને મારી પત્ની સાબેરા દાકતરના દવાખાને પહોંચ્યા. આજકાલ કોરોનાને કારણે દવાખાનાઓ ઉભરાવા લાગ્યા છે. લગભગ અડધા કલાક પછી અમારો વારો આવ્યો. દાકતર સબ્બીર યુવાન છે. પણ ખાસ્સા અનુભવી છે. તેમના નિદાનમાં હંમેશા વજૂદ હોય છે. મારું. બી.પી. અને પલ્સ ચેક કરી તેમણે મને દવાઓ લખી આપતા કહ્યું,

‘‘દેસાઈ સાહેબ, તમારું સંપૂર્ણ ચેક અપ કરાવી લો. મને કોરોનાનો ડર છે.’’

તેમનું વિધાન સાંભળી હું અને સાબેરા ભયભીત થયા. પણ તેમણે સાંત્વન આપતા કહ્યું,

‘‘ચિંતા કરવાની જરૂર નથી. પણ ચેકઅપ કરાવી લો તો સારું.’’

હું અને સાબેરા દવાનું પ્રિસ્ક્રીશન લઈ બહાર આવ્યા. અને ત્યાંથી સિધ્ધાં ચેક અપ કરાવવા લેબોરેટરીસમાં પહોંચ્યા. કોરોનાને કારણે ત્યાં પણ ભીડનો માહોલ હતો. સંપૂર્ણ ચેક અપ કરાવતા અમને એકાદ કલાક લાગ્યો. પછી રીપોર્ટની રાહમાં બીજો અડધો કલાક ઇન્તઝાર કર્યો. બધા રીપોર્ટ હાથમાં આવી ગયા. તેમાં કોરોના પોઝિટિવ જોઈ મારી અને સાબેરાની ચિતા વધી ગઈ. લગભગ ૨૮ જેટલું કોરોનાનું પ્રમાણ હતું.

ડૉ. સબ્બીરભાઈનો સંપર્ક કર્યો. પણ તેમણે તો સ્વસ્થ સ્વરે એટલું જ કહ્યું,

‘‘ચિંતા ન કરો મેં જે દવા લખી આપી છે તે નિયમિત પાંચ દિવસ લો. પાંચ દિવસ પછી મને બતાવી જશો. સંપૂર્ણ કોરોનટાઈન પાળશો. રૂમમાંથી બિલકુલ બહાર ન નીકળશો. અન્યને પણ તમારા રૂમમાં પ્રવેશવા ન દેશો. અને શ્વાસ લેવામાં તકલીફ પડે તો મને તુરત ફોન કરશો.’’

આવા સંજોગોમાં હંમેશા સેકંડ ઓપીનીઅન લેવાનો મારો સ્વભાવ છે. મારા પરમ મિત્રોમાંના એક છે ડૉ. મુસ્તાક કુરેશી. તેમની સાથેનો મારો નાતો ટૂંકો છે. પણ થોડા સમયમાં અમારી ઘનિષ્ટતા આત્મીય બની ગઈ છે. વલસાડ પાસે પારડી હાઈવે પર તેમની પ્રતિષ્ઠિત પારડી હૉસ્પિટલ છે. અનેક કોરોનગ્રસ્ત દર્દીઓની સારવાર તેઓ કરી ચૂક્યા છે. એટલે મેં વોટ્સએપ પર તેમને મારો રીપોર્ટ મોકલ્યો. અને તેમનો તુરત ફોન આવ્યો.

‘‘મહેબૂબભાઈ, કોરોના પોઝિટિવ છે. હવે જરા પણ વિચાર કર્યા વગર હું ગાડી મોકલું છું. આપ મારી ઈસ્પતાલે આવી જાવ. અહિયાં તમારી બધી તકેદારી લેવાશે. આપે એક પણ પૈસો ખર્ચવાનો નથી. બધું થઈ પડશે.’’

તેમની લાગણીએ મને ભીંજવી નાખ્યો. પણ વલસાડ ઈસ્પિતાલમાં દાખલ થવું મારા માટે શક્ય ન હતું. સામાજિક અને વ્યવસાયિક સબંધોને છેક વલસાડ સુધી ખેંચાવું પડે. વળી, સાબેરાને પણ મારી સાથે વલસાડમાં રહેવું પડે. એટલે મેં કુરેશી સાહેબને કહ્યું,

‘‘આભાર કુરેશી સાહેબ, હું આ અંગે વિચારીને આપને જણાવીશ.’’

અને અંતે મેં અમદાવાદમાં જ ડૉ. સબ્બીરભાઈ ગડીના માર્ગદર્શન તળે સારવાર લેવાનું નક્કી કર્યું.

જો કે સબ્બીરભાઈની પાંચ દિવસની શારીરિક અને માનસિક કેદના વિચારે મને પ્રથમ ધ્રુજાવી મુક્યો. ઘરમાં પગવાળીને બેસવાની જેને ટેવ ન હોય તેવા જીવને આ રીતે રૂમમાં કેદ રહેવું કેમ ગમે? પણ હવે તો બીજો કોઈ વિકલ્પ જ ન હતો. ઘરે આવી મેં મારા બેડ રૂમમાં પ્રવેશ કર્યો. આજે તો સ્માર્ટ ફોન જેમ આપણા ઘરોના બેડરૂમ પણ સ્માર્ટ થઈ ગયા છે. સ્માર્ટ ટીવી, અનલિમિટેડ ઈન્ટરનેટ, લેપટોપ, પ્રિન્ટર, પુસ્તકો અને ઓડિયો સિસ્ટમથી સજ્જ મારો બેડ આજે મને કોઈ આધુનિક પ્રાશ્ચાત્ય જેલ જેવો લાગ્યો. પણ કોરોનાનો ભય મારા મનમાં એવો પ્રસરી ગયો હતો. કે આવી જેલમાં રહેવા મેં મનને મનાવી લીધું.

પાંચ દિવસ નિયમિત દવાઓનું સેવન અને શક્તિવર્ધક ટેબ્લેટ અને ભોજનની તકેદારી રાખવામાં સાબેરાએ કાફી તકેદારી રાખી. આમ તો દવાઓની અસરને કારણે રાત્રે નિયમિત મારી આંખ સવેળા લાગી જતી. અને સવારે મોડે સુધી સૂઈ રહેવાનું બનતું. આવા જેલના માહોલમાં મેં ચાર દિવસ તો કાઢી નાખ્યા. શરીરમાંથી

તાવે વિદાય લીધી હતી. કળતર પણ હવે રહ્યું ન હતું. શરદી અને ખાંસી હતા જ નહીં. દિવસમાં ચાર પાંચવાર ઓક્સીમીટર દ્વારા શરીરના ઓક્સિજનને માપી લેતો. ધીમે ધીમે ઓક્સીમીટરમાં ૯૬,૯૭,૯૮ જેવા નોર્મલ આંકડાઓ દેખાવા માંડ્યા. પણ છતાં મારા મનમાં કોરોનાનો ભય હજુ યથાવત હતો. જીવન મરણ વચ્ચે ઝોલા ખાતો હોવાનો સતત ભય મને રહ્યા કરતો.

એ ચોથા દિવસની રાત હતી. સાબેરાએ રાત્રે આઠેક વાગ્યે મારા રૂમનો દરવાજો ખખડાવ્યો. અને મને ભોજનની થાળી આપી. મેં તે લઈ ભોજન આરંભ્યું. ભોજન પૂર્ણ કરી રાત્રિની બધી દવાઓ લીધી. ગરમ હળદર અને મીઠું નાખેલ દૂધ પીધું. અને ટીવી ચાલુ કરી મેં મારા બેડ પર લંબાવ્યું. ક્યારે મારી આંખ લાગી ગઈ તેની મને ખબર નથી. અનાયાસે મારા પલંગ પર મને હૂંફનો અહેસાસ થયો. જાણે કોઈ મારા માથે હાથ ન ફેરવી રહ્યું હોય? મેં આંખો ખોલીને જોયું તો અમ્મા મારી બાજુમાં સૂતા હતા. અમ્માના અવસાનને ૧૬ વર્ષ થયા પછી આજે પ્રથમવાર અમ્માનો રૂપાળો ચહેરો મારી આંખો સામે હતો. તેમની પ્રેમાળ આંખો મને તાકી રહી હતી. અને મારા માથે તેમનો સુવાળો હાથ ફરી રહ્યો હતો. મેં કંઈ પણ વિચાર કર્યા વગર તેમનો હાથ પકડી લીધો અને કહ્યું,

''અમ્મા, મને તમારા ગાલ પર કિસ કરવા દો. તમારા ગાલની હૂંફાળી કિસ મને જીવતદાન આપશે.''

અને અમ્માના ચહેરા પર સ્મિત પ્રસરી ગયું. જાણે કહેતા ન હોય, અરે બેટા, મને કિસ કરવા તારે પૂછવાનું હોય? અને મેં અમ્માના ગાલ પર જીવતદાનના મોહમાં બે વાર કિસ કરી. ત્યારે અમ્મા બોલી ઉઠ્યા,

''બેટા મુન્ના, હવે તું નિરાતે સૂઈ જા. તને કંઈ જ નહિ થાય.''

અને અચાનક અમ્માની હુંફ હવામાં ઓગળી ગઈ.

સવારે મોડે સુધી હું સૂતો રહ્યો. સાબેરાએ મારા રૂમનો દરવાજો ખખડવ્યો. મેં જોયું તો રૂમના દરવાજે તે મને પૂછી રહી હતી,

''આજે કેમ છે? ચા લાવું?''

મેં સાબેરાને સપનામાં અમ્માને કરેલ બે કિસની વાત કરી. સાબેરા બોલી ઉઠી,

''હવે કોરોના તો શું કોઈ તમારું કશું બગાડી નહિ શકે.''

એ દિવસ ટ્રીટમેન્ટનો પાંચમો દિવસ હતો. ડૉ. સબ્બીરભાઈ પાસે ચેકઅપ માટે જવાનું હતું. સવારે સાડા દસ વાગ્યે ખુદ ગાડી ડ્રાઈવ કરી હું ડૉક્ટરના ત્યાં પહોંચ્યો. તેમણે બીપી અને પલ્સ ચેક કરી. પછી બોલ્યા,

''આમ તો બધું નોર્મલ લાગે છે. એટલે દવાની જરૂર નથી. છતાં ચેકઅપ કરાવી લઈએ. પણ હજુ દસ દિવસ કોરોનટાઈનમાં તમારે રહેવું પડશે.''

સબ્બીરભાઈની વાત સ્વીકારી હું સિધ્ધો લેબોરેટરી પર ગયો. અને બધા રીપોર્ટ કઢાવ્યા. લગભગ અડધી કલાક પછી રીપોર્ટ મને મોબાઈલ પર મળ્યા. મે એ ડૉ. સબ્બીરભાઈને ફોરવર્ડ કર્યા. તેમનો તુરત જવાબ આવ્યો. ''નોર્મલ.''

એ ''નોર્મલ'' શબ્દએ મારી આંખો ભીંજવી નાખી.

આજે કોરોનટાઈનનો ચૌદમો દિવસ છે. રોજ રાત્રે અમ્માને મળવાની ચાહમાં સુવું છું. પણ અમ્મા જીવતદાનની બે કિસ આપી ગયા તે ગયા, હજુ સુધી પાછા આવ્યા નથી. પણ તેમના પ્રેમાળ શબ્દો, ''બેટા મુન્ના, હવે તું નિરાતે સૂઈ જા. તને કંઈ જ નહિ થાય.''

આજે પણ મારા રૂમમાં પડઘા પાડી રહ્યા છે.

(લખ્યા તારીખ : ૨૦.૧૨.૨૦)

✦ ✦ ✦

સંપર્ક : ૦૯૨૫૧ ૧૪૮૪૮

૨૪૦૦ વર્ષ પૂર્વેના ઓઘનિર્યુક્તિ નામના જૈનગ્રંથમાં કોરોનાના સંરક્ષણના ઉપાયો

મુનિશ્રી રાજસુંદરવિજયજી

કોરોના મહામારીએ પોતાના દુષ્પ્રભાવનો પંજો સમસ્ત વિશ્વ ઉપર ફેલાવ્યો છે ત્યારે who દ્વારા અનેક વૈજ્ઞાનિક સાધનોના આલંબને સુદીર્ઘ અભ્યાસ પછી જે સૂચનો અપાયા છે. તેવા જ સૂચનો આજથી ૨૪૦૦ વર્ષ પૂર્વે સમ્રાટ ચંદ્રગુપ્તમૌર્યના સમયમાં થયેલા મહાન જૈનાચાર્ય **શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ ઓઘનિર્યુક્તિ** નામના જૈનગ્રંથમાં આપેલ છે. વિદ્વદ્વલ્લભ બહુશ્રુત પૂ. **મુનિ શ્રી ત્રૈલોક્યમંડન વિજયજી** મહારાજે આ ગ્રંથનું સૂક્ષ્મતા સભર અધ્યયન કરીને 'મહારક્તાક્ષી કોરોના' શીર્ષક હેઠળ અદ્‌ભૂત લેખ લખ્યો છે. જેના અધ્યયનથી અંતર આવર્જિત થઈ જાય છે અને જૈનધર્મ પ્રત્યે અહોભાવથી નતમસ્તક થઈ જવાય છે. એક વાતનો અહીં ખાસ

ઉલ્લેખ કરવાનું મન થાય છે કે આજથી ૨૪૦૦ તો શું ૨૪ વર્ષ પૂર્વે પણ ''આવો અદશ્ય વારઈસ હોઈ શકે છે અને તે સ્પર્શથી કે હવાથી સંક્રમિત થઈને શીઘ્ર ઘાતક બની શકે છે.'' આવી વાત કોઈએ કરી હોત, તો તેને આપણે પાગલ જ કહ્યો હોત, પણ વાસ્તવિકતા સૌને ખ્યાલ જ છે. તો આટલા વર્ષો પૂર્વે આ મહાપુરુષે આવી મહામારી વખતે શ્રમણ-શ્રમણીને કેન્દ્રમાં રાખીને સૌ માટે આ નોંધ કેવી રીતે કરી હશે? એ પ્રશ્નના સમાધાનમાં તેઓના અનુપમ જ્ઞાન સિવાય બીજું તો શું કહી શકાય? આવો, તેના કેટલાંક મહત્ત્વના મુદ્દા જોઈએ. અહીં પ્રથમ who દ્વારા અપાતી સૂચના તે પછી તેને અનુરૂપ ગ્રંથમાં મળતી સમાંતર પંક્તિ અને ત્યારબાદ તેનો અનુવાદ – આ ક્રમ છે.

(૧) who : આ વાઈરસનો ચેપ જેને લાગ્યો હોય તેને અડવુ નહીં, અને અડવુ જ પડે તો હાથમાં મોજા અવશ્ય પહેરવા. **ગ્રંથ :** जोवि तं उव्वत्तेइ वा परियत्तेइ वा सो हत्थस्स अंतरे वत्थं दाऊण ताहे उव्वत्तेति वा परियत्तेइ वा। **અર્થ :** જે તેને પડખુ ફેરવવામાં સહાય કરે તેણે તેને સીધા ન અડવુ, પરંતુ હાથમાં કપડું વીંટાળીને પછી જ અડવુ.

(૨) who : તેને જો અડવુ જ પડે તો પછી હાથ સાબુ વિગેરેથી ધોવા. **ગ્રંથ :** उव्वत्तेऊण हत्थे मट्टिआए धोवइ। **અર્થ :** તેને પડખુ ફરવું વિગેરે કાર્યોમાં અડ્યા પછી હાથ માટીથી અવશ્ય ધોવા.

(૩) who : તે વ્યક્તિને અલગ સ્થાનમાં ક્વોરન્ટાઇન કરથી. જેથી વધુ લોકો સંક્રમિત ન થાય. **ગ્રંથ :** सो य गिलाणो यदि अत्थि अण्णा वसही तहिं ठविज्जइ, असईए अ ताए चेव वसहीए चिलिमिली किज्जइ। **અર્થ :** તે ગ્લાન-બિમાર વ્યક્તિને જો અલગ મકાન મળે તો તેમાં જ રાખવી. ન જ મળે તો મકાનનાં જ અલગ ઓરડામાં રાખવી, અને તે પણ શક્ય ન હોય તો તે જ મકાનમાં એક પડદો કરીને તેમાં રાખવી. જેથી સંપર્ક ઘટે અને સંક્રમણ પણ ઓછું થાય.

(૪) who : તે જે વસ્તુને અડે તેને અન્યએ ન અડવુ. **ગ્રંથ :** बारं दुहा किज्जइ, जेण गिलाणो निक्खमति वा पविसति वा तेण अण्णे साहुणो ण निग्गच्छंति। **અર્થ :** તેના દ્વારા અડેલી કોઈ પણ વસ્તુ અડવી નહીં. શરીરચિંતાદિ કાર્યો માટે જે દ્વારથી તે અવર-જવર કરે તે દ્વારથી અન્યએ અવર-જવર પણ ન કરવી.

(૫) who : તેની પાસે સ્વસ્થ વ્યક્તિએ વધુ ન રહેવું. **ગ્રંથ :** जो संजतो असिवेण गहिओ होज्जा, तस्स दूरट्ठियस्य भत्तं तिपरंपरेण दिज्जइ... अवधूतम्-अवज्ञातं, जहा अवधूता नासति... उद्वर्तन-ऊर्ध्वं वर्तनं यदसावुद्वर्त्यते निर्लेपनं यदसौ निर्लेप: क्रियते, उपलक्षणं चैतत् तस्य सकाशे न स्थातव्यं दिवारात्रौ वा। **અર્થ :** તેને ભોજન દૂરથી આપવું. બહુ વાર્તાલાપ ન કરવો. પડખુ ફરવામાં કે શરીરની સફાઈ કરવી પડે તો એ પૂરતુ જ નજીક જવું. અર્થાત્ બને તેટલા દૂર રહેવું.

(૬) who : જે શારીરિક અને માનસિક સક્ષમ હોય તેને જ તેની સારવાર કરવા દેવી **ગ્રંથ :** जो य बीहिज्जा सो तत्थायरिएण न भणियव्वो जहा अज्जो तुमं वसाहि त्ति। जो धम्मसद्धिओ साहू सो अप्पणा चेव भणइ-अहं वसामि। **અર્થ :** તેની સેવા કરતા જે સાધુ ડરે તેને આચાર્યએ તેની સેવાની આજ્ઞા ના કરવી. જે ધર્મમાં શ્રદ્ધાવાળો હોય-જાત પર ભરોસો હોય તે સામેથી વિનંતી કરે કે હું સેવા કરીશ. ભયના કારણે સામર્થ્ય ઘટવાથી ચેપની સંભાવના વધી જાય છે.

(૭) who : તે મૃત્યુ પામે તો તેના શરીરનો અને તેણે વાપરેલી વસ્તુનો અન્યનો સંપર્ક ના થાય તે રીતે નિકાલ કરવો. **ગ્રંથ :** मृते तस्मिन् को विधिरित्याह - 'विवेग' विवेचनं विवेक:, 'विचिर् पृथग्भावे' परित्याग इति यावत्, कस्यासाविति तदुपकरणस्य। **અર્થ :** તે મૃત્યુ પામે તો તેના શરીરની જેમ તેના ઉપકરણો પરઠવી દેવા. કોઈએ પણ તે ઉપકરણોનો ઉપયોગ ન કરવો.

(૮) who : ચેપી વ્યક્તિના સંપર્કથી આવેલા આહાર-પાણીથી પણ ચેપ ફેલાઈ શકે છે. તેથી તેવા આહાર-પાણી ન લેવા. **ગ્રંથ :** आणि अ कुलाणि असिवेण गहिआणि तेसु आहाराईणि न गेण्हंति। **અર્થ :** જે ઘરોમાં ચેપ લાગેલો હોય તે ઘરોના આહાર-પાણી ન લેવા. કારણ કે તેનાથી પણ સંક્રમણ વધી શકે છે.

(૯) who : વાઈરસ ધાતુ પર લાંબા સમય સુધી જીવંત રહે છે. તેથી શક્ય હોય ત્યાં સુધી ધાતુનો સ્પર્શ ટાળવો. **ગ્રંથ :** इमाणि चत्तारि परिहरिअव्वाणि - विगई दसविहा वि लोणं लोहं च सदसं वत्थं च। **અર્થ :** ધાતુનો સ્પર્શ ક્યારે પણ ન કરવો. કારણ કે આનાથી પણ સંક્રમણ વધી શકે છે. (આ નિર્દેશ આપણા અંતરને આશ્ચર્યચક્તિ કરી દે તેવો છે. કારણ હજારો વર્ષો પૂર્વે વિશિષ્ટ સાધનો વિના ધાતુ ચેપ ફેલાવવામાં મહત્વનું કારણ બની શકે છે. તે કેવી રીતે સમજાયું હશે? ધાતુની સાથે સાથે ભારે રસકસવાળો આહાર-સારાપદાર્થો, દશી ધરાવતું વસ્ત્ર પણ ચેપ ફેલાવી શકે છે. તેવો પણ નિર્દેશ છે. જો કે આનું કારણ તો વિજ્ઞાન જ સમજાવી શકશે. આ સિવાય પણ એક નિર્દેશ એવો છે કે સંક્રમિત વ્યક્તિની આંખમાં આંખ પરોવીને ન જોવું. આ નિર્દેશનું કારણ પણ હજુ સૂક્ષ્મતાથી વિચારવું જોઈએ.)

(૧૦) who : સોશ્યલ ડિસ્ટન્સ જાળવવામાં આવે તો વધતા સંક્રમણને અટકાવી શકાય છે.

ग्रंथ : यद्यसौ वृन्दघातिनी ततो द्विधा भेद:, तथाऽपि न तिष्ठति त्रिधा, त्रयस्त्रयो द्वौ द्वौ एकैको यावत्तथा न घातयति। क: पुनरत्र दृष्टान्त इत्याह 'जहा अलाउवमा' अलातम् - उल्मुकमुपमानं - दृष्टान्तस्तेनोपमा, यथा हि तानि संहतानि ज्वलन्ति नान्यथा, एवं तेऽपि संहता हन्यन्ते नान्यथेति तदर्थं भेद:।

અર્થ : જો સાથે રહેવાથી સંક્રમણ વધતું હોય તો નાની નાની ટૂકડી કરવી. જો આમ કરવાથી પણ સંક્રમણને અટકાવી ન શકાય તો સૌએ એકલા થઈ જવું. અર્થાત્ કોઈ પણ રીતે સંક્રમણ અટકાવવુ. (આ નિર્દેશને સ્પષ્ટ કરવા માટે મહાપુરુષે દષ્ટાંત ખૂબ અદ્ભૂત આપ્યુ છે.) જેમ લાકડા ભેગા હોય તો એક સાથે બધાં બળી જાય છે. પણ છૂટાં છૂટાં હોય તો બધા બળી જતા નથી. તેમ પ્રત્યેક વ્યક્તિ સાથે હોય તો સંક્રમણની સંભાવના વધી જાય છે જ્યારે સૌ અલગ અલગ હોય તો ચેપ લાગવાની સંભાવના તદ્દન ઘટી જાય છે. (સોશ્યલ ડિસ્ટન્સની કેટલી અદ્ભૂત વ્યાખ્યા ઉદાહરણ સાથે અહીં બતાવવામાં આવી છે.) આ તો અલ્પ જ પાઠ બતાવ્યા. હજી પણ આવા કેટલાંય પાઠો ઓઘનિર્યુક્તિ નામના જૈન ગ્રંથમાં છે. આ વાચતા અંતરમાં આશ્ચર્યની અનુભૂતિ અવશ્ય થશે, તો સાથે સાથે જિજ્ઞાસા પણ જરૂર ઉત્પન્ન થશે કે આજે અનેક સાધનોનો ઉપયોગ કરીને – અનેકવિધ પ્રયોગો કરીને – સુદીર્ઘ અભ્યાસ પછી આજના વૈજ્ઞાનિકો આ મહામારીથી સુરક્ષિત રહેવા જે સૂચનો કરે છે. તે આજથી ૨૪૦૦ વર્ષ પૂર્વે વિશેષ સાધનો વિના જૈનાચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીજી મહારાજે કેવી રીતે કર્યા હશે?

આટલા બધા સ્પષ્ટ પાઠો આપ્યા પછી પણ હજુયે આ વાતો કપોલકલ્પિત લાગતી હોય તો આ ''ઓઘનિર્યુક્તિ'' ગ્રંથની સોફ્ટકોપી www.jainelibrary.org પર ક્રમાંક પર ઉપલબ્ધ છે. સંસ્કૃત-પ્રાકૃતભાષાના કોઈ પણ વિદ્વાન આ જોઈ શકે છે. (જોકે આ આગમગ્રંથ હોવાના કારણે જૈનપરંપરા પ્રમાણે અધિકૃત વ્યક્તિ સિવાય અન્ય વ્યક્તિઓને આ ગ્રંથના વાંચનનો હક નથી. છતાં અહીં જે શાસ્ત્રપાઠો આપ્યા છે. તે કપોલકલ્પિત નથી પરંતુ યથાર્થ છે. આ વાસ્તવિકતાનો નિર્ણય કરવા પૂરતું કોઈ પણ વ્યક્તિ તે જોઈ શકે છે.

જો કે અહીં સ્પષ્ટતા કરવાનું મન થાય છે કે આવી મહામારીનો આ ગ્રંથમાં દૈવીપ્રકોપ તરીકે ઉલ્લેખ છે. એટલે બૌદ્ધિકવર્ગ તેને કલ્પનામાત્ર માનવાની ભૂલ કરી શકે છે, પણ એવી ભૂલ કરતા પહેલા એક વાત ખાસ વિચારવા જેવી છે કે આ ગ્રંથ એ સમયમાં લખાયો છે જ્યારે વિજ્ઞાન પ્રારંભિક સ્તર ઉપર પણ નહીં હોય અને એ સમયે અદશ્ય વાઈરસની વાત કરનાર તો સર્વથા હાસ્યાસ્પદ જ ગણાત. અને આ મહાપુરુષનો આવા નિર્દેશો આપવા પાછળનો ઉદ્દેશ તો પ્રાણરક્ષાનો જ છે. તેથી લોકવ્યવહાર માટે આનો દૈવીપ્રકોપ તરીકેનો ઉલ્લેખ થયો હોય તેવી પૂરી સંભાવના છે. આપણા માટે તો તેમણે ૨૪૦૦ વર્ષ પૂર્વે વિના સાધને આવો અદ્ભૂત નિર્દેશ કર્યો તે જ મહત્ત્વની વાત છે.

લેખના અંતે સર્વપ્રથમ જિનશાસનનુ કૃતજ્ઞતા પૂર્વક સ્મરણ કરવાનું મન થાય છે કે જેમણે વિશ્વને અનુપમ દૃષ્ટિ આપી. તે પછી શ્રી ભદ્રબાહુ સ્વામીજીને પણ ભાવથી વંદન કરીએ છીએ કે જેઓએ પોતાના જ્ઞાનનો વિશ્વના ઉપકાર માટે અનુપમ ઉપયોગ કર્યો, બસ, આ લેખથી જૈનધર્મના આગમોમા કેટલું અમૃત ભર્યુ હશે. તે સહજ સમજાઈ જાય છે. અહો જિનશાસનમ્!

✦ ✦ ✦

કોરોનાકાળ અને સમાજ પર પ્રભાવ

ડૉ. અભય દોશી

ઈ. સ. ૨૦૧૯નો ડિસેમ્બર મહિનો મનુષ્યજીવન માટે કાંઈક નવી જ આપત્તિ લઈને આવ્યો હતો. ૨૦૧૯ના ડિસેમ્બરમાં સપ્તગ્રહી યુતિ અને ખગ્રાસ સૂર્યગ્રહણ થઈ રહ્યું હતું. આ ગ્રહણના પ્રભાવથી ભારત-પાકિસ્તાન કે ભારત-ચીન વચ્ચે યુદ્ધ થશે, એવી આગાહી કેટલાંક જ્યોતિષીઓ કરી રહ્યા હતા. પરંતુ આ અશુભથી અનેકગણું અશુભ પણ કેટલાંક ભવિષ્યવેતાઓ જોઈ રહ્યા હતા. ભાવિના ગર્ભમાં શું છુપાયું છે, તે જાણવું ખૂબ અઘરું હોય છે. પરંતુ કશુંક અમંગળ થવાનો અંદેશો સહુના મનમાં હતો. ત્યાં જ ચીને પોતાના વુહાનવિસ્તારમાં એક રહસ્યમય રોગચાળો ફેલાયો છે, તેની જાહેરતા કરી.

પ્રારંભે તો લાગ્યું કે, આ રોગચાળો ટૂંક સમયમાં કાબૂમાં આવી જશે. પરંતુ જાન્યુઆરીમાં તો ઈટાલી સહિત યુરોપના દેશોમાં અને અમેરિકામાં આ રોગચાળાએ દેખા દીધો. પ્રારંભે શરદી-તાવના લક્ષણો દેખાય અને ત્રણ ચાર દિવસમાં તો તમારા શ્વસનતંત્ર

પર કબજો જમાવી દે, ફેફસાંના પ્રદેશમાં ઝડપથી વૃદ્ધિ પામી તમારા શ્વાસની અવરજવરમાં મુશ્કેલી કરી દે, એવો આ ભયાનક રોગ કોરોના-વિષાણુસમુહથી ફેલાય છે, માટે તેનું 'કોરોના' એવું નામ પડ્યું, તો આ નવા રોગને 'કોવિડ-૧૯' એવું નામ પણ અપાયું.

પ્રારંભે ભારતના ગરમ હવામાનમાં આ રોગચાળો ટકી નહીં શકે, તેવું મનાઈ રહ્યું હતું. પરંતુ માર્ચમાં ભારતમાં આ રોગ ભારતમાં આવ્યો અને ખૂબ જ વ્યાપકણે ફેલાય એ પહેલાં 'લૉકડાઉન'ની જાહેરાત કરવામાં આવી. આ 'લૉકડાઉન' હોવા છતાંય સપ્ટેમ્બર સુધી આ રોગ ભારતના વિવિધ રાજ્યોમાં પોતાનો ફેલાવો વધારતો રહ્યો.

૨૦૨૦ના સપ્ટેમ્બરથી આ રોગચાળો કાંઈક કાબૂમાં આવ્યો. મનુષ્યજીવન કાંઈક પુનઃ પ્રફુલ્લિત બન્યું, બે ચાર મહિના જીવન વ્યવસ્થિત ચાલ્યું, ત્યાં તો ફરીથી ફેબ્રુઆરીથી આ રોગચાળાની બીજી લહેરે દેખા દીધી. પુનઃ માર્ચથી વિવિધ રાજ્યોના લૉકડાઉન થવા માંડ્યું. ભારતના સમગ્ર રાજ્યોમાં આ કોરાનાના બીજ પ્રાદુર્ભાવે હાહાકાર મચાવી દીધો. એપ્રિલ અને મે માસ તો ભારત માટે એવા આકરા સાબિત થયા કે, ભારતની પ્રજા ત્રાહિમામ ત્રાહિમામ થઈ ગઈ.

આ રોગ તો ભયાનક હતો જ, પરંતુ તેનો ઈલાજ પણ પ્રારંભે ડૉક્ટરો જાણતા નહોતા. આ ઈલાજના અજ્ઞાનને લીધે જાતજાતના અખતરાઓ થયા. તેને પરિણામે અનેકોને મૃત્યુને શરણ જવું પડ્યું. બીજી બાજુ, આ રોગનો ઈલાજને પરિણામે બ્લેકફંગસ, વાઇટ ફંગસ અને એથી આગળ વધી યલોફંગસ આવી, તેને પણ અનેક ગંભીર પરિણામો નીપજાવ્યા.

આપણે 'કોરોના'ની આ ભયાનક મહામારી વિશે જોયું. વિશ્વે આજ સુધીમાં અનેક મહામારીઓ જોઈ છે. પરંતુ અન્ય મહામારીઓ કરતા આ મહામારી એ રીતે વિભિન્ન છે કે, પ્રારંભથી જ આ રોગચાળો વાસ્તવિક રીતે ફેલાયો છે કે કૃત્રિમ રીતે એવી શંકા સેવવામાં આવી. આ રોગચાળાનો પ્રારંભ ચીનમાં થયો હતો અને તેનો વુહાન-વિસ્તાર વન્યપ્રાણીઓની જીવંત માર્કેટ માટે જાણીતો છે. ચીનાઓ વન્યપ્રાણી-પક્ષીઓના માંસભક્ષ્રણ માટે જાણીતા છે. માટે એવી શંકા થઈ કે, આ રોગચાળો ચામાચીડીયામાંથી મનુષ્યમાં આવ્યો છે કે લાવવામાં આવ્યો છે? ચીન બાયોલોજીકલ વેપન - જૈવિકશસ્ત્રોનું ઉત્પાદન કરવા માટે પ્રયોગ કરી રહ્યું છે, તેવી શંકા વર્ષોથી સેવાઈ રહી હતી. આ બાયોલોજીકલ વેપનના પ્રયોગો અધકચરી દશામાંથી પ્રયોગશાળામાંથી બહાર નીકળી આવ્યા કે શું એવી શંકા સેવવામાં આવે. સાથે જ દુનિયાના કેટલાંક શ્રીમંતો આ વિશ્વ પર પોતાનું પ્રભુત્વ જમાવવા ભાત-ભાતના અખતરાઓ કરે છે. તેમ જ તેઓ વિશ્વની વસ્તીને નિયંત્રિત કરવા માંગે છે, આવા આક્ષેપો પણ થયા.

આ આક્ષેપો અને પ્રતિઆક્ષેપોની વચ્ચે સર્વપ્રથમ રાજકીય સંબંધોનાં તાણ પેદા થઈ. ચીન અને અમેરિકા આર્થિક સ્પર્ધાના આકરા માહોલમાં જીવી રહ્યા હતા. તેમાં પરસ્પર રાજકીય આક્ષેપોનો આકરો દોર ચાલુ થયો. આ આક્ષેપોની વચ્ચે વિશ્વમાં 'લૉકડાઉન'નો જે દોર ચાલુ થયો, તેને મનુષ્યજાતિને આર્થિક, સામાજિક અને ભાવનાત્મક સ્તરે ઠેર ઠેર ઠેસ પહોંચાડી.

સર્વપ્રથમ મનુષ્યને ઘરમાં જ રહેવાનો, બીજાથી સામાજિક અંતર રાખવાનો જે આદેશ અપાયો, એને લીધે બૌદ્ધિક વર્ગે તો Work from home કરવા દ્વારા પોતાના અર્થતંત્રનું કાંઈક રક્ષણ કર્યું. પરંતુ, વ્યાપક મજૂરવર્ગને રોજી-રોટીની ખૂબ મોટી સમસ્યા ઉદ્ભવી. ભારત જેવા દેશનાં હજારો મજૂરોએ સ્થળાંતરણ કર્યું. આવશ્યક આયોજન વગરના આ લૉકડાઉનને કારણે હજારો મજૂરો પગપાળ પોતાના વતન પહોંચવાની દોડધામમાં અનેક ઉપાધિઓમાં ફસાયા. કેટલાંક થાક-ભૂખની પીડાઈને મરણ-શરણ થયા, તો કેટલાંય માંડમાંડ જીવન ટકાવી શક્યા. આવા સમયે કેટલાંય મનુષ્યોમાં માનવતાની સરવાણી વહી, ધનધર્મનો પ્રવાહ વહ્યો. જે શ્રમજીવીઓ વિસ્તાર છોડીને નહોતા ગયા, એ વિસ્તારમાં પણ આવશ્યક વસ્તુઓનો અભાવ, કાલે શું થશે એની અપાર ચિંતાથી આ વર્ગ ઘેરાયો.

શ્રમજીવી વર્ગની તો ભયાનક દુર્દશા થઈ, તો મધ્યમવર્ગની પણ આકરી દશા બેઠી. નાનકડા ઘરોમાં Work from home અને online Eduction કેવી રીતે પાર પાડવું, તે ખૂબ જ મુશ્કેલીભર્યું રહ્યું. ક્યાંક નોકરીઓ ગઈ, તો ક્યાંક પગાર અડધો થયો એની વચ્ચે કુટુંબની કોઈ એકાદી વ્યક્તિ પણ કોરોનાગ્રસ્ત થાય, તો સારવારના લાંબા બિલ કેમ ચૂકવવા એ પણ મોટી મુશ્કેલી થઈ. આવા સમયે નમ્રમુનિ પ્રેરિત પાવનધામ અને વિવિધ સંસ્થાઓ, ભિનમાલ જૈનમંડળ આદિએ સેવાધર્મ નિભાવી નોંધપાત્ર કાર્ય કર્યું. એમ છતાં, આ મહામારીએ મધ્યવર્ગના અનેક સ્વપ્નો નષ્ટ કર્યા તેમ જ ઘરની ચાર દિવાલો વચ્ચે અનેક સંઘર્ષો પણ પેદા કર્યા.

સામાજિક જીવનમાં પણ કોરાના બહુ મોટા પરિવર્તનો લઈને આવ્યું. લોકોને એકબીજાને મળવાનું દુર્લભ થયું. ફોન દ્વારા જ વાર્તાલાપ શક્ય બન્યો. આથી સંયુક્તા કુટુંબમાંથી વિભક્ત થયેલા અને વારે-તહેવારે મળતા કુટુંબીઓને એક-બીજા સાથે મળવું દોહ્યલું

થયું. મિત્રોની સાથે બેસીને ડાયરો જમાવવાનું, તો જાણે, યુગો પહેલાની ઘટના બની ગઈ. લગ્નોત્સુક યુવક-યુવતીઓની મીટીંગ કેમ યોજવી, એ જ અતિશય કઠિન થયું. નિર્ધારિત લગ્નો પાછા ઠેલાયા, તો સાવ મર્યાદિત હાજરીમાં થયા. કેટરિંગ, સાજ-સજ્જા અને સજાવટના વ્યવસાય પર મોટો ફટકો પડ્યો. પ્રવાસો બંધ થવાથી Travelling Industryના અસ્તિત્વ પર અનેક પ્રશ્નાર્થો આવી ગયા. ઘરની ચાર દિવાલો વચ્ચે રહેવાથી, ક્યાંક એવું પણ બન્યું કે, જે કુટુંબીઓ સાથે વાર્તાલાપ કરવાનો સમય મળતો નહોતો, તે કુટુંબીઓ સાથે દિલભરીને વાર્તાલાપ થયો. પરસ્પર લાગણીના સંબંધો વધુ દૃઢ બન્યા. આને કોરોનાની વિધેયાત્મક (Positive) અસર કહી શકાય. પરંતુ આવા અપવાદોને છોડી, મોટેભાગે રોગના ફેલાવાની તાણથી મોટાભાગના લોકોએ સામાજિક, ભાવનાત્મક નુકશાનની અસર અનુભવી.

આ રોગચાળામાં સમય પસાર કરવા સામાજિક માધ્યમો (ફેસબુક, વોટ્સએપ આદિ)નો ઉપયોગ ખૂબ વધ્યો. પરસ્પર મનોરંજન કરવા, સમય પસાર કરવા લોકોએ પોતાની સર્જનાત્મક્તાનો વિનિયોગ કરવા લાગ્યા. કોઈકે ખરું જ કહ્યું છે, ''આ લૉકડાઉને દેશને અનેક કવિઓ, ગાયકો અને રસોઈયાઓની ભેટ આપી છે.'' ઘરમાં બાઈઓની અવરજવર બંધ હતી, માટે પુરુષવર્ગે રસોઈ અને ઘરકામમાં સહકાર આપવું અનિવાર્ય થયું. જેને પરિણામે પુરુષવર્ગ કેટલાંક નવા કાર્યો કરતા થયા, અથવા શીખ્યા એ પણ આપણા સામાજિક જીવનમાં નોંધપાત્ર પરિવર્તન ગણાવી શકાય.

ધાર્મિક ક્ષેત્રે પણ કોરોના વ્યાપક પરિવર્તન લાવનારો બન્યો. મંદિર, મસ્જિદ, દેરાસરો બંધ હોવાથી લોકોએ ઘરેથી જ પ્રાર્થના કરી. કેટલાંક જૈનોએ દેરાસરમાંથી પ્રતિમાજી ઘરે પધરાવી પોતાની પૂજાના નિયમોને અખંડ રાખ્યા. તો કેટલાંકે આ ઘરે પધરાયેલા પ્રભુજીનું નિમિત્ત પામી કાયમી - ઘરદેરાસરની સ્થાપના કરી. સાધુ-સાધ્વીઓના પ્રવચનો બંધ રહ્યા, તો કેટલાંકે ઑનલાઈન પ્રવચન-શૃંખલાઓ ચલાવી. કેટલાંક સાધુઓએ ઑનલાઈન પ્રવચનો આપ્યા, તો ઈલેક્ટ્રોનિક માધ્યમોના વધતો ઉપયોગ સાધુસંસ્થા માટે હિતકારક નથી, એવા મંતવ્યો પણ આવ્યા. પર્યુષણ અને આયંબિલની ઓળી, દીવાળી જેવા પર્વના વ્યાખ્યાનો શ્રાવકો પોતે જ વાંચી શકે એ માટે આચાર્યદેવશ્રી કીર્તિયશસૂરીશ્વરજી મ.સા. અજીતશેખરસૂરીશ્વરજી મ.સા., રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા. આદિ અનેકોના પ્રકાશનો આવ્યા. અનેક વિદ્વાન શ્રાવકોના પણ ઑનલાઈન પ્રવચનો આવ્યા. આ બધા પ્રયત્નો છતાં નિયમિત પૂજા સેવા-ઉપાસના કરનારા અનેક શ્રાવકોના જીવનનાં આ કોરોનાને લીધે તેમની નિયમિતતાનાં – સ્વાભાવિક ગતિનાં ભંગ આવ્યો અને જીવન અસ્તવ્યસ્ત થયું. સાધુ-સાધ્વીઓના વિહારો અટક્યા અને દીક્ષા-પ્રતિષ્ઠાદિ-પ્રસંગો મુલત્વી રહ્યા અથવા મર્યાદિત સંખ્યામાં પાર પડ્યા. આમ, આપણા ધાર્મિક જીવન પર પણ કોરોનાએ મોટો પ્રભાવ પડ્યો છે. જેમ બારવર્ષીય દુકાળોએ કેટલાંક અપવાદોને જીવનનો ભાગ બનાવી દીધા હતા, એમ કોરોનાએ પણ ધાર્મિક જીવનમાં કેટલાંક અપવાદોને સહજ બનાવ્યા છે, પરંતુ તે અપવાદો દૂર થાય અને નિર્મળ ધાર્મિક-જીવન સહજ બનાવે એવી પ્રાર્થના. આ કોરોનામાં અનેક સાધુ-સાધ્વીઓ કાળધર્મ પામ્યા, તે ખૂબ જ દુ:ખદ રહ્યું.

ધાર્મિક જીવનમાં જેમ અપવાદોનું સેવન થયું છે, તો શિક્ષણના ક્ષેત્રમાં તો અપવાદ જ ઉત્સર્ગ બની ગયો. ૨૦૧૯ સુધી વિદ્યાર્થીને મોબાઈલ ન આપવાનું કહેવાતું, ૨૦૨૦માં કહેવાયું કે મોબાઈલ લઈને ભણવા બેસ. ઑનલાઈન-અભ્યાસને લીધે કમ્પ્યુટર અને મોબાઈલનો અતિઉપયોગ એક વરવી વાસ્તવિક્તા બન્યો. વિદ્યાર્થીઓની કુમળી આંખોની પરવા કર્યા વગર દિવસના ચાર-પાંચ કલાક ઑનલાઈન રહેવાનું આવશ્યક બન્યું. જે વિદ્યાર્થીઓ અને શિક્ષકો બન્ને માટે ખૂબ કપરું બન્યું. પરીક્ષાઓ લેવાનું શક્ય ન બનવાથી 'માસપ્રમોશન' અથવા નામમાત્રની online exam ખૂબ વ્યાપક બની. આના પરિણામે ભવિષ્યમાં શું થશે એની સંભાવના માટેનો એક નાનકડો કાલ્પનિક પ્રસંગ જોઈએ. વિજ્ઞાનના એક વિદ્યાર્થીને પૂછવામાં આવ્યું કે તમે 'Second Law of Newton' વિશે જાણો છો? ત્યારે વિદ્યાર્થીએ કહ્યું, 'હું તો વિજ્ઞાનનો વિદ્યાર્થી છું, કાયદાનો નહીં.' માસપ્રમોશનને લીધે વિદ્યાર્થી ન્યુટન જેવા વિજ્ઞાનના પાયાના સિદ્ધાંતના જ્ઞાન વગર આગળ વધે છે, તો દેશને પ્રાપ્ત થનાર ડૉ. એન્જિનિયર, શિક્ષકો આદિ કેવી ગુણવત્તાવાળા હશે, તેનો વિચાર કોઈએ કર્યો ખરો? વિદ્યાર્થીના વર્ષ બચાવવાની માથાકુટમાં તેની આંખો, તેનું શરીર અને અંતે તો તેના જ્ઞાનને આ ઑનલાઈન પરીક્ષાઓ અને ઑનલાઈન એજ્યુકેશને કેટલું નુકશાન કર્યું તેનો અંદાજ છે ખરો?

મનુષ્યજાતિએ પર્યાવરણક્ષેત્રે જે છેલ્લા કેટલાંક વર્ષોમાં પ્રયોગ કર્યા, પ્રકૃતિનું જે નુકશાન કર્યું, તેને પરિણામે કોપાયમાન થયેલી પ્રકૃતિએ જ આ 'કોરોના વાઈરસ' જેવા રોગોને ફેલાવ્યા છે એવી એક વિચારધારા પણ વ્યાપક બની છે. સૌરાષ્ટ્રના એક પ્રકૃતિવિદે ૨૦૧૬માં ભવિષ્યવાણી કરી હતી કે જો ખેડૂતો જીનેટિકલી મોડીફાઈડ ખેતીનો ઉપયોગ ચાલુ રાખશે, તો ૨૦૨૦માં ભયાનક વાઈરસ

આવશે. જેનો ઉકેલ લાવવો મુશ્કેલ થશે. આમ, મનુષ્યજાતિએ પર્યાવરણની જે સમતુલા ગુમાવી છે, તે સમતુલા પાછી મેળવવી પડશે. વિકાસની આંધળી દોડમાં દોડતા મનુષ્યને માટે આ સમતુલાની શોધ કરવી ખૂબ કઠિન કાર્ય છે, પરંતુ મનુષ્યજાતિએ પોતાના ઉજ્જવળ ભાવિ માટે આ શોધ કરવી જ પડશે.

કોરોના-વેક્સિનેશને પણ વિશ્વભરમાં ખાસી ચર્ચા જગાવી છે. સામાન્ય રીતે કોઈ પણ રોગની રસી શોધવી, એ ખૂબ લાંબી પ્રક્રિયા હોય છે. પરંતુ વિશ્વભરમાં કોરોનાના હાહાકાર અને તેથી વધુ તેના ભયને લીધે વૈજ્ઞાનિકોએ ઝડપભેર રસીને બજારમાં મૂકી દીધી. આ રસીની ગુણવત્તા તેમ જ તેને લીધા પછી આવતા ખરાબ પ્રભાવો (side effects)ની ચર્ચા રહી. ભારત અને રશિયાએ વિકસાવેલી કો-વેક્સિન અને સ્પુતનિક નામની રસીઓ યોગ્ય ગુણવત્તા ધરાવે છે કે નહીં, કોવિશિલ્ડ લોહીની ગાંઠો જામી જાય છે, જેવી અનેક ચર્ચાઓ અને ગંભીર પરિણામો રસીકરણ સાથે સંકળાયેલા છે.

આવા સમયે પ્રથમ લૉકડાઉન અને બધા દેરાસરો-મંદિરો બંધ થયા હતા, તેવા સમયે મુનિ પ્રશમરતિવિજયજી મહારાજે રચેલું ગીતનું આ સ્મરણ આપણા હ્દયમાં ઉલ્લાસ પ્રેરે છે અને ભાવિ મધુરતાનો – પુનઃ જીવનના થનગનાટનો સંદેશ આપે છે.

આપત્તિ કે યે દિન ભી ચલે જાએંગે જરૂર,
એક દિન તેરે મંદિરમેં હમ સબ આએંગે જરૂર.
દરબારમેં જયકારા તેરા ગાએંગા જરૂર.
પ્રભુ તેરી શક્તિ હૈ અપરંપાર.

તુઝે દેખતે હી આંખસે આંસૂ બહાએંગે,
દો હાથ સે સોના રૂપા મોતી બિછાએંગે.

ખુદ નાચેંગે ઓર સારે ભક્તો કો નચાએંગે,
વિજોગ કી સારી પીડા મિટાએંગે જરૂર,
એક દિન તેરે મંદિરમેં હમ સબ આએંગે જરૂર.

આ વિશ્વરૂપી પરમાત્માનું મંદિર સૌને માટે આનંદમંગલમય બની રહે એ જ શુભપ્રાર્થના.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૯૨૦ ૭૮૨૭૮

ફરીએ તો વિસ્તરીએ–૧૩ : Corona time

વેદના, તું નેત્ર દે...

જેલમ હાર્દિક

જુઓ તો ખરાં, દોઢ વર્ષ થઈ ગયું. અકસ્માતે આવી ચડેલા બે દિવસને જ્યારે સમાચાર આવ્યા'તા કે ચીનના વુહાન શહેરમાં ન્યુમોનિયા જેવા કોઈ તાવે દેખા દીધી છે જેનું કારણ પકડી શકાયું નથી. ને મહિનામાં તો જાહેર થ્યું' કે આ કોઈ નવો જ વાયરસ આવી પડ્યો છે 'કોવિડ-૧૯'. પછી તો કોણ નથી જાણતું કે અફવાથી પણ વધુ ઝડપે ફેલાવા માંડ્યો આ કોરોના વાયરસ. પગ પેસારો કર્યો એણે ચીનની સરહદો વટાવીને વિશ્વના અનેક દેશોમાં. હજી આજની તારીખે પણ દુનિયા આખીનું મેડિકલ સાયન્સ જેનો તાગ મેળવવા મથતું હોય એવા એ વાયરસની સામે સામાન્ય લોકોનો તો ગજ જ ક્યાંથી વાગે! ધીમે-ધીમે તો કેવું બન્યું કે આ કોવિડ જેને લાગુ પડી ગ્યો' એનાં શરદી, છીંક, સ્પર્શ તો શું શ્વાસના સંપર્કથી પણ બચવું પડે! કેવું ભયાનક રૂપ ધર્યું આજ સુધી અજાણ્યા રહેલા આ વાયરસે! લોકોનાં જીવનને મંદ પાડતાં એવી તો ગતિ પકડવા માંડ્યો એ કે હોસ્પિટલો ઉભરાવા માંડી ને ટપોટપ મરવા માંડ્યાં લોકો. એક પછી એક. એવું લાગે જાણે સફાયો ન આદર્યો હોય એણે માનવજાતનો!

ન્યુઝીલેન્ડને ઑસ્ટ્રેલિયા જેવા દેશો, મૂળે ટાપુઓને એ કરતાંય સધ્ધર ટાપુઓ હોવાને લીધે ઘણું ખરું દૂર રાખી શક્યા આ વાયરસને. સિડનીમાં હોવાને લીદે હુંય. પણ તમે બધાંએ તો આ આતંકને નજીકથી જોયો, આવતો. ચોમેર ફેલાતો. અનુભવ્યો ક્યારેક ભય સ્વરૂપે તો ક્યારેક કોઈને ગુમાવ્યાની પીડા સ્વરૂપે. એક પ્રામાણિક કબૂલાત કરું તો મેં એને પહેલાં તો સાંભળ્યો માત્ર એક સમાચાર સ્વરૂપે. પછી એને લોકોને ઝપટમાં લેતો જોયો એક માનવસંહારકના રૂપમાં, ને સ્થતિ ધાર્યા કરતાં જુદી છે એવો અહેસાસ થ્યો'. ઘણું ખરાબ લાગે છે તમને કહેતાં, પણ ખરી ગંભીરતા તો ત્યારે સમજાઈ જ્યારે એકવાર ટીવી પર જોઈ નજર પહોંચે ત્યાં સુધી ભડભડતી ચિતાઓ! લખલખું પસાર થઈ ગ્યું' શરીરમાંથી. કતીલ શિફાઈની પ્રાર્થના ધસી આવી મનમાં;

या धरती के ज़ख्मों पर मरहम रख दे,
या मेरा दिल पथ्थर कर दे, या अल्ला.

આંખ જ મીંચાઈ ગઈ. વધુ જોવાની તાકાત ક્યાંથી કાઢવી! પણ એમ બારણાં દીધે જમદૂત જાતા હોત તો જોઈતું જ શું હતું! મારાં કુટુંબના બારણેય એણે ટકોરા માર્યા, ને નીકળી ગ્યો' કેટલાંકને લઈને! મેં તો આંખો મીંચી દીધી'તી બિલાડીની જેમ, પણ શું એમ જ ખુલી જતી હશે આંખ ને શરૂ થતો હશે કોઈ અણધાર્યો પ્રવાસ; જનારનો શરીરની બહારનો ને આપણો અંદરનો? શું એને જ કહે છે આપણા સિતાંશુ યશશ્ચંદ્ર કે,

'વેદના, તું અંધ ના કર; વેદના, તું નેત્ર દે.
તું ન કારાગાર થા, થા એક અણધાર્યો પ્રવાસ,
ક્યાં જવું, ક્યાં થઈ જવું, કે કઈ રીતે-નક્કી ન ખાસ.'

તમારા બધાં માટે તો આ સ્થિતિ એના શાબ્દિક અર્થમાં પણ કારાગાર જ ને! હરવા, ફરવા કે કમાવા માટે દુનિયાને માથે લેતા ભારતીયોને એમાંય ગુજરાતીઓ માટે તો પૂરાઈને બેસવું કેટલું અઘરું થઈ પડે, એ રોજ એકવાર બહાર ન નીકળું તોય ચેન ન પડે એવી મને થોડું સમજાવવું પડે! પાછું તમારું આ પૂરાવું તો કેટલું પીડાભર્યું! પણ બહારની દુનિયા તરફ આ રીતે બંધ થયેલાં બારણાંએ કેટકેટલું ઉઘાડી દીધું હશે ને તમારી અંદર? અબ્બાસ તાબિશ કહે છે ને કે,

क्या ज़रूरी है कि बाहर ही नुमू हो मेरी,
मेरा खिलना मिरे अंदर भी तो हो सकता है.

બહાર ચાલી રહેલાં તાંડવ વચ્ચે પણ મન સ્થિર રહે એ માટે નવું નવું જોવું, વાંચવું, સાંભળવું, રમવું, ગાવું. અરે, ક્યારેક તો જૂનું-જૂનું તાજું કરવું ને સાથે પોતેય તાજાં થતાં જવું. લાંબા સમયથી રૂબરૂ ન મળી શક્યાં હોય એવાં પોતાનાંઓને, થેંક્સ ટુ ઈન્ટરનેટ, લાંબા સમય સુધી મળી શક્યા જેવો આનંદ મેળવવો. બહાર જેવું ઘરમાં રાંધીને, સાફ-સફાઈ કરીને ક્યારેક વિસરાઈ ગયેલી વિરાસત પાછી મેળવ્યાનો સંતોષ મેળવવો, ને સામાન્ય સંજોગોમાં નાની લાગતી આ બધી ઘટનાઓની મોટી ખુશી માણવી.

તમને કદાચ વધુ પડતું લાગે, પણ મને તો થાય કે આ અતિ મુશ્કેલ સમયમાં ક્યારેક પોતાના માટે તો ક્યારેક પોતાનાંને માટે તમે વ્હોરેલો ચૌદ દિવસનો જ નહીં, ચૌદ મહિનાથી ચાલતો આ એકાંતવાસ રામના વનવાસ કે પાંડવોના અજ્ઞાતવાસથીય ચડી જાય. સાચ્ચે. અરે, કેટલાંકે તો જાતને જીવાડવા માટે અનિવાર્ય એવા સલામત અંતર રાખવાના આ સમયમાં પણ જે અંતર ખેડ્યું છે, પોતાનાંઓને ગુમાવ્યા પછી સમાજની રીતે પારકાં કહેવાતાંઓને બચાવવા જે એમની પડખે જઈ ઊભાં છે કે એમને ગળે બાઝેલા ડૂમાને આંખોના ખૂણે થીજી ગયેલાં આંસુઓ પણ ગૌરવથી હળહળી ઊઠ્યાં છે!

હું તુ દૂર બેઠી આ વિનાશને પ્રાર્થનાથી હંફાવવાની કોશિશ કરું માત્ર, પણ તમે બધા તો એનાં સાક્ષી. સાક્ષાત્ ઋષિકવિ વાલ્મિકી ક્રૌંચવધના હતા કદાચ એથીય વધુ મોતનાં ખપ્પરમાં હોમાતાં આવાં જીવન જોઈને તમને જન્મેલી પારાવાર પીડાને કોઈને એમાંથી બહાર કાઢવા હોમી દીધેલી તમારી જાત એ ઋષિથી, એ વાલ્મિકીની સંવેદનાથી સર્જાયેલાં મહાકાવ્યથી ઓછી મૂલ્યવાન નથી. આપણા ગુણવંત શાહની જેમ કહું તો તમારી આ વેદના, આ સમ સંવેદન જ ખરું માનવતાનું મહાકાવ્ય.

અગણિત સલામ સૌને.

✦ ✦ ✦

સંપર્ક : jelamhardik@gmail.com

કોરોના સમય અને શિક્ષણ મૂલ્યો

ડૉ. પ્રીતિ નંદલાલ શાહ

સાંપ્રતકાળમાં જનજીવન સંઘર્ષમય બની ગયું છે. 'કોરોના'ની મહામારીએ સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક અને શૈક્ષણિક ક્ષેત્રોને ચારે બાજુથી ઘેરી લીધા છે. તેની ગતિશીલતા પર બ્રેક લાગી ગઈ છે. લોકડાઉનની પરિસ્થિતિમાં જનજીવન અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. પારિવારિક જીવન દૃઢ બન્યું છે, પણ ક્યાંક સામાજિક જીવનની સાંકળને સ્વાર્થપટુતાનો કાટ લાગ્યો છે. રાજકીય ક્ષેત્રે એકબીજા પ્રત્યેની કુટતાનો રંગ ઘેરો બન્યો છે. સાંસ્કૃતિક પરંપરા વિશે પ્રજા મૂળ પ્રાચીન તત્ત્વ અને રિવાજો વિશે સમજવાનો પ્રયત્ન કરવા લાગી છે. શૈક્ષણિક ક્ષેત્ર નવા પડકારોનો સામનો કરી આધુનિક સાધનોની મદદથી પોતાની જવાબદારી પૂરી કરવા મથી રહ્યું છે. 'કોરોના'માં ક્યાં 'રોના'? એવા મક્કમ મને હાથવગી સાધનસામગ્રીનો ઉપયોગ કરી જ્ઞાનયજ્ઞ ચાલુ રાખવા પુરુષાર્થ કરી રહ્યું છે.

આ પ્રકારના પરિવર્તને પ્રત્યેક ક્ષેત્રના વિકાસને મંદ પાડી દીધો, પણ થંભાવી નથી દીધો. કાર્ય કરવાની પદ્ધતિ, કાર્ય કરનારની ક્ષમતા, કાર્યના મૂળ ઉદ્દેશો અને લક્ષ્ય બદલાયા છે. આ મહામારીએ

માનવ જીવન, તેનું કાયક્ષેત્ર અને તેના જીવનમૂલ્યોની પુનઃરચના કરવા મજબૂર કર્યાં છે. પણ આ સંકટ સમાજને અને સમાજના પ્રત્યેક ક્ષેત્રને વધુ દઢ બનાવશે, ઉજ્જવળ બનાવશે તેવી હકારાત્મક દૃષ્ટિએ જ કાર્ય કરવું રહ્યું.

શિક્ષણ ક્ષેત્રે પ્રાચીનથી આજ સુધીના દીર્ઘકાલ પર એક વિહંગાવલોકની કરીએ તો જણાઈ આવે છે કે તેના મૂળભૂત મૂલ્યો બદલાયા નથી. એ મૂલ્યોને સમજવાની અને એ મૂલ્યો સુધી પહોંચવાની પદ્ધતિ બદલાઈ રહી છે. પ્રાચીન ગુરુ-શિષ્ય પરંપરા, આશ્રમ જીવન પ્રણાલી, ગુરુદક્ષિણા વિશેની નૈતિક સમજણ ખૂબ પરિપક્વ જણાય છે. શિક્ષણ અને જીવાતા જીવન વચ્ચે એકત્વ જોવા મળતું હતું. સમય જતાં આશ્રમ પ્રણાલિ લુપ્ત થતી ગઈ અને શાળા, મહાવિદ્યાલયો અને વિદ્યાપીઠોનું નિર્માણ થયું. નવા વિષયો દેશવિદેશના વિકસિત જ્ઞાનને અનાવરણ કરતા ગયા. આજનું શિક્ષણ બહુ મોટા પાયે વિજ્ઞાનની આંગળી પકડી હરણફાળ ભરતું રહ્યું. છતાં ય શિક્ષણના મૂળભૂત મૂલ્યો એના એ જ રહ્યા. નૈતિક શિક્ષા સંબંધી કેન્દ્રિય વિદ્યાલય સંગઠને પોતાના પરિપત્રમાં કેટલાંક મૂલ્યો આલેખ્યા છે.

(૧) સ્વતંત્રતા, (૨) સત્ય, (૩) ઈમાનદારી, (૪) કઠોર પરિશ્રમ, (૫) આત્માનુશાસન (સમયની પાંબદી, કર્તવ્યનું ઉત્તરદાયિત્વ, ઈત્યાદિ), (૬) સ્વદેશ પ્રેમ, (૭) ન્યાય, (૮) અહિંસા, (૯) ધર્મનિરપેક્ષતા, (૧૦) સાર્વજનિક સંપત્તિની દેખભાળ, (૧૧) વૈજ્ઞાનિક મનોવૃત્તિ, (૧૨) સમૂહકાર્યની ભાવના, (૧૩) પરહિતકાળજી, (૧૪) સ્વચ્છતા, (૧૫) વિનમ્રભાવ, (૧૬) સહયોગની ભાવના, (૧૭) લોકસેવાની તત્પરતા.

ઉપર્યુક્ત મૂલ્ય પર આધુનિક શિક્ષણ યોજના રચાઈ છે. આપણા સંવિધાનમાં પણ સંગઠિત, ધર્મનિરપેક્ષ ભારત, આધુનિક ભારત, ઉત્પાદક પ્રજા અને માનવીય ગરિમાથી યુક્ત સચેત સમાજ – એવા આ ચાર મુખ્ય લક્ષ્ય નિર્ધારિત કર્યાં છે. એને પૂર્ણ કરવા મૂલ્યનિષ્ઠ દઢ શિક્ષણ વ્યવસ્થા અનિવાર્ય બની રહે છે. અલબત્ત બાળકનો જન્મ થતાં જ તેને પોતાના પરિવારમાંથી જ પારસ્પારિક વ્યવહારના સંસ્કાર, કર્તવ્યોની જાણકારી, સ્નેહ, ત્યાગ, દયા, પરોપકાર, મૈત્રી આદિ ગુણો ગળથૂથીમાં જ મળી રહે છે. મનુસ્મૃતિમાં ધર્મના લક્ષણો બતાવ્યા છે :

धृति: क्षमा: दमोऽस्तेयं शोचमिन्द्रिय निग्रह: ।
धीविद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ।।

મનુસ્મૃતિ અર્થાત્ ધૈર્ય, ક્ષમા, મનની એકાગ્રતા, અસ્તેય, શુદ્ધિ, ઈન્દ્રિય-નિગ્રહ, ધી, વિદ્યા, સત્ય અને ક્રોધ એ ધર્મના દસ લક્ષણ છે. મૂસાએ પણ ઓલ્ડ ટેસ્ટામેંટમાં દશવિધ ધર્મ બતાવ્યા છે. જૈનોમાં પણ દશાંગ ધર્મનું વર્ણન મળે છે. કુરાનમાં પણ સત્પુરુષના દસ લક્ષણોનું વર્ણન મળે છે. તાત્પર્ય એ છે કે ભારતીય સંસ્કૃતિમાં ધર્મ, જીવન, સંસ્કાર – એ ત્રણે મળીને માનવનું જે સંગોપન કરતાં હતા તે જ તેને મૂલ્યનિષ્ઠ જીવન જીવવા દઢ બનાવતાં હતાં. આધુનિક શિક્ષણ પ્રણાલી એ જ મૂલ્યોને આધારિત પાઠ્યક્રમ તૈયાર કરે છે. છતાં ય કડવી વાસ્તવિક્તા એ છે કે મૂલ્યો પુસ્તકો સુધી જ સીમિત રહ્યા છે. જીવાતા જીવનથી એ કોશો દૂર રહ્યા હોય એવી અનુભૂતિ થયા કરે છે. કદાચ એનું કારણ એ હોઈ શકે કે વિજ્ઞાન તથા તકનીકી અન્વેષણે તીવ્ર ગતિથી વિકસવાને લીધે માનવજીન જટિલ બની રહ્યું છે. નિત નવી સમસ્યાઓ નિર્માણ થઈ રહી છે. મનુષ્યનો વિકાસ યાંત્રિક રીતે થઈ રહ્યો છે, હાર્દિક રીતે નહીં. એમાં ક્રિયા છે, ચેતના નહીં. એમાંના સ્નેહ તથા સહયોગનો અભાવ તથા કૃત્રિમતા આપણને ખટક્યા વિના રહેતી નથી.

કોરોનાકાળમાં જે સ્થિતિ નિર્માણ થઈ છે તેની ભૂમિકામાં શિક્ષણ ક્ષેત્રની વાસ્તવિક સ્થિતિનો ચિતાર દોરવો જરૂરી હતો. જે તકનીકી વિકાસે માણસને રુક્ષ બનાવી દીધો એને જ સહારે આજે એ ઘરે ઘરે પહોંચ્યો છે. જે વિજ્ઞાને એને જ્ઞાનસમૃદ્ધ બનાવ્યો એ જ વિજ્ઞાનના દુરુપયોગે એને 'કોરોના'ની ભેટ પણ આપી છે. માનવજીવન મૂલ્યોના વિઘટન માટે મોટે ભાગે આધુનિકતા ઉત્તરદાયી છે. આધુનિક ઉપકરણોને લીધે સ્થાનોનો દૂરાવ ઘટી ગયો, પણ હૃદયસ્થ સંબંધ નષ્ટ થઈ ગયો. આત્મનિર્ભર અને સફળ બનવાની દોરમાં માનવ આત્મકેન્દ્રિત બનતો ગયો. આત્માનુશાસન રૂપી નૈતિક મૂલ્યોના પાઠ ફરી તાજા કરવાની જરૂર છે. કોરોના મહામારીએ શિક્ષણ વ્યવસ્થાને પુનઃ એકવાર પ્રાણ પૂરવાની આવશ્યકતા અનિવાર્ય છે તે જણાવી દીધું છે. પારંપારિક મૂલ્યો અને વ્યવહારિક મૂલ્યોના સંમિશ્રણને નિશ્ચિત કરી નવ્ય શિક્ષણ પદ્ધતિની રૂપરેખા બનાવવી આવશ્યક છે. આજનો અભ્યાસક્રમ Activity Based છે. તેવી લોકડાઉનના સમયમાં ઑનલાઈન શિક્ષણ આપવામાં ઉપલબ્ધ સાધનોનો કસ કાઢવો રહ્યો. પણ એમાં કરતાં આપણા પારંપારિક મૂલ્યોનું ચયન પણ સમયની ગરજ પ્રમાણે કરવું પડશે. જેમાં;

(૧) આત્મનિર્ભરતા (અદ્યતન સંસાધનોનો ઉપયોગ કરવાની આવડત, આર્થિક સંકડામણમાં અર્ધપ્રાપ્તિના પ્રયત્નો, ઈત્યાદિ).

(૨) ઉદાર સહજીવન (કુટુંબ, પાડોશી, સ્વજનો અને સમાજ પ્રત્યે કર્તવ્યભાવના, કુટુંબની પરિસ્થિતિ સમજી ટેકારૂપ બનવું,

ઈત્યાદિ).

(૩) નિઃસ્વાર્થ સેવા (ધર્મ, જાતિ, રંગ, વર્ણના ભેદભાવ વિના માનવ, પશુ, પક્ષી સર્વની સેવા કરવાની ભાવના).

(૪) સંયમી જીવનશૈલી (ધર્મ-અર્થ-કામ-મોક્ષ ચાર પુરુષાર્થ પર આધારિત, ઉપકરણોના દુરુપયોગથી બચવું, ઈન્દ્રિય પર સંયમ, વિચાર-વર્તન પર નિયંત્રણ, પ્રાકૃતિક તત્ત્વોની સુરક્ષા જાળવવી, ઈત્યાદિ).

(૫) સુદૃઢ સ્વાસ્થ્ય (નિરોગી શરીર, સ્વસ્થ મન, દૃઢ મનોબળ અને આત્મવિશ્વાસપૂર્વક જીવન નિર્માણ માટેના પ્રયત્નો)

આ પાંચ મુદ્દાઓને ઝીણવટ પૂર્વક તપાસતાં તેના મૂળમાં આગળ જાણવેલ ૧૭ મૂલ્યો ક્યાંક ને ક્યાંક સંકળાયેલા જોવા મળે છે. તે સિવાય વ્યવહારિક મૂલ્યોને નિશ્ચિત રીતે આપણી શિક્ષણ પ્રણાલીને આગળ ધપાવે તેવી રાખવી જરૂરી છે. આજનો પાઠ્યક્રમ ક્લાસરૂમની અધ્યાપન પ્રક્રિયાને અનુરૂપ ઘડાયો છે. તેને ઑનલાઈન ભણાવવામાં શિક્ષકની કસોટી થાય છે, તેથી અધ્યાપક સાથે વિદ્યાર્થીની વ્યવહારિક સુસજ્જતા પણ ચકાસવી પડે.

(૧) અદ્યતન ગેઝેટ્સનો ઉપયોગ અને ઉપલબ્ધતા : ઑનલાઈન શિક્ષણ-શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે યાંત્રિક સ્ક્રીન છે. આ ગેઝેટ્સ 'વિશ્વદર્શન'ની શક્યતા ધરાવે છે, પણ તેની તકનીકી જાણકારી શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંનેને હોવી જરૂરી છે. તો જ પાઠ્યક્રમને પ્રભાવી રીતે શિક્ષક પહોંચાડી શકે અને વિદ્યાર્થીઓ તેને ઝીલી શકે. વળી આ સાધનો અત્યારની પરિસ્થિતિમાં (આર્થિક તાણ) કેટલા વિદ્યાર્થીઓ પાસે હોઈ શકે અથવા કેટલા એને ખરીદી શકે તે પણ મોટી સમસ્યા છે. તેથી એક જ સાધનમાં આસપાસ રહેતા વિદ્યાર્થીઓ સામૂહિક શિક્ષણ મેળવી શકે તેવી ઉદારસરજીવનની અપેક્ષા રહે છે. વાસ્તવમાં આવી ઘટના બની પણ રહી છે. એક જ સ્માર્ટફોનમાં ઘણા વિદ્યાર્થીઓ ભણે છે, કુટુંબના પ્રત્યેક બાળક ભણે, સમયનું adjustment થાય છે અને એમ શિક્ષણકાર્ય સહકાર્યથી આગળ ચાલે છે.

(૨) ઑનલાઈન શિક્ષણ અનુભૂતિજન્ય બનાવવાનો સંઘર્ષ : માનવ સામાજિક પ્રાણી છે. એને સહવાસ ગમે છે. શિક્ષણ પ્રક્રિયા એ માત્ર માહિતીની વહેંચણી નથી, મૂલ્યોની મહેંકનો પમરાટ છે. બુકકીપિંગ, ઈકોમિક સાયન્સ મેથ્સ, કેમેસ્ટ્રી, ફિઝીક્સ – આ બધા વિષયો તો બ્લેકબોર્ડ અને ચૉક માંગે જ છે. કદાચ ગુગલ ક્લાસરૂપ એમાં મદદ પણ કરે, પરંતુ ભાષાવિષયક શિક્ષણનું શું? શિક્ષક કવિતા ગાય, નાદસૌંદર્ય અને લયસૌંદર્ય અવાજ દ્વારા પહોંચાડી શકાય, પરંતુ ચહેરો કેવી વાંચી શકાય? અધ્યાપન કાર્ય માત્ર વાણીથી નથી થતું. હાવભાવ, અભિનય, સંકેત, મુદ્રાઓ થકી પણ સંદેશ પહોંચાડાતો હોય છે. શિક્ષક સાથેની સંવાદિતા, સહપાઠીની ઉષ્મા, જીવંત વાતાવરણ, સંવાદ, ચર્ચા, હાસ્યવિનોદ – એ બધું જ સ્ક્રીન પર અશક્ય!? વિદ્યાર્થીઓના મનમાં વિષય માટે રુચિ નિર્માણ કરવી લોઢાના ચણા ચાવવા જેટલું મુશ્કેલ બની રહે છે. વિદ્યાર્થીની જેટલી જ્ઞાન વિપાસા છે, તેટલી જ સહવાસની – સમૂહ શિક્ષણની પણ અભિલાષા હોય છે જે અહીં પડકારજન્ય બની રહે છે.

(૩) વિદ્યાર્થીની સ્વયં અધ્યયનની રૂચિ : ઑનલાઈન શિક્ષણ એ કોરોનાકાળને કારણે અપવાદરૂપ સ્થિતિમાં શરૂ થયું. શિક્ષકો અને વિદ્યાર્થીઓ સરકારી ગાઈડલાઈન પ્રમાણે તેમાં જોડાયા. પ્રત્યક્ષ સંપર્કમાં વિદ્યાર્થીની સમસ્યાને વ્યક્તિગત ધોરણે ઉકેલતા શિક્ષકના હાથ હવે બંધાઈ ગયા. ચહેરો વાંચીને વિદ્યાર્થીના મનોગતને સમજનાર શિક્ષક સામે વિદ્યાર્થીઓ કૅમેરા off કરીને બેસે. (ખરેખર બેસે છે? બેસીને સાંભળે છે? માત્ર સાંભળે છે કે સમજે પણ છે?) માત્ર અવાજથી સંપર્ક થાય. તેમાં વિદ્યાર્થી એકાગ્ર રહી શકતો હોય કે કેમ એ શંકા છે. આવી પરિસ્થિતિમાં સ્વયં અધ્યયનની રૂચિ, સ્વાધ્યાય જાતે જ કરી લેવાની જવાબદારી, ન સમજાય તો પ્રશ્ન પૂછવાની જાગૃત્તિની અપેક્ષા વિદ્યાર્થી પાસે રહે છે. ઘણીવાર શિક્ષકો પ્રત્યક્ષ શૈક્ષણિક ઉપક્રમમાં વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને જગાડવાનો શક્ય પ્રયાસ કરતાં હોય છે. ઑનલાઈન શિક્ષણના વ્યવહારમાં એ અશક્ય જણાય છે.

(૪) શિસ્તપ્રિયતા અને નિયમબદ્ધ અભ્યાસપ્રક્રિયા : અધ્યયનમાં નિયમિતતા, સ્વસ્થ સ્પર્ધા, અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ, સર્જનાત્મક કલાનો વિકાસ, મૌલિક વિશિષ્ટ ગુણોનું પોષણ પ્રત્યક્ષ વર્ગશિક્ષણ દ્વારા કે જે વિદ્યાલયોમાં સહજ હતું તે હવે પડકારજન્ય બન્યું છે. વિદ્યાર્થી પોતાની જ શક્તિથી અનિભિજ્ઞ હોય છે. શિક્ષક તેનું હીર પારખે છે અને એને એ દિશામાં પ્રવૃત્ત કરે છે. અલબત્ત ઑનલાઈન શિક્ષણમાં પણ ચર્ચા, વાદવિવાદ સ્પર્ધા, ક્વીઝ, વિવિધ ચિત્ર શૈલી, પોસ્ટર-સ્લોગન, ઈત્યાદિ સ્પર્ધાઓ આયોજિત થઈ છે. આ માટે વિદ્યાર્થીઓએ પોતે એકલવ્યની જેમ જાતે ઘણી બધી તૈયાર કરવી પડે છે. સ્વઅધ્યયન અને કલારુચિ નિર્મિતિની કલ્પના શિક્ષકે આપી અને વિદ્યાર્થીઓએ એને અમલ મૂકી, આ માટે વિદ્યાર્થી પાસે સમય વિભાજન, સ્વાલંબી-સ્વાશ્રય જેવા ગુણો હોય તથા શિસ્તબદ્ધ અભ્યાસ કરવાની ટેવ હોય તો જ સફળતા હાંસલ થાય છે.

(૫) સ્વપરીક્ષણ અને સ્વમૂલ્યાંકન : ઑનલાઈન શિક્ષણ લઈને વિદ્યાર્થી પોતે જ પોતાની જાતને ચકાસે. પરીક્ષા માટે ભરપૂર

તૈયારી કરતો વિદ્યાર્થી સફળ થવા કે ઉત્તીર્ણ થવા સજાગ રહે છે. પણ સરકાર દ્વારા શાળાકીય અને બોર્ડની પરીક્ષા બંધ રહેશે એવી જાહેરાત પછી વિદ્યાર્થીઓ ઑનલાઈન વર્ગમાં પણ ઘટતી સંખ્યામાં તથા બેધ્યાન જોવા મળ્યા. આવા સમયે શિક્ષણ પ્રત્યે ધગશ ધરાવનાર વિદ્યાર્થી જ વર્ગમાં અપાતી પ્રત્યેક ઝીણી ઝીણી સૂચનાઓનું પાલન કરતો હોય છે, પોતે અભ્યાસમાં સુસજ્જ રહેતો હોય છે. 'સ્વપરીક્ષણ' કરી તે-તે વિષયમાં પોતાની જાતનું ઘડતર કરતો રહેતો હોય છે. આ બહુ જ મહત્ત્વનું છે કે વિદ્યાર્થી પોતે જ પોતાનું મૂલ્યાંકન કરતો રહે અને ત્યારબાદ અભ્યાસની પદ્ધતિ અને રૂચિ નિર્માણ કરતો રહે.

ઑનલાઈન શિક્ષણ એ સાધન છે, સાધ્ય નથી. કોરોનાકાળમાં જ્ઞાનદાનની પ્રક્રિયા સતત ચાલતી રહે તે આવશ્યક છે. આ અંતરીક્ષ યુગ છે. 'કોરોના' દ્વારા દરવાજે ટકોરા પડ્યા છે, 'હે માનવ, હવે તું વારંવાર આવા પડકારનો સામનો કરવા તૈયાર રહેજે.' શિક્ષણ ખરેખર મૂલ્યનિષ્ઠ હોત તો આજે જે ત્રાસદી ફેલાઈ છે તે બનત ખરા? ક્યાંક ને ક્યાંક માનવનિર્મિત વિષાક્ત બીજ વટવૃક્ષ બનીને પાંગર્યું અને મોતના ભરડામાં વિશ્વ આખાને ભીંસી રહ્યું છે. આ ત્રાસદીનો નિર્માતા મનુષ્ય છે તે સત્ય આપણા ક્લેજાને ચીરી નાંખે છે. 'મૂલ્ય' સ્વયંમાં વૈચારિક સ્વરૂપે હોય છે. જીવનમાં તે જ્યારે કાર્યરૂપે પરિણમે ત્યારે જ તેનો સાક્ષાત્કાર થતો હોય છે. જ્યાં સુધી શિક્ષણ આવા સાક્ષાત્કાર ન ઘડી શકે ત્યાં સુધી તે કાચી માટીનું ગણાય.

કોરોના કોઈ એક દિવસે જતો રહેશે એમ માનવું હાસ્યાસ્પદ છે. મહામારી નિર્માણ કરનાર મનુષ્ય પણ એનું ભવિષ્ય ન ભાંખી શકે. આ મહામારીને કારણે લોકોનો જીવનમાં જે બદલાવ આવ્યો છે તે કદાચ કાયમ માટે તેની જીવનશૈલી બની જાય. મહામારીના મારે માનવને ગંભીર, જવાબદાર અને સમજદાર બનાવ્યો છે. સંકટ પણ અવસર બની શકે છે તે માનવે સિદ્ધ કર્યું છે. ભાગદોડનું જીવન, અતિ વૈભવશાળી લાઇફસ્ટાઈલ, ફાસ્ટફુડના ચટકા, નાઇટલાઇફની મજા, વ્યાયામનો અભાવ, ધર્મ પ્રત્યે અનાસ્થા, ઈત્યાદિ ઉધઈની જેમ ખોખરા બનાવનારા શોખ કે વિચારોમાંથી તે બહાર નીકળી રહ્યો છે. તે સાથે જ સંયુક્ત કુટુંબ જીવન, આત્મનિર્ભરતા, કરકસરનું મહત્ત્વ, ન્યૂનતમ વસ્તુઓ વડે નિભાવ, સ્વાસ્થ્ય વિશેની સતર્કતા, સ્વચ્છતા, ધાર્મિક આસ્થા, પર્યાવરણની મહત્તા, શ્રમનું મહત્ત્વ, આર્થિક સમીકરણ ઈત્યાદિ તત્ત્વો-ગુણો ખીલ્યાં અને દૃઢ બન્યાં છે. વૈશ્વિક સ્તર પર કોરોના મહામારીને કારણે વિકસિત અને અર્ધવિકસિત સમાજ અનેક વિસંગતિઓનો સામનો કરી રહ્યો છે. આજ સુધીનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે દરેક મહામારીમાં મોટી જાનહાની થતી રહી છે, છતાંય માનવસમાજ ફરીથી ફિનિક્સ પક્ષીની જેમ બેઠો થઈ જાય છે.

✦ ✦ ✦

સંપર્ક : +૯૧-૯૮૬૯૫ ૧૮૭૪૭

ભાવે બાર ભાવના, કપરો કાળ શાતામાં

ડૉ. રશ્મિ ભેદા

આ દેશપર, આ જગતપર અવારનવાર કોઈ ને કોઈ આપત્તિઓ આવતી હોય છે. ભૂકંપ, અતિવૃષ્ટિ, cyclone જેવી કુદરતી આપત્તિઓ કે યુદ્ધ જેવી માનવસર્જિત આપત્તિઓ. જેમાં ઘણા માનવીઓના જીવનનો ભોગ લેવાય છે. પરંતુ એક સમયે જગતના એક સ્થાને જે આપત્તિ આવે તેની અસર બીજા દેશોમાં થતી નથી. જ્યારે આજે આ કોરોનારૂપી મહામારી આવી છે જે આખા દુનિયામાં છવાઈ ગઈ છે. દુનિયાના મોટા ભાગના દેશો એનાથી પીડિત છે. એના ખપ્પરમાં ઘણા દેશોનો લોકો હોમાયા છે અને હજુ પણ એ સંપૂર્ણ નાબૂદ થઈ નથી. આ મહામારી નવા નવા રૂપ લઈ રહી છે. આપણે આપણા ભારત દેશનો વિચાર કરીએ તો વિશાળ વસતી ધરાવતા આપણા દેશવાસીઓ એક યા બીજા રીતે આ કોરોનાના પ્રભાવમાં આવ્યા છે. ઘણા લોકોએ એમના સ્વજનો ગુમાવ્યા, કોઈ depressionમાં ગયા, સાથે સાથે જેઓ ભલે કોરોનાથી ગ્રસ્ત નથી થયા પરંતુ બે વખતના લોકડાઉનના લીધે પોતાની રોજગારી, ધંધો ગુમાવતા અત્યંત કફોડી પરિસ્થિતિમાં મુકાયા છે. લાચાર અને નિઃસહાય બન્યા. આખી દુનિયાનો ચહેરો આ મહામારીએ બદલ્યો છે. જેમ રાજકારણનો ચહેરો બદલાય, અર્થશાસ્ત્રનો ચહેરો બદલાય તેમ ધર્મનો ચહેરો પણ બદલાયો. લોકડાઉનના લીધે દેરાસર, મંદિર આદિ દેવસ્થાનો બંધ થઈ ગયા. પૂજાપાઠ, હોમહવન બધું બંધ થઈ ગયું. દિવસો સુધીનો નિરંતર ગૃહવાસ કેટલાંકને વનવાસ જેવો આકરો લાગ્યો તો કેટલાંક માટે આરાધનાનો અવસર બન્યા. બાહ્ય આરાધનાના બદલે લોકોને ભીતરી આરાધનાના અવસર મળ્યો. કેટલાંક માટે આ લોકડાઉન પારિવારિક સ્નેહમિલન બન્યું તો કેટલાંકના માટે સ્વાધ્યાય યજ્ઞ બન્યો, આત્મનિરીક્ષણનું પાવન પર્વ

બન્યું. ભીતરમાં જવાની અનુકૂળતા મળી. એ અનુકૂળતાના પરિણામે આત્મચિંતન, સ્વચિંતન સાધ્ય બન્યું.

કોરોના મહામારીના અત્યંત કપરા કાળમાં એક વાતની પ્રતીતિ થઈ કે આ જીવનમાં એક શરણું હોય તો કેવળ ધર્મનું શરણું છે. આ આત્મચિંતનમાં જૈન દર્શનના સિદ્ધાંતો પરની શ્રદ્ધા વધારે મજબૂત થઈ અને એ પ્રતીતિ થઈ કે મહાવીરના સિદ્ધાંતો આજે પણ કોરોનાના ભયથી ત્રસ્ત લોકો માટે કેવી રીતે શાતાનજક થઈ શકે છે. એ સિદ્ધાંતોને સમજીને, એનું ચિંતન કરીને તે અપનાવવાથી, તેને જીવનમાં ઉતારવાથી કોઈ પણ સંજોગોમાં આપણા ચિત્તની સ્વસ્થતા રાખી શકીએ.

એના અનુસંધાનમાં જ્ઞાની પુરુષોએ શાસ્ત્રમાં જે ૧૨ ભાવના કે અનુપ્રેક્ષા શાસ્ત્રમાં વર્ણવી છે એને અહીં વિચાર કરીએ. જિનશાસનની અપૂર્વ અનોખો દેનોમાં 'ભાવના' એ પરમાત્માની – જિનવાણીની અપૂર્વ દેન છે. ભાવના જીવને સંસારના સાચા સ્વરૂપની ઓળખાણ કરાવીને સ્વજનો તેમજ પોતાના શરીર પરનો આસક્તિ ભાવ દૂર કરી વૈરાગ્ય જગાડવાની ક્ષમતા રાખે છે. ભાવના જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની જનની છે. જીવનમાં આવતા અશુભ પ્રસંગોમાં તે સાંત્વના આપવાનું કાર્ય કરે છે. જીવને વિષય-કષાયોથી દૂર રાખીને ધર્મમય બનાવે છે. ભવનો ભય નાશ કરવા તેમજ ભવનો રોગ દૂર કરવા ભાવનાયોગની ખૂબ જ જરૂર છે. ચિંતન, મનન, ભાવના, ધ્યાન આ બધામાં આત્માના અધ્યતસાયો જ કામ કરે છે. સંસારમાં રહેલા જીવને જો રાગ-દ્વેષની પરિણતી ટાળવી હોય તો સંસારના સાચા સ્વરૂપને જાણવું અત્યંત આવશ્યક બને છે. સંસારના પદાર્થોના બાહ્ય રૂપરંગથી આકર્ષાઈ જવાનું નથી પણ તત્વના ઊંડાણમાં જઈને પદાર્થોને આરપાર નિહાળવાના છે. તત્વના ઊંડાણથી જ્યારે પદાર્થના સાચા સ્વરૂપના દર્શન થશે ત્યારે તે પદાર્થો પ્રત્યેની આસક્તિ છૂટી જશે. તેનાથી ઈષ્ટના વિયોગમાં અને અનિષ્ટના સંયોગમાં આર્ત્ત-રૌદ્ર ધ્યાનમાં સરી ન પડતા સમાધિ ટકી શકશે. ભાવનાઓનું ઉત્પત્તિસ્થાન જિનેશ્વરની વાણી છે અને ઉદ્ગમસ્ત્રોત છે. અંતઃકરણ, અનિત્યાદિ બાર ભાવનાઓ અને મૈત્રી આદિ પરાભાવનાઓ ક્યા સમયે ભાવવી એનું સચોટ ગણિત જેને સાંપડી જાય તેના માટે વિષમતામાં પણ ક્ષમતા છે, ખુવારીની ક્ષણમાં પણ ખુમારી રહે છે અને મૃત્યુ પણ સમાધિમય બની આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી મુક્તિ અપાવનારી બને છે.

૧૨ ભાવનાનું વર્ગીકરણ :

– અનિત્ય, અશરણ, એકત્વ, અન્યત્વ, અશુચિ આ પાંચ ભાવનાઓ સંસાર પ્રત્યે, સ્વજનો પ્રત્યે અને આ દેહ પ્રત્યે વૈરાગ્ય કેળવવા અને મનને આત્મસાધના માટે તૈયાર કરવા માટે છે.

– સંસાર ભાવના અને લોકસ્વરૂપ ભાવના આ બંને વિશાળ નજરે સંસારના, આ લોકના સ્વરૂપની વિચારણા કરાવે છે. તેથી અધ્યાત્મના પાયારૂપ નિર્વેદ ઉત્પન્ન થાય છે.

– આસ્રવ ભાવના, સંવર ભાવના, નિર્જરા ભાવના આ ત્રણ આત્મા સાથે કર્મનો સંબંધ હોવાથી જીવના વર્તમાન સ્થિતિને સમજાવે છે.

– ધર્મભાવના અને બોધિદુર્લભ ભાવના આ બંને ભાવના ધર્મલક્ષી અને સ્વરૂપલક્ષી છે. ધર્મનું સ્વરૂપ અને બોધિપ્રાપ્તિની દુર્લભતાનું સ્વરૂપ બતાવ્યું છે. દેહથી પર એવા ચૈતન્યતત્ત્વની અનુભૂતિ દર્શાવતી આ ભાવનાઓ છે.

ભાવના જીવને કર્મક્ષયમાં મદદરૂપ બને છે, આવતા કર્મોને અટકાવે છે, સંચીત કર્મોની નિર્જરા કરાવે છે. આજે કોરોના જેવી મહાવ્યાધિથી જ્યારે આખુ જગત પીડાઈ રહ્યું છે. અમેરિકા, યુરોપના પ્રગતિશીલ દેશો પણ એની સામે ઘુંટણિએ પડ્યા છે એવા સમયે આ ભાવનાઓનું ચિંતન જો આપણા જીવનમાં હશે તો કર્મના ઉદયથી આપણે કે આપણા સ્વજનો જો કોરોનાગ્રસ્ત થાય તો તે સમયે પણ આપણે ચિત્તની સ્વસ્થતા રાખી શકશું. સંસારમાં કર્મરૂપી નાગપાશમાં બંધાયેલા જીવને અનેક પ્રકારની આધિ, વ્યાધિ, ઉપાધિ અને પીડાઓમાંથી બચાવનાર અને તેને શરણ આપનાર કોણ છે? જ્યારે યમરાજાના આગમનની બેલ વાગે છે ત્યારે જીવન હાંફળો હાંફળો બની જાય છે, તે વખતે તેને શરણ આપનારું કોઈ નથી હોતું. મૃત્યુ સમયે તેની સંપત્તિ, ધનદૌલત, કુટુંબીજનો કોઈ પણ શરણ આપી શકનાર નથી હોતા. ફક્ત જેણે જીવનમાં ધર્મ આચર્યો હશે, ધર્મને દિલમાં સ્થાપ્યો હશે તો તે ધર્મ જ તેને શરણરૂપ થશે. ઈન્દ્રાદિ દેવો હોય કે ચક્રવર્તી જેવા સર્વશક્તિમાન હોય, મરણ સમયે કશુ કામ નથી આવતું. આવા સમયે અનિત્ય ભાવનાનું ચિંતન જ જીવને શરણરૂપ બને છે.

પર્યાયોની અસ્થિરતા, ક્ષણભંગુરતાનું વૈરાગ્યપ્રેરક ચિંતન જ અનિત્ય ભાવનાનો મુખ્ય હેતુ છે. જે સંજોગો અને પર્યાયોમાં જીવે મમત્વપણું અને પોતાપણું સ્થાપિત કરી રાખ્યું છે એને જીવ સદા ટકાવવા માંગે છે, તેની બધી ક્રિયા દ્વારા તે જ દિશામાં પ્રયત્ન કરે છે પરંતુ તે સંયોગો અને પર્યાયો તો સ્વભાવથી જ ક્ષણભંગુર છે. જેમ હાથમાંથી રેતી સરકી જાય તેમ તે જીવનમાંથી સરકી જાય છે. આજ સંયોગો અને પર્યાયોના અનિત્યતાનું, તેની ક્ષણભંગુરતાનું

ચિંતન કોરોનાના આ કાળમાં કરવાનું છે. અનિત્ય ભાવનાની ચિંતન પ્રક્રિયાનું મૂળ કારણ ઈષ્ટ-અનિષ્ટ પર્યાયોના સંયોગ-વિયોગમાં ખુશી અને ગમ ન કરતા સમતાભાવને ધારણ કરવાનું છે. તેના માટે દૃષ્ટિ આ શરીરરૂપી પર્યાયથી હટાવીને શરીરની અંદર રહેલા નિત્ય તત્વ આત્મા ઉપર રાખવાના છે. ભૌતિક વસ્તુઓ અનિત્ય હોવાથી તે વસ્તુઓનો અવશ્ય વિયોગ થાય છે. આ શરીર એ જીવ અને પુદ્ગલના સંયોગજનિત પર્યાય છે. જેનો જન્મ છે એનું મરણ અવશ્ય છે. જીવનની આ અનિત્યતા સમજાતા નજીકના સ્વજનના મૃત્યુ (વિયોગ) સમયે મન વિચલિત ન થતા શાંત રહી શકે છે.

અનિત્ય ભાવના પછી અશરણ ભાવના આવે છે. સંસારમાં પોતાનું શરણ-રક્ષણ કરનાર કોઈ નથી એનું ચિંતન એ અશરણ ભાવના છે. રોગાદિનું દુઃખ કે અન્ય કોઈ આપત્તિ આવી પડતા ભૌતિક કોઈ સાધન-સંપત્તિ કે સ્નેહી સંબંધીઓ વગેરે આ જીવને એ દુઃખ કે આપત્તિથી બચાવવા સમર્થ બનતા નથી, કોઈ કાળ સામે રક્ષાકવચ નથી બની શકતું પણ જો મૃત્યુ પ્રત્યેનો આપણો અભિગમ સ્વસ્થ હશે તો મૃત્યુ આપણને અશરણ તો નહીં જ બનાવી શકે. મૃત્યુ હાથવેંતમાં છે તેમ જાણ્યા પછી આપણે કેટલા સ્વસ્થ રહી શકીશું? મૃત્યુને આવકારવાની શક્તિ બહુ ઓછાં વ્યક્તિઓમાં હોય છે. તે શક્તિ સહજ પ્રાપ્ત થતી નથી, તે કેળવવી પડે છે. જો દેવ-ગુરુ અને ધર્મ પ્રત્યે શ્રદ્ધા હશે, એમની શરણાગતિથી મૃત્યુ પણ આપણને વિચલીત નહીં કરી શકે. આ સંસારમાં દેવ, ગુરુ અને ધર્મ સિવાય કોઈ પણ ભૌતિક વસ્તુ કે સ્વજન વગેરે શરણરૂપ નથી બનતા. આની સાથે સંસાર ભાવના ભાવતા સંસારના સ્વરૂપનું, સંસારની અસારતાનું ચિંતન કરતા નિર્વેદ ગુણ ઉત્પન્ન થાય છે.

આ જગતમાં જીવ એકલો જ આવ્યો છે, એકલો જ કર્મબંધ કરે છે, અર્થાત્ તે એકલો જ કર્મનો કર્તા છે અને એકલો જ તે કર્મનો ભોક્તા છે એ એકત્વ ભાવના છે. પંચપરાવર્તનરૂપ આ સંસારમાં અનંત સમયથી આ જીવ એકલો જ પોતાના શુભાશુભ કર્મોને ભોગવતા પરિભ્રમણ કરી રહ્યો છે. પરલોકમાંથી આવે છે ત્યારે એકલો જ આવે છે અને અહીંથી પરલોક જાય છે ત્યારે પણ એકલો જ જાય છે. અન્ય કોઈ સ્વજન એના કર્મોના ફળને વહેંચીને લઈ શકતા નથી. એ પાપ કે પુણ્યરૂપ કર્મોના ફળ એને એકલાને જ ભોગવવા પડે છે. આજે જ્યારે કોઈ વ્યક્તિ કોરોનાગ્રસ્ત થતા એને quarantine થવું પડે છે ત્યારે એક બંધ રૂમમાં ૧૪ દિવસ સુધી તદ્દન એકલા રહેવાનું. ઘરમાં જ રહેતો હોવા છતાં ઘરના બીજા લોકો સાથે હળી મળી પણ ન શકે. વ્યક્તિ જ્યારે આવી એકલતામાં રહે છે ત્યારે એકત્વ ભાવનાનું ચિંતન એને depressionમાં જતા બચાવશે. ઉલ્ટુ એ પોતાની જાત સાથે સંવાદ કરી શકશે. અંતર્મુખ થઈ શકશે. નિઃસંગ ભાવ આવશે. અને એમાંથી જાગશે અન્યત્વ ભાવનાનું ચિંતન. એકત્વ ભાવના ભાવતા ભાવતા અંતર્મુખ થતા એને સર્વ બાહ્ય સંજોગો, પદાર્થો, સંબંધીઓ, શરીર સુદ્ધા હવે અન્યત્વ ભાવનાના ચિંતનથી પર ભાસશે. એમના પરનું મમત્વ ઘટશે. શરીર આત્માથી ભિન્ન છે, દેહાધ્યાસના લીધે દેહ અને આત્મા એક ભાસવા છતાં હવે પ્રતીતિ થશે કે દેહ અને આત્મા મ્યાન અને તલવારની જેમ જુદા છે, બેઉના લક્ષણ ભિન્ન છે. શરીર વિનાશી છે, આત્મા અવિનાશી છે. શરીર જડ છે. આત્મા ચેતન છે. શરીર બદલાયા કરે છે, આત્મ તો એક જ નિત્ય રહે છે, આમ શરીર સાથેના ભિન્નતાની પ્રતીતિ થતા શરીરમાં થતા વેદનાને, discomfortને સમતા ભાવે સહન કરી શકાશે.

એવી જ રીતે અશુચિ ભાવના ભાવતા આ શરીર પરનું મમત્વ ભાવ ઓછો થશે. આપણું ઔદારિક શરીર અશુચિમય છે, અશુચિમય પદાર્થોથી ભરેલું છે, જેવા કે માંસ, લોહી, પરૂ, મળ, મૂત્ર, શ્લેમ આદિ. શરીર બને છે માતાનું લોહી અને પિતાનું શુક્ર એ બેના સંયોગથી, જે બંને અશુચિમય છે. શરીર માતાના ઉદરમાં ઉત્પન્ન થાય છે, ૯ મહિના ગર્ભમાં રહે છે એ ગર્ભસ્થાન પણ અશુચિમય છે. વિવિધ રીતે શરીરનાં અશુચિનું ચિંતન કરતા, શરીર પરનો આસક્તિ ભાવ તૂટી એના પર અપ્રીતિ ઉત્પન્ન થાય છે. એટલે શરીર પર આવી પડેલ પ્રતિકૂળતાઓ હવે એને એટલી દુઃખદાયક નથી લાગતી.

આશ્રવ, સંવર અને નિર્જરા ભાવનાનો સંબંધ કર્મ સાથે છે. જ્યારે જીવ રોગગ્રસ્ત થાય છે, ત્યારે આ ભાવનાઓનું ચિંતન હશે તો તે સમજશે કે આ જે કાંઈ કોરોનારૂપી પ્રતિકૂળતા મને આવી છે એ મારા જ પૂર્વકર્મનું ફળ છે. અત્યારે જો હું એ કર્મોના ઉદયમાં સમતાભાવમાં રહી શકીશ, એમાં આર્ત્રધ્યાત વગેરે નહીં કરું તો ઉદયમાં આવેલ એ કર્મ પોતાનું ફળ આપીને નિર્જરી જશે અને ત્યારે હું પણ નવા કર્મો નહીં બાંધું. સંવરભાવમાં જ રહીશ. અને ત્યારે કર્મોદયના પ્રભાવમાંથી અર્થાત્ આ અનંતકાળના જન્મમરણના પરિભ્રમણમાંથી મુક્ત થવાની ભાવના જાગે છે. બોધિદુર્લભ અને ધર્મસ્વાખ્યાત ભાવનાના ચિંતનથી. અહીં બોધી એટલે મુક્તિમાર્ગ, મુક્તિમાર્ગની દુર્લભતા વિચારવી એ બોધીદુર્લભ ભાવના છે. અનાદિકાળથી સંસારમાં રખડતા જીવને મનુષ્યપણું, જિનવાણીનું શ્રવણ અને એમાં શ્રધ્ધા પ્રાપ્ત થઈ છે જે અત્યંત દુર્લભ છે. જિનેશ્વર

ભગવંતોએ આ સંસારનો નાશ કરનાર અને મોક્ષ પ્રાપ્તિ કરાવનારો એવો સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સુંદર ધર્મની પ્રરૂપણા કરી છે, એ ધર્મ મને પ્રાપ્ત થયો છે, તો એ ધર્મના પ્રભાવને જાણીને તેના પ્રત્યે હૃદયમાં શ્રદ્ધા પ્રગટે, જીવનમાં એ ધર્મ આચરવાની ઇચ્છા જાગે અને ધર્મ પુરુષાર્થ કરવાનો વીર્યોલ્લાસ પ્રગટે તો કરોના જેવા મહાવ્યાધિનો કાળ પણ શાતામાં પસાર થાય.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૬૭૧ ૮૬૪૪૦

કોરાના કાળે સંનિધિ ઇ-શબ્દની...

સંધ્યા શાહ

સડસડાટ વહી જતી જિંદગીનું વહેણ અચાનક થંભી ગયું. કોરોના વાયરસ. એક વિષાણુંએ સમગ્ર વિશ્વને પોતાના સકંજામાં લઈ લીધું. આ અદશ્ય શત્રુના આક્રમણે આપણા સહુનું જીવન ખોરવી નાંખ્યુ. કુદરતી આપત્તિ હોય તો તે કોઈ વિસ્તાર પૂરતી સીમિત હોય, બાકીના તો સુરક્ષિત હોય. પણ આ તો કેવી વિપત્તિ! સમગ્ર માનવજાત અસહાય!

આ ઘટનાના પગરણ શરુ થયા. રોજ ટેલિવિઝન પર, સમૂહ માધ્યમો પર તેનું વર્ણન, તેનો ફેલાવો, તેની પીડા. બધું સાંભળીને, વાંચીને ભય લાગવા માંડયો. રોગનું સંક્રમણ થયું. દર્દીઓથી ઉભરાતી હોસ્પિટલો, ક્વોરોન્ટાઈન થઈ રહેલા બિલ્ડિંગો, રોજ રોજ મરી રહેલા પરિચિતો અને સ્વજનો, સ્મશાનમાં સતત બળતી ચિતા. આ સંજોગો પર અંકુશ મેળવવા લોકડાઉન લદાયુ. ઘરમાંથી બહાર નીકળવાનું જ બંધ થઈ ગયુ. લોકોને મળવાનું, અરે, કોઈ પણ પ્રકારનું પ્રત્યાયન બંધ થઈ ગયું. સવારથી સાંજ સુધી ઘરની ચાર દિવાલોમાં રહેવાનું, કોઈ માણસનું મોઢું પણ જોવા ન મળે તેવા દિવસો તો આ શતકમાં પહેલીવાર આવ્યા. મોતનો ઓથાર, સગા સ્નેહીઓની ચિંતા અને આર્થિક અવદશા લોકોને માટે ઘાતક નીવડી. પરિવારથી દૂર વસેલા સંતાનો કે માતાપિતાનો વલોપાત અસહ્ય બન્યો. વર્તમાનપત્રો પણ બંધ થઈ ગયા. સમય કેમેય કર્યો પસાર જ ન થાય તેથી હતાશાની પળો બેવડાઈ. સતત કોઈનું સાનિધ્ય ઝંખતા સહુએ ટેકનોલોજીનો મહત્તમ વપરાશ શરુ કર્યો. વ્હોટ્સ એપ વિડિયો કોલ સ્વજનોના સેતુ બન્યા.

સાહિત્ય તો સામ્પ્રતનું દર્પણ. વ્યક્તિ કે સમષ્ટિનું પ્રતિબિંબ સાહિત્યમાં ઝીલાતું હોય છે. આ તો આટલી મોટી મહામારી, તેની પીડા, હતાશા ને વેદના સાહિત્ય ન ઝીલે એવું તો બને જ નહીં ને! સંવેદનશીલ વ્યક્તિઓએ આ આફતને અવસરમાં પલટાવવા પોતાની આસપાસ બની રહેલી ઘટનાઓને શબ્દોમાં અભિવ્યક્ત કરી. સર્જકોએ આ પીડાની પ્રતીતિને વાર્તા, કાવ્ય, નિબંધ, નાટક ને નવલકથા તમામ સ્વરૂપોમાં પ્રગટ કરી. કરુણ જ્યારે ઘૂંટાઈને વ્યક્ત થાય છે, ત્યારે આપણા ઘા રુઝાવે છે. જીવનમાં જ્યારે શ્રધ્ધા ડગી જાય, મન થાકી જાય અને હૈયું હારી જાય ત્યારે સાહિત્ય તમારામાં પ્રાણ પૂરે છે. જીવનના અંધકારમાં અજવાળું પાથરવા પુસ્તક દીવો લઈને ઊભું હોય છે. એ તમને ક્યારેય નિરાશ નથી કરતું. સાહિત્યનું કોઈ પણ સ્વરુપ તમે હાથમાં લો એટલે સર્જકના વિચારોનો તાજો, ભીનો અને મઘમઘતો સ્પર્શ થયા વિના રહેતો નથી. જીવલેણ બનેલી આ મહામારીમાં ઇ શબ્દોએ શાતા પહોંચાડી છે. વર્ચ્યુઅલ વર્લ્ડ કહો કે ડિજિટલ પ્લેટફોર્મ, સર્જકોએ તેનો સકારાત્મક ઉપયોગ કરીને જીવવાનું બળ પૂરું પાડ્યું છે.

શબ્દ એ સંજીવની છે, એ જીવશે અને જીવાડશે એ શ્રધ્ધાએ જ તો કેટલા બધા વર્તમાનપત્રો, નવનીત સમર્પણ, પરબ જેવા સાહિત્યના મેગેઝિન વાચકો માટે ઓનલાઇન સુલભ બન્યા! 'એતદ્'ના સંપાદકોએ કોરોના વિશેષાંક પ્રગટ કર્યો. મનુષ્યમાત્રને એક યા બીજી રીતે સ્પર્શી ગયેલી આ મહામારીની ભયાનકતા સર્જક મિત્રોએ આ વિશેષાંકમાં વ્યક્ત કરી છે. કોરોનાકાળમાં આર્થિક બેહાલીને કારણે હિજરત કરી જતા હજારો શ્રમિકો, ભૂખ્યા, ભૂખ્યા, ચાલી ચાલીને થાકી જઈ રેલ્વેના પાટા પર સૂઈ ગયેલા નિર્દોષ માનવીઓ પર ફરી વળતી ટ્રેન અને શેષ રહી જતા લોહીના ધાબાઓએ કવિહૃદયને હચમચાવ્યું છે. આપ્તજનોની વિદાયની, શ્રમિકોની હિજરતની, ઘરના ખૂણે રીબાતા, બેહાલ પરિવારોની વેદના તારસ્વરે અહીં પ્રગટ થઈ છે.

'નિરિક્ષક' સામાયિકે એપ્રિલથી જૂન સુધી રોજ ડિજિટલ આવૃત્તિ બહાર પાડી. 'સાહિત્ય સેતુ'ના નરેશ શુકલે પણ કોરોના વિશેષાંક પ્રગટ કર્યો. રાષ્ટ્રીય કલાકેન્દ્ર-સુરતે કોરોના કાવ્યો ના બે ઇ-સંચય તથા સત્યકથાઓના સંચય બહાર પાડ્યા.માંડવી સ્થિત વિવેકાનંદ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટે કોરોના કથા પર લઘુનવલની સ્પર્ધા યોજી. અપૂર્વ આશરે પોતાની e-shabd એપ દ્વારા પુસ્તકો અને આર.આર. શેઠ

દ્વારા title પ્રગટ થયા. પ્રિન્ટ મિડિયાને ખાસ્સું નુકશાન પહોંચ્યુ, તેમ છતાં કેટલાક સર્જકોએ પોતાની અપ્રાપ્ય કૃતિ વાચકો માટે ઓનલાઇન મૂકી. વિકિસ્ત્રોતે એવી સુવિધા ઉપલબ્ધ કરી આપી કે તમારે જે પુસ્તક વાંચવું હોય તેના નામ પર આંગળી મૂકવાની ને એ ખજાનો તમારા માટે ખૂલી જાય. સાહિત્ય આપણી સંવેદનાને ઝંકૃત કરે છે. અન્યની વેદનાને સમજવા માટે, આપણા ચૈતન્યને ઢંઢોળી માનવતાની સેવા માટે પ્રવૃત્ત કરે છે, વ્યક્તિ અને સમાજ સહુની સાથે આપણો મેળાપ કરાવી આપે છે. આપણી શૂન્યતાને સભર કરી દે છે. એક ભાવક તરીકે શબ્દની સંનિધિએ સૂના હૈયામાં હામ ભરી ને આ કપરા કાળને સહ્ય બનાવ્યો. આત્મદર્શનનો અવકાશ આપ્યો. વૈશ્વિક સંવેદનાએ પોતીકી પીડાને હળવી કરી. જીવનની ક્ષણભંગુરતા સમજાવીને સાર્થકતાના આયામો પણ દર્શાવ્યા.

ઇ-સામાયિકો અને ડિજીટલ પુસ્તકોના પ્રાગટયની સાથે સાથે કેટકેટલી સાહિત્યિક પ્રવૃત્તિઓ, વેબસાઇટ, ફેસબુક તથા ઇંસ્ટાગ્રામના માધ્યમથી થઈ. સર્જકનો શબ્દ, કવિ સંમેલન, ધર્મ અને અધ્યાત્મ વિષયક વ્યાખ્યાનો, નવી પ્રાદેશિક તથા પરદેશી ભાષાઓનું શિક્ષણ શક્ય બન્યું.

કોરોના કાળે, ઇ-શબ્દની સંનિધિએ ઘવાયેલા હૈયાને હૂંફ આપી. આમ પણ શબ્દના ઐશ્વર્યનું મહિમાગાન કરીએ તેટલું ઓછું છે. આ શબ્દોએ, સાહિત્યના વિવિધ સ્વરુપોએ માંહ્યલાને જગાડયો. 'સ્વ'ની ભીતર પ્રવેશ આપ્યો. ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા બળવત્તર બની.

✦ ✦ ✦

સંપર્ક : ૯૩૨૪૬ ૮૦૮૦૯

કોરોના અને આપણે

સંધ્યા ભટ્ટ

આપણે નાનાં હતાં ત્યારે માણસખાઉ રાક્ષસની વાર્તા વાંચી હતી અને તેની કલ્પના પણ કરી હતી. કોરોના જાણે કે આ માણસખાઉ રાક્ષસનું રૂપ લઈને આવ્યો. ૨૦૧ના ડિસેમ્બરમાં વર્તમાનપત્રમાં એકદમ નાનાં સમાચાર આવેલા કે દિલ્હીમાં કોરોનાનો એક કેસ થયો છે. અમારી કોલેજના સ્ટાફ કોમનરુમમાં એક અધ્યાપિકા બહેને આ વાત કરી ત્યારે કોઈ કામ કરતાં કરતાં મેં આ વાત સાંભળેલી. મને ત્યારે તેમાં કોઈ ગંભીરતા જણાઈ નહોતી. ૨૦૨૦નું અંકનની રીતે વિશિષ્ટ એવું વર્ષ વાજતે ગાજતે શરૂ થયું. સૌ ઉત્સાહમાં હતાં પણ નિયતિએ જુદું જ ધારેલું હોય એમ માર્ચ આવતાં તો પરિસ્થિતિ અત્યંત વિકટ બની ગઈ. ચીનનું વુહાન શહેર કુખ્યાત બની ગયું. કોવિડ-૧૯ એટલે શું, તે કેવી રીતે ઉત્પન્ન થયો, કેવી રીતે ફેલાઈ રહ્યો છે, ક્યા દેશમાં કેટલાએ જીવ ગુમાવ્યા, તેનાથી બચવા માટે શું કરવાનું, જેવી વાતો નાનાં-મોટાં, ગરીબ-તવંગર સૌને મોઢે સંભળાવા માંડી. બધાં માણસો કોરોનાની સામે સમાન હતાં! આપણાં દેશમાં શું કે પરદેશમાં શું કોરોનાથી સાવચેત રહેવાનો એક મુદ્દાનો કાર્યક્રમ થઈ ગયો. દુઃખની વાત એ છે કે આ લખાય છે ત્યાં સુધી હજી આપણે તેમાંથી બહાર નીકળ્યા નથી.

કોરોનાની શરૂઆત થઈ ચીનથી અને ચીન સાથે જ યુરોપ અને અમેરિકા અને અન્ય દેશોમાં તે આગની જેમ ભભૂકવા લાગ્યો. ટી.વી. પર દેખાતા દશ્યો ભયાવહ હતાં. તરફડતા માણસોને જોઈએ ત્યારે આ રોગની ભયાનકતા આપણને સ્તબ્ધ કરી દેતી હતી. એ માણસો વિદેશી હતાં પણ તેમની પીડા આપણે માણસ હોવાના નાતે સમજી શકતા હતાં. સ્વાસ્થ્ય સંબંધી એ કટોકટીનો રેલો આપણાં સુધી આવી શકે એનો અંદેશો ડરાવી નાખે તેવો હતો. અમેરિકામાં વસતા ભારતીયોની સ્થિતિની જાણ પણ ફોન અને વીડિયોકોલથી થતી હતી. અમેરિકાની હોસ્પિટલોની બહાર લાંબી લાઈનો, સારવાર માટેની તેમની અસહાયતા, દૈનિક જરૂરિયાતોની અછત, તમામ દેશો વચ્ચેની બંધ આવન-જાવન – અમેરિકા જેવા ધનાઢ્ય દેશની આ સ્થિતિ જોઈને આપણે સ્તબ્ધ થઈ ગયાં. અમેરિકાનો મૃત્યુદર સૌથી વધારે હતો જે હકીકતથી આપણે સૌ ડરી રહ્યા હતાં. સામાન્ય રીતે ટેલીવિઝન નહીં જોનારા પણ આ દિવસોમાં ત્યાંની હકીકત જાણવા માટે ટી.વી. સામે બેસી જતાં હતાં. આપણાં દેશમાં પણ હવે કોરોનાએ પગપેસારો કર્યો. અખબારોમાં રોજ દેશ પ્રમાણે અને શહેર પ્રમાણે મૃત્યુના આંકડા છપાતા હતા. આપણે સૌ મ્લાન ચહેરે લાચારીથી આ સમાચારો વાંચતાં હતા. જિવાતા જીવન ઉપર જ મોટું પ્રશ્નાર્થચિહ્ન મુકાઇ જાય પછી આગળ તો શું વિચારવું? એક ના સમજાય તેવો આતંક આખી દુનિયામાં છવાયો હતો.

માર્ચના છેલ્લા અઠવાડિયામાં આપણે ત્યાં વડાપ્રધાને સંપૂર્ણ

લોકડાઉન જાહેર કર્યું. ચાર કલાક પછી બધું બંધ થઈ જવાનું હોવાને કારણે અફરાતફરી મચી ગઈ. કેટલા ય કુટુંબોનાં સભ્યો છૂટાં પડી ગયાં. પતિ કોઈક કામે બહારગામ ગયા હોય અને ત્યાં જ અટકી જાય અને રહેવા-જમવાની મુશ્કેલી સર્જાય કે મોટી વયના સભ્ય ઘરમાં એકલા પડી ગયાં હોય એવી ઘટનાઓ સાંભળવા મળી. એ સમયે કોરોનાના કેસ વધતા જતા હતા. આપણાં ગામ-ઘર-ગલી સુધી કોરોના આવી રહ્યો છે એવી ભીતિથી આપણે સૌ પીડાતા હતા. સેનેટાઇઝરનો ઉપયોગ પહેલી જ વાર પુષ્કળ વધી ગયો. કેટલાંકને તો તેનું એવું ભારે વળગણ થઈ ગયું કે માનસિક રોગની હદે વાત પહોંચી. જીવન અસહજ બની ગયું અને મૃત્યુ સામે જ દેખાવા માંડ્યુ! કોરોનાનો દરેક દર્દી મરણને શરણ થાય છે એવું પણ નહોતું. પરંતુ આ વાયરસનું ન દેખાવું એ મોટો પડકાર હતો. આપણે સૌ અત્યાર સુધી નિરાંત જીવે આપણી મોજમાં જીવવા ટેવાયેલા. ભારતમાં તો માણસોનો મહેરામણ જ હોય અને મેળો તો આપણાં લોહીમાં વણાયેલો. અતિથિની જેમ ગમે તે સમયે કોઈના ઘરે જવું એ આપણી પરંપરામાં. એ વાત જુદી છે કે પશ્ચિમની અસરમાં હવે આપણે ફોન કર્યા વગર કોઈના ઘરે જતાં નથી. પરંતુ માણસોથી ઉભરાતા આપણાં દેશમાં સૂમસામ સડકની આપણે કલ્પના પણ ન કરી શકીએ. કોરોનાકાળની શરૂઆત થઈ ને ભેંકાર રસ્તા અને ઘરોમાં પુરાઈ ગયેલા માણસો! તમામ પ્રવૃત્તિઓ અટકી ગઈ. ટ્રેઇન, ટ્રક, સ્કૂટર અને સાયકલના પૈડાં થંભી ગયા. રીક્ષા કે ટેક્સી ચલાવીને પેટિયું રળતા માણસો શું કરે? સ્કૂલે બાળકોને લેવા-મૂકવાનું કામ કરીને ગુજરાન ચલાવનારાનાં ચહેરા પર ચિંતાની કરચલીઓ! માણસોના ચહેરા પર હવે અદશ્ય કોરોના દેખાતો હતો. એપ્રિલ-મેના ગરમ દિવસોમાં ગરમ ઉકાળા પીને માણસોએ કોરોના સામે દીવાલ રચવાનો પ્રયત્ન કરવા માંડ્યો. રેડિયો, ફોન, વોટ્સએપ – બધે જ કાઢા અને ઉકાળા બનાવવાની રીતનો મારો ચાલતો હતો. સામાન્ય રીતે શારીરિક સ્વાસ્થ્યની ચિંતા ન કરનારા આપણાં લોકો પાસે એ સિવાય બીજી વાત જ નહોતી. દરેક જણ પોતાને પોષાય એ પ્રમાણેના કોરોનાને અટકાવવાના નુસખા અજમાવી રહ્યા હતાં.

માર્ચ-એપ્રિલ-મે અને લગભગ જૂન સુધી આપણે આવી શકનાર કોરોનાના છુપા ડરથી ઘેરાયેલા હતાં. કોરોના સાથે સીધેસીધો સામનો કરવાનો હજી આવ્યો નહોતો. મધ્યમ અને ઉચ્ચવર્ગ ઓચિંતા મળેલા નવરાશના સમયને કારણે થોડી નિરાંત પણ અનુભવતો હતો. સમયના અભાવે નહીં પૂરા થયેલા શોખ, પરિવાર સાથે આનંદ, ઘર વ્યવસ્થિત કરવું, વગેરે જેવા મનગમતા કામથી ખાલી સમયનો ઘડો ભરાતો હતો અને તે માટે આર્થિક રીતે સુખી વર્ગના લોકોને બહુ ફરિયાદ પણ નહોતી. પરંતુ રોજનું રોજ રળી ખાનારા આવી પરિસ્થિતિ એકદમ આવી પડવાને કારણે મુશ્કેલીમાં મુકાઈ ગયા. શાકની લારીવાળા, ટોપલા લઈને રસ્તા પર બેસી ફળ-ફૂલ-હાર-ગજરા-બંગડી વેચીને નાનકડી કમાણી કરનારાઓ, ફરીને કટલરી વેચવાવાળાઓ આ સિવાય બીજી કઈ રીતે પૈસો કમાઈ શકે? આનાથી આગળ નાની-મોટી દુકાન લઈને બેઠેલાઓને પણ આગળ કરેલી બચત ઉપર ઘર ચલાવવું પડે. તેમાં વળી ઓનલાઈન શિક્ષણને કારણે બાળકોને મોબાઈલ આપવાની ફરજ પડી તે એક નવું દુઃખ! આપણી સેવાસંસ્થાઓ આ કટોકટીના સમયે વહારે આવી. ઠેર ઠેર રસોડા શરૂ થયા અને ફૂડપેકેટ બનવા માંડ્યા. મોઢા પર માસ્ક પહેરીને સેવાભાવી લોકોએ અનેક સેવાકીય પ્રવૃત્તિઓ અઢળક પ્રમાણમાં કરવા માંડી. સરકારે પણ પોતાના તંત્રને સાબદું કરી દીધું. પણ, હા...સરકારના હાથ એટલા મજબૂત નહોતા કે બધે જ પહોંચી શકે.

સરકારને કે સંસ્થાઓને કે પત્રકારોને – કોઈને જેમની વિટંબણાનો જરા સરખો વિચાર ન આવ્યો તે આપણાં પરપ્રાંતી શ્રમિકો...કોઈક રેલીની જેમ ચાલ્યે જ જતાં તેમના પગપાળા સ્થળાંતરથી આખો દેશ સ્તબ્ધ બની ગયો. આપણી વચ્ચે જ રહેતાં આ શ્રમિકો રાતોરાત નિરાશ્રિત બની ગયાં. એક તરફ ઘરની છત નીચે સુરક્ષિત વર્ગ કોરોનાને પોતાનાથી દૂર રાખવા મથતો હતો, તો બીજી તરફ મિલોમાં, દુકાનોમાં, ખાનગી સંસ્થાઓમાં કામ કરતાં અગણિત શ્રમિકો હતા જેઓ નાનકડી ખોલીમાં કે ખુલ્લી જગામાં રહીને પેટિયું રળી ખાતા હતા. હવે તેઓ નોંધારા બની ગયા. કોરોનાથી સુરક્ષા તો દૂરની વાત રહી પણ હવે પેટને ભાડું કેમ ચૂકવવું એ પ્રશ્ન મોં ફાડીને ઊભો હતો. વતનના ગામમાં થોડીઘણી ખેતી હોય અને પરિવાર હોય તેમની પાસે પહોંચી જવા સિવાય બીજો કોઈ રસ્તો તેમને દેખાતો નહોતો. પણ જવા માટે વાહનની વ્યવસ્થા તો હતી નહીં...શું કરે? શ્રમની તો તેમને નવાઈ નહોતી અને તેથી ભલે ને છસ્સો, સાતસો, હજાર કે બારસો કિલોમીટર દૂર જવાનું હોય સરસામાન અને પત્ની-બાળકો સાથે તેમણે ચાલવાનું શરૂ કરી દીધું. લાંબી ને લાંબી આ વણઝાર હાઈવે પર અને રેલ્વેના પાટા પર ચાલતી જ રહી...ચાલતી જ રહી. કોરોનાને કારણે ઊભી થયેલી આ તદ્દન નવી જ પરિસ્થિતિ! આમ

જોવા જાઓ તો જાણે બંધ મુઠ્ઠી ખુલ્લી પડી ગઈ હોય એવું થયું! આપણાં દેશના ગરીબ વર્ગને માટે કોઈ નક્કર વ્યવસ્થા ન થઈ શકી એ કડવી હકીકત સ્વીકારવી રહી. કોઈ સોનુ સુદ જેવા ફિલ્મી કલાકારને લાગી આવ્યું અને એમણે બસોની વ્યવસ્થા કરી અને કેટલાંક અમીર હૃદય ધરાવનારાઓએ તેમને ખાવા પૂરું પાડ્યું. મોટા ભાગના લોકો ધોમધખતા તાપમાં ચાલ્યા અને એમ કરવામાં કેટલાકે જીવ પણ ખોયો. કોરોનાએ આપણી સામાજિક અને આર્થિક બેહાલીને છતી કરી દીધી.

માસ્ક એ હવે આપણાં પોશાકનો ભાગ બની ગયો. દૂરથી નમસ્કાર કરીને વાત કરવાનું શીખવું જ પડે એવી નોબત આવી ગઈ. આપણાં વર્તનમાં જાણ્યે-અજાણ્યે સામી વ્યક્તિ પરત્વે શંકા કરવાનું વલણ થયું. કોઈને નાની અમથી પણ ખાંસી આવે એટલે તેનાથી દૂર ભાગતા આપણે થઈ ગયા. શરદી અને તાવ માટે આપણે ક્યારે આટલી ચિંતા કરી હતી? શીતોપલાદી, સુદર્શન ચૂર્ણ, ત્રિભુવનકીર્તિરસ, તુલસી અને અરડૂસી – આ બધાથી આપણાં વડવાઓની આખી જિંદગી પૂરી થઈ. આટલી વાત માટે આપણે ડૉક્ટર પાસે જવામાં માનવાવાળા નહિ! પણ થોડીક શરદી અને બેત્રણ દિવસના તાવ પછી કોરોના પોઝિટિવ આવે એવું બનવા માંડ્યું. ગુજરાતની અંદર અમદાવાદ કોરોનાની બહુ મોટી ઝપેટમાં આવી ગયું. નહીં ધાર્યું હોય એવી વ્યક્તિના મૃત્યુના સમાચાર આઘાત આપવા માંડ્યા. કોરોના થાય એટલે દર્દીને હોસ્પિટલમાં કોરોના વોર્ડમાં દાખલ કરવામાં આવે જ્યાં તેની સાથે કોઈને રહેવાની છૂટ નહીં. શરીરમાં તાવ હોય અને સાથે કોઈ સ્વજન ન હોય એવી દર્દનાક સ્થિતિમાં એકલા એકલા ઝૂઝવાનું આવ્યું. પેલી તરફ સ્વજનને પણ દર્દીના કોઈ ઓસાણ મળે નહીં...સૌના જીવ અધ્ધર! એક સ્વજને પોતાના માને કેવી રીતે ગુમાવ્યા તેની કેફિયત ટાંકું.

'ચાર જ દિવસની ટૂંકી માંદગી સામે નમતું જોખી બાને એપોલોમાં એડમિટ કર્યાં. મનમાં તો એવી શ્રદ્ધા કે મોટી હોસ્પિટલના મોટા ડૉક્ટરો એમને ઝટ સાજા કરી દેશે. સસ્પેકટેડ કોવિડ વોર્ડના ડિલક્સ રૂમ નંબર પાંચમાથી પહેલા દિવસે જણાવાયું કે શી ઈઝ સ્ટેબલ બટ ક્રીટીકલ! બીજા દિવસે કહેવાયું કે, આજે તો વાતો કરી. થોડું ખાધું ય ખરું. ન્યુમોનિકલ પેચ છે. એમનાં ફેફસાં નબળાં છે. કોરોના પોઝીટીવ છે એવા સમાચાર મળ્યા. ત્રીજા દિવસે વેન્ટિલેટર પર લીધાં તો હાર્ટ બંધ પડી ગયેલું જે સારવારથી તરત ફરી ચાલુ થઈ ગયું. ચોથા દિવસના રિપોર્ટ મુજબ ડાયાલિસિસ કર્યું. ફરી ડાયાલિસિસ કરવું હતું પણ બી.પી.લો થઈ ગયું. આંખોમાં લાઈટ ફેંકીએ તો આંખો ચકળવકળ થાય છે. પાંચમા દિવસે સૂચના મળી કે અડતાળીસ કલાક ક્રીટીકલ છે. છઠ્ઠા દિવસની સવારે બા અમને પાછાં મળ્યાં પણ સફેદ ચાદરમાં લપેટાયેલાં. બપોરે ઘરે આવ્યાં નાનીશી માટલીમાં સમાયેલાં અને સાંજે છબીમાં મઢાયેલાં.'

તાવ આવવો, હોસ્પિટલમાં દાખલ થવું, વેન્ટિલેટર પર ચઢવું અને આ દુનિયામાંથી અદશ્ય થઈ જવું – જ્યારે સ્વજનના કે મિત્રના ચાલી ગયાના સમાચાર મળે ત્યારે દુ:ખ, આશ્ચર્ય, આઘાત અને પ્રશ્નોથી મૂઢ થઈ ગયા સૌ. આપણી સાથે ઘરમાં રહેતી વ્યક્તિને હોસ્પિટલમાં મૂકી આવવાની અને પછી અચાનક તેના જતાં રહેવાની ફોન પર હોસ્પિટલ દ્વારા જાણ થાય, બસ! આખરી વિદાય માટે મંજૂરી મળે તે પ્રમાણે એકાદ વ્યક્તિએ દૂરથી નિષ્પ્રાણ હાથ ઊંચો કરવાનો અને આંખમાં ધસી આવતા આંસુને જાતે જ પી જવાના. બાજુમાં કોણ ઊભું હોય જે ખભા પર હાથ મૂકે? સ્વજનના ચાલી ગયા પછી ઘરના સભ્યોએ ક્વોરન્ટાઈન થઈ જવું પડે! કોવિડ-૧૯નો અદશ્ય વાયરસ કદાચ અન્ય સભ્યોમાં પેઠો પણ હોય, શી ખબર? અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ તેમ જ નાના-મોટા ઘણાં નગરોમાં આ જ પ્રકારે અનેક કુટુંબોએ કોરોનાના કહેરને વેઠયો. માથેથી છત્ર જતું રહ્યું. કાચી વયનાં સંતાનોએ પિતા, માતા અને ક્યાંક બેઉને ખોયાં. સંસારનાં કાર્યોમાંથી નિવૃત્ત થઈ ગયેલા આધેડ વયના પિતાએ કામકાજ સંભાળી લેતા પુત્ર ખોયા. આ મહાદુ:ખની સાથે હવે આ ઉમ્મરે ફરી બોજ ઉપાડવો પડે એવી સ્થિતિ આવી. આ પિતાની આંખોનો સૂનકાર જોઈ ન શકાય! આશ્વાસન માટે આપણી પાસે કોઈ શબ્દો જ ન મળે! આવી પડ્યું તે વેઠવા સિવાય બીજો વિકલ્પ જ નહીં! અને જે ન વેઠી શક્યા તેમણે આપઘાત કર્યા. કોરોનાએ આપણને બધી બાજુએથી ઘેર્યા.

વારુ ૨૦૨૦ આમ પૂરું થયું ને સ્થિતિ થોડીક હળવી બની. લોકડાઉન ખૂલ્યું. જોકે શાળા-કોલેજો તો બંધ જ. પણ માથે ઊભેલી ચૂંટણી જાણે કે વચ્ચેથી કુનેહપૂર્વક રસ્તો કાઢી ગઈ હોય એમ ચતુરાઈપૂર્વક કામ પૂરું કરી જતી રહી. ૨૦૨૦ પૂરું થયાથી જાણે બલા ટળી હોય એમ લોકો નિશ્ચિન્ત થઈ સહેજ હળવાં થયાં હતાં ત્યાં કોરોનાનું બીજું મોજું બમણા વેગે આવ્યું. આ વખતે તેણે એવો જોરદાર છાપો માર્યો કે દરેક શહેર અને ગામની દરેક ગલીમાં દરેક ઘર પર તેણે આક્રમણ કર્યું. ૨૦૨૦થી પણ વધારે આકરા આઘાત માણસજાતે ખમવાના આવ્યા. આ વખતે કોરોનાએ

નવા વેરિયન્ટ સાથે દેખા દીધી. ઑક્સીજન લેવલ નીચું થઈ જવાની ફરિયાદ એટલા મોટા પાયે ઊભી થઈ કે તેને પહોંચી વળવાનું આપણું ગજું જ નહોતું. સરકારી અને ખાનગી હોસ્પિટલો ઓછી પડવા માંડી અને તેથી સ્ટેડીયમમાં અને સંસ્થાઓમાં કોવિડ સેન્ટર ઊભા કરાવા માંડ્યા.ઓક્સિજનના બાટલા માટે લાંબી લાંબી લાઈનો લાગી. બાર કલાક ઊભા રહે ત્યારે ઓક્સિજનનો બાટલો મળે. વળી, રેમિડેસીવીર ઈંજેકશન ખૂટી પડ્યા. માંગ વધારે અને પુરવઠો ઓછો અને તંત્રનાં આયોજનમાં પણ ખામી. માણસોના ચહેરા પર આક્રોશ, નિરાશા, થાક, લાચારી.આટલી વિવશતા સમગ્ર માનવ સમૂહમાં આપણે ક્યારેય નહોતી જોઈ. લોકો બેબાકળા બની ગયેલા અને તેથી સ્વાર્થ અને લોભ પણ ડોકું કાઢે અને તેથી કાળાબજાર પણ થયા. માણસ તરીકે આપણે ઊણા ઊતર્યા એમ કબૂલવું જ પડે!

મોઢા પર માસ્ક અને આંખોમાં ભય અને ચિંતા – માણસોના ચહેરા પરની ચમક જતી રહી. લોકડાઉન કરવાનું પોષાય તેમ નહોતું અને તેથી વડાપ્રધાને જાહેર કર્યું કે લોકડાઉન એ છેલ્લો ઉપાય છે. રાત્રિ કરફ્યુ જેવા પગલાં લેવામાં આવ્યા જેથી પરિસ્થિતિ વકરે નહીં. પરંતુ ટપોટપ મરતા માણસોના આ રીતના સમાચાર આપણે ક્યારે ય સાંભળ્યા નહોતા, ૨૦૨૦માં પણ નહીં. કોરોનાની લડાઈ આપણા દેશમાં ચરમ સીમાએ પહોંચી ગઈ. સૌથી વધારે મૃત્યુ વેઠનાર તરીકે આપણો દેશ વિશ્વમાં પ્રથમ ક્રમાંક પર પહોંચી ગયો. ૨૦૨૧ની શરૂઆતમાં આવેલી વેક્સિન આપણે લેવા માંડી હતી પણ કોરોનાનાં પ્રખર આક્રમણની સામે શોધાયેલા ઉપચારની આ તો હજી શરૂઆત હતી. ઘેરેઘેર પહોંચી રમખાણ મચાવનાર કોરોનાને ખાળવાની તાકાત આપણે ગુમાવી ચૂક્યા હતાં. માણસજાતે વિકાસ કર્યો છે એવી માન્યતા હાંસી ઉડાવી રહી હતી. આપણાં હાથમાં કાંઈ જ નથી, આપણાં શ્વાસ પર કોરોનાએ એકાધિકાર જમાવેલો જેની સામે હરફ ઉચ્ચારવાની આપણી હેસિયત નહોતી.

સામાન્ય રીતે જૂનના પહેલા અઠવાડિયામાં આપણે ત્યાં શાળા-કોલેજો શરૂ થઈ જાય. પુસ્તકો અને યુનિફોર્મ ખરીદાય અને નવાં શૈક્ષણિક વર્ષનો ઉત્સાહ જોવા મળે. ગયા વર્ષથી આ ક્રમ તૂટ્યો છે. આ વર્ષે પણ આ જ સ્થિતિ છે. ઓનલાઈન શિક્ષણ ચાલી રહ્યું છે, અનેક મર્યાદાઓ છતાં બોર્ડની પરીક્ષાઓ રદ કરવામાં આવી છે અને માસ પ્રમોશનની જાહેરાત થઈ છે. ભવિષ્યની પેઢી માટે અનેક પ્રશ્નો છે.

વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસની સાથે માણસજાત એકવીસમી સદીમાં ગર્વભેર પ્રવેશી તો ખરી પણ એક મહાકાય પડકાર તેની સામે ખડો થયો છે. આ સમયને માત આપવા માટે આપણે જુદી જુદી રીતે સજ્જ થવા માંડ્યા છે. આપણી બુદ્ધિશક્તિ અને વિવેકશક્તિથી આવનારા સમયને ઉજાળી શકીએ એવું પ્રાર્થીએ.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૫૩ ૩૭૭૧૪

વિશ્વસાહિત્યની કૃતિઓમાં મહામારી

ડૉ. વંદના રામી

આજે આપણે કોરોના નામક મહામારીના કઠિન સમયમાથી પસાર થઈ રહ્યા છીએ. તેમાં આવતીકાલ કેવી હશે તે વિશે આપણે કશુંય જાણતા નથી. હાલ તો મહામારીનો ભય આપણા દિલોદિમાગ પર એવો છવાયેલો છે કે આપણે આપણા જ મૃત્યુના ઓથાર નીચે જીવવા લાગ્યા છીએ. સામાજિક સંપર્કથી દૂર રહીને અને મો પર માસ્ક પહેરીને આપણે પોતપોતાના ઘરોમાં કેદ છીએ. જેથી નવા કોરોના વાયરસના સંક્રમણને ફેલાતો અટકાવી શકાય.

આવા સમયમાં ઘરમાં કેદી બનીને કંટાળાને હડસેલવા સાહિત્યના ખોળે માથું મૂકવું એ ઉત્તમ ઉપાય છે. સાહિત્ય આપણને ઘડીભરની વાસ્તવિકતા ભૂલવીને દૂરના પ્રદેશોમાં લઈ જઈ આનંદવિહાર કરાવે છે. હાલના સમયમાં મહામારી એટલે કે રોગચાળા ઉપર લખાયેલી કૃતિઓની બોલબાલા વધી ગઈ છે. ગુજરાતી સાહિત્યમાં મહામારીને વિષય બનાવીને રચાયેલી કૃતિઓ ખાસ જોવા મળતી નથી. પરંતુ વિશ્વસાહિત્યમાં મહામારીને વિષય બનાવીને કેટલાંક સર્જકોએ પોતાની કલમ ચલાવી છે. ભૂતકાળમાં આવી વૈશ્વિક મહામારીમાથી લોકો કવી રીતે ઉગર્યા? તેની કથા વિશ્વસાહિત્યની કૃતિઓ વાંચતાં જણાય છે. મારે અહી વાત કરવી છે મહામારી પર આધારીત વિશ્વ સાહિત્યની કૃતિઓની.

‘ધ પ્લેગ’ – લે. આલ્બર્ટ કામૂ

આલ્બર્ટ કામૂએ ‘ધ પ્લેગ’ માં અલ્જિરીયાના ઓરા શહેરમાં ફેલાયેલ પ્લેગ નામક મહામારીની વાત કરી છે. ૧૯મી સદીમાં ઓરા શહેર આ રોગચાળાથી કેવી રીતે વેરાન થઈ ગયું તેનું

આબેહૂબ વર્ણન સર્જકે આ કૃતિમાં કર્યું છે. કથાના આરંભે હજારો ઉંદરો શેરીઓમાં મરેલા પડ્યા છે. સ્થાનિક અખબારો આ ઘટનાની જાણ કરે છે. પરંતુ અધિકારીઓ મરેલા ઉંદરોનો નિકાલ કરવામાં અસફળ રહે છે. જે પ્લેગનો રોગ ફેલાવા માટે ઉત્પ્રેરક બને છે. બીજા ભાગમાં પ્લેગ એટલી હદે વ્યાપક બની ચૂક્યો હોય છે કે આખા શહેરમાં લોકડાઉન થાય છે. એ સમયનું વર્ણન જુઓ :

આ શહેર બંધ છે. નગરના દરવાજા બંધ છે. રેલ્વે મુસાફરી પ્રતિબંધિત છે. તમામ ઇન્ટરનેટ સેવા સ્થગિત કરવામાં આવી છે.

અને ધીમે ધીમે પ્લેગ આ કથાના મુખ્ય પાત્રોને અસર કરવાનું શરૂ કરે છે. હજારો નિર્દોષ લોકો મોતનો ભોગ બને છે. આવા સમયે આરોગ્ય અધિકારી ડૉ. બર્નાડ સ્વયંની ચિંતા કર્યા વગર અન્યની સેવાને પોતાનો જીવનધર્મ માને છે. એમનો સંવાદ જુઓ

મોત કઈ ઘડીએ મારી રાહ જોઈ રહ્યું હશે અને આખરે શું થશે એ હું જાણતો નથી. હાલ તો હું એટલું જ જાણું છુ કે લોકો બીમાર છે, અને તેમનો ઈલાજ જરૂરી છે.

કામૂએ એ સમયે કરેલા પ્લેગના વર્ણનમાં આજના સમયની ઝલક જોઈ શકાય છે.

'પેલ હોર્સ પેલ રાઈડર' – લે. કેથરીન એન. પોર્ટર

આપણે સૌ જાણીએ જ છીએ કે ઈ.સ. ૧૯૧૮માં સ્પેનિશ ફ્લૂ નામક રોગચાળાએ આખા વિશ્વને હચમચાવી મૂક્યું હતું. આ મહામારીમાં વિશ્વના પાંચ કરોડ લોકો મૃત્યુ પામ્યા હતા. બ્રિટિશ લેખિકા કેથરીને ૧૯૩૯માં પ્રકાશિત થયેલ આ કૃત્તિમાં સ્પેનિશ ફ્લૂના રોગચાળાનું વર્ણન કર્યું છે. કથાની નાયિકા મીરાંડા બીમાર પડે છે. મીરાંડા અને તેના દોસ્ત એડમના સંવાદ દ્વારા આપણે સ્પેનિશ ફ્લૂની મહામારી અને એ સમયની વિકરાળ પરિસ્થિતિને પામી શકીએ છીએ.

આ અત્યંત ખતરનાક સમયગાળો છે, બધા થિયેટર્સ, દુકાનો અને રેસ્ટોરાં બંધ છે. ગલીઓમાં આખો દિવસ નનામીઓ નીકળતી રહે છે. આખી રાત એમ્બ્યુલન્સ દોડતી રહે છે.

મીરાંડા આ જીવલેણ રોગચાળામાથી ઉગરી જાય છે. તે સ્વસ્થ થઈને બહાર નીકળી જુએ છે તો આખી દુનિયા બદલાઈ ગઈ હોય છે. પહેલા જેવુ કશુય હોતું નથી. એ જ ગલીઓ, એ જ રસ્તાઓ, એ જ ઘર, છતાંય જાણે ચારે તરફ ઉદાસીનતા અને નીરાશા વ્યાપેલા છે. આપણે જાણીએ છીએ કે આ કૃતિનાં રચયિતા ખુદ કેથરીન પણ સ્પેનીશ ફ્લૂને કારણે મરતાં મરતાં બચેલાં. તેઓ આ મહામારીથી બચી તો જાય છે પણ, પછી ઘરની બહાર નીકળી લોકોને હળવામળવામાં અને સામાન્ય જિંદગી જીવવામાં તેમને ઘણો સમય લાગ્યો હતો.

'ધ જર્નલ ઓફ ધ પ્લેગ યર' – લે. ડેનિયલ ડેફો

ડેનિયલે આ કૃતિમાં ઈ.સ. ૧૯૬૫માં બ્રિટનની રાજધાની લંડનમાં ફેલાયેલા પ્લેગના રોગચાળાનું વિગતે વર્ણન કર્યું છે. પ્લેગને કારણે લંડનમાં જાહેર કાર્યક્રમો, રેસ્ટોરાં, બાર, ધર્મશાળાઓ તેમજ ચર્ચમાં પણ લોકોના એકઠા થવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. પ્લેગનું ભયાનક ચિત્રણ આજના સમયના કોરોના વાયરસના પ્રકોપ જેવુ છે. ઑગસ્ટ મહિનો આવતાં તો પ્લેગ વિકરાળ રૂપ ધારણ કરી લે છે. સંખ્યાબંધ પરિવારો અને આખેઆખા વિસ્તારોને પોતાનો કોળિયો બનાવી લે છે. લોકડાઉન લાદવામાં આવ્યું હોવા છતાં પણ લંડનવાસીઓ બેદરકારી છોડતા નથી. ઘરમાં રહેતા નથી. માલસામાન ખરીદવા બિનજરૂરી ભીડ ઊભી કરે છે. કથાને અંતે મહામારીમાંથી ઉગારી જતા શહેરનું વર્ણન જુઓ :

ડિસેમ્બર ૧૬૬૫ સુધીમાં રોગચાળાનો પ્રકોપ ઓછો થયો હતો. હવે હવા સાફ અને ઠંડી હતી. જે લોકો બીમાર પડ્યા હતા એ પૈકીના ઘણા સાજા થઈ ગયા હતા.

શહેરનું સ્વાસ્થ્ય પણ સુધરવા લાગ્યું હતું. શહેરની છેલ્લી ગલી પણ રોગચાળાથી મુક્ત થઈ ગઈ ત્યારે લંડનવાસીઓએ રસ્તા પર નીકળીને ભગવાનનો આભાર માન્યો હતો.

૪૦૦ વર્ષ પહેલા લંડનમાં ફેલાયેલા રોગચાળાનો માહોલ અને આજનો માહોલ આ બંને માહાલોમાં ઘણું સામ્ય જોવા મળે છે.

'ધ યર ઓફ ધ ફ્લડ' – લે. માર્ગારેટ એટવુડ

૨૦૦૯માં માર્ગારેટ એટવુડે 'ધ યર ઓફ ધ ફ્લડ' નામની નવલકથામાં મહામારી પછી ખતમ થઈ ગયેલી માનવજાતિની કલ્પના કરી છે. નવલકથામાં આવતું ટોબી નામની માલણનું પાત્ર જે મહામારીમાંથી બચી જાય છે. તે વિચારે છે કે :

કોઈક તો જરૂર બચ્યું હશે આ ધરતી પર, તે એકલી નહીં બચી હોય. બીજા લોકો પણ હશે. પણ એ દોસ્ત હશે કે દુશ્મન? એ પૈકીના કોઈ સાથે મુલાકાત થાય તો તેણે શું સમજવાનું?

તો બીજું પણ એક પાત્ર છે જે આ રોગચાળામાંથી ઉગરી ગયું છે, તે છે રેન નામની નર્તકી. કોઈ ગ્રાહકના સંપર્કમાં આવતાં તે રોગથી સંક્રમિત થાય છે. પણ હોમ કોરનટાઈન થતાં તે બચી જાય છે. મહામારીમાથી ઉગરી ગયેલી રેન અનેક દિવસો સુધી એકલી

સૂનમૂન બેસી રહે છે. પોતે કોણ છે એ વાસ્તવિકતા પણ ભૂલી જાય છે. આ કૃતિમાં કુદરત અને માનવ વચ્ચેનું સંતુલન કેવી રીતે બગડયું તે બતાવવા લેખિકાએ પીઠઝબકારની પધ્ધતિ પણ અપનાવી છે.

પાણી વિનાના પૂરની માફક આવી થોડાક જ સમયમાં આખા શહેરને તહેસનહેસ કરી નાખનાર રોગચાળાનું આબેહૂબ વર્ણન લેખિકાએ આ નવલકથામાં કર્યું છે.

'સેવરન્સ' – લે. લિંગ મા

ઈ.સ. ૨૦૧૮માં રચાયેલી ચીની મૂળનાં અમેરિકન લેખિકા લિંગ મા કૃત 'સેવરન્સ' એ ૨૦૧૧માં ન્યૂયોર્ક પર ત્રાટકેલા શેનફીવર નામક મહામારી પર આધારીત કૃતિ છે. આ રોગચાળામાંથી માત્ર નવ જ લોકો જીવતા બચે છે. આ નવમાંનો એક તે કેન્ડેસે. તે એક પ્રિન્ટિંગ કંપનીમાં કામ કરે છે. આ રોગચાળામાંથી પોતે શા કારણે બચી ગયો તે વિચારતાં તેને પોતાના મિત્ર બોબે બનાવેલા નિયમો યાદ આવે છે. બોબ એક આઈ. ટી. પ્રોફેશનલ છે. મહામારીમાથી બચી ગયેલો કેન્ડેસ અને બચેલા અન્ય લોકો શિકાગોના ઉપનગરીય વિસ્તારમાં આવેલા એક મોલ તરફ જવા રવાના થાય છે. ત્યાં જઈ કાયમ માટે ત્યાં સ્થાયી થવા વિચારે છે. કેન્ડેસે પોતાના મરેલા સાથીઓ વિશે વિચારે છે તો તેને સમજાય છે કે તેઓ પોતાની ખરાબ આદતોને કારણે રોગનો ભોગ બની ગયા. અને પોતે રોગપ્રતિકારક શક્તિ અને ઈશ્વરકૃપાથી બચી ગયો. આ મહામારી વિશે લેખિકા જણાવે છે કે :

આ રોગચાળા પછી શહેરનો માળખાકીય ઢાંચો સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયો છે. વીજળીની ગ્રીડ પણ બંધ થઈ ગઈ છે.

'ઑડિપસ ધ કિંગ' – લે. સોફોકલીસ

સોફોકલીસ એ ગ્રીક ટ્રેજેડી નાટ્ય લેખક હતો. ઈ.સ. પૂર્વે ૪૯૭થી ૪૦૬ની વચ્ચે સોફોક્લિસે ૧૨૫ જેટલા કરુણ નાટકો લખ્યાં હતાં. 'ઈડીપસ રેક્સ', 'ઈડીપસ એટ કોલોન' અને 'એંટીયાગો', 'એજેક્સ', 'વૂમન ઓફ ટ્રેચીસ' વગેરે જેવા નાટકોમાં 'સમ્રાટ ઈડીપસ' મોખરાનું સ્થાન ધરાવે છે. એરિસ્ટોટલે ટ્રેજેડીની વ્યાખ્યા કરતી વખતે આ નાટકનો ઉલ્લેખ કર્યો છે. ઈડીપસ એ થીબ્ઝના રાજા લાઈઅસ અને એની રાણી જાકોસ્ટાનો પુત્ર છે. તેના જન્મ સમયે એવી ભવિષ્યવાણી થઈ હોય છે કે તે તેના પિતાનું ખૂન કરશે અને તેની માતા સાથે લગ્ન કરશે. આ ભવિષ્યવાણીને ખોટી પાડવા તે અનેક પ્રયત્નો કરે છે પણ કુદરત સામે લાચાર બની જાય છે. અજાણતાં તે પોતાના પિતાની હત્યા કરી પોતાની માતા સાથે લગ્ન કરી લે છે. માતા થકી તે સંતાનોનો પિતા પણ બને છે. આ ઘટનાની જાકોસ્ટાને ખબર પડતાં તે આત્મહત્યા કરી લે છે. ઈડીપસ પશ્ચાત્તાપમાં પોતાની આંખો ફોડી દેશવટે ચાલ્યો જાય છે. આ ઘટનાના વર્ષો પછી થેમ્સમાં પ્લેગની મહામારી સર્જાય છે. હજારો નિર્દોષ લોકો મૃત્યુ પામે છે.

અગમ્યગમન અને સપિંડસંભોગથી ઉત્પન્ન થતી સ્થિતિ તેમજ મહામારી અને ભૂખમરો આ નાટકને કરુણ અંત આપે છે. આ કૃતિમાં મહામારીને દૈવીપ્રકોપ માનવામાં આવી છે. નાયક ગમે તેટલું ઇચ્છે તો પણ એ એના દુર્દૈવને દૂર કરી શકતો નથી. આ કૃતિમાં મહામારી, ભૂખમરો તેમજ પાત્રલક્ષી કરુણતા જોવા મળે છે.

'સ્ટેશન ઇલેવન' – એમીલી સેંટ જોન મંડેલ

'સ્ટેશન ઇલેવન' એ એમીલી સેંટ જોન મંડેલની ૨૦૧૪માં પ્રકાશિત થયેલી નવલકથા છે. આ કૃતિમાં સર્જકે જ્યોર્જિયા ફ્લૂ નામક રોગચાળાથી સર્જાતી મહામારીનું આલેખન કર્યું છે. જેમાં મોટાભાગના લોકો મૃત્યુ પામે છે. ૨૦૧૫ માં આ કૃતિને 'આર્થર સી ક્લાર્ક' એવાર્ડથી નવાજવામાં આવી હતી. કોલંબિયાનો સફળ અભિનેતા આર્થર લિએન્ડરને હૃદયરોગનો હુમલો આવે છે. તેનો ડૉ. મિત્ર તેને શહેરમાથી બહાર ન નીકળવાની ચેતવણી આપે છે. કારણ કે તે જ્યોર્જિયન ફ્લૂ નામના રોગથી પીડાતો હોય છે. તે શહેરની બહાર જાય છે. ને ટૂંક જ સમયમાં ટોરેન્ટોના થિયેટરમાં મૃત્યુ પામે છે. આર્થરના મૃત્યુ પર શોક માટે ભેગા થયેલા કલાકારો, અભિનેત્રીઓ ને તેના અન્ય મિત્રો તેના સંક્રમણમાં આવતા ત્રણ અઠવાડિયામાં જ મૃત્યુ પામે છે. ને ધીમે ધીમે આ રોગ મહામારીનું સ્વરૂપ ધારણ કરે છે, ને હજારો લોકોને ભરખી જાય છે. લોકો ત્યાંથી ભાગી છૂટવા પ્રયત્ન કરે છે. પણ રોગ સામે સૌ કોઈ લાચાર બની જાય છે. આમ એક અનન્ય પ્રસ્થાન કે જેનાથી સંસ્કૃતિના ઇતિહાસની, માનવજીવનના ભંગાણની તપાસ કરવી, સેલેબ્રિટી ગપસપ, અને ભયાનક ભાવિનું વિચિત્ર ફ્યુઝન મેંડેલેએ સુંદર રીતે કર્યું છે. ઝગમગાટ જીવન વચ્ચે જ્યોર્જિયન ફ્લૂ નામની મહામારી, જીવજંતુની માફક આડેધડ રોગનો ભોગ બની મૃત્યુ પામેલા લોકો – મહામારીની આ સઘળી ઘટનાઓ મેંડેલે એ સુંદર રીતે આલેખી છે.

'ધ લાસ્ટ મેન' – લે. મેરી શેલી

ફેબ્રુઆરી ૧૮૨૬માં પ્રકાશિત થયેલી 'ધ લાસ્ટ મેન' એ મેરી શેલીની ૨૦૭૦થી ૨૧૦૦ સુધીના સમયગાળાને આવરી લેતી ભાવનાપ્રધાન નવલકથા છે. આ કૃતિમાં તેઓ ઇતિહાસને વર્ણવે છે.

પ્લેગ, યુરોપ અને અમેરિકામાં આગની જેમ ફેલાઈ જાય છે. વૈશ્વિક પ્લેગ નામક મહામારીમાથી ઉગરી ગયેલો માણસ તે લિયોનેલ વેર જે આ કૃતિનો નાયક છે. લિયોનેલ અને એડ્રીયન જીવ બચાવવા ભાગે છે, તેઓ સ્વિટઝરલેંડ પહોંચે ત્યાં સુધીમાં તો તેના મિત્રો એડ્રીયન, ક્લેરા અને એવલીન પણ મૃત્યુ પામે છે. મહામારીમાં મિત્રો અને સ્વજનોને ગુમાવ્યા બાદ એકલો બચેલો લાસ્ટમેન લિયોનલ શોકગ્રસ્ત જીવન જીવવા લાગે છે. અહી પ્લેગ રહસ્યમય છે. તે ક્યાંથી આવ્યો? કેવી રીતે આવ્યો? કોઈ જ તેને શોધી શકતું નથી. તેનો ઈલાજ પણ શક્ય નથી. આખા શહેરો માનવવિહોણા બની જાય છે. જ્યાં ત્યાં લાશોના ઢગ ખડકાય છે. આમ મહામારીનું ભયાનક વૃતાંત આ કૃતિમાં જોવા મળે છે.

'ઇલિયડ' – લે. હોમર

ઈ.સ. પૂર્વે ૮મી સદીમાં રચાયેલ 'ઇલિયડ' એ હોમર કૃત મહાકાવ્ય છે. ગ્રીક અને ટ્રોયની લડાઈ દસ વર્ષ સુધી ચાલી હતી તેનું વર્ણન આ મહાકાવ્યમાં છે. મેન્યૂએસની પત્ની અને ગ્રીસની રાણી હેલનને ટ્રોયનો રાજકુમાર ભગાડી પોતાના નગરમાં લઈ જાય છે. ગ્રીસની સેના ટ્રોયના રાજાને યુદ્ધ માટે લલકારે છે. પરંતુ ટ્રોયની મજબૂત દીવાલો ભેદી ન શકાતા અંતે ગ્રીસની સેના ત્યાંજ તંબૂ તાણી આજુબાજુના પ્રદેશોમાથી સંપત્તિ અને સુંદરી જે હાથ લાગે તેને કબજે કરી લે છે. એગેમેમ્નોન એપોલોના પૂજારીની દીકરી ક્રાઇસિઝને શૈયાસંગિની તરીકે રાખે છે. એના પિતાની આજીજી છતાં પણ તેઓ ક્રાઇસીઝને પાછી સોંપતા નથી. દીકરી ન મળતાં ક્રાયસસ પોતાના ઇષ્ટદેવતા એપોલો થકી ચારે તરફ અંધાધૂધ અને મહામારી ફેલાવે છે. ગ્રીસની સેનાને મરકીનો રોગ લાગુ પડે છે ને હજારો સૈનિકો ને મહાયોધ્ધાઓ મૃત્યુ પામે છે. એ પછી તો અનેક ઘટનાઓ ઘટે છે. પરંતુ અહી આવતું મહામારીનું વર્ણન કંપારી છૂટાવે તેવું છે. જીવજંતુઓની જેમ લાશોના ઢગ ખડકાય છે.

હજારો વર્ષો પહેલાં પ્લેગ અને કોલેરા જેવા ચેપી રોગો કેવી રીતે ફેલાયા તે વિશે કેટલાંક સર્જકોએ સુંદર અને તર્કસંગત કૃતિઓ રચી છે. હોમરથી સ્ટીફન કિંગ સુધીની સફર કરતાં જણાય છે કે પાશ્ચાત્ય સાહિત્યની શરૂઆત પ્લેગની મહામારીથી થયેલી છે. કોલેરા અને પ્લેગ વારંવાર આવતી મહામારીઓ હતી. આ બધી મહામારીઓ પ્રકૃતિના અસંતુલન તરફ ભારપૂર્વક નિર્દેશ કરે છે. મોટાભાગે પર્યાવરણ, પ્રાણીઓ, અને મનુષ્ય વચ્ચે જે તકરાર થાય છે તે આવી મહામારીઓને જન્મ આપે છે. જેના કારણે લાખો કરોડો નિર્દોષ લોકો મોતના મુખમાં ધકેલાઈ જાય છે. આજે આપણે પણ આવી જ એક મહામારીના સકંજામાં ફસાયા છીએ. મહામારી આજે જીવાતા જીવનનો હિસ્સો બની ગઈ છે. આજે સાવચેતી રાખીશું તો આવતીકાલનો સૂરજ ચોક્કસ એ જ આનંદભર્યું જીવન, નવી આશાઓ, અને નવા જ ઉમંગો લાવશે.

આભાર સહ, સાહિત્યસેતુ સામયિક, સંપાદક – નરેશ શુકલ, Year-10, Issue 5, Continuous Issue 59, September-October 2020

✦ ✦ ✦

સંપર્ક : ૯૯૨૪૮ ૧૮૬૦૦

કોરોના કાળ અને માનવમન

નિસર્ગ આહીર

માણસનું મન પૂર્ણપણે વ્યક્ત થાય વિપત્તિમાં. આપત્તિના સમયે એનું સાચું રૂપ પ્રગટે. અંદરના આટાપાટા સંકટ કાળમાં અનેક રૂપે અવતરે. શાંત અને સમથળ સમયે તો સામાન્ય કે લોકને સ્વીકૃત સ્તરે જ એનું પ્રગટીકરણ હોય. લોકમાન્ય રીતિએ, જે તે પ્રસંગ ને પરિસ્થિતિ અનુરૂપ મનનું વર્તન હોવાનું. સામાજિક નિસબતને કારણે જે તે દેશકાળ અનુસાર મનનું રૂપ પ્રગટ થાય. પોતે શું છે તેના કરતાં બીજાઓને શું જોઈએ એની ગણતરી કરીને માણસ વર્તન કરતો હોય છે. પરંતુ આપત્તિના સમયે બહારનાં રંગરોગાન ખરી પડે, અંદરનું કાળુંધોળું, રૂપાળુંકદરૂપું દેખાઈ આવે. એમ કહીએ શકીએ કે આપત્તિ કે આફતનો સમય માનવમનનો એક્ષ-રે સામે ધરે છે.

કોરોના, કોવિડ-૧૯ વાયરસ વિશ્વવ્યાપી આફતનો અતિરેક થઇને સામે આવ્યો. એણે સામૂહિક રીતે માનવમનની અંદરૂની છબિ સૌ સમક્ષ ધરી દીધી! કેવા રંગો એ છબિઓના – માનવમૂલ્યોની મહત્તાના, આનંદાશ્ચર્યના, આઘાતના, અટપટી અવળચંડાઈના, આદિમ વૃત્તિઓના, પાશવી ક્રૂરતાના! આખું વિશ્વ એક જ મહામારીના ઓથાર નીચે એક જ સમયમાં આવ્યું હોય એવું પૂર્વે કદી બન્યું નથી. વૈશ્વિક આવાગમન, વાહનવ્યવહારની સગવડને કારણે સુગમ બનેલ પ્રવાસ, સમૂહમાધ્યમોની સંડોવણીને કારણે દરેક માણસ પરોક્ષ રીતે અથવા તો પ્રત્યક્ષ રીતે કોવિડ-૧૯ની મહામારીથી

પ્રભાવિત થયો છે. ડિસેમ્બર ૨૦૨૦થી લઈને જૂન ૨૦૨૧ સુધીના દોઢ વર્ષમાં વિષાણુએ પૃથ્વીને વ્યાપક, વિનાશક ભરડામાં લઈ લીધી છે. લોકડાઉન અને હોમ ક્વૉરેન્ટાઈનને કારણે બહારનું જગત બંધ થયું અને અંદરનું એકાંત ઉઘડ્યું. જે સ્વભાવથી બહિર્ગામી છે તેમને માટે પોતાની જ આંતરછબિ ખાસ્સી ડરામણી રહી. જે વ્યાપકતાથી વિચારનારા એકાંતપ્રિય હતા એમના હૃદયમાં વધુ પ્રકાશ ફેલાયો. જગત વધારે ચોખ્ખું થયું એટલે સમજાયું પણ વધારે.

અનિચ્છાએ માણસને અંદરની બાજુએ વળવાનું થયું. એકલા રહેવું પડ્યું. બહારની પ્રવૃત્તિઓ બંધ થતાં પરિવાર અને ઘર સાથેનો નાતો દૃઢ થયો. મન પડે ત્યારે ગમે ત્યાં ફરી શકવાનું સ્વાતંત્ર્ય છીનવાઈ ગયું. રાજ્યરાજ્ય અને દેશદેશ વચ્ચેની સરહદો બંધ થઈ ગઈ. ઘરની બહારની મોજમસ્તી, ખાણીપીણી, ઉત્સવો, તહેવારો, ઉજવણી, સમારંભો, પ્રવાસો, મેળાઓ, મેળાવડાઓ એ બધું જ બંધ થઈ ગયું અથવા આંશિક રીતે જ ચાલુ રહ્યું. સ્વતંત્રતા ભોગવતો માણસ રાતોરાત પરતંત્ર થઈ ગયો. ઘરમાં પૂરાયેલો હોવા છતાં એક ભય, એક ઓથાર લઈને જીવતો થયો. અનેક લોકોની આવક બંધ થઈ, જરૂરી વસ્તુઓ મળતી બંધ થઈ, કેટલાંક પોતે જ સંક્રમિત થયાં, સ્વજનોને સંક્રમિત થતાં જોયાં અને કેટલાંય લોકોએ સ્વજનો ગુમાવ્યાં. આ ભયાવહ સાર્વત્રિક વાતાવરણે માણસને ખાસ્સો વિક્ષિપ્ત કર્યો, પ્રભાવિત કર્યો. ઉપરથી મીડિયાએ ક્ષણેક્ષણની માહિતી આપીને ચિંતામાં, ભયમાં વધારો કર્યો. મોત એની તમામ વિકરાળ શક્તિ સામે આવીને ઊભું રહ્યું. આવી સ્થિતિમાં મનની જે મુદ્રાઓ અંકિત થઈએ વધારે સાચી અને વાસ્તવિક હતી.

'મન' શબ્દ માનવની ઓળખરૂપ છે. અદશ્ય છતાં અતિશય પ્રભાવશાળિ છે મન. મન, આત્મા અને શરીર માનવઅસ્તિત્વનાં મૂળ કારણ છે. આત્મા જૈવિક ચેતના છે, મન ક્રિયાત્મક ચેતના છે અને શરીર આધાર ચેતના છે. મન પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિયનું અધિષ્ઠાતા છે. જોવું, સાંભળવું, સૂંઘવું, સ્પર્શવું, ખાવુંપીવું અને હાથપગ વડે કર્મ કરવું એ બધું જ છે મનનું પ્રાગટ્ય કે મૂર્ત રૂપ. એ અર્થમાં માનવ એટલે જ મનની અભિવ્યક્તિનું માધ્યમ.

માણસની સરેરાશ અને રોજિંદી જિંદગી કોરોનાના સમય દરમિયાન બંધ પડી, અવરોધાઈ અથવા તો બદલાઈ. અણધારી, આકસ્મિત સ્થિતિએ આંતર-બાહ્ય અનેક રીતિએ માણસને પ્રભાવિત કર્યો. અવસ્થા બદલાઈ, આદતો બદલાઈ, જે નહોતું ધાર્યું તે સામે આવ્યું. એને કારણે મન વિસ્તર્યું, સંકુચિત થયું, સ્પષ્ટ થયું કે વિકૃત થયું. સતત પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવાને કારણે માણસને મન વિશે નિરાંતે વિચારવાનો અવકાશ નહોતો, અથવા તો મનની ગતિવિધિને તે અવગણતો હતો; અજાણ પણ હતો. પરંતુ લાંબા, અકળાવનારા એકાંતવાસને કારણે મનનો પ્રભાવ વધ્યો અને માનસિક ક્રિયાપ્રતિક્રિયાનું પરિણામ ભોગવવાનું દરેકનાં હિસ્સામાં આવ્યું. વિપત્તિ અને વિનાશના આ કાળમાં માણસ દંભનો છતો થયો, પહેરેલાં મહોરાં ઊતરી ગયાં, અંદર ઘૂંટી રાખેલું અંધારું અથવા અજવાળું બહાર વિસ્તર્યું. મનનું એવું પ્રગટીકરણ અને અભિવ્યક્તિ આપણને આશ્ચર્યચક્તિ કરે તેવાં છે.

મન વ્યક્તિએ વ્યક્તિએ જુદું હોય. મનની ક્રિયા-પ્રક્રિયા સાવ અંગત બાબત છે, પરંતુ એનું પ્રગટીકરણ બીજાંઓને પ્રભાવિત કરે. વળી સામાન્ય સરેરાશ માણસ અને સત્તાધીશ માનવીના મનની ગતિવિધિમાં પણ ફરક હોય છે. સામાન્ય વ્યક્તિનું વર્તન પોતાને કે પરિવારને પ્રભાવિત કરે પરંતુ સત્તાધીશનું વર્તન બહોળા જનસમૂહને પ્રભાવિત કરે છે. કોરોના કાળમાં આવા સત્તાધારી નેતાઓ કે અધિકારીઓનું મનોવલણ ખૂબ જ મહત્ત્વનું સાબિત થયું છે. જ્યારે સત્તાધીશ સ્વસ્થ, બુદ્ધિશાળી, દૂરંદેશી કે જ્ઞાની ન હોય અને લોકો વતી નિર્ણય લે ત્યારે જનસમૂહે ખૂબ જ ભોગવવાનું આવે છે. સમગ્ર વિશ્વમાં જ્યારે કોરોનાકેન્દ્રી નિર્ણયો લેવામાં તેમાં નેતાઓની ક્ષમતા અને સમજનો પરિચય મળી શક્યો. કમનસીબે, ભારતમાં શાસકીય અને તાંત્રિક અનેક ત્રૂટીઓ સામે આવી. એટલું જ નહીં, એમના અપરિપક્વ અને આડેધડ નિર્ણયોને કારણે લાખો લોકો મરણને શરણ થયા, આધિ-વ્યાધિ-ઉપાધિ પામ્યા, આર્થિક રીતે પાયમાલ થયા.

કોરોનાએ લોકોની શક્તિ, સર્જનાત્મકતા, સંસ્કાર, સ્નેહ જેવા સદ્ગુણો તેમજ દંભ, ધૃણા, અપરિપક્તા, અસહિષ્ણુતા, લોભ, લાલચ જેવા દુર્ગુણો ખુલ્લા કરી નાખ્યા. માનવને 'માનવ' બનાવે છે મૂલ્યો. પ્રેમ, દયા, કરુણા, ભાઈચારો, પરમાર્થ, સેવા જેવાં મૂલ્યો એની ચરમપરમ કક્ષાએ આપણે અનુભવ્યાં. લોકોએ બીજાને મદદ કરવા હાથ લંબાવ્યા, દાન આપ્યાં, સખાવત કરી, અન્નભોજન પહોંચાડ્યાં, દવાઓ આપી, સારવાર આપી, અનાથને આશ્રય આપ્યો – કેટકેટલારૂપે મનનું સુંદરતમ પ્રગટીકરણ થયું! બીજી બાજુ લેભાગુઓએ કાળાંબજાર કર્યાં, દવા અને ઑક્સિજનનો સંગ્રહ કરી મોંઘે ભાવે વેચ્યાં, વસ્તુઓના બમણા ભાવ લીધા. કોઈ પણ તકનો

ગેરલાભ લેવાનું ના ચૂક્યા લોકો!

'કોરોના વોરિયર' તરીકે ડૉક્ટર, નર્સ, પોલીસકર્મીઓ, સરકારી અધિકારીઓ રાતદિવસ ખડેપગે રહ્યા. એમાં પણ ડૉક્ટર અને નર્સની સેવા જેટલી વખાણીએ તેટલી ઓછી છે. પરંતુ કેટલાંક ડૉક્ટરોએ, કેટલીક હોસ્પિટલોએ લોકોની મજબૂરીનો ગેરલાભ લઈ મોટેપાયે લૂંટ ચલાવી. જેને 'સુપર સ્પ્રેડર્સ' કહી ધૂત્કારી કાઢવામાં આવતા હતા તે જ ફેરિયાઓએ શાકભાજી, ફળ ઘરઘર સુધી પહોંચાડીને ઉદાહરણીય સેવાઓ પૂરી પાડી છે.

શાસકો અને તંત્રની બેદરકારીએ સર્જેલા પ્રશ્નો અત્યંત વિકટ હતા. દૂરંદેશી વિનાના નિર્ણયોએ કરોડો શ્રમિકોને અંતહીન વેદનાઓ આપી. આર્થિક રીતે એવી તો પછડાટ આપી કે એમની કરોડરજ્જુ તૂટી ગઈ. ઘરમાં આવક ન હોવાથી જે પ્રશ્નો, હાડમારીઓ સર્જાઈ છે એની નોંધ કોણ લે? આપણી પાસે મરણના આંકડા આવશે, માનસિક સંતાપ કે યંત્રણાની ગણતરી તો કોણ કરે? કોરોનાનું બીજું મોજું તો બેશક અણઘડ શાસકીય નીતિઓને કારણે જ આવ્યું છે. મરણનો સાચો આંકડો તો કદીય બહાર નહીં આવે પણ લાખો લોકોને મરણશરણ કરનાર ઉચ્ચ પદસ્થાને બેઠેલા શાસકો પોતાની નૈતિક જવાબદારી નહીં જ સ્વીકારે. માણસના મનની આ ક્રૂરતાનું શું કહેવું? લોકોના જીવન સાથે રમત રમનારા શાસકોને સીધી રીતે કોઈ જવાબદાર નહીં ગણે, પરંતુ એમણે ઘડેલી નીતિઓમાં રહી ગયેલી કચાશ કે અધૂરપને કારણે મહાસંહાર સર્જાયો છે એ સમજી શકાય એવું છે. આવી નીતિવિષયક ભૂલો વિશ્વવ્યાપી છે. કોને દોષ દઈ શકાય?

બહારની અવરજવર અને પ્રવૃત્તિઓ બંધ થવાથી બહિર્ગામી માણસ પોતાના મનને વધારે મળતો થયો, વૈયક્તિક્તાનો નિકટવર્તી સામનો કરતો થયો. પરિવાર સાથે સમય નહોતો ગાળતો તે માણસ સતત ઘરમાં રહેતાં એમની સાહજિક વૃત્તિઓ બહાર આવી. લોકડાઉનના સમયમાં ઘરેલું હિંસાના કિસ્સાઓ ખૂબ વધી ગયા. જેમને વ્યસન હતું તેમની તલપ વિપરીત અસર થઈને સામે આવી. મોબાઈલ, કમ્પ્યૂટર અને ટેલિવિઝન જેવાં ઉપકરણોનો સતત ઉપયોગ કરવાને કારણે રિયલ નહીં પરંતુ વર્ચ્યુઅલ વિશ્વની બારી ખૂલી. એના અતિરેકને કારણે સકારાત્મક ઓછી, નકારાત્મક અસર વધારે થઈ. બાળકોને કાચી ઉંમરમાં મોબાઈલ ફોન કે ટેબલેટ જેવાં ઉપકરણો આપી દેવાને કારણે એમનું મન અવળી દિશા તરફ વધારે આકર્ષિત થયું. લોકો ખોવાયેલા સંબંધો સોશિયલ મીડિયા પર શોધવા લાગ્યા તેમ નવા સંબંધો પણ બાંધવા લાગ્યા. વાસ્તવિક સંબંધમાં ભીંસ અનુભવતો માણસ ભ્રામક સંબંધો પાછળ દોડવા લાગ્યો.

કોરોના કાળમાં સંબંધની વ્યાખ્યા સાવ બદલાઈ ગઈ છે. સંક્રમણને કારણે કોવિડ-૧૯ વાયરસ ફેલાતો હોવાને કારણે 'સોશિયલ ડિસ્ટન્સ' જાળવવું અનિવાર્ય બન્યું. સંક્રમિત થનારને સર્વથી સગાંસ્નેહીજનથી લાંબા સમય સુધી દૂર રહેવું પડ્યું. અંગત સ્વજનોને ત્યાં અવરજવર બંધ થઈ. ગમતા લોકો પણ ઘરે આવે તો ગમતું નહોતું. સામાજિક મિલન, તહેવારો, મેળવાડાઓ, ઉત્સવો, ઉજવણીઓ બંધ થવાથી સામાજિક હૂંફનો અભાવ વર્તાયો. લગ્ન કે મરણ જેવા મહત્ત્વના પ્રસંગોએ પણ ડર સાથે લોકો એકઠા થતા. સામાજિક, પારિવારિક ગતિવિધિઓ વિક્ષિપ્ત થઈ. ઓનલાઈન એજ્યુકેશનના નવા પડકારો સામે આવ્યા. કવિતા, વાર્તા, ચિત્ર દ્વારા કલાત્મક રૂપો સામે આવ્યાં એમાં કોરોનાની રસકીય કોટિઓ પ્રગટી.

આ બધું માણસ મનને અનેક રીતે પ્રભાવિત કરે. મનના સ્તરે ચાલતી ગડમથલો અદૃશ્ય અને અમૂર્ત હોવાને કારણે એવી ગતિવિધિઓનો આંકડો કે ગ્રાફ ન જ આપી શકાય, પરંતુ કોરોના સમયમાં માણસનું મન જે રીતે વર્ત્યું, પ્રગટ થયું તે જીવનભર ભૂલાશે નહીં. માનવીય મનની આ અસર વૈયક્તિક, સામાજિક અને વૈશ્વિક સ્તરે નોંધપાત્ર રહી. માણસે જે કંઈ પ્રવૃત્તિઓ હાથ ધરે તેની પાછળનો દોરીસંચાર તો મનનો જ હોય. એટલે એમ કહી શકાય કે આ સમયમાં જે કંઈ વિશિષ્ટ, વિલક્ષણ વર્તન થવા લાગ્યું તેમાં કોરોનાનો પ્રભાવ છે જ. દબાયેલું, દૂભાયેલું, ઘવાયેલું, ઝીણું જોતું થયેલું, બદલાયેલું, પડકારો ઝીલતું, નિરાશામાં આશા સંકોરતું, બેસહારાને સહારો આપતું, આપ્તજનને સધિયારો આપતું, વાસ્તવિક જગત ઝાંખું બનતા ભ્રામક જગતનું નિર્માણ કરતું માણસનું મન કોરોના પ્રભાવથી હજી મુક્ત ક્યાં થયું છે? વૈશ્વિક મહામારીનો આ ડર અને વેદના પૂર્ણ થયા પછીનું માણસનું મન તૂટેલી ડાળીવાળી વૃક્ષ જેવું હશે, છતાં નવી કૂંપળ થઈ ફૂટી નીકળશે અનેક રીતે. માણસને આટલી સફર સુધી પહોંચાડનાર આ મનની શક્તિઓનું તો શું કહેવું?!

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૪૦ ૦૬૬૯૦

What is the Corona/Covid-19 Virus Really Teaching us?

I'm a strong believer that there is a spiritual purpose behind everything that happens, whether that is what we perceive as being good or being bad.

As I meditate upon this, I want to share with you what I feel the Corona/ Covid-19 virus is really doing to us:

1) It is reminding us that we are all equal, regardless of our culture, religion, occupation, financial situation or how famous we are. This disease treats us all equally, perhaps we should too. If you don't believe me,

just ask Tom Hanks.

2) It is reminding us that we are all connected and something that affects one person has an effect on another. It is reminding us that the false borders that we have put up have little value as this virus does not need a passport. It is reminding us, by oppressing us for a short time, of those in this world whose whole life is spent in oppression.

3) It is reminding us of how precious our health is and how we have moved to neglect it through eating nutrient-poor manufactured food and drinking water that is contaminated with chemicals upon chemicals. If we don't look after our health, we will, of course, get sick.

4) It is reminding us of the shortness of life and of what is most important for us to do, which is to help each other, especially those who are old or sick. Our purpose is not to buy toilet rolls.

5) It is reminding us of how materialistic our society has become and how, when in times of difficulty, we remember that it's the essentials that we need (food, water, medicine) as opposed to the luxuries that we sometimes unnecessarily give value to.

6) It is reminding us of how important our family and home life is and how much we have neglected this. It is forcing us back into our houses so we can rebuild them into our homes and strengthen our family unit.

7) It is reminding us that our true work is not our job, that is what we do, not what we were created to do. Our true work is to look after each other, to protect each other and to be of benefit to one another.

8) It is reminding us to keep our egos in check. It is reminding us that no matter how great we think we are or how great others think we are,

a virus can bring our world to a standstill.

9) It is reminding us that the power of free will is in our hands. We can choose to cooperate and help each other, to share, to give, to help and to support each other or we can choose to be selfish, to hoard, to look after only our self. Indeed, it is difficult that bring out our true colours.

10) It is reminding us that we can be patient, or we can panic. We can either understand that this type of situation has happened many times before in history and will pass, or we can panic and see it as the end of the world and, consequently, cause ourselves more harm than good.

11) It is reminding us that this can either be an end or a new beginning. This can be a time of reflection and understanding, where we learn from our mistakes, or it can be the start of a cycle that will continue until we finally learn the lesson we are meant to.

12) It is reminding us that this Earth is sick. It is reminding us that we need to look at the rate of deforestation just as urgently as we look at the speed at which toilet rolls are disappearing off of shelves. We are sick because our home is sick.

13) It is reminding us that after every difficulty, there is always ease. Life is cyclical, and this is just a phase in this great cycle. We do not need to panic; this too shall pass.

14) Whereas many see the Corona/ Covid-19 virus as a great disaster, I prefer to see it as a great corrector

It is sent to remind us of the important lessons that we seem to have forgotten and it is up to us if we will learn them or not. - Unknow

✦ ✦ ✦

ભાવ – પ્રતિભાવ

માર્ચ ૨૦૨૧ 'રાષ્ટ્રમાતા કસ્તૂરબા વિશેષાંક' આ એક વિશિષ્ટ અકં વાંચીને નારી વિશેષાંકમાં આ રાષ્ટ્રમાતાને ઉજાગર ન કર્યા એનો અફસોસ થયો. એકી બેઠકે બેસીને કસ્તૂરબાને માણ્યા, જાણ્યા અને અનુભવ્યા.

બાલિકામાંથી બા બનવાની યાત્રાના ચડાવ-ઉતરાવ, પડાવ-વળાંક વગેરે માણતાં માણતાં એક વિરલ વ્યક્તિના વિરાટ વ્યક્તિત્વ પર વારી જઈને એમને વધાવવા મન ઉત્સુક થઈ ગયું અને એ વ્યક્તિત્વના કેટલાંક પાસા રજૂ કરવા થનગની રહ્યું છે.

કસ્તૂરબાના વિવિધરૂપોમાં એક પ્રતિભાશાળી, પ્રભાવશાળી, જાજરમાન નારીના દર્શન તો થાય જ છે પરંતુ જેલમાં જઈને એમણે જે નીડરતા, નિર્ભયતા, મક્કમતા, સત્યાગ્રહીપણાના ગુણથી જેલરને નમાવ્યા છે એ ખરેખર કાબિલેદાદ છે.

એમનો ચહેરો નિર્દોષતાની ચાડી ખાય છે તો એમની જીવનશૈલીમાંથી નિખાલસતા, નિરામયતા, નિષ્કપટતા, નિર્લોભતા આદિ ગુણો ડોકિયા કરે છે.

પતિપરાયણતા, સહનશીલતા, સમર્પણતા, અનુગામિતા આદિ ગુણો એમના સફળ દાંપત્યજીવનની ચાવી સમાન હોવાની સાથે સાથે જ કસ્તૂરબાને સાચા અર્થમાં સહધર્મચારિણી સાબિત કરે છે.

તમારો લેખ 'એક કલ્પના ચિત્ર, બાની સાથે' બાના ચિત્રને બરાબર નિખારે છે. જાણે તમે બાને આત્મસાત ન કર્યા હોય? એવી અનુભૂતિ થાય છે.

દરેકના લેખ બાની કોઈને કોઈ વિશેષતાને ઝળકાવે છે. આપ બન્ને સંપાદિકાઓની મહેનત ખરેખર રંગ લાવી છે. એમના પત્ર એમના શિક્ષિતપણાની સાખ પૂરે છે.

રાષ્ટ્રપિતા બાપુ વિશે તો ઘણું બધું જાણતી હતી પણ કસ્તૂરબા રાષ્ટ્રમાતાથી જરાય ઓછા ઉતરતા નથી એ તો આ અંક દ્વારા જ જાણવા મળ્યું. અને મને એક ગીત યાદ આવી ગયું કે 'રામ તમે મારા સીતામાતાની તોલે ન આવો' એમ અહીં પણ એમ કહી શકાય કે બાપુ તમે મારા 'બા'ની તોલે ન આવો.

ઓવર ઓલ આખો અંક કસ્તૂરબામય કરી દે એવો છે. અસ્તુ.

– ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

સંપર્ક : ૯૮૨૧૦ ૫૦૫૨૭

✦ ✦ ✦

પ્રબુદ્ધ જીવનનો જૂન-૨૦૨૧નો અંક મળ્યો. નિયમિત રીતે ખૂબ જ ઉત્તમ કક્ષાના લેખો આપના દ્વારા પ્રબુદ્ધ જીવનના માધ્યમે મળી રહ્યા છે તેને હૃદયપૂર્વક અનુમોદના સહ આભાર.

ખાસ તો આ મહિને બે વિશિષ્ટ લેખ મળ્યા અને તેને પ્રતિભાવ આપવાનું કર્તવ્ય લાગ્યું તેથી અનુમોદના માટે આ પત્ર લખ્યો છે.

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ લેખિત ''સાગરનાં મોજાં ને ગઢના કાંગરા'' શીર્ષક તમે પોતાના જીવનના અનુભવો બાળ સહજ ભાષામાં આલેખન કર્યો છે. નાના બાળકને પોતાનો પહેલો લેખે કે પહેલી વાર્તા પ્રકાશિત થાય તેમાં કેટલો આનંદ અને કેવી સંવેદના થાય છે તે તો આબેહૂબ ચિતાર રજૂ કર્યો છે. વાંચન સમયનું વિસ્મરણ કરાવી છે. ભોજન ભુલીને મધરાત સુધી વાંચન એ પ્રેમને વંદન!

ડૉ. રેણુકા પોરવાલ લેખિત ''ગુફાઓ અને મંદિરોની જૈન પરંપરા'' આપણા ભવ્ય ભૂતકાળ અને જૈનોનું ઇતિહાસમાં યોગદાન બતાવે છે. શિલાલેખ અને તેની ઉપર બ્રાહ્મીલિપિની આલેખનની સચોટ માહિતી માટે અનુમોદન, આભાર.

– બાબુલાલ સરેમલ શાહ

સંપર્ક : ૯૪૨૬૫ ૮૫૯૦૪

✦ ✦ ✦

આ અંકના પાછળનાં મુખપૃષ્ઠ પર એક વિશેષ ચિત્ર લેવામાં આવ્યું છે. આ ચિત્ર ગુજરાતી વિભાગ, મણિબેન નાણાવટી વિમેન્સ કોલેજની વિદ્યાર્થીની મૃદુતા સોલંકીએ બનાવ્યું છે, મૃદુતા ગુજરાતી સાહિત્યના વિષય સાથે બી.એ.ના દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરે છે. વાંચન-લેખનની પ્રવૃત્તિ ઉપરાંત કવર-પેજ બનવવામાં વિશેષ રુચિ ધરાવે છે. અંકમાં પસંદ કરેલા વિષયને એને ખૂબ જ જુદી રીતે વિચાર્યો છે. અંતિમ પૃષ્ઠ પર તેને એ વિચાર મૂકયો છે કે આ અઘરા સમયમાં વાંચન, સ્વાધ્યાય આપણને અંદરથી સ્થિર રાખી શકે, આત્મબળથી ટકવાનો માર્ગ છે. જેમ જેમ વાંચનની સીડી ચડતાં જશું તેમ તેમ સ્થિરતા પ્રગટશે. આટલી નાની વયમાં કેળવેલી આ વિચારણા માટે અભિનંદન.

સુધારો : જૂન ૨૦૨૧ના પ્રબુદ્ધ જીવનના અંકમાં પાનાં ૯ ઉપર છપાયેલ ''વિલ યાને વસિયતનામાની જરૂરીયાત અને જાણકારી'' લેખમાં લેખકના નામની આગળ 'સોલિસીટર' શબ્દ છાપકામની ભૂલથી છપાયો છે. વાચકોએ તેની નોંધ લેવી.

અનુમોદના

પ્રબુદ્ધ જીવન નિયમિત વાંચતા પ્રબુદ્ધ વાચકોને '૧૩, મહમદી મિનાર, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં' એ સરનામું જરૂર યાદ હશે. આ સરનામા પર વર્ષો સુધી ટપાલ, મહેમાન આવતા રહ્યા. આ સરનામું તમે પ્રબુદ્ધ જીવન સામયિકના ત્રણ નંબરના પાનાં પર નિયમિત વાંચતા. આ જગ્યા છે આદરણીય શ્રી મનીષભાઈ દોશીની. જેમને અનન્ય ઉદારતા દાખવી સંઘના સેવાભાવી કાર્યો માટે આ જગ્યા વિનામૂલ્ય ઉપલબ્ધ કરાવી આપી, જેથી સંસ્થાના ઓફિસના કાર્યો નિર્વિઘ્ને પાર પડી શકે. અને આ ઘટનાને થઈ ગયા-૧૮ જેટલા વર્ષો. આ પૂર્વેના મંત્રી શ્રી રમણભાઈ, ધનવંતભાઈના સમયમાં જ્યારે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની રસધારા ખાતેની ઓફીસ રી-ડેવલપમેન્ટમાં ગઈ ત્યારે સંસ્થાનું કાર્યાલયનું ક્યાં લઈ જવું એવા વિકટ પ્રશ્નનો ઉત્તર અને આધાર આપ્યો આદરણીય મનીષભાઈએ. મુંબઈમાં 'રોટલો મળે, પણ ઓટલો ન મળે', એમ કહેવાય છે પણ જ્યારે મનમાં શુભભાવ હોય ત્યારે દેવતા કોઈને કોઈ શ્રેષ્ઠીને, ઉદારહૃદય માનવને મોકલી આપે છે અને પૂર્વજોના પુણ્યપ્રતાપે મનીષભાઈની ઉદારતાથી આ વિકટ પ્રશ્ન ઉકેલાયો. આજે ૧૮ વર્ષ જેટલા વહાણા વીતી ગયા, સંસ્થાએ આ જગ્યામાં ખૂબ પ્રગતિ કરી. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ હવે આ ઓફિસ શ્રાવકશ્રેષ્ઠી મનીષભાઈને પરત કરી રહ્યું છે. જૂન માસમાં સંસ્થાના માનનીય સભ્યોની હાજરીમાં પ્રમુખશ્રી નીતિનભાઈ સોનાવાલાએ શ્રી મનીષભાઈનું બહુમાન કરી ઓફિસની સોંપણી કરી. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ખૂબ આદર સાથે મનીષભાઈની ભૂરી ભૂરી અનુમોદના કરે છે. આ ઋણ સંસ્થા હંમેશ યાદ રાખશે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘવતી પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, મંત્રીઓ અને સર્વ કારોબારી સભ્યો અને કમિટી સભ્યો, ઓફિસના કાર્યકરો અને સંઘ સાથે જોડાયેલા સર્વ કોઈ મનીષભાઈ દોશીનો આભાર માનતા અનુમોદના કરે છે.

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 – Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2019 - 21 & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai – 400 001.

Postal Authority : If Undelivered Return To Sender At : 105, Roopraj Building, 1st Floor, 497, SVP Raod, Mumbai - 400 004.

Printed & Published by : Dr. Sejal M. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
Printed at Arihnat Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 92234 30415

Editor : Dr. Sejal M. Shah

Temporary Add.: 105, Roopraj Building, 1st Floor, 497, SVP Road, Mumbai - 400 004.